એક નામવર જીંદગીની ટુંક તવારીખ.

મરહુમ મી૦ મનસુખ.

રચનાર—કાવસજી મનચેરજી મનસુખ.



Photo: by D. M. Wadia. *Engraved by B. Mehta.*

THE LATE MR MANSOOKH, POET, AUTHOR AND SPEAKER.

મરહુમ મી૦ મનસુખ, એક શાંએર, એક લેખક, એક વંકતા.

તમારી

કીમતી જીંદગીના એહવાલ માટે તો એક ખરેખરાં

કીમતી પુસ્તકની જરૂર હતી.

તેતો બન્યું નથી.

આ નકામી, નીરજીવ જીંદગીથી કાંઈજ બન્યું નથી.

તો તેની

ઓજરખાહીભરી દરગુજર ચાહાતો,

વાહાલા બાપ!

મેહેરબાન મુરબ્બી!

પ્યારા પાલણહાર!

હું

સર ઝુકાવી શરમીંદો ઉભો છું

તમારાં પવિત્ર રૂહુ

સાંમે.

"જે મરસે તેજ પૂરીને મરનાર નથી,
એવાજ નરો હરવખત મલનાર નથી.
વરસ પોણોંસોની—જગની સફર
માં સોસિઆ અનેક રીતનાં રંનજ ને રગર.
પોંહતો સલામત ધારેલેજ મુકાંમ,
જીહીતીઓ ખરી હીમતથી માંન અને નાંમ."

("ગંજનાંમું.")

1902

એક નામવર જીંદગીની ટુક તવારીખ.

મરહુમ

"મનસુખ"

તે

મનચેરજી કાવસજી શા૦ લંગડાના.

એક શાએર—એક લેખક—એક વકતા.

તેમની જીંદગીનો એક નાંધલો એહવાલ,

અને

તેમની કવીતાઓ—કેતાબો—અને ભાશાંણોની ટુક તપાસ;

કેટલાક જાણવાજોગ પત્રવેહેવારના સંગ્રહ સાથે.

રચનાર

કાવસજી મનચેરજી મનસુખ.

તે

"ખોરદેહ અવસ્તા એતોમાં," "એક તબીબની તવારીખ," "દરેક માણસનો વૈદ," "કીસમતની કરામત" વ૦ વ૦ નો કર્તા.

મુંબઈ:

સને ૧૨૭૧ યજદેજર્દી. સને ૧૯૦૨ ઈસવી.

"ગુજરાતી" પ્રીંટીંગ પ્રેસ.

A

MEMOIR

OF THE LATE

MR. MANCHERJI KÁVASJI MANSOOKH.

PARSEE POET, AUTHOR AND SPEAKER.

WITH A BRIEF REVIEW

OF HIS

POEMS, WRITINGS & SPEECHES,

AND

A COLLECTION

OF SOME IMPORTANT CORRESPONDENCE.

COMPILED

BY

K. M. MANSOOKH.

Bombay:

PRINTED AT THE "GUJARATI" PRINTING PRESS.

1902.

એના **દીબાચા યા ખોલાસા** માટે લખવાનું શું હોય?

આજલી નોંધો તેમજ અંગત અનુભવો અને યાદો ઉપરથી ઉપજાવેલો આ એહવાલ છે.

જે ધ્યાનમાં આવ્યું તે લખ્યું છે. ખરી વાત જાહેર કરતાં હું અચકયો નથી,–તેમ સાચ્ચી સ્તુતી કરતાં હું ડર્યો નથી. ગમે એને સગપણની સરાહગાત માનો, યા સ્નેહની ચાપલુસી સમજો. જે છે તે એ. ચાહો તે વીચારવાને તમો મુખત્યાર છો.

આટલી ટુક તવારીખમાં સઘલું પુરૂં કરવું પડયું છે તેનો સબબ સમજવો મુશકેલ નથી.

કાવસજી મનચેરજી મનસુખ.

ભાયખલા, "ગોલ્ડ મોહોર વીલા."

જુલાઇ ૧૯૦૨.

"આએ હેયાત રહેલા અને આએ બાકી બંચેલા જુજવી જર-
તોસ્તી ટોલાનાં નામ નીશાંનની આબાદીનો આધાર, આપણી
કદીમ દીન અને દેશની તવારીખનાં પુખ્ત જ્ઞાન અને
માહીતગારીના ફેલાવા ઉપરજ રહેલો છે. તેવા ફેલાવા વગર
સર્વે ચીજો આંધળી—સર્વે ચીજો અકારી—સર્વે ચીજો વગર
અસરની—વગર ઉલટની અને વગર ગમતની સમજજો!
તમારી તમામ પુકરાજી છતાં, એજ માહ અગતનાં જ્ઞા-
નનો ભયંકર દુકાળ આજ પુશકળ વરસો થયાં તમારાં
બચાંઓમાં ચાલે છે. જે દીનદુબાઉ—દેશ વીસરાઉ—અને
ખોદા ભુલાઉ કેલવણી તમો આપો છો તેથી તેઓ પો-
તાના ખોદાને—પોતાના પેગમબરને—અને પોતાના ધરમને
તજી બેસેછે. તેથી તમારી આખી કોમની—તમારી કેઆંની
નીશાંનની—અને તમારા નેઆગાનોનાં કામો ને નામોની
નાબુદી ઘણીજ છુપી અને અનદીઠ રીતે થાએછે! તેના
ચોકસ ઉપાય કરવા કરાવા સારૂ તમારાંમાંથી કોઈબી 'સર'
કે શેઠયો પોતાની ફરજ, દીન અને દુનીયાંના કાએદાની
રાહે અદા કરવાને ઉલટ ધરાવતો હોય તેવું લાગતું નથી.
ખોદા તમારો ખરો રાહનુમા થાઓ—અને તમારી ખરી
ફરજ બજાવાને તમો શીખો, કે જેથી કદીમ દીનની કીર્તી
ઝલેહદાર, અને કેઆંની ઓલાદની વસ્તી બરકરાર અને
આબાદગાર રેહે!"

(મનસુખનાં એક ભાશાણુમાંથી.)

મુખ્ય બાબદોનુ સાંકળિયું.

☞ આ પુસ્તકમાં શબ્દરચનાની, જોડણીની, તથા બીજી કેટલીક ચુક રહી ગયેલી માલમ પડે તે, તેના રચનારની મુંબઇથી થતી રેહતી લાંબા વખતની ગેરહાજરીને સબબે 'પ્રુફો' તપાસતાં પડેલી મુશકેલીનુ પરીણામ જાણી, વાંચનારે દરગુજર કરવી.

"ઓ નીરંજન,—નીરાકાર ને નીરરંગ પીતા!
"મદદ મુજને કરી, તું માફ કર ખતા."—("ગંજનાંમું.")

એક નાંમવર જીંદગીની ટુક તવારીખ.

મરહુમ મી૦ મનસુખ.

"લંગડાઇ આ ખાંનદાનને રોશંન કીધું,
ખુશી—ખોરમી—બખશીને મધ્રંન કીધું.
નાંહાંણપણથીજ ખેંચી, તેં અનેક પીડા,
આપ—કોશેસથીજ, મેળવી કીરતી ને મતા.
પણ અચબુચ, તેં તજેઓ એ ગંજ અને રંજ,
ભર હોરમતમાંજ છોડી, "સરાએ—સે—પંજ."
દોલત ને દુનીઆં કંઇ નહી આવી કાંમ,
સાથે લઇ ગીઓ કરણી ને નેકી ને નાંમ.
* * * ઉંમર તાહારી સાઠ અને દસ
નો કાહાડે કોઇ નજરનો ચોકસી જો કસ,
તો નેક તાહારી કરણીનું કંનચંન ખુદ નેક
ના નીકલસે ટચ પુર, એકસો ને એક!
તે દાંનાંઇનાં બાજારમાં, મુકે જો કોઇ,
તો પડશે કુલ આલંમના જહવેરી મોહી!
પહરેજગાર ને દીનદાર—ખરીદદાર થશે,
ખરીદદાર તેનાં જગમાં યાદગાર રેહેશે!"—("ગંજનાંમું")

નજરથી યા નામથી મરહુમ મનસુખને પીછાણનારાઓમાં એવા થોડાજ હશે કે જેઓ, ત્રીજી આવૃત્તીમાં બાહાર પડેલાં "મનસુખી ગંજનામાં"નાં ગંજાવર પુસ્તકનાં લખાણથી, અને તેમાં

પ્રગટ થએલાં તેવણુની જીંદગીનાં કેટલાંક જરૂર જોગાં બયાંનથી નાવાકેફ હોય. અને જે થોડાકબી એવા હોય તેઓને મુંબઈનાં આગેવાન ગુજરાતી રોજીંદાં પત્રોએ, તેવણુનાં મરણુને ટાંકણે જાહેર કીધેલી એ સઘલી જરૂર જોગી તવારીખથી અત્યાર અગાઉના જાણીતા કરી દીધા છે.

તો હવે તે વીગતો સઘલી પાછી ઉતારી લેવાની હું અગત સમજતો નથી. તો જો કે, આગલ ચાલતાં આ હેવાલમાં જુદી જુદી બાબદોને અનુસરતાં બયાનોમાં તે માંહેલી ઘણી ખરી વીગતો પાછી યાદ કરવી પડે તે બનવા જોગ છે.

"ગંજનામાં"ના એ ટુક હેવાલમાં મનસુખની બચગીથી જવાની સુધીની કારકીર્દીનો જે રસીલો ચીતાર મી૦ રૂસતમજી હોરમસજી ખુરશેદજીએ આપ્યો છે તે કરતાં બેહેતર તો કોઈ આપતેજ નહીં, એમ હું ખાત્રીથી માનુંછું; અને મરહુમ કવીની હૈયાતીમાંજ, તેવણે પોતે પુરી પાડેલી વીગતોને આધારે, તે જાહેર થયેલો હોવાથી આપણું ખાસ ધ્યાન તે ખેંચી રાખેછે.

એ ચીતારે આપણુને દેખાડયું છે કે, આ નામીચી જીંદગીનો ઉગતો ને ખીલતો ભાગબી ખુશાલી ને ખુશબખ્તીના ખોળામાં નહીં, પણ હારમારી ને હાદેસાના એક ભયંકર ઘેરા વચ્ચેજ ગુજર્યો હતો.

એ ઘેરો કેવો સખ્ત હોય તેનો એટલેથીજ ખ્યાલ આવશે કે તેની દુ:ખ ભરી યાદ, મનસુખની ત્યાર પછીની તમામ જીંદગીમાં બનેલા સુખ દુ:ખના બનાવોનો સામટો સંગ્રહબી તેવણનાં મનમાંથી નાબુદ કરી શકી નહીં; તો જો કે જીંદગીનો એ પાછલો ભાગબી કાંઇ એવો તો નહીંજ હતો કે જે નરમ પુલોની સેજપર ગુજરેલો કહેવાય.

બેશક, એવી એક જીંદગીનો હેવાલ લખવો તે ગોયા એક આખા ભવની જોશભરી જુમબેશોની વીગતવાર ટીપ ઘટતા અનુક્રમે આપવા જેવુંજ હું સમજુંછું. જેહેમત ભરી જીંદગી, વગર આરામની અને વગર કરારની જે બચપણથી શરૂ થઇ તે બુઢાપામાંબી સેવટ પામી નહીં! પેહેડીની અને ભાગીયાઓની પંચાતી,

કોર્ટ દરબારના કજીયા, લખાંણોની લડત, મીટીંગોની મારામારી, ભાષણોની ભાંજગડ, બસ એ, અંને એજ જંગી જોસ્સાઓ,-એજ અફલાટુન ઉસ્કેરણીઓમાં સારો ભવ અટવાયો. બે પાંચ વરસો તો શું, પણ બે પાંચ મહીનાબી એવા ગયા નહીં કે જ્યારે આ મેહેનતુ ભેજાંએ એક 'રીટાયર્ડ' જીંદગીની રાહત ભોગવી હોય!

પણ જેમ સદાની મુફ્લેસીમાં રીબતા એક કમનસીબ સખ્સને એવા તેના થોડાક દીવશોની યાદ મજબુતીથી ચોંટી રહે કે જે તેણે પૈશાની ન ધારેલી સગવડમાં ગુજાર્યા હોય, જેમ ચાલુ કાતેલ બીમારીના બોજા ટલે ટવલતો દરદી એવા થોડાક પોતાના કલાકો કદી ભુલે નહી કે જ્યારે તેણે શરીરનાં સુખ અને મનની શાંતીનો કરાર ભોગવ્યો હોય, તેમ, પોતા ઉપર શરૂઆતમાં ગુજરેલા આ હાદેશાઓની યાદ કરતાં તો દસ ઘણી વધારે મજબુતીથી મનસુખનાં મન ઉપર તે યાદે પોતાનો કાબુ રાખ્યો કે જ્યારે થોડાક સુખી બનાવો, થોડાક મુરબ્બીઓની મેહેર અને થોડાક મીત્રોની માયાનાં છુટાંછવાયાં કીરણોની રોશણીનું સુખ તેવણે ભોગવ્યું.

બચગીની વેદના, જન્મભુમીથી દુરદરાઝ એક મોટાં શેહેર મધેની એખલી અટુલી નીરાધાર સ્થીતી, પુઇ પુવાનો જુલમાત, ડોબીસ્તાનની દેહેશત, સુખડનાં પેરીયાંના સપાટા, રીતસરની અને ચાલુ કેળવણીની ખુટ, ખરચી ને ખોરાકીના વાખા, એ સઘલા એવી મુસીબતના પૂટકા હુતા કે તે કોઇ નબલાં અને પોચાં હૈડાંને અપાર નીરાસીમાં દાબી સદાનું નીરજીવ અને નકામું બનાવે; પણ સારાં નસીબે, આ ખુદરતી મજબુત મનશક્તીને તો ઓર વધારે પોલાદી બનાવામાં, અને હવે પછીની તેની જાહેર લડતો માટે વધારે તેજી અને તૈયાર બનાવામાંજ તે કામે લાગ્યા.

આ સઘળો કડવાસ જેમ તેવણ વીસર્યાં નહી, તેમ હમદીન કે જુદદીન, નર યા નારી, જેણે સીધી યા આડકતરી, થોડી યા ઘણી મમતાનો મીઠાશ તેવણને ચખાડયો તે ભલાંની ભલાઇબી તેવણ ભુલ્યા નહી. જે નામો તેવણે ખાસ ધ્યાનમાં રાખ્યાં તેમાં પેહેલવેહેલો પોતાનો બુઝર્ગ ઉસ્તાદ મોબેદ માનકદારૂ "રાજા" ને

તેવણનાં ધણીઆંની "રાંણી," બાપુજી વીકાજી, તેવણનાં રૂડાં નામનાં ને રૂડાં કામનાં નેક માતાજી રૂડીકાકી, કાવસજી ગાંધી, નવરોજી રતનજી વીકાજી, બાલગંગાધર શાસ્ત્રી, મેનવારીંગ, આગા-મેહેદી, અને છેલ્લો પણ હલકો તો નહીજ, પેલો કાદરમીયાં!

કાદર ધંધે તો ખાતકી, પણ કેઠો બરો મલેકતોજાર! ભેજાંમાં ચટાકો એવો ભરેલો કે ભલભલાં ઘરાકો તોબા બોલે. પણ "છોટા મન્ચુ" સાથે રાસ સારી. ગોશત પેહેલ્લું તેને આપે, અને તેના પૈસામાથી તુરત એક દોહડયું પાછું પકડાવતો બોલે–"જા બચ્ચા મીઠાઈ ખા!"

અને એ દોહડયું, મી૦ રૂસતમજી હોરમસજી લખે છે તેમ–"મનસુખને મન સોનાંની મોહોર જેટલું પ્યારૂં હતું. સ્કુલની કાગજ પેન ઇ. ચીજો, તેમજ મોહડું છેરાય તે વખતે કુમેસતા કરવાના ચણાકુરમુરા ખરીદવાને તેમાંથી સાંધણ મલતું."

કીસમતદાર કાદર! "છોટા મન્ચુ" ને આ દોહડીયાંની ભેટ કરતાં તેને સ્વપનેબી ખ્યાલ હતો, કે પોતાનું નાણું તે એક એવાં સધર ખાતાંમાં રોકે છે કે જે, તેનાં કીમતી વ્યાજ તરીકે, એક પ્રખ્યાત કવીનાં જન્મચરીત્રમાં તેનું નામ જોડાવશે?

ઘણી ઘણી વખત એવા તરેહવાર બનાવોનાં રંગીલાં દાસતાંનો મરહુમને મોહડેથી, ઘર સંસારનાં તેમજ મીત્રોનાં મંડળને, ભારે રમુજ સાથે સાંભળતાં મેં જોયાં છે.

પણ એમ, બીજાં સઘળાં મેહેરબાન મીત્રોના તરેહવાર આ ભારોના બદલા જ્યારે એવી અસલી યાદદાસ્તોની વાતો અને ટાહુકાઓથી અપાયા, ત્યારે એકજ તે નેકબખત બાનુ રૂડી કાકી અલગ રહ્યાં કે જેમની તરફની પોતાનાં અંતકરણની ખરી લાગણી જાહેર લખાંણથી, દેખાડવાની ટક મનસુખને ઇ૦ સ૦ ૧૮૮૨ ના ડીસેમ્બર મહીનામાં મળી, જો કે માડાં ભાંયેગે તે ટક કોઈ ખુશાલી ભર્યાં પ્રસંગની તો હતીજ નહી. ઉપર જણાવેલા મહીનાની અધ-વચમાં ૧૦૧ વરસની લાંબી વયે એ નેક બાઇનાં નીપજેલાં મરણની નોંધ લેતાં એક ટુક પણ અત્યંત લાગણી ભર્યાં લખાંણમાં મનસુખે પોતાની ફરજ નીચે મુજબ અદા કીધી:–

"મરહુમ શેઠ વીકાજી મેહેરજી પારશી કોમના એક મોટા અકાબર હતા, તથા નીઝામનાં મુલક તરફ હાકેમ તરીકેનો દોર ચલાવનારા હતા. તે હકીકતથી આગલા વખતના ઘણાએક જરતોસ્તી વાકેફ હશે * * * * * પણ હાલ જે મોટી દલગીરી ભરેલી બાબદ ઉપર અમારા વાંચનારાઓનુ ધ્યાન ખેંચવાની રજા લઇએ છીએ તે બાબદ મજકુર શેઠ વીકાજીનાં ધણીઆનીનાં ગયા પખવાડીયાંમાં થયેલાં મરણ બાબેની છે. એ માહભારત મરણની નોંધ તરતજ અમારેથી લેવાઈ શકાઈ નહી હતી તે બાબે હમો દલગીર છીએ, અને વલી વધારે દલગીર એટલા કીજે છીએ કે, એ ખરેખરાં માનવંતી અને મોટાં કુટુંબની ભલી તથા ખુબીવંત બાનુનાં મરણની વખતે મલેલી મીજલસમાં સામેલ થવાને અમારેથી બની શકયું નહી હતું, કે જેમ કરવાની અમારે માથે એક જાતની મોહોટી ફરજ હતી. એ અસલી જમાનાની કુળવંતી તથા સાદા સુતરા ખવાસની તથા ભોલાઈ ભરેલી બાનુ વીશે જેટલીબી તારીફના શબ્દો અમો લખીએ તેટલા થોડા ગણાય; વાસ્તે ટુંકામાંજ અમો એમ કહીએ છીયે કે એ રૂડીમાય નામની બાંનુની મીશાલની બેટી કોઈબી પારસી માતા જણે એવું હમો માનતા નથી. * * * * * રૂડીમાય, નામનું એ બાનુંનું નામજ ખરેખરૂં મુબારક અને ખુશી ઉપજાવનારૂં હતું. એ નામને મલતાજ સઘલા સારા ગુણોથી એ મરનાર બાંનુ પોતાનાં પગનાં તલીયાંથી તે માથાંનાં ટાળકાં સુધી ભરેલી હતી, અને એ નેકબખતની નરમાશ અને મીઠાશ ભરેલી ચાલચલણથી સેંહકડો આસામીઓથી વસેલું એવણનું ઘર આબાદ અને હસતું હતું. * * * * મગરૂરી, તુંદાઇ અને અસભ્યતાપણુ ખુદરતીજ ગોયા એ બાનુના દુસ્મનો હતાં. * * * એક કારો દસકત લખી વાંચી જાણતાં નહી હતાં, અને સઘળી વાતે અભણ હતાં. તોબી આજનાં વખતની શીખેલી અને સુધરેલીમા ખપનારી સેંહકડો પારસી સ્ત્રીઓની સમજ અને હીંમત એ બાનુની સમજ અને હીમત આગલ કુચ બીસાતની ગણાય નહી તેવી હતી."

બચગીનો અને ખીલતી જવાનીનો સઘળો અવસરતો મનસુખનો એવી હેરાનગતીમા ગુજર્યો, અને કોઇનીબી તરફની નજીવી તોછડાઈ યા આપખુદી કદીબી બરદાસ્ત કરે નહી, અને તેના સંતાપથી છુપી રીતે મનમાં અતીઘણા મુઝાય એવી જેની ખુદરતી ખાસીયત, તે જેવા નરને, હારમારીથી ભરપુર રહેલા આ હીંગામે,

શી રીતનું છુપું દુખ આપ્યું હશે તેનો ખ્યાલ કરતાં હું ત્રાસ પામું છું! પણ આ સઘળાં શરૂઆતનાં

સંકટોનું અંતે સેવટ.

આવ્યું. અંગ્રેજી એક કેહેવત છે કે-"એવી તો લાંબી ગલી કોઇ નહી હોય, કે જેમાંથી વલણનો રસ્તો નીકલે નહી." (It is a long lane that has no turning.) તે હવે ખરી પડી. સબુરી ભરેલી જીંદગીપર ગુજરતી આ ગીરદેશીનોબી અંતે છેડો આવ્યો.

ઘણો વખત આગમચના ચીન ગયેલા પોતાના વડા ને વેપારી ને ભાગ્યશાલી ભાઇ, કાવસજી તરફનું તે આબાદ મુલક તરપ્ આવવાનુ જેવું ઇજન થયું, તેવોજ જાણે મનસુખનો બખ્તાવર ગ્રેહ અતયાર તુલીકના કોઇ પાપગ્રેહનાં દબાણમાંથી છુટી પોતાની માલેકીનાં ઘરમાં રાજ કરતો થયો.

સને ૧૮૪૮ ના ચીન ખાતેના રેહેવાસ

ની શરૂઆતથી ગોયા જીંદગીના એક નવા તબક્કાની શરૂઆત થઇ. ઉમર ત્યારે હશે ત્રેવીસથી પચીશ વરશની. આ

ઉમરનો સવાલ

બી લગરીક ગુંચવાવનારો છે. ના ટપકાની હસ્તી કે ના કોઇ ખાત્રીપુર્વક લેખની શાહદત, એટલે ચોકસ આંકડો તો મરનાર પોતેબી મુકી શકતા નહતા. ચોકસ નોંધની એવી બેદરકારીનો શું ખુલાશો આપવો, અને કોણ વડવાંને સર તેની જોખમદારી મુકવી તે હું જાણતો નથી.

શેહેનશાહી ખોરદાદસાલ

ના પવીત્ર તેહેવારના ખુશબખ્તી ભર્યા દીને સાલગ્રેહ પડે એટલીજ હકીકત ચોકસ; અને એજ દીને એક વેલા બનેલો એક રમુજી બનાવ મને યાદ છે. વાત ચાર પાંચ વરસની બનેલી છે. પોતાની સાલગ્રેહને દીને અનજુમનનાં આતશબેહેરામનાં પાંક મકાંનનુ પેલું બોહોલું દીવાનખાનું, કે જેના ગુંબજે ગુંબજમાં મરહુમના બાગેબુલંદ, રંગીલા આવાજના પડઘા હજીબી ઘુમતા હશે, તેમાં તેવણે

ભાષણ આપયું. તે પુરૂં થયું, અને મી૦ દીનશા મેરવાને પોતાની સરેસતાની મમતાથી પુલના ગજરાની સાથે ખરાં જીગરની દુવાઓ દેતાં એક શાલની ભેટ કીધી જે ભારે આનાંકાંનીએ તેવણે સ્વીકારી. તેટલાંમાં મી૦ શાપુરજી કાત્રકે મનસુખનાં બેટીને હલવેથી તેવણની ઉમરનો સવાલ કર્યો. ઓંચીતો સવાલ, સરવાલાનુ અચોકસપણું, અને વલી કદાચ બાપની ઉમર જણાવવાની બેટી તરીકેની થોડીક સુગબી, એ ત્રણ ચીજો સાથે થઇ એટલે જવાબ મલ્યો કે ઉમર વરશ ૬૮ ની!

મી૦ કાત્રકે પોતાની સદાની દીલજાનીથી મુબારકબાદીનુ ભાષણ કરતાં ભેગી મળેલી ઠઠને ઉમર જણાવી ૬૮ ની. તો ડા૦ કાવસજી હોરમસજી, જે પડોશમાજ બેઠેલા, તેવણે અચરતીનો આંચકો ખાઇ, શકની કરચલી કપાલે ચઢાવી, છુપા બબડાતના હોટ પૂપૂડાવ્યા! મનસુખની ચાલાક આંખોથી ડાકટરની આ ચમક છુપી રહી નેહી, એટલે કાત્રકનાં ભાષણની અધવચેજ તેમનો સદાની ખુશ ઢપનો પોકાર નીકલ્યો કે—"અરે નારે, હું તો બોંતેરની ઉપર!" કાત્રકને ઉપજેલી તાજુબી, ડાકટરને ઉપજેલી શાંતી, અને સાંભળ નારાઓની ગંજાવર સંખ્યાને ઉપજેલી હસાહસ સાથની રમુજ,એ ત્રણ ચીજો જેઓએ જોઇ તેઓ ખચીત જલદીથી તો તે ભુલશેજ નહી.

ચીનમા

કનતાનનાં વેપારી શેહેરમાં

પેહેલલો રેહેવાસ આઠ વરશોનો લાગત રહ્યો. તેમાં દહાડો તો ફર્યો, આબાદી મલી, હોશીયારી અને હોરમત સાથે લાખો રૂપીયાની દોલતબી જમાવ થઇ; પણ જે જીવની કીર્તીવાન કારકીર્દીનો તખ્તો શેહેરે મુંબઇ બનવાનું, તે જીવને દોલત અને દમામ આપનારૂં આ વેપારી પરદેશબી એક કેદખાનાં જેવું લાગ્યું! અને તેની પૂર્યાદ, એક દુખી બનાવના સંબંધમાં લખેલા પોતાના બેતોમા, તેજ હીગામપર કરવાનેબી તેવણ ચુકયા નહીઃ—

"નથી અતરે કોઇ યાર—નથી ગમગોસાર;
અજલ પેરે આવી લઇ જા મને બાહાર.

* * * * *

છે વેહેમ તાહરો દીલમાં, ને દીલ પોતે હું,
એહાલી–એહોશી ને એકાંત ખુનું.
રહ્યુંચ માહરી જીંદગીની પુંજીમા હાલ,
એ સીવા બાકી નથી કાંઈ હલાલ.
ગમગીન ઘેરાયેલો ને છેઊં પરદેશી,
હલકમાં છે જગની માયાની રસી."

આતો ચીન ખાતેના વસવાટ દરમ્યાન કીધેલાં કાંઇ સંખ્યાબંધ લખાણો માહેલું માત્ર એક નાધલું લખાણ હતું. ત્યાં વેપારી બન્યા, રાહાતની જીંદગીમાં પડયા, પણ વેપારે આપેલા દ્રવ્યએબી એવી અઇયાસીની હાલતમાં કદી નહી નાખ્યા કે જેથી ખુદરતી કલમ-કશ શકતી સુંહનીં અને નકામી પડે!

પણ ચીન જવા અગાઉ એજ વડા ભાઇ કાવસજી ઉપર મન-સુખને હાથે લખાઇ ગયેલાં એક પુરાંણાં કાગળના મુખ્ય ભાગો હયાં ઉતારી લેવાની મને લાલચ થાએછે. ખરૂં કહું તો,

જુનાંમાં જુનું એક પેહેલ્લું લખાણ

એજ છે કે જે લગભગ સાઠ વરસોના લાંબા હીંગામની ફાડતોડ અને બરબાદીમાંથી બચી, પાકકી ગામઠી સાહીએ પાતલાં પણ ચીવટ ચીનાઇ કાગળ ઉપર લખાયેલું, ખડેખુત ડોબીસ્તાન ચીત-રવાથી તેના લખનારના સુંદર મરોરદાર બનેલા દસખતોનો ખ્યાલ આપતું, માહરે હાથ લાગી શકયુંછે. લખાવનાર એ ભલી ને ભોલી ને અભણુ બાનુઓ, અને લખનાર આ ભવીશયનો ચુનંદો લેખક છે. ફ્માઇ માનકબાઈ તે શેઠ કાવસજીનાં પોતાનાં ધણીઆંનીનું નામ જાણવું.

લખાણની બાબદ જુઓ તો 'ટીપાટમાં તુફાન' જેવો મામલો દીસે છે. વાતમાં કાંઇ દમ નથી. 'બાવા આદમ'ના વખતથી ચાલતો આવેલો એક સંસારી રડાકુટો! ઘર ખરચના વધારા માટે ઘરધણીનો ક્રોધ, અને તેના કલપીત ગમમાં, સદા નાણું માંગતી ઘરધણીઆં-નીની આંસુઓથી ભરાયેલી આંખો! પણ લખાણુ વાંચવા લાયેક છે; કેમકે બાપડી અભણુ પત્નીને પોતાના છેડાયેલા પતીનું દીલ પીગળાવનારૂં પ્રેમી કાગળ લખવાની આવડ ન હોવાથી પોતાના

એવા એક જવાન દેરની મદદ લેવી પડી છે કે જેણે આવાં એક સાદાં સંસારી કાગળની ભાશામાંથી જોશ અને જમકનો ઉમેરો કરી ભવીશમાં તેની કલમ શું કરનાર છે તેની ગોયા આગાહી દેખાડી હતી. આગલા પારસી સંસારનાં બંધનનો, ખરચોનો, અને રીતભાંતોનો આ કાગળ કાંઇ નજીવો ખ્યાલ તો આપશેજ નહી:-

"સવસતી શી ચીન કનતાંન બંદરે માહાશુભ સ્થાંણે સદા શુખી ભાઇ કાવસજી શાપુરજી લંગડાના જોગ એતાંન સી મુમબઇ બંદરેથી લા૦ પુરી નવાજબાઇની તા. બાઇ માનકબાઇની દુવા બંદગી કબુલ કરજો. તમારો કાગજ હાલની ઇસતીમર સાડે આવો તે વાંચી સરવે બીનાથી વાકેફ થયાં છઇએ. પણ હાલતરત બીજી બીનાં પરતી મુકી હમુને ખસુસ એક બાબતપર ધેઆંન પોંચારવું જરૂર અને ઘટતું છે તેથી તે બાબદ ઉપર ધેઆંન પોંચારી ભાઇ નીચે લખુંચ તે ઉપર તમુને નજર કરવાને હમો મોટી નમનતાઇથી માગી લીજીએચ. તે બાબદ એ છે કે તમે હમારા આએ વખતના ઘરખરચ વીશે મોટા જોસાથી અને ગુસ્સાની રાહે લખીયુંચ તે ગુસાથી જોપન હમો ફકરમાં પરેઆંચ તોપન ધ્રુજારામા પરેઆં નથી. એનુ જાનતું એ કે અગર કોઇ મેહેતો પોતાના શેઠના ઘરમા ચોરી અથવા બેઆનત કરવાથી દુર હોએ અથવા એવી વાતને ધીકારતો હોએ તે મેહેતાને જ્યારે તેનો શેઠ હસાબ પુછે તેઆરે તેના હાઠ હસાબ કરતી વખતે ધ્રુજે નહી તેમ હમોબી આએ કાગજમા ટુકામાં તમારી ખાતરજમા થાએ તેજ રીતે હસાબ આપવાનુ ચોખાઇપનું વગર અડચનનુ જાનીએચ. ભાઇ નીચે લખેલી રકમોમાં જમની તરફની રકમો જે જે મોટી અને અગતની હતી તે ખરચમાથી તમુને જાન કરવાને સાફ ઉતારી લીધીચ અને ડાબી તરફની રકમમાં કુલે રૂપીઆ જે હમુને તમો સીધારેઆ તેઆરથી તે આજની ઘરી સુધી જુદા જુદા સખસોથી પોંતીચ તે લખીચ તે જાણજો:-

રૂ. ૧૦૮૫૦) કુલ્લે રૂપીઆ (લગભગ પાંચ વરસોની મુદતના) આજ દીન સુધી હમુને જુદા જુદા સખસો પાસેથી પોંતાચ તેની રકમ ૧૦૮૫૦) ની થઇચ.

(ખરચાયા તેની વીગતો.) રૂ. ૨૦૦) બીલીમોરેવારા જીજીભાઇને. રૂ. ૨૨૫) સને ૧૮૪૩ માં મીઠીબાઇ તે નસરવાનજી મેહેતાની ધણીઆંનીને. રૂ ૭૫) એજ વરસમાં નોસારી અભારાના. રૂ. ૧૬૦) દાદાકાકાની

છોકરી બીખી ગુજરી તારે. રૂ. ૨૩) ગોલાઅબાસનું જગાત. રૂ. ૧૭) કાચનાં વાંસનની પેટી ચીનથી આવી તેનું જગાત. રૂ. ૪૧) ચીન મોકલવા સારૂ રેશમાલ બંધાવ્યા તેનું. રૂ. ૪૭) દસ્તુર બેહેરામદારૂને ચઉદ મહીનાનું ભનામન. રૂ. ૨૦૦) કાકાના નવલની ઇસકોલના પગારના વરસ બેના. રૂ. ૪૫) બીલીમોરે જીજી ઉપર મોકલા તે. રૂ. ૭૫) સને ૧૮૪૫ માં ચીનથી કાપડ આયું તેના જગાતના. રૂ. ૧૪૬) બીલીમોરે ૧૮૪૫ માં. રૂ. ૭૫) આસરે વરસ ચેઆરનું એદલજી માવાને ધરીઆલની કુંચી અપામની. રૂ. ૧૭૦) દીનીને સારૂ હીરાનાં ચોકરા તથા મોતીની મારા કરાવી તેનું તથા હાડી ભરાવી તેનું મળીને. રૂ. ૨૫) ધંમબારના ફંનમાં. રૂ. ૨૫) કેઆસ ચાકરના મોત ખરચના. રૂ. ૩૬) દસ્તુર બેહેરામદારૂને ૧૮૪૫ નું ભનામન. રૂ. ૩૦) બેન જીવીનાં ચીતર ગરાવેઆં તેમાં સુનું ઉમેરીયું તેના. રૂ ૫૫) નોસારી અબારો સમરાંમની તથા રસ્તો સમરાંમની. રૂ. ૧૦૦) તવરી કુવો સમરાવેગો તેના. રૂ. ૧૩૨) વાહાણુ કાલીડોનીઆમાં કાપડ તા૦ ચાહે તા૦ સાકર આવી તેનું જગાત. રૂ. ૧૬૫) હમબાઇની બાંગરી સારૂ મોતી લીધાં તેના. રૂ. ૨૦) એ બાંગરીનું ધરાંમન તથા ઘોર ચરાંમન તથા રૂપું ઉમેરીયું તે મલીને. રૂ. ૫૫) જુદે જુદે વખતે એ વખત ધરીઆલ સમરામની. રૂ. ૧૦૦) નોસારી ફુવાને સારૂ બીજી વખતના. રૂ. ૩૦) ટીપનીના દાહડા પાની વેચાતુ લીધું તેના. રૂ. ૩૫) બીલ આપરી વેહેવાન ગુજરી તાહારે. રૂ. ૧૬૫) માનકબાઇના પગના દરદપર કુલે થયા આસરે. રૂ ૩૬) દસતુર બેહેરામદારૂને. રૂ૫૦) દીનીને સારૂ હાતે પેરવાની ગુંગરી ધરાવી તેના. રૂ૬૦) જે દાકતરે જીવીને સારૂં કીધું તેને. રૂ૫૭) નોસારી, અબારાને વરસ દાહાડાના. રૂ૧૨૦૦) આસરે પાંચ વરસના કુલે કાપર ખરચના. રૂ ૧૪૨) ચીનવારા પેસતન ચાકરની બેનને તેની ચાકરીને પેટે આજ દીન સુધી કુલે. રૂ. ૧૭૫) ચીનવારા ફ્લા ચાકરની માએને તેની ચાકરીને પેટે આજ દીન સુધી કુલે. રૂ૩૦૦) ફુવાની બેહેન મકાઇ ગુજરેઆં તેઆરે તેના છોકરાને મોત ખરચના રૂપીઆ આપ્યા. કુલે રૂ૪૯૯૬.)"

એ તો બાહારોબાહરની આપલેની વીગતો અપાઇ. અને પછી ૬ર વરસનો રૂ ૧૨૦૦) સુધીનો ખાસ ઘર ખરચનો જે અંદાજો ઘરધણીએ પોતે પોતાની ખુશીથી આપી મુકેલો તે મુજબ ગણતાં બાકીના રૂ૫૦૦૦) નોબી બરાબર અડસતો લાવી મુકી કાગલનુ બાકીનુ લખાણુ જે આગલ ચાલ્યું તે એમઃ—

"એનો હીસાબ માનવાને અને હમારા ખરચનુ તેજ પરમાને તમારા હોકમનુ વાજબીપનું જાનવાને તમુને ખોદાએતાલાએ રોશન અકલ અને લાંબી સમજન બખશેલી છે તેથી તમો પોતે સમજીનેજ એ બાબેનો કાગજ હમુને આવતી ઇસતીમરમા તાકીદે લખી જનાવજો. * * * * * * * * * પણ હમુને લખતાં ઘણોજ અફ્સોસ અને સનતાપ લાગેચ કે તમો જેવા સચવચની મરડ ૧૮ મહીનાની મુદતમા પાછા આવવાની બોલી કરી હમારેથી દુર પરદેશનાં ગામરાંમાં જઈ બેઠાચ. તેને આજે અઠાવન મહીના અથવા પાંચ વરસ થએઆં તોપન પાછા ફરવા બાબેનો એક હરફ્બી હમારાં દરડી દીલને દેલાસો આપવાને તમારા હાતનો લખેલો હમોએ વાંચેઓ નથી. પણ હમુને તો એવુંજ દીશેચ કે હમો તમારા વારે ધરીના ઠપકા સાંભળીશું ને આખર હમારા દીલની કેટલીએક તાજી ઉમેદ હમારાં દીલમા રહી જશે. ખેર એ તો જે હમારાં કરમમાં લખું હશે તે કોઇ કાલે મીતનાર નથી. * * * * * * ગરીબ ગુરબાવોની અને કાકા ભતરીજાવોની દાદ અને ચાહા લેવરાવોચ અને વરી ખરચનો ઠપકોબી અનઘટતો આપોચ એ વાત હમુને ઘણી અચરત જેવી લાગેચ * * * * પન એક બોલ બોલી તમામ કરીએચ કે એવા તમારા ઠપકા હમુને હમારા ઘણા દાહડાનાં અંગરોગ અને માંડગીથી તાતા થાએલાં દીલની ઉપર કોઇ મોમબતીના ગરમ ગરમ ચોબા મુકે અને દાજીઆં પરે તેમ દાજીઆં પારેચ. પછી તમો ગુસો કરો યા ના કરો. અગર જો ગુસો કરશો તો તમારા ગુસાને કબુલ રાખવાને અને સમાવાને સારૂં દીલ મોટું છે. અગર નહી કરશો તો મેહેરબાની કરશો. એજ અરજ. તા૦ ૩૧ આગસ્ત ૧૮૪૭."

એમ આ ઠપકાનું, કે ખુલાસાનુ, કે દુખનુ, કે કાકલુદીનુ, જે કહો તેનું કાગલ પુરૂં થયું. હીસાબ સઘળો દરોબસ્ત મળી ગયો; અને ખરચીની ખટપટમાં, જેમ સંસારમા હમેશ બનતું આવ્યું છે તેમ, અંતે સ્ત્રીનોજ બોલ સર્વોપરી રહયો. એટલું લખાયા પછી હવે નવીસંદો પોતે પોતાની સહીશાખ મુકતો જે લખે છે તેનો એક ભાગ એમ છે કે—"લા૦ કમતરીન સેવક મનએરજી શાપુરજીની દુવા બંદગી કબુલ કરજો. જે ઉપર લખુંચ તે હમારાં બેઉ મુરબીના કહાંથી લખુંચ તેથી કાંઇ અનઘતતું અને નાલાએક બોલાએઉં હોએ તે.સેવકને માફ કરવું." ઇ૦ ઇ૦

ઉપલાં કાગલની ભાશા ને જોડણી જેવી હતી તેમની તેમજ મેં રાખી છે. ખરચની આપેલી ટીપમા બાબદો જે ખાસ આપણું ધ્યાણ ખેંચે છે તેમાંની મુખ્ય તો ટીપનીના દાહડા પાણી વેચાતું લીધું તેના રૂ ૩૦ની છે! આ ભોલી બાનુંઓને ત્યારે સેજબી ખ્યાલ હતો કે થોડાંજ વરસોમાં આ ગુલજાર શેહેરમા એવા ગંજાવર ફેરફારો થવા પામશે કે, જેથી 'ટીપની'ની મુસીબતો એક આગલી તવારીખના બનાવ જેવી ગણાશે, અને ત્રણથી વધુ ગંજાવર સરોવરો મનમાંગતાં પાંણીથી એક ગંજાવર વસ્તીની હાજતો પુરી પાડશે?

બીજી બાબદમા, 'દસતુર બેહેરામદારૂ' ત્રણ–ત્રણ વખત પોતાનાં ભણતનના આંકડા સાથે હીમતથી ઉભા રહી પૂરી એક વાર આપણી નજર સામે આગલાં વખતનાં દીનદાર યેકીનનો ચીતાર રજુ કરે છે. અને ત્રીજીમા 'કાકાનો નવલુ' પોતાની નીશાળની બે વરશાની 'ફીઇ'નો રૂ ૨૦૦) નો ખર્ચ દેખાડતો આપણને ચોંકાવે છે. હાલની ચઢતા દરજ્જાની અને વધેલા ખરચની કેલવણીની સ્કુલોની રૂ ૫) થી ૭) સુધીની માસીક 'ફીઇ' આપણને કેટલી ભારે અને આકરી લાગે છે, અને તો પણ સાઠ વરશો અગાઉ એકસો રૂપીયાનો વારશીક ખરચ કરાવનારી સ્કુલમા જો 'કાકાનો નવલુ' કેળવણી લેવા બેઠો તો તે કેવોક 'કેલવાઇને કંણુ' થયો તે ખરેખર જાણવા લાયેક થઈ પડવું જોઈયે!

ચીન ખાતેના રહેવાસ દરમ્યાન તરેહવાર કીસમનાં લખાણો કરવાનાં મનસુખે ચાલુજ રાખ્યાં હતાં તે બાબે તો હું એશારો કરી ચુકયોછું. એ લખાણો ચીનથી લખાઈ આવે અને મુંબઇનાં "જગત પ્રેમી" નામનાં ચોપાંણીઆંમા પ્રગટ થાય! 'ઘોઘે વર અને લંકે કન્યા' જેવો મામલો. પણ ઉલટમંદ મનશક્તીએ નજીવી હરકતોની કોયે દાહડે પરવા કીધી છે? વલી મુલકોના એ અંતરની હરકત કરતાં વધારે મજબુત અને હેબતાવનારી હરકત તો વડા ભાઇ કાવસજીના પોતાના અનગમાની હતી. એક વેપારી બચ્ચો જાહેર લખાણની જીંદગીમા કેવી રીતે એકસરખી ઉલટથી અને સલામતીથી પ્રાવી શકે તે તેવન સમજી શકયાજ નહી કે યાતો સમજવાને નાખુશ રહ્યા. ગમે તે હો, પણ આ વડા ભાઈના અનગમાની ધાકે

મનસુખને અતીઘણા ચોંકેલા રાખ્યા હતા. પોતાને ખરે નામે લખાણ કરે તો જાણવું કે આવીજ બન્યું! તેથી તદબીર એ રચાઇ કે,

"મનસુખ"ના તખલ્લુસ

યા ભેદી નામ ટલે સઘલું કામ ચલાવવું. ઓ બખ્તાવર નીશાંની,— ઓ નેકબખ્ત નાંમ! ખરેજ શુભ તે ચોઘડીયાં હશે કે જ્યારે તાહરો ખ્યાલ મનમાં ઉપજયો અને તાહરો છાપ કાગજપર ચોંહટયો! કેવો રંગીલો, કેવો રસદાર બોલ! બોલ એવો કે જેને એક અદનાને અનજાણ્યાં ખાનદાનને મશહુર અને આશકારા બનાવ્યું;—જે હમજાત કે પરજાતના મોહુમા માન અને મીઠાશ સાથ રમી રહ્યો,—જે મીત્રોની ખાસ મગરૂરી, ખેરખાહોની ખાસ ખુશાલી, અને મુદઈઓની કાએમ અદેખાઇનુ મુળ બની રહયો!

પણ એક નધારેલા બનાવે આ તખલ્લુસની ધારેલી સલામતીનેપ્પી હવામા ઉરાડી મેલી. 'કનતાનનો બાગ' એવે નામની એક ગાયેનરૂપી કવીતા 'જગત પ્રેમી'મા છપાઈ, અને તે મધેની નીચલી લાઇનોમા આવેલા એક બોલે એવાં એક રમખાંનને જનમ આપયો કે જે ઘણું ગંભીર રૂપ પકડતાં સેજમાં બચી ગયું:-

"* * * * *

બારે માસનો રેહ તાંહ બાહાર, ખેજાન રહે નીરાશ રે,
બોહોલી નદી ને રસીઆં ઝાડથી પરાંણી રહે સુખવાસ રે.
અદબ અદાથી ફરે હરે કુલ પરદેશી મુસાફર રે,
જાત ગણેઆતો ભેગી મલે, કોઈ દીનદાર કોઈ કાફર રે.
ખરતલ ખોજા લોકની બીર, ને મેહેનતુ મઙ મેમાંન રે,
અકરબાજ પારસી ગંભીર, ને મતલબીઆ મરીકાન રે.

* * * * *"

ઉપલી કવીતા બાહેર પડી તે વેળા વલી સંજોગ એ બન્યો કે મુંબઈમાં પારસી અને મુસલમાનો વચે ફેસાદ જાગેલો, અને તે સાથે કોઇ તરફની ચીબાવલી અટકચાલીનો સનગો પડયો એટલે ચીન મધે વસતા ખોજાઓએ 'ખરતલ' જેવા એક સાદા અને સાધારણ બોલનો અર્થ એક ઘણો અનઘટતો અને નજીસ ઉઠાડયો. પરીણામ એ આવ્યું કે એક મોટો બખેડો બરપા થવાનાં ચીન્હો

જણાયાં, અને તે અટકાવાના યા દાબી દેવાના ઉપાય તરીકે, મનસુખે લખી મોકલેલી ફરીઆદ ધ્યાનમાં લઈને ત્યાંના 'મી૰ એલ્મઝલી' નામના 'બ્રીત્રીશ કૉનસલે' સરકારી મનવારને કનતાનની નદીમા કીનારાની નજદીકમાં લાવી નાખી તેના સીપાહોને હથયારબંધ તૈયાર રેહેવાને ફરમાવ્યું. પણ તેટલાં સારાં ભાયેગે ત્યાં વસ્તા હાજીભાઇ નામના એક દુરઅંદેશ ખોજા ગ્રસ્તે મનસુખને મોહડે મોહડું મલીને ખુલાસો પુછયો. ખુલાસો મનમાંગતો મલ્યો કે 'ખરતલ' બોલનો અર્થ તો મેહેન્તુ તથા મજબુત તનબદનવાળો એવો થાયે છે, અને તે વીશેની ખાત્રી થતાંજ હાજીભાઇએ તાબડતોબ એવાં પગલાં ભર્યાં કે તેથી તુરત સમાધાંનીભર્યું સેવટ આવી ગયું.

એ, અને બીજી એક જાહેર ખટપટ જે 'રેવરંડ ઉવીલીઅમસ' નામના એક પાદરી સાથે તેનાં એક નાલાયેક લખાણ બાબે જાગી, (કે જેનો પુરેપુરો હેવાલ મનસુખે પોતે "ગંજનામા"ની ત્રીજી આવૃતીને ૨૮ મે પાંને આપ્યો છે) એ બે બાબદોએ વડા ભાઇનો ક્રોધ હદ બાહેર ઉસ્કેરી મુકયો. અને જો ઘણાએક નેકદીલ દોસ્તો અને વખાણનારાઓએ વચે પડીને અને મનસુખની તરફેણમાં સાબાશી અને વખાંણના સખુણો કહી સંભલાવીને શેઠ કાવસજીને શાંત પાડીને સમજુતી કરાવી નહી હતે તો કમનસીબે બીજાં કાંઇ વધુ લખાણો, ચીનનો 'મેલ' "જગત પ્રેમી" ને માટે લઇ આવતે નહી.

મનસુખની અને શેઠ કાવસજીની સાથે બીજા તેઓના બે ભાઇઓ નામે રતનજી તથા પૂરામજીબી "કાવશજી શાપુરજી લંગ-ડાનાનાની કુ." ને નામે ચાલતી પ્રખ્યાત અને પીકતી પેહેડીના કરતા કારવતા તરીકે જુદે જુદે વખતે ચીનનો રેહેવાસ ભોગવી આવ્યાં હતા. તેમા ભાઇ પૂરામજી મનસુખના જવાની ઘણા આગ-મચના ત્યાં ગયા, એમાં તો શક નથી; કેમકે આગસ્ટ ૩૧ મી ૧૮૪૭ નુ જે કાગલ આપણે આગલ જોઇ ગયા તેમા છેક સેવટે મનસુખે લખ્યું છે કે–"ભાઈ પૂરામજીને હમારી તથા ભાઇ રતનજીની સલામ મેહેરબાની કરી લખજો."

આ સઘલો વખત વડા ભાઇની મેહેરબાની ભરી પનાહમા મનસુખ રહ્યા, અને સઘલી રીતે આબાદ ને સુખીબી થયા ખરા,

પણ હજી સુધી તેવણુની કાંઈ ખાસ મમતા ને માયા ટલે આવવાનુ મનસુખનાં નસીબમા નહી હતું. એ ખાલેસ હેત ને જાનફેશાંનીનો ખરો લાહુવો તો ત્યારે મલ્યો કે જ્યારે શેઠ કાવસજી ચીનને સેવટની સલામ કરી મુંબઈ આવી વસ્યા, અને થોડોક વખત નીરાંતનો ગુજારી, પાછા ભાગલાગની મારામારી અને પંચાતીઓના લાંબા મુકરદમાઓની એવી એક ગીરફ્તારીમા ફસીયા, કે તેમાંથી જરભર્યું અને જશભર્યું તેવણુનુ તારણુ કરવાને મનસુખ જેવો મજબુત મનનો અને ચપળ બુદ્ધીનો એક હુશીયાર હીસાબી અને પાક્કો વેપારી ભાઇ નહી મલે તો, તદ્દન 'બાપલા વીણુંના' થઈ જવાનો હાલ પડે. આ

ભાગ્યાઓની ભાંજઘડ, કોર્ટોના કજીઆ, અને લવાદોના ચુકાદા

ની ઘણું વરશો સુધી ચાલુ રહેલી ખટપટનો ઘણોખરો સમપુર્ણ હેવાલ આપવામા મી૦ રૂસતમજી ખરશેદજીએ કસી બાકી રાખી નથી એટલે તેમની વીગતો બાબે માહરે હવે કશું લંબાણથી લખવું નથી. જો જરૂર પડશે તો એ બાબદોને લગતાં એકુ બે ખાંગી કાગલો સંબંધી એશારો હવે પછી કરીશ.

પણ છેક ૧૮૫૨ નાં વરશ સુધીબી શેઠ કાવસજી, કે જેવણુને માત્ર એક ભાઇજ નહી પણ એક ખરેખરા પાલણુહાર મુરબ્બી જેવા ગણુવાને મનસુખે અસલથીજ કદી આંચકી ખાધેલી નહી, તેવણુની કમમેહેરબાની કેવી હશે, અને તે મનસુખ પોતેબી કેવાં દુખી દીલથી સમજેલા હોવા જોઇએ તેનો ખ્યાલ નીચલું એક કાગલ આપશે:—

"સી ચીન કનતાન તા૦ ૨૩ મી એપ્રેલ ૧૮૫૨.

નેકનામ મુરબીજી કાવસજી શાપુરજી લંગડાના

સી હાંગકાંગ.

* * * * * બીજું મુરબીજી હમનાં તમો પોતાનાં વતનને સારૂં રૂખસત થાવોચ સબબ કસું વધારે લખી તમારૂં દીલ કચવાવા માંગતો નથી, પણ એક ચીજ કેહુંચ તે ખુબ ધ્યાનમા રાખતા રેહેજો જે છેલ્લી ઘડી

સુધી તમોએ હમોને નાદરસા બાએની બીનાંથી અનજાણું રાખેઆ હતા—એટલુંજ નહી પણ તમોએ જાણીબુજીને સરવે ચીજ હમારી રાજી મરજી અને ખુશી ઉપરાંત તદન ઉલટી કીધીચ. કંઇ ઓલ્લાહ.નહી. એ સરવે તમો મુરબીજીનાં કીધેલાંને મેં સરોચશ્મથી કબુલ રાખેઉચ, અને બનશે તેમ સહુ સાથે ખુબી નેકી અને ભલમનસાઇમા ચુકસ નહી. * * * * પણ તમો નાદરસાને સારી પખે સમજાવજો જે આપરાં ઘરમા આવી રહેયા પછે સરવે પાંતીએ હમારી મરજી રાખીને ચાલે નહી તો હું એ બાઇનો થનાર નથી તે સત જાણજો. નજદીકથી તો તમારી પોતાની મેહેરબાની હમારી ઉપર આજદીન–આએ ઘડી–આએ પલ સુધી ગહ-નીજ કોતા હતી–પણ હવે દુરથી હમારી સાથે કોઇબી રીતની મેહેરબાની અને માયા કરી દેખાડજો. * * * * હમોને ખોદા કે તમો પોતે સીવાય કોઇ બીજાની ઉપર કસી પરકારની ઉમેદ નથી અને હમો કોઇ બીજાની પરવાબી કરતા નથી. વાસતે તમો મુરબીજીનુ કામ માતરે એજ કે માહરા જેવા એકમારગીની બરદાસ રાખવી. * * * * * એરાંમજી મેતા તથા એરાંમજી કોલા તથા શરીફખાંન વતરોગે બીજા કોઇ મહને દોકડો છોડીને આપવાના નથી. * * * * એજ અરજ. ખોદાતાલા તમોને સહીસલામત પોંચાડેથી મુજ ગરીબ સેવ-કની લખાવતને જરા ધ્યાંનમાં લેજો—અને જેનાનુ સારૂં કરવાની ફરજ છે તેવોનુ તમો સારૂંજ કરજો. પારકા લોકો કોઇ કામ આવનાર નથી. પઇશો ટકોબી જુઠો છે, એવું તમો મુરબીજી સહમજી સેવકને વીસરસો રખે. એજ અરજ."

કેવું નમનતાઈનુ–કેવું તાબેદારીનુ લખાણુ! વડા ભાઈ તરફ આ એ રીતની અદબ અદા, આજના વખતનાં કેટલાંબધાં તોછડાં બેસ-લુક અને બેમરવત ફરજંદોને, તેમજ ભાઇ બેહેનોને, ચાનકનો ઠડો આપી શકે! અને તોપણ, "હમો કોઇ બીજાની પરવાબી કરતા નથી," એ ઢપનુ આપખુદ ને આપ અખત્યાર અમીર જે તયાર પછીની આખી જીંદગીનાં હરએક લખાણુમા, હરએક કામમાં ને હરએક બોલીમાં પ્રગટી નીકળ્યું, તેનુ ચીન્હ અત્યારથીજ કેવું જણાઇ આવ્યું. લખાંણુમા સંડોવાએલો નાદરસા કોણ છે તેની સમજ પડતી નથી. પૂરીયાદમા કાંઇ ઝાઝો દમ ન હોય એવી

બનવા જોગ છે. વડા ભાઇના ખ્યાલમાંથી ન હોય કે કાંઈ અપમાન ભરેલું થયું છે, અને કવીએ પોતાની ખુંદરતી કાંકભરી લાગણીથી મનમાં ને મનમાજ મુઝાઇ એક નાધલી વાતને મોટું રૂપ આપી દીધું, એમબી હોય. તોપણ આ કલપીત ગેરઈનસાફીથી પોતાને ઉપજેલો ભારી ગુસ્સો દબાવી જે સભ્યતા અને આબરૂ ભરી ભાશા ઉપલાં કાગલમા તેવણે વાપડી, તે તરફ આપણને જોવું છે.

સોરાબજી શાપુરજી બંગાલીનાં "જગત પ્રેમી" ચોપાંનીયાં

ફીજે છેક ચીનવેરથી મનસુખ તરફથી આવતાં લખાંણો બાબે તો આગલ એશારો થઇ ગયો છે. એ રીતે ઇ. સ. ૫૧--૫૨ સુધીનાં વરશોમા શરૂ થયેલી મીત્રાચારી, કમનસીબે, બન્નેની આખી જીંદગી તુલીકતો રહી, પણ કાંઈ લાંબો વખતબી કાએમ રેહેવા પામી નહી. થોડાંક વરશોના વેહેવા બાદજ મનસુખ અને બંગાલી એ બન્નેના આચાર વીચારોમા એવો ફેર પડતો ગયો, સંસારી તેમજ જાહેર જીંદગીની સ્થીતીબી બેઉ તરફ એવી અંચીતી ફેરવાઇ ગઇ, મંડલો અને પક્ષોમાંબી બેઉ એવા સદનતર ઉલટા માર્ગે દોરવાય કે સેવટ-સેવટે, અસલના આ હમશરીક લખનારાઓ વચે, 'મીયાં ને માહદેવ' જેવો મામલો બનેલોબી હું કહું તો તે ખોટું નથી.

તે આગલાં વરશોના મી૦ બંગાલી તરફનાં ઘણાં કાગલો મને મલ્યાં છે. ૧૮૫૨ સુધી જે સંધેસા ચાલ્યા તે ગુજરાતીમા; પણ તે પછેથી, (તેવણનાં અંગ્રેજી જ્ઞાનમા મન માંગતો વધારો થયો હોય તેથી, યા ફકટ અંગ્રેજી પત્રવેહવારની અચ્છી તાલીમ લેવાના હેટુથી,) જે રૂક્કા કનતાન ખાતે રવાના થયા તે સઘળા અંગ્રેજીમા.

ગુજરાતી બે કાગલોના નમુના તો જુઓ:—

"મુંબઇ તા૦ ૧૨ મી મેએ ૧૮૫૨.

મેહેરબાન ભાઈજી સાહેબ મનચેરજી શાપુરજી જોગ.

કનતાન

જત લા. સેવક સોરાબજી શાપુરજીનો સલામ વાંચજોજી. જત ભાઇજી તમારો મેહેરબાનગી ભરેલો પતર ૮ સતીમર ગેનજીસ સાથે પોહાં-

ચીઓ છે તે સાથે તમારા લખેલા કીસ્સાનુ ચોથું સાંધણ પોહોંચીઉં છે તે જાણજોજી. એ સગલી બાબદ હમારાં આવતાં ચોપાંનીઆમાં દાખલ થાશે. ભાઇજી તમોએ હજુર તો બુક ૧લી સમાપ્રત કીધીચ તેમા સેવટ અસતરી કેલવણીની તરફમા લાવીઆચ. તેમજ હુ આશા રાખુચ કે તમો એ બાબદમા વીચાર આપશો. અસતરી કેલવણી બાબે તમારૂં શું મત છે તે વીશે હું અંજાણો છઉં અને તે બાબે મેં ધાસ્તી ખાઇને તમોને ગઇ ડીસેમ્બર સાથે લખીઉં હતું, પણ ભાઇજી માહરી ઉમેદ છે કે જે રીતની અસતરી કેલવણી મુંબઇ મધે હમો સગલા પસંદ કરીએચ તે રીતે તમો પણ એ કીસ્સાનું સેવટ લાવશો. * * * * * ભાઇજી સાહેબ તમો બુક ૨ જી શરૂ કરો તે અગાઉ કાંઇ પરચુટણ બાબદો લખી મોકલશો તો સેવકપર મોહોટો ઉપકાર થશેજી, કાંએ કે તમારાં ભેતો અતરે લોકોને ઘણાં પસંદ પડેચ, તે બાબે રાસત ગોફતાર પતરવાલાએ કાંઇએક વીચાર આપીઓ છે તે પતર હમોએ તમોપર મોકલીઉં છે. * * * * 'બદરે મુનીર'નો કીસ્સો હમારી તરફથી નજર દાખલ કબુલ રાખી સેવકને માન આપજોજી. એજ અરજ.

લા૦ સેવક.

સોરાબજી શાપુરજીનો સલામ વાંચજોજી.'

"મુંબઇ, તા૦ ૧૪ મી અકટોબર ૧૮૫૨.

મેહેરબાન ભાઇજી સાહેબ મનચેરજી શાપુરજી જોગ.

કનતાન.

જત બાઇજી આજે આસરે તરણ મહીનાની વાતપર તમારા મોબારક હાથનો કાગજ આવીઓ હતો. * * * * ભાઇજી તે વાર પછી તમારો લખેલો કોઇબી કાગજ હમોને મલીઓ નથી અને તમારી કલમથી સીંગારેલી કોઇબી ટુકો તમારી કબુલાત મુજબ મલી નથી તેથી સેવક ચીંતાતુર છે. બાઇજી તમારી માફક થોડાજ ગુજરાતી લખનારાઓ અતબાઇમા માહવેરો રાખેચ અને તમારા ભેતો હમારાં જગત પરેમીના વાંચનારાઓને ઘણાં પસંદ પડેચ તે બાબે હમોએ તમોને આગલ લખીઉં હતું. તમારા હાતની કોઇબી બાબદ મેલવવાને હમો દર આગબોટે રાહ જોઇએચ. * * * * * *

લા૦ સેવક સોરાબજી શાપુરજીના સલામ વાંચજોજી.

લખનારના હસ્તાખત ખાસા પાક્કા ને ખોલ્લા છે, એબારત અને જોડણી, મનસુખનાં લખાણોને ઘણીખરી મલતી, અને તે વખતની 'Old School' ને અનુસરતી છે. વલી તે વખતનાં લખાણોમા વપડાતો 'એ' અક્ષર જે '૬,' અથવા હમણાનાં આપણા છગડાના આંકડા જેવો, લખવાની સાધારણ રૂઢી હતી, તેજ રૂઢીનો ઉપયોગ જેમ મનસુખને તેમજ બંગાલીને કરતાંબી હું જોઉં છું. અક્ષરની એ રૂઢી હાલના લખનારાઓમાથી લગભગ સમુળગી નાબુદ થવા કેમ પામી તેની મને સમજ પડતી નથી.

પેહેલલાં કાગજમા જ્ઞી કેલવણીને લગતા જે કીસ્સાનો એશારો થયો છે તે, "ગંજનામા" મધે પ્રગટ થયેલું 'ખેરખાહ અને દીલખાહ' વચેની તકરારને લગતું એક રંગીલું લખાણ છે કે જે મનસુખની બેતબાજીનાં બીજાં લખાણો ભેગું હમણાંબી ઘેરે ઘેર ઉલટથી અને મજાહથી વંચાએ છે.

ગુજરાતી રૂક્કાઓના જરૂરજોગા ભાગો વાંચવા બાદ આપણે હવે અંગ્રેજી સંધેસાઓનાં થોડાંક લખાણ તપાસયેઃ-

"*Bombay 13th May 1853.*

MY DEAR MUNCHERJEE SETT,

* * * * I have been grieved to hear from our friend Cawasjee of the domestic affliction which has befallen you. Man is born for troubles and is a prey to mortification from birth till death. * * * * * * The piece of your poetry which you desire me to give insertion in an early No. of the *Juggut Premi* will have insertion in the forthcoming issue. The contribution of little stories composed after the model of the Goolistan, is really very excellent. I was not aware that your ingenuity would go so far, and every sight of letters makes me increasingly desirous of being presonally near to you, which I trust will not be long. * * * * I am very much in doubt whether I will be able to continue my publication after December next. * * * * I am now thinking that by continuing the magazine I must either loose health or fail in my promise. Six or seven hours' daily work at the Bank growing daily tiresome, gives little ease to my mind for such pursuits. * * * * * * I would not wish to see the pamphlet extinct. I will try to give it into good hands. * * * *

I remain, sincerely yours
SORABJEE SHAPOORJEE."

જેમ ઉપલાં કાગજ મધેથી મેં જરૂરજોગા ફક્રા ટાંકી દેખાડ્યા છે, તેમજ નીચલાં એમાંથીબી ચુંટી કાઢેલા વાકયોજ ઉતારી લેવાની મને પૂરજ પડે છે; કેમકે બારીક હરફે, ચેઆર ચેઆર સફ્રા ભરાએ તેટલાં લખેલાં આ પત્રો મધેથી થોડાંકબી પુરેપુરાં દાખલ કરવાની માહરી પાસ જગા નથી.

"MY DEAR SETT MUNCHERJEE,

* * * * Your poetical essay on Female Education has met a greater amount of approval than before. This increased approbation is caused, in my opinion, by your pertinent remarks on Young Bombay's religious freaks. The remarks are much to my liking. Whenever I have to differ in principle from my old schoolmates and friends at the Elphinstone Institution it is always on the great and mysterious subject of religion. In all their other attempts at reform I am willing to go with heart and hand. * * * * * * I perform my *Koostee*, attend the fire-temple, say my prayers, and please my relatives and friends, and above all I am satisfied I am doing homage to an institution which promotes social happiness. * * * * * But to turn to your poetry I must say that you have a happy genius of the Muses. Sharpen it by all means, and you are able to strike into the hearts of your readers ten times more strongly than any prose writer. * * * * * I must not forget to mention to you that your poetical '*nome*' "Munsook" is attracting attention at the E. Institution. Some of the old scholars remember a young man who was called by that name. Pray let me know is it *you!* * * * * Believe me, yours very truly obliged friend SORABJEE SHAPOORJEE."

"*Bombay 17th October 1853.*

MY DEAR SETT MUNCHERJEE.

I am glad to see your beautiful essay on female education now completed. * * * * * I am therefore obliged to leave off conducting my magazine three months earlier than I contemplated at first. I have given it over to Dossabhoy Framjee, late Editor of the Jam-e-Jamshed, and I will make myself contented by occasional contributions. I shall al-

ways feel happy in being the medium of conveying your future productions to the new editor. * * * * * Not doubting your public spirit I have presumed upon your being willing to undertake the distribution of our Religious Reform Society's publications among the Parsees of China, * * * and the committee of the Rahnumae Mazdeeasna will feel thankful for the trouble you will have to take on their behalf.

Yours Sincerely,
SORABJEE SHAPOORJEE.

એ ટાંકી દેખાડેલાં ઉપલાં ત્રણુંડે કાગલોના ગુજરાતી તરજુમા આપવાની મને અગત જણાતી હોવાથી તે હું નીચે મુજબ આપું છું:—

"મુંબઇ, તા૦ ૧૩ મી મેહ ૧૮૫૩.

માહરા પ્યારા મંનચેરજી શેઠ,

* * * * તમારાં ઘરમાં બનેલા એક દુ:ખભર્યા બનાવની ખબર આપણા મીત્ર કાવસજીથી સાંભલી હું દલગીર થયોછું. ~~આદમી~~ ચીંતાઓ ખમવાને માટેજ જનમેલો છે, અને જનમથી તે મરણ સુધી તે હેરાનગતીઓનો શેકાર રેહે છે. * * * * * તમારી જે કવીતાને 'જગત પ્રેમી'ના કોઇબી પેહેલ્લા બાહર પડતા અંકમા દાખલ કરવાની તમો ખાહેશ દેખાડો છો, તે આવતા અંકમા દાખલ થવા પામશે. 'ગુલીસતાન'ની ફારસી કેતાબનાં ધોરણપર જે તમારી નાખલી વાર્તાએ, તમોએ લખી મોકલી છે, તે ખરેખર ઘણીજ સુંદર છે. તમારૂં બુદ્ધીબળ એટલી બધી હદ સુધી પુગશે એવો મને ખ્યાલ નહી હતો; અને તમો તરફનાં દરેક કાગલ જોતાં વાર મને તમારો અંગત મેલાપ કરવાને વધુ ને વધુ આરજુમંદ બનાવે છે, અને મને ભરૂશો છે કે તેમ થવાંને હવે ઝાઝી ધીલ તો થશેજ નહી. * * * * આવતા ડીસેમબર મહીના પછી આ ચોપાનીયું બાહેર પડતું જારી રાખવાને હું શકતીવાન થઇશ યા નહીં, તે બાબે હું ઘણોજ શકમંદ છું. * * * * હું હવે એમ વીચારૂં છું કે એ છપાતું ચાલુ રાખવાથી યા તો હું માહરી તંદરોસ્તી ખોહી બેશું, યા માહરી આપેલી કબુલાત હું તોડું. દરરોજ વધતા જતા કંટાલાનું છથી સાત કલાકોનુ દરરોજનું બેંકનું કામ એવાં

લખાંણોપર ધ્યાન દેવા જોગી રાહાત માહરાં મનને આપતું નથી. * * * * * *. પણ તે ચોપાંનીયું બંધ થઇને નાબુદ થયેલું જોવાબી હું ઇછતો નથી. તેને કોઇ સારા હાથમાં સોંપવાની હુ કોશેસ કરીશ. * * * *

હું છું ખરાં દીલથી તમારો
સોરાબજી શાપુરજી."

બીજાં કાગલમાં લખે છે કેઃ—

"માહરા પ્યારા શેઠ મનચેરજી.

* * * * 'સ્ત્રી કેલવણી' વીશેની તમારી એતબાજી આગલ કરતાંબી વધારે પસંદગી પામી છે. આજના ઉધરતા જવાનોના ધર્મ સંબંધી ફાંતાઓને લગતા જે લાગુ પડતા ટીકા તમોએ કીધા છે તે આ વધી ગયેલી પસંદગીનુ કારણ હું માનું છું. એ તમારા ટીકા મને બહુજ ગમ્યા છે. 'એલફીન્સટન સ્કુલ' મધેના માહરા આગલા સાથીઓ અને મીત્રો સાથે જો મને કોઇબી બાબદનો મતફેર પડતો હોય તો તે ધર્મનેજ લગતી આ માટી અને ભેદી બાબદ છે. સુધારાની તેઓની બીજી સઘલી કોશેસોમાં માહરાં જીગરથી તેઓ સાથે જોડાવાને હું રાજી છું. * * * * * * હું તો કસ્તી કરૂં છું, આતશબેહેરામ જાંઉ છું, બંદગી કરૂં છું, અને માહરાં સગાં તેમજ દોસ્તોને રાજી કરૂં છું, અને સહુથી વધુ તો હું પોતે સંતોશ લેઉં છું કે સંસારી શુખનો વધારો કરનારાં એક કામ યા ખાતાં તરફ હું નમનતાઈ ભરી તાબેદારી દેખાડું છું. * * * * * પણ તમારી એતબાજી વીશે ફરીથી બોલતાં મને કેહેવુંજ પડે છે કે તમો ખરેખરી ઉંચી શાએરી શકતી ધરાવો છો. તેને જેમ બને તેમ વધારે ખીલવો; અને તેનુ પરીણાંમ એ આવશે કે (એક સાદી ટપનુ યા નસરનુ લખાણુ કરનારો કરી શકે) તે કરતાં ને દશ ઘણી વધારે મજબુત અસર તમે તમારા વાંચનારનાં જીગરપર કરી શકશો. * * * * * મને એટલું જણાવવાને ભુલવું નહી જોઇએ કે તમારો 'મનસુખી' તખલ્લુસ 'એલફીન્સટન સ્કુલ'માં ધ્યાંન ખેંચી રહ્યાં છે. કેટલાક ત્યાંના જુના 'સ્કાલરો' એવાંજ એક નામવાલા એક જવાન વીદ્યાર્થીની યાદ કરે છે. જરા મને જણાવો તો ખરા કે તે તમોજ છો? * * * *

મને માનજો તમારો ઘણો આભારી બનેલો મીત્ર

સોરાબજી શાપુરજી."

ત્રીજાં કાગલમાં ઓીકેલવણીને લગતા 'ખેરખાહ ને દીલખાહ'ના કીસ્સા અને બીજી બાબદો વીશે વધુ એમ લખાયું છે કે:—

મુંબઇ, તા० ૧૭ મી અકટોબર ૧૮૫૩.

માહારા પ્યારા શેઠ મનચેરજી,

ઓી કેલવણીને લગતી તમારી ખુશનુમા બેતબાજી હવે પુરી થએલી જોઇ હું ખુશી છું. * * * * * મેં પેહેલલાં ધાર્યું હતું તેનેથી ત્રણ મહીના વેહેલું માહરૂં ચોપાનીયું ચલાવાનુ બંધ કરવાની મને તેથી ફરજ પડે છે. મેં તેને 'જામે જમશેદ'ના માજી અધીપતી ડોસાભાઇ ફરામજીને સોંપી દીધું છે, અને હું તો તેમાં અવારનવાર લખાંણ કરીનેજ સંતોશ પકડીશ. પણ તમારાં હવે પછીનાં લખાણો એ નવા અધીપતીને પુગાડનારૂં એક સાંધણ થવામાં હું હમેશ માહરૂં શુખ સમાયેલું સમજીશ. * * * * * જાહેર કાંમોમાં ભાગ લેવા તમો સદાજ હીમતવાન છો એવું વગર શકે માની મેં ધારીજ લીધું છે કે આપણી 'ધર્મનો સુધારો કરનારી મંડલી'ના ચોપાંનીયાંઓ ચીન મધે વસ્તા પારસીઓમા ફેલાવાનુ માંથે લેવાને તમો રાજી તો થશોજ. * * * અને 'રાહનુમાએ માઝદીઅશની' સભાની કમીટી, તેમણી તરફથી તમોએ લીધેલી તસદી માટે તમારી આભારી તો બનશેજ.

હું છું, ખરાં દીલથી તમારો,
સોરાબજી શાપુરજી."

એજ ઢપનાં સઘળાં કાગળોમાં લખાણો થયાં છે. હસ્તખત બારીક પણ વલાણદાર અને ખોલ્લા છે, અને વાકય રચનામાં જો કે જગે જગે ઠોકર ખાધી છે, તોપણ સરાસરી લખાણ એવું છે કે જે ઉપજાવાનું હમણાંના ઘણાએક પુકરાજી ભર્યા 'આડયુએટો' માટે મગરૂરી ભર્યું ગણાય.

એ રીતે "જગત પ્રેમી" ડોસાભાઈ ફરામજીના હાથમાં તો ગયું પણ હું નહીં ધારતો કે ત્યાર પછી કાંઇક લાંબી જીંદગી વેર તે જીવવા પામીયું અને તે ચોપાણીઆંનાં મરણ બાદ મનસુખે પોતાનાં લખાણો ઘણાંખરાં સઘળાં પુસ્તકના આકારોમાં પોતેજ છપાવીને પ્રસીધ કરવા માંડયાં.

પણ સોરાબજી શાપુરજીનાં ઉપલાં લખાણો તો ૫૨ થી ૫૩ નાં સનેનાં આપણે વાંચ્યાં. તે વેળા તો મામલો સઘલો જુદો હતો. મનસુખ તે વેળા જુદીજ હાલતમાં, જુદાજ દમામમાં અને જુદાજ તૌરમા હતા. તે બાદ એક લાંબો વખત વહી ગયો. કહો કે એક જમાના જેટલી મુદત વીતી ગઈ. લખનાર અને પ્રસીધ કરનાર એ બન્નેની હાલતમાં એટલાંમાં તો ફરતા જમા-નાનાં ચક્કરે જુદાજ રંગો અને જુદાંજ રૂપકો દેખાડયાં,-એટલે ધમક અને ઢંગબી બદલાયા. લગભગ પચીસ વરસો બાદ એક કાગલ આવ્યું. તે નીચે મુજબ. એક ચીત્ર તો જોયું,-હવે જુઓ આ!—

"સતીઅ મીતર" પ્રસીધ કરનાર જોગ.

સાહેબ,

"સતીઅ મીતર"નાં ધરાકોનાં નામની તીપમાંથી મારૂં નામ કહાડી નાખજોજી અને હવેથી એ પતર હમારી ઉપર મોકલવાનું બંધ કરજોજી. હાલ એજ અરજ.

લ૦ સેવક, **સોરાબજી શાપુરજી બંગાલી.**

તા૦ ૨ જી જુલાઇ ૧૮૭૭."

ટુકું ને ટચ! ન નામ કે ન નીશાંન! જાણે એક રાજદરબારી હુકમનામું! ફેરવાએલા વખતે વેહેવાર ફેરવ્યો, વીવેક ફેરવી, વર્તણુક ફેરવી! ખેર, હવે બંધ કરો એ વાત.

મનસુખ તરફનું જે એક કાગલ હું આગલ ટાંકી ગયો તે ઉપરથી શેઠ કાવસજીનું ચીન ખાતેથી પાછું મુંબઇમા આવી વસવું સને ૧૮૫૨ માં થયલું તો વાંચનાર તુરત જાણી શકયા હશે. ગરીબ બાપડા એ વડા ભાઈ! જે ઉમદા કીસમતે ચીનમાં તેમણે પોતાની સંપુર્ણ બખશેસથી સદાના નવાજેલા રાખ્યા, તે તેમણે મુંબઇમાં સમુલગું છોડી ગયું હોય તેમ લાગ્યું. આવ્યા પછી થોડાજ વખતમાં ભાગયાઓના દાવા અને ફેસાદોનાં એક એવાં તો મજબુત ઘેરણમા તેવણ અટવાયા, કે એક સુખી એકાંત જીંદગીની રાહાતમાં બરડો નાખી પડવાની તેમણી સઘલી ઉમેદો

ધુલ મલી ગઈ. પાછલથી બનેલા બનાવોએ, અને લવાદોના ચુકાદા તેમજ કોર્ટોના કજીયામાં મનસુખે ભીડેલી હીમતભરી અને કુનેહભરી બાથોએ સાબેત કીધું કે એક વેપારી તરીકેની જે ફતેહ અને જે આબાદી તેવણે (શેઠ કાવસજીએ) મેળવી અને ભોગવી તે તો માત્ર એક ઉત્તમ નેકબખ્તીની કુમકનુંજ પરીણામ હતું. બાકી, જે ભોલાઈનો કારોબાર તેવણે ચલાવ્યો, જે અપાર ઈતબાર, જે ખાલેસ ચેકીનદારી અને બેદરકાર ભરૂશો તેવને પોતાનાં કામકાજોમાં દેખાડયો, તે તો કોઈબી વેપારી પેહેડીનું સરવાયું 'લાખના બાર હજાર' જેવુંજ લાવી મેલે.

ગુંચવડો એટલો વધી ગયો, અને કાંઈક વરશોની પરદેશની મુસીબતો વેઠી અને 'દર્યા ડાહવી' મેલવેલી દોલત એવી તો ચોતરફથી બરબાદ થવા લાગી, કે અંતે

સને ૧૮૫૫ માં મનસુખનું મુંબઈ ખાતે પાછું આવવું

થવા બાદજ મામલો કાંઈક સુધરવાનાં ચીન્હો દેખાડતો થયો. લવાદીના એક મુકરદમામાં મરહુમ પેસતનજી હોરમજી કામા લવાદ બનેલા; તેવણનો પેહેલ્લો ચુકાદો તો એ થયો હતો કે શેઠ કાવસજી કજીઓ હારે અને એક લાખ ને પાંચ હજાર રૂપ્યા પોતાના ભાગ્યાને તેના દાવાને પેટે આપે. ચુકાદો તો અપાયો અને રૂપ્યાબી ગયા. તો પણ મનસુખે આવતાંવાર તે વીશેની તકરારબી કામાજી સાથે ઉઠાવવામા કસી બાકાત રાખી નહી. લવાદનો ખુલાસોબી ખાલેસ અને વાજબી હતો. તેવણ બોલ્યા કે--"અગર એમાં કસુર છે તો તે એકલી માહરી તરફની હોવાનો હું સાફ ઈનકાર કરૂં છું. કાવસજીએ અતી મોટી બેદરકારી બતાવી; તેડાવ્યે તો આવે નહી; આવે ને પુછીયે તો બોલે નહી; ખુલાસો માગીએ તો તે આપે નહી. વલી તે ઉપરાંત તોછડી વર્તણુક એટલે પછી એકતરફી વાત સમજાય અને એકતરફી ચુકાદો થાય તેમાં નવાઈ શાની?"

ઉપલા સઘલા ગુણો દર્શાવામા લવાદે ઝાઝી ભુલ કીધી હોય એવુંબી હું જોતો નથી. ખુદા જાણે આ ખાનદાંનનો કીયો દાહડા બળયો વડયો સખુનપરવરી મમત અને મગરૂરીની મીરાસ પોતા

પાછળ મુકી ગયો, કે તે મીરાસનો હીસ્સો, નાંહુંનાં યા મોહટાં પ્રમાણમાં, ઘણાં ખરાં અધાંજ તેનાં વારેસો મેલવવા વીણાં રહયાં નહી. અને તે વારસાનો એક મોટો ભાગ હાત કરવાને મનસુખ પોતેબી ચુકયા હોય તેવું નહી હતું!

પણ દાવા કજીઆ અને લવાદીનુ કામબી હજી એટલાંમાજ આવીને અટકયું નહી. બીજાંતો, રમખાનો અનેક નીકલ્યાં, અને તે સઘળાંમાં ભોલા મોટા ભાઇના આ ચંચલ છોટા ભાઇએ પોતાની કુનેહભરી કારસાજીથી મનમાંગતાં સેવટો નીપજાવ્યાં. એ કીસ્સોબી ઘણો લાંબો છે, પણ "ગંજનામાં"મા તેનો જરૂરજોગો હેવાલ સઘળો છપાઇ ગયેલો હોવાથી તે નવેસરથી ઉતારી લેવાની, આ ટુક તવારીખની કેતાબમા, મને જગા મલતી નથી.

પણ કેટલે દરજજેનો ભાગ મનસુખે તેમા લીધો હતો તેનો કાંઇક ખ્યાલ આપવા, પોતાના બે ભાઇઓપર ચીન ખાતે લખાએલાં તેવણનાં કાગજો મધેથી, નીચલા ઉતારા કરવાને દરૂસ્ત ધારૂં છું:-

"મુંબઇ, તા૦ ૨૧ જુન ૧૮૫૫—

ભાઈ સાહેબ ફ્રા૦ શા૦ લાં. જોગ—

ચીન કંનતાંન—

* * * * પણ તરત સુધી બારભાઆવારાનુ તથા બેરામજી મેતાનુ કશું સેવટ આવીઉં નથી. જો ઘેરમેલે ચુકશે નહીતો આગસ્ત અથવા સપતેમબરમાં કોરટમા એ મુકરડમો જાશે. પણ તમારી બેપરવાઇબી અતીશે છે * * * * તમો જુદા વેહેમો કરી અતરેની હમારી લખાવત મુજબ કામ કરતા નથી. હમારા અથવા મુરબી કાવસજીનાં માગવા મુજબનો જો તમોએ ચોપડા અને કાગજીઆં બાબે કાગલે લખી મોકલેઓ હતે તો આપુનને અતીશે કામનો ઠડતે અને મોટો ગુણ થાતે. પણ હજીબી હરગીજ થાઇ હમારા લખવા મુજબ લખી મોકલવાને ચુકશો રખે. * * * * બાઇજી કંઇબી તમો તમારી પોતાની સમજનનુ અડાવી ફરીને અડચણ કરશો રખે. * * * તમોએ અજબ રીતનો ખેઆલ ઉડાવી બેઘંગુ લખીઉચ અને વાતમા ધીલ પારીચ તે દરૂસ્ત નહી. મુરબી કાવસજી અતીશે કચવાએછે. * * * * તમારે —— બી. બેરાંમજી મેહેતાની ચીનમાં ભરાએઓછે. બાઇજી સારાં માંઠાં માંનસની પરખ ઇનસાંનનાં નબલા વખતે થાએછે. એજ અરજ."

મુમબઇ તા૦ ૨ જી સપતેમબર ૧૮૫૫.

ઈ૦ ગેઆનજીસ

બાઇ સાહેબો, તમોને ઘણી વેલા હમોએ તથા મુરબી કાવસજીએ પેલાં કાગલો લખી મોકલવા લખુ પણુ આજ સુધી તમારી બેસમજને લીધે તમોને કાંઈ સારૂ સુજ પરીણી નહી, અને હમારી કીધેલી દરખાહસત મુજબ ચાલેઆ નહી. * * * * તો ખેર, હમોએ તો હમારીથી બંનતી મેહેનત લઇ જેહેનુ સારૂ ચાહતું જોઇતુ હતું તેનુ સારૂ ચાહી હમારે માથેની ફરજ બજાવીચ. કોઇબી ઘટતા એલાજ હમારીથી બઆ તે કરવાને ચુકેઆ નથી. મગર તમારી ઉંધી સહમજ આગલ હારી ખાઇ હવેથી એ બાબે ચુપગીદી અખતયાર કરીશું. હવે માસ નવેમબર આગમચ બારબાયાવાલો કેસ કોરટમા નીકલસે તેમાં સાહેબ લાજ રાખે તો ઘણુંજ દરૂસ્ત. * * * * બાઇજીઓ સરકાર દરબાર સાતે ખોદા નાં કરે ને કામ પરસે, તેથી એટલી આગમચથી હુશીઆરી અને સાહુચેટી રાખવાને ઘટારત જોઈ મેહેનત કીધી હતી. પણ તમારી કમસહમજથી નાચાર છઇએ. વધુ શું લખીએ."

પણુ આ સઘલા ફેસાદ અને લડત પોતાની માંઠી અસર, પોતાની આબરૂ અને હોરમત, ટેક અને દરજ્જો બેહદ કાંકની લાગણીથી હૈડે ધરનાર, શેઠ કાવસજીની તંદરોસ્તી ઉપર ઉપજાવા વીણું રહી નહી; અને તેમા વલી કુટુંબમા નીપજેલાં મરણોના એકુ બે દુઃખદાએક બનાવોએ સખત ફટકા માર્યા એટલે દેહ બીલકુલ લઠડી. અંતે સખત તાવની એક કાતેલ બીમારીચે, પોતાનાં વાહલાંઓ અને ખેશીઓનો માહ ઉપીયોગી અને મહા કીમતી થઇ પડેલી ભોલી પણુ ભલી, એકાંત પણુ નેક, સાદી પણુ સંકારી તેવનની જીંદગીની દોરી તોડી.

સને ૧૮૫૭ ના ફેબ્રુઆરી મહીનામા, શેઠ ફરામરોજ પટેલના બંગલાની પડોશમા આવેલો પોતાનો

મજગામનો મોટો બંગલો,

કે જ્યાં પાદરી લોકની મોહટી સ્કુલ હમણાં ચાલે છે, ત્યાં તેવણે દેહ છોડી. એજ તે બંગલો હતો, કે જેની આસપાસના બોહોલા બગીચાની હલીયારી, અને નજદીકની ટેકડીઓની સુંદર વનસપતીની

તાઝગીની લહેરમા, અને જયાંનાં ખુબસરત પંખીઓનાં મધુર ગાયેનોની દીલ બેહેલાવનારી અસરમા મસ્ત બની, મનસુખની શાએરી શક્તીએ રંગ અને રસ, જોબ અને જમક, આકાર અને અલંકારના સમપુર્ણ સીંગારથી શોભતાં નસર અને નજમનાં કીમતી ગૌહરો ઉપજાવ્યાં. જીંદગીની જે મોટી મોજ, સંસારની જે ઉમદા રાહાત, જર અને જશનો જે અપાર કરાર તેવણે ભોગવ્યો તે હયાં. આખા ભવની ખરી ખુશબખ્તી અને જમક જોઇ તે હયાં.

પોતાના નેકદીલ મુરબ્બીનાં મોહોતનો ગમ મનસુખને ઓછો લાગ્યો નહી. ઘણાં ઘણાં વરસો બાદબી, કોઇબી વખતે તેમણી વાત નીકલતાં, ઘણા ગંભીર અને ગમખાર દીલે તેવણુની યાદ કરતા મેં મનસુખને સાંભલ્યા છે. તેવણુને મુખ્ય દલગીરી એક એટલીજ રહી ગઇ કે શેઠ કાવસજીની એકબી સબી યા ચીતારની યાદગીરીબી રહી શકી નહી. તે સાદા અને એકમાર્ગી ઘસ્તનો, એ ચીજો તરફનો, અંગત અનગમોજ એમ બનવાનો સબબ સમજવો. બાકી, જે કદાવર આંગની અને શોભીતા ખુબસુરત ચેહેરાના મોટા ભરેલાકલ્લાની તેવણુપર બખશેસ થયેલી કહેવાએ છે, તે મુજબતો તેવણુનું ચીત્ર, મનસુખનાં પોતાનાં ચીત્રનાં જેવુંજ શુંદર અને તારીફલાએક બનતે તેમાં શક નહી. મનસુખ ઘણીવેળા બોલતા હતા કે એવા મોટા શોભીતા ને ભરેલા કલ્લાને લીધે ચીનાં વેપારીઓ પરદેશથી આવેલા પોતાના આ વેપારી ભાઇબંધને "ચાસ"ને નામે, યાને કોઇ દેવતાઈ અવતાર ધરી આવેલા માહ પુરૂશ તરીકે, બોલાવતા અને ચાહતા હતા.

પણ આ

બદનનો કદાવર બાંધો

તો લંગડાઈ કુટુંબના એક 'હૉલ-માર્ક' જેવોજ તે વેલા ગણાતો હોવો જોઇયે. મનસુખના સઘલા ભાઇઓ, તેમજ કુટુંબની ઘણી એક બાનુઓબી એવાજ બાંધાની મગરૂરી ધરાવતાં હતાં. અને ત્યાર પછીની ઓલાદમાબી, (બચપણુની કાતેલ બીમારીથી હેરાંન થઇ નબલી પડેલી દેહોના કેટલાક અપવાદો શીવાય), બાકીનાં સઘળાં એવાજ બાંધાની શોભા દેખાડે છે.

મનસુખ પોતે તે માટે ખાસ મગરૂરી લેતા હતા. અને ઘણી વેળા પોતાનાં ભાશણો તેમજ લખાંણોમાં, "હાલના વખતનાં 'તાવડાન' જેવા ભાએડાઓ અને વાંકાં તુરીયાં જેવી બાએડીઓ," વીશે કુર ટીકારૂપી એશારા કરતાં એજ પોતાનાં બલવંત બદનનો તેમણે ટેકો રેહેતો હતો.

એક વેળા 'આપાબાગ'ની પેલી પુરાંણી ને પ્રખ્યાત 'કલબ,' (કે જેના જાહુકના એક મેમબર તરીકેનો પોતાનો માનીતો સંબંધ, છેલ્લાં થોડુંકપર ઉપજેલા એક ઘણા કમનસીબ કલેશને સબબે, છોડી બેઠેલા મેં તેવણને અતી ઘણી છુપી દલગીરી સાથે જોયા હતા), ત્યાં તેવણ એક સાંજે પોતાના જવાન દોહીત્રાને લઇને ગયા. દોહીત્રો, રૂસ્તમ નામનો, તે વેળા હશે ઉમર વરશ બારનો, પણ ઉંચો ને મજબુત ને ખીલેલો દીશે જેવો સોલથી અઢાર વરશનો ગબરૂ જવાન. ક્રીકેટનોબી અચ્છો રમનાર, પણ સ્કુલની હરીફાઇવાળી મોટી મેચોમા આવી ન શકયો કારણ કે સામી બેરિદુવાલા તેના ઉધરભાવપરથી તેની વય તરપ શકની નજરે જોવા લાગ્યા. જો જમવા બેઠો, અને કડકી ભુખે મંડી ગયો, તો નવાલા એવા ઉડાવે કે મનેબી લજવાઇને નીચું જોવું પડે. નાં કાંઈ તાલીમખાનાંનો લાભ મેલવેલો, કે નાં કાંઇ મોહભાવ્યાં પકવાનો ખાતો યા શ્રીમંત જીંદગીનું સુખ ભોગવતો ઉછરેલો, પણ ખુદરતની એક બખશેસમાંજ આનંદ, કે જે બખશેસથી બીજા ભાઇ બેહેનબી ખાલી નહી.

મનસુખની સાથે આવેલો જોઈ એક મીત્રે તેની ઓલખ ઉમર ઇ૦ની પરપુછ કરી. ઓલખતો માન્ય રહી, પણ ઉમરનો આંકડો નીકલતાંજ સાંભળનારાઓનાં ભવાંપર શકની કરચલી ચઢી. સઘળાઓએ મનસુખ તરફ જોયું, તો લાગલો ખુશ ગરૂરીનો જવાબ મલ્યો—"જોવોચ શું? એ તો મનસુખી બાંધો છે! જોવ એનાં ખભાંની પોહોલાઇ!"

મનસુખની પોતાની તંદરોસ્તી અને બાંધાની મજબુતી વીશે તો છાપાઓમાં વતીક જગેજગ એશારા થઈ ચુકયા છે એટલે તે બાબે વધુ બોલવુંજ શું રેહ? જીંદગીના છેડા તુલીકબી પોતાની

વચના બે જણાને પુરે તેટલો ખોરાક તેવન એકલા ખાતા હતા એમ હું કહું તો તેબી સંગાત નહી ગણાય. પણ જેમ ખોરાકી તેમજ પાણીની સુઘડાઈ અને સફાઇ ઉપર એટલું તો ધ્યાણ અપાએ કે તેનો પુરેપુરો ખ્યાલ આપવાને હું અશક્ત છું. પાંણી તો એવનનુ પોતાનુ ખાસ સ્વછ અને ગાળેલું જુદુંજ રહે, અને પકાવાની સઘળી જીનસો પેહેલ્લાં નંબરની અને તાજી તો હોવીજ જોઈયે. કલબનાં પકાવેલાંમાબી કાંઈ ખામી જણાઇ, ઘી યા ગોસ્ત મનપસંદ નીકલ્યું નહી તો ભર તેબલપર બબરચીની ઝાતકણી કાઢતા તેવણને ઘણીવેળા જોઇ દોસ્તોએ રમુજ મેલવી છે. આદતોબી સઘલી ~~મીતહારી~~. ઘરમાં તો શરાબની જેમ મોટા શેઠને પોતાને તેમજ બીજાંઓનેબી આદત નહી; અને કલબનાં ખાનાંપરબી એકાદ ગલાસ પીધું યા ન પીધું બધું સરખુંજ. ભાશાણને દહાડે ઉસકેરણીના ટકવા તરીકે બે ત્રણ મજબુત કૉફીના કપ પીઈને નીકલે; અને લાગત ત્રણથી ચેઆર કલાક સુધીબી બોલ્યા, કે શાહુનાંમાંની બેતબાજી બુલંદ રંગીલા આવાજે ગાઇ 'હૉલો' ગજાવ્યા, પણ પોણોસો વરશની જઈફીમાબી જાણ્યું નહીં કે ઘાંટુ પડેલો આવાજ તે કેવો!

ખોલ્લી હવામાં ફરવું હરવુંબી કાંઇ કમ નહીં. થોડાજ એવા એવનના દોસ્તો હશે કે જેઓએ 'બેક બે'ની ખુલ્લી જગાપર લગભગ દરરોજની 'વૉક' લેતા મનસુખને જોયા ન હોય. શરીરની સફાઇ સુઘડાઇમાંબી કસું પુછવુંજ નહી. અને ડા૦ સુખ્યા કદાચ જાણીને ખુશી થશે કે મરકીના અતકાવની રસી તરફ તેવણનો શરૂઆતથીજ મજબુત અનગમો હતો. એક વેળાની મરકીના ત્રાસદાએક હીંગામમા તેવણના ભાયખલાના રેહેવાના બંગલાના કામપાઉન્ડમાબી એ નાપાક રોગના કેસો થવા લાગ્યા; રસી મુકવાનુ કામ સઘળે બેધડક ચાલતું ગયું, અને ખેતવાડીવાલા ડાકટર પ્રામજી શાપુરજી, (કે જેમણે મનસુખના ચાહનારા અને વખાણનારા ખાસ મીત્રો માહેલા એક ગણવામાં હું વાજબી કેહેવાઉ) તેમણી હાજરીમાબી રસીને માટે ઘણી સમજાવત ચાલી, પણ ફોકટ. "એ નજીસ ચીજને શરીરમા તે કેવી દાખલ કરવી! માહરે

એ જોઇયેજ નહી." તેવણુ બોલ્યા, અને એ બોલોને સેવટ સુધી વલગી રહયા. "રસીજ મુકવાની સી એંટલી જરૂર પડી?" તેવણુ વારેઘડી બોલતા:-"ખોલ્લી હવામા ફૂરોહરો, ગલીચ જગાઓમા આવજાવ નાં કરો, ઘર સફ્ફાઈદાર ને હવાની આવજાવવાલું રાખો, અને સુખડ લોબાંન ઓરડે ઓરડે અરદીબેહેશત પર બાળતાં રહો એટલે નાપાકી બધી દુર રેહેશે." અને તેમજ, જ્યારેબી વાડીમા એ બુરી બળાનો ગલબો ચાલતો હોય ત્યારે બંગલાના ઓરડે ઓરડા સુખડ લોબાંન અને અગરબતીઓના સુગંધી ધુંવાથી ઘેરાયેલા અને પમરતા રહેતા!

પોતાની તેમજ બીજા વડા કુટુંબીઓની એવી પુખ્ત તંદરોસ્તી વીશે બોલતાં યા લખતાં, દીલપઝીર આબોહવાવાલો અને 'ટોનીક' જેવી ખુબીની તાડી ઉપજાવનારો પેલો

નવસારીનો પુરાતમ કસબો

જે મનસુખની જન્મભુમી હોવાનુ માન ધરાવે છે, તેની તારીફ્ભરી યાદ કરવાને તેવણુ ચુકયા નથી. એ તેવણુનુ સદાનુ પ્યારૂં-સદાનુ માનીતું વતન હતું. અને તેમજ, જીંદગીનાં અંત સુધી, એ મુબારક વતનના નેકદીલ વતનીઓના, મરનાર પોતેબી સદાના પ્યારા-સદાના માનીતા હતા.

શેઠ કાવસજીનાં મરણુ-વીલાપને લગતી મનસુખની બેતબાજીમાં એક જગે આપેલી 'નોટ'મા તેવણુ લખે છે કે:-"મરહુમ કાવસજીના ગુજરવા બાદ થોડા દીવશ રહીને ડાકટર આરબકલ (જે ગવરનર એલફીનસ્ટનનો ડાકટર હતો, અને શેઠ કાવસજી તરફનુ વરશાંન લઇને ઘરનાંઓની દવાદારૂ કરેઓ જતો હતો) તે બેહેશતીના બાવા શાપુરજીને મલવા તથા દેલાસો આપવા તેવણુની આગલ ગીઓ હતો. તેઆરે શાપુરજીનાં મોહડાંનો રંગરૂપ તથા તેવણુની તંદરોસ્તી અને બદનનો બાંધો જોઇને અજબ થઇને બોલેઓ હતો કે ખરેખરજ મી૰ કાવસજી કરતાં તેવણુના બુઝરગ બાવા વધારે તંદરોસ્ત અને સુખવાસી તથા જોરમંદ છે. એટલું બોલી નવસારીની આબોહવાની તે ડાક્ટરે બહુ તારીફ કીધી હતી."

વલી પેહેલા સર જમશેદજીની જીંદગીના હેવાલના શરૂઆતના ભાગમાં આપણુને નીચલા બેતો મલે છેઃ—

"કેહેછે હકીકતના જાણુનારા આમ,
કે છે સુરત શેહેરની પડોશમા એક ગાંમ.
નામ તેનુ "નવસારી"જ મશહુર છે,
સુરતથી તે બાર કોસપર દુર છે.
હવાની સફાઇમા તે સ્વરગજ છે,
કુલ દુનીઆંનાં પા-તખ્ત તે પાસ રદ છે.
છે દરદની સફાઇની તાંહ નેક તદબીર,
પાંણી તેનું જેમ માએનાં દુધનું ખમીર."

જેમ તંદરોસ્તી તેમજ કુટુંબની ઉમરદરાઝીમાબી કસી ખાંમી નહી. શેઠ કાવસજી પોતે સાઠથી વધુ વરશોની જીંદગી ભોગવીને ગુજર્યા. તેવણુના પીતા શાપુરજી ત્યારપછી આસરે છ મહીને વીદાય થયા, ત્યારે તેવણુ નેવુંની હદબી ઓલંગી ગયેલા હુતા. અને આ અભાગ્યા બાપને, પોતાના નેકબખ્ત દીકરાનાં અકાળ મરણુનો વીલાપ કરતો ચીતારતાં, મનસુખે જે બોલો બોલતો કીધો છે તે તેની તે વેળાની હૈયાત ને દુખી મોહોરદારનીં વચનોબી ખ્યાલ આપણુને સેજમાં આપે છેઃ—

"પણુ શરંમ છે, શરંમ છે, મહને શરંમ,
કે લાએઓ અસલથીજ હું ફુટું કરંમ.
કે તું જેવા દીકરાનો રડનાંર થયો,
તાહરી મેજ ને દરૂનનો જમનાંર થયો.
હાએ રે હાલત, હાએ રે એ જાંન!
જલી રે એ દોલત, જલું રે એ માંન!
કે બેટા મુવો, ને હું સજીવંન હાં!
જીવ ગયો તે જગ, ને હું કફંન હાં!
દીકરા તું જેવા તો કંમ જંનસે માંએ,
જે જણે તે જીવતાંજ જીનતમાં જાએ.
પણુ રખે કોઈ હોતી એવી બદબખત,
કે નેવુંનાં વરસનાં ઘડપણુ વખત,
તું જેવા દીકરાનો પામે જખંમ,
ને જુદાઇના ગંમથી બલી થાએ ભશંમ."

પેલા ફાંકડા શોખના, એશકી આદતના પણ ઘાતકી દીલ અને ખાટા સ્વભાવના જે રૂસતમજી પુવાને હાતે, પોતાની બચગીમા કીધેલા એક નજીવા વાંકની સજામાં પોતે સુખડનાં પેરીયાંનો પેલો પ્રખ્યાત માર ખાધેલો મનસુખ નોંધી ગયા છે, તે પુવાજી, પોતાનાં તેવાંજ એક દાહડાબળ્યાં ધણીઆંની સાથે, સીતેર વરશની તંદરો-સ્તીભરી વયે તે વેળા પુગી ચુકયા હતા તેમાં શક નથી. મનસુ-ખના બીજા ભાઇઓ અને એક બેહેનબી જઇફીમાજ ગુજર પામેલાં કેહેવાઇ શકાએ. અને એક સંભાલભરી, સ્વચ્છ, મીતહારી ને નીયમીત જીંદગી ગુજારી મનસુખ પોતે જે ઢપે હુમેશગીને આરામ પામીયા તે ઢપ એક ચુનાની ફીલસુફના બોલો સાચા પાડી આપે છે કે,—"ભાઇ, સફાઇદાર ખોરાક, બીનવ્યસની તબેહ, અને નીયમીત આદતો તાહારી જીંદગીમાં તું જાળવશે તો સો વરશોની હદમા સેહેલાઇથી પુગી, સાંત ઉંઘાએલો તું મરણ પામશે!'

જે નેકદીલ મુરબ્બીએ તેવણને તમામ રીતે પાર પાડયા અને જીંદગીની સઘલી આબાદીથી નવાજી સુખી બનવાનાં પુરે-પુરાં સાંધનોથી ભરપુર કીધા, તે મેહેરબાનનાં મરણનો ગમ દીલમાં તો સદાજ મનસુખે રાખ્યો, પણ પોતાની શાએરી શકતીનો ઉતમ ઉપ્યોગ કરી તેનો વીલાપ એક ઉમદા બેતબાજીની ગમખારીમાબી કાએમ કરવાને તેવણ ચુકયા નહી.

તે વીલાપ તેવણે પોતાને નામે કીધો નહી, પણ એક નામ-વર પુત્રનાં અકાળ મરણનો ભયંકર જખમ પામેલા એક દુખી ને જઇફ બાપને મોહડેથી છાતી ફાડતી માહતમના આ શોહલા બાહેર પડતા તેવણે દેખાડયા. લગભગ પાંચસો સતરોની લાંબી બેત-બાજીમા, આ કંગાલ બાપને, અફસોસના એવા તો આતશી ઉભરા જાહેર કરતો, દુઃખના એવા તો ડરાંમણા પોકારો ઉઠાવતો,-જુદાઇના જખમથી—મોહોતના મારાંથી અને જઇફીની લાચારીથી તફડતો એવા તો ત્રાસદાએક ચીતારમા મનસુખે ચીતાર્યો છે, કે તેનો બોલે-બોલ તેનો હરફેહરફ એક જાદુઇ ખેંચાણથી વાંચનારની નજર ખેંચેલી રાખી, તેની જાણ યા ખાહેશ વગરબી, હાએના આવાજથી તેનુ મોહડું, અને ગમનાં આંશુંથી તેની આંખો ભરે છે! ઘણુ-ઘણુ

દુઃખી પીતાઓને, ઘણી–ઘણી કમબખ્ત માતાઓને, ગુંગળાતી છાતીએ આ ગમખાર બેતો વાંચી ગુપ્ત વીલાપનાં રૂદન કરતાં મેં જોયાં છે.

જ્યાં આખું લખાણુજ સરસ ત્યાં ઉતારો કયા ભાગનો કરૂં તેથી સમજાતું નથી. માટે કુટુંબની વધારેલી કીર્તીને લગતા થોડાક બેતોજ હું ટાંકી શકું છું:—

"* * * * * * *
કે લંગરાઈ કુલ ખાંનદાનને રોશન કીધું,
ખુશી–બેરમી—બખશીને મશ્હુર કીધું.
મુફલેસી કુલ ટાલીને–માતબર કીધું,
નનાંમી હાલતથી—નામવર કીધું.
* * * * * * *
હું લંગરો–હું નબલો–હું બુઢો બુજરગ,
જો મરતે અગાઉથી તો પાંમતે સવરગ.
ખાક માહરી ખીલીને ફુલવંન થતે,
રૂવાંન માહરૂ ખુશીનો ચમંન થતે.
ફરીઆદ, રે ફરીઆદ, રે કાંહાં છે ઈનસાફ?
કે બેટો ખુદ ગુમ થઇને જીવાડેચ બાપ!
ઇનસાફ—રે ઇનસાફ—રે દુનીઆં ઇનસાફ!
કે પુતની જુદાઇથી ફાટેચ દીલનો ગાહબ!
બેદાદ, રે બેદાદ, રે બેદાદ તમામ!
કે હું લંગરો હેયાત, ને લારકો નનાંમ!
અંધેર—રે અંધેર—રે અંધેર છે પુર!
કે આ જીવતી કાએઆનો જીવડો છે દુર!
નાચાર, રે નાચાર, રે હું છઉં નાચાર!
કે નહી મલે નીઆએધીસ, ને નહી કોઇ સરકાર!
નહી મલે તબીબ, નહી મલે તદબીર!
તો કોણુ પાસ જાઉં હુંવગર પગનો પીર?
* * * * * *
મુજ નનાઆં નામને તેં ખીલતું કીધું,
('ચીન' સારૂં કીરતીથી હસતું કીધું.)

વગર ભગ ને પરે હું ઉડેઓ ગગંન,
તાહરીજ કુમક પર હું રહયો મગંન.
* * * * * * ”

જાહેર જીંદગીમાં પેહેલવેહેલો જથડો

મનસુખે ઉઠાવેલો આપણે જાણીયે છીયે તે ઇ૦ સ૦ ૧૮૫૫ નાં સાલના સુમારમા સ્થાપવામા આવેલી “જરતોસ્તી છોકરીઓની નીશાળ મંડલી” નામની મંડલી સાથે હતો. મનસુખ પોતે એક કારોબારી જેવા હતા, અને મજગામ ખાતેની છોકરીઓની નીશાળ તેવણુના પોતાના હસ્તકમા ચાલતી હતી. થોડાક વખત તો કામ સઘલું સીધેસીધું ચાલ્યું. પણ પછી હળવે હળવે કેળવણી આપવાનાં ધોરણ બાબેની મતફેરીની ચીંગારી પડી. ગમે તો એમ સમજો, કે કોઈ એવો દાનાવ નહી નીકળ્યો કે જે ધીરજ ભરી કુનેહશી બેઉ બોરદુને સફોવી લે, અને બન્નેના વીચારને અનુકુલ થતો એક તોર ઉપજાવે; યા એમ માનો કે જે બનનારી હતી તે બની; પણ કોઈબી રીતે શરૂઆતનું પડેલું આ સતકણ બુજાયું તો નહી. પજરણ ચાલ્યા કીધું, અને સેવટે ભડકો ઉઠયો ૧૮૫૮ મા.

સઘળી કેફીઅત દરશાવનારાં કાગલો સચવાયાં નહી માટે મને મલ્યાંબી નહી. પણ જે થોડાંક છે તે દેખાડે છે કે મી૦ મનચેરજી કાવસજી સરાફ નામના એક શીક્ષકે “જ્ઞાન-ગરબી” નામની એક નાધલી ચોપડી એ વરશમા છપાવીને બાહેર પાડી. તેમાં મનસુખની જુદે જુદે વખતે જોડેલી, ખોદાની તથા ધર્મની સીફતની, નશીએતની, નીતીની અને જ્ઞાનની કેટલીક ગરબીઓ, કવીતાઓ, અને બીજી બાબદો સમાવી આસરે ૬૦ સફાનુ અને ૭ આનાંની કીમતનુ એક ચોપાંનીયુંજ તેને બનાવ્યું. એ ચોપાંનીયું તેને મનસુખના હસ્તકમા ચાલતી મજગામની નીશાળમા તેવણને પુછીને દાખલ કીધું. એજ થયું.

પણ લાંબા વખતનાં પજરણનો અંતે જે ભડકો ઉઠાડયો તે આ નાધલી ચીજે. વાતમા કંઈ દમ તો નથીજ. નીવેડો એનો ઘણી સેહેલાઇથી આવી શકતે. પણ લાગે છે એવું કે મનસુખજી ચાલુ

તકરારી જુમલેશોમાથી છુટવાને, મંડલી, ઉપલી ચોપડીને, એક સરસ બાહાનાં જેવી ગણી, બાઝી પડી. મનસુખને એ ચોપડી દાખલ કરાવાનો હક નહી હતો એવો વાંધો મંડલીએ ઉઠાવ્યો, પણ નો શાકરા મનસુખે તે સ્વીકાર્યો નહી. પેલા શીક્ષકને મજબુત ઠપકો તો મલ્યો, પણ મનસુખે પોતાને મળેલાં એક આડકતરાં અપમાન જેવો તેને ગણ્યો. એક લાંબો પત્રવેહેવાર ચાલેલો લાગે છે. ૧૮ મી નવેમબર ૧૮૫૮ નો એક પત્ર જે મનસુખ ઉપર આવ્યો, તેમાં પેલા શીક્ષકને લગતી વાતનો ખુલાસો થયા બાદ બે રૂકા નીચે મુજબ લખાયા હતાઃ—

"શેઠ મનચેરજી શાપુરજી,

મજગામ ખાતેની જરતોસ્તી છોકરીઓની નીશાળના ઉપરીન્તેગ,

સાહેબ

* * * * *

તમારાં ઉપરીપણાં હેઠલ મજગામ ખાંતાંની છોકરીઓની નીશાળમા "ગેનેઆંન ગરબી" શી રીતે દાખલ થાઇ તે વીશે કારોબાર મંડલીને જાહેર કરવું તમોને ધટારત હતું. તેમ તમોએ નહી કીધું તે જોએઆથી કારોબાર મંડલી દલગીર છે.

તમારા પતરમા તમોએ "ગરબાવલી" તથા તમોએ પોતે બજાવેલી "ગનેઆંન ગરબી" હેવે નામની ચોપડીઓની ખાંમી તથા ખુબી વીશે જે જે મુજાહેમત કીધીચ તથા વીચારો આપેઆચ તેહેની સંગાથે કારોબાર મંડલી એકમલતી થઇ શકતી નથી.

હું છું તમારો નમનતાઇ ભરયો સેવક
નવરોજી ફરદુનજી
જ૰ છો૰ ની નીશાળ મંડલીનો સેકરેટરી."

જેમ હયાં, તેમ એક બીજી જગેબી મેં નવરોજી પૂરદુનજીની સહી જોઈ છે. દસ્તખત સઘળા લટર-પટર છે! પાછલથી સુધર્યા હોય તો કોણ જાણે.

વચમા કાંઈ બીજાં કાગલોની આવજાવ તો થઇજ હશે. પણ મામલો કાંઇ સુધર્યો નહી, અને પડેલી તડ સંધાઈ નહી. ૫૮) નીજ પેહેલ્લી ડીસેમબરે મનસુખ તરફનુ છેલ્લું કાગલ ગયું અને, ભાગલાગ છુટો પડયો. એ છેલ્લા રૂક્કાના અગતના ભાગો નીચે આપુ છું:—

" * * * * *

"તમારાં પતરનાં પાંચમા પેરેગરાફના જવાબમા માહરે તમો સાથે ભાંજગડ ચલાવાની કસી અગત નથી. હરએક સારાં અથવા માઠાં, એબી-એલ અથવા બીનએબ લખેલાંની મુનસફી કરવાને આલમની અકલની આંખ સદા ઉઘાડી છે. અને ઉપલી મંડલી અસટકની નીશાળોમા હાલ જે કેલવણી આપવાની રીત છે તેમા કેહવો અને કેટલો સુધારો અને વધારો કરવાની અગત છે તે વીશે કંઇબી બોલવાને હાલ હું મુનાસેબ જોતો નથી.

"આ વખતે તમોને લખી જણાવેઆમા આવેછે કે જેમ એ મંડલીનો હક અને અખતીઆર તેવન અસટકની નીશાલોનો કારોબાર ચલાવાની છે, તેમજ એ નીશાલોની હાલની હાલત પરમાણે દરએક ઉપરીનો હક અને ફરજ પોતાથી બને એટલી કોશેસ કરીને કુલે ઉપીયોગી અને અગતજોગું નીતીનુ ગણેઆંન, અને જરતોસ્તી મજહબ તથા આપરા કેઆંની પાદશાહવોની તવારીખ, અને આગલા ઇરાંનીઓની રીત અને રેવાજને લગતી બાબદોની કેલવણી અથવા ગુનેઆંન એ નીશાલોમા દાખલ કરવાનો છે. એવું હું સુમજુંચુ, અને એમજ તમોએ પોતે તેમજ ઉપલી મંડલીના મેમબરોએબી સમજવું જોઇએ છે, અને એવી રીતની કેલવણી માહરે અસતકની નીશાલની છોકરીઓને જોગવાઇસર આપેઆમાં આવેચ અને હવે પછીબી આવશે. તે જો તમોને પસંદ હોએ તો, તથા એ વીશે દર વખતે માહરેથી વીગતવારે તમોને લખતાં બનશે નહી તે જો તમોને કબુલ હોએ તો તેમ, અગર નહી તો આએ પતર પોહોતેથી કોઇ બીજો તાબે-દાર અને ગેરવાજબી હરકત અને ઠપકાની બરદાસ્ત કરનારો ઉપરી સોધી લેજો."

એટલું લખી, એવી યાદગાર—એવી ખરી—એવી ખોલ્લી—એવી હીમત ભરી ચેતવણી આપી મનસુખે એક વેળાના પોતાના માનેલા મીત્રો—એક વેળાની પોતાની માનીતી મંડલી સાથનો સંબંધ છોડયો. તે હમેશ તુલીક,—જીંદગીના અંત સુધી!

અને મંડલીથી એમ અલગ થઇ, પોતાને અનગમતી થઈ પડેલી એ કેલવણી વીરૂધ લખાણના અને ભાશાણના બાંણો જે તેવણે છોડયા, તે છુટતા ચાલુજ રહ્યા વરશનાં વરશો સુધી વગર અતકવે, વગર અચકવે, વગર ચુકે, વગર ભુલે, પ્રમાણીક એક નેમથી—નેક એક નીષ્ટાથી!

તેમાં શરૂઆતથીજ ફતેહ મેળવી એવુંબી નહી હતું. વીરૂધ પક્ષ એટલી તો મોટી, એટલી તો જબરી, એટલી તો શ્રીમંત, અને ઉધરતા જમાનાની એટલી તો માનીતી હતી કે તેની સામે થવાનો ખ્યાલ કરતાંબી કોઈ ડરે. પણ આગલ એશારો થયેલા જે વડવાએ જે સખુનપરવરી અને મમતના ગુણોનો વારસો મનસુખને આપ્યો તેને આ વેળા પોતાની મજબુત અસર દેખાડી. વીરોધ, બેદરકારી, હસી, મશકેરી, તાંણાજની, તુછકાર એ સઘલા હીમત હરાવનારા અને દીલ તોડનારા હુમલા એવા તો સાબુત અને સખત થયા કે તેમની સામે નીડર હૈડે અને મજબુત મને ઓસ્તવાર ઉભું રેહવું અને બાહાદુરીથી બાથ લેવી એજ એક તાજુબી ગણાય. અને સેજબી અચકયા વીના મનસુખે તે તાજુબી ચાલુ રાખી વરશો તુલીક.

ખરેખરજ વરશો વહી ગયાં. આખા એક જમાનાની મુદત તો વીતી તોએ પરીણામ આવ્યું નહી. અને તોએ આ લખનારનાં લખાણ અતકયાં નહી,–આ બોલનારના બોલ બંધ પડયા નહી. નવો જમાનોબી દાખલ થયો. પેલી અનગમતી કેલવણી,–નવા જમાનાના ફેરફારોને અનુસરતી કરવા સુધરેલા પાયા ઉપર દાખલ કરેલી પેલી અકારી તરબ્યત તો, એક જોરેમંદ મંડલના ટેકાથી, સેજબી ફરક વગર, પારસી કોમમાં મજબુત પગપેસારો કરતી ગઇ. સઘલાઓએ જોયું, મુઠીભર મીત્રો અને વખાણનારાઓબી સમજ્યા કે તે સુધરેલી ફીશીઆરીના દોર સામે મનસુખના સંગીન વીચારોનો કીલ્લો તુટવો તો જોઇયેજ. પણ તે કીલ્લાના રખેવાલે હજી હારી ખાધું નહી! નાઉમેદીના બેસુમાર સંજોગો વચેબી પોતાની બાહદુર લડત તેવણે લેશભાર કમી કીધી નહી. મીત્રતાના, દોલતના, સંસાર સુખના અને બીજા અગણીત અંગત લાભોના ભોગે મુદતની મુદત સુધી, એકજ નેક નેમંની જંગ, વગર હટવે અને વગર હારવે ચાલુ રહેલી જોઇ હરીફોબી તાજુબ અને હેરાન રહ્યા! શરૂઆતની ધાંધલમા તો તેઓને સ્વપનોબી નહી હતો કે આ નજીવો ગણેલો મુદઇ આટલા લાંબા વખતની નીરાશી પછીબી તેમણે શરણે આવશે નહી. આ હટીલાઇ જોઈ

તેઓ ચોંકયા; અને વધારે ચોંકયા ત્યારે, કે જ્યારે આ નવા જમાનાના નવા જવાંનોમાં એક ચોકસ ફેરફાર થતો તેઓએ જોયો,–ફેરફાર એવો કે જે તે હરીફૂની તરફેણમાંજ જતો ગયો–ધીમી પણ મજબુત અસર સાથે !

અને એ અસરેજ મનસુખની ફતેહની શરૂઆત કરી. ગોળાનો ચાલુ મારો જેમ ગમેએવી સંગીન દીવાલબી હુલી બનાવે, પાંણીનાં ટીપાંનુ ચાલુ ટપકવું જેમ એક સખત પથ્થરનેબી ઘસવા વીણું રેહે નહી, તેમ, લાંબા વખતની આ હઠીલી લડત, એકસરખી ખંતથી ચાલુ રહેલું આ મજબુત લખાણુ અને ઉઠી રહેલો બુલંદ પોકાર, અંતે જીહતનો જશ મેલવવા વીણું રહ્યાં નહી. ઉઘરતો જમાનો જેમ સહમજમા આવતો ગયો, અને પોતાની અક્કલની આંખો ચોતરફ ફેરવીને જોતો ગયો તેમ તેને જણાયું કે ગયાં ત્રીસથી વધુ વરશો સુધી ચાલુ રખાયલી આ સુધરેલી તરબીઅતનાં ફૂળ કોઈ રીતે મનમાંગતાં તો ઉતર્યાંજ નથી. મનમાંગતાં તો રહ્યાં, ઉલટાં ચોંકાવનારાં નીવડયાં!

ત્યારેજ જણાયું કે આ બુઝર્ગ નોસાકરાનો ચાલુ સંભલાતો રહેલો પોકાર માત્ર એક આંધલાં ધર્મઅભીમાનનું તો નહીજ, પણ એક ખાલેસ યેકીનદારીની ખરી હુજતનુ પરીણાંમ હતું.

ત્યારેજ આ એક વખતનો હસી કહડાએલો અને તુછકારાએલો આવાજ સઘલાં હવે ધ્યાણથી અને ગંભીરાઈથી સાંભલવા લાગ્યાં.

ધીમે ધીમે તેઓએ જાણ્યું અને જોયું કે પેલી સુધરેલી મંડલીની સુધરેલા પાયાની તાલીમનો ભભુકદાર ઝલકાટ, જેના રંગીલા હેવાલો વર્તમાનપત્રોમાં વારેઘડીએ છપાએલા તેઓએ વાંચીયા હતા, તે તો ગોયા એક આતશબાજીના બપોરીયાંનો આંજી નાખતો ઘડીભરનો ઝલકાત હતો. તેઓએ જોયું કે તે તો માત્ર એક પોકલ દમામ હતો, અને તે વર્તમાનપત્રો, તાબેદારીની તોકમાં વીટલાયેલાં, માત્ર ચાપલુસીખોરાં વાજીંત્રો હતાં. અને તેઓએ જોયું કે તે પોકળ દમામને વખોડનારો આ એક નર હજી એખલો નથી, પણ હવે તો બીજા અનેક આસાંમીઓના ટેકા ભેગો તે ઓસ્તવાર બન્યો છે. તે આસાંમીઓમા ફકટ હમજાતજ નહી પણ

પરજાતનીબી ભેલ થયેલી તેમણે જણાઈ. પુર્વના તેમજ પશ્ચીમના કાબેલ અને સ્વતંત્ર પુરૂશોએ લખીને યા બોલીને હવે દેખાડયું, કે જે ધણીનો આટલી મુદતનો પોકાર તેઓએ એક હારેલા હુજતીની દીવાંની બરાડ જેવો લેખ્યો હતો, તે પોકાર કેટલું વજન અને કેટલું વજુદ ધરાવતો હતો.

એ થયું એટલેજ મામલો ફેરવાયો. અને તે ફેરવાયેલી સ્થીતીનો લાભ લેવાપર મનસુખ બેવડી ઉલટ અને બેવડા ઉમંગથી મંડીયા. સચાઇ તેમણીજ તરફ હતી તેમાં તો હવે કસો શક રહ્યો નહી. નહી તુટે એવી તકરારો,-નહી ફુટે એવી દલીલો,-નહી ખુટે એવી શાહદતોથી તેવણે સાબેત કીધું કે, લાંબા વખતની દાખલ કીધેલી જે તરબીઅતને તેઓએ સુધરેલી કેલવણીની ઉપમા આપી હતી તેનો અંત એક ભયંકર નીશફલતામા આવ્યો છે! સાબેત કીધું, કે તે સુધરેલા જમાનાનુ એક સદગુણી શીક્ષણ નહી, પણ બેઈમાંની અને બદચેકીનીનુ એક તાલીમખાનું હતું! સાબેત કીધું, કે દીનદારી અને દેશઅભીમાનની તે રાહનુમાઈ નહી, પણ અધર્મીપણાં અને નાસતીકપણાંની એક છડેછોક રાહબરી હતી! ટુકમા, સાબેત કીધું, કે એ જો એક કેલવણી હોય, તો તે દીન-ડુબાઉ, દેશ-વીસરાઉ, અને ખોદા-ભુલાઉ કેલવણી હતી!

થોડાંક વરશોપર,

જમશેદી નવ્રોરોઝ મુબારકનું જશંન

કયે વખતે મુકરર કરવું, અને એ જશંનના દીવશને આપણાં નવાં સાલના દીવશ તરીકે મુકરર કરવો યા નહી, ઇ. બાબદોની તકરારપર એક નાધલી જુમબેશ ઉઠેલી વાંચનારને યાદ હશે. અને તેનુ સેવટ સઘલું ધુમાડામા આવ્યું તે હકીકતથીબી તે નાવાકેફ તો નહીજ હશે. પણ એ વાતની ચારવણી ત્યારે પેહેલવેહેલીજ થઈ હોય એવુંબી નથી. એ બાબેનુ પેહેલ્લું જાણવા જોગ પગલું તો ઈ. સ. ૧૮૯૨ મા ભરવામા આવેલું જણાયે છે. એક કમીટી નેમી એ કામ હાર પાડવાની હીલચાલ થઈ અને તેમાંબી મનસુખ ભાગ લેવાને ચુકયા નહી.

૧૮૬૨ નાં વરશનુ એક કાગલ મને મલ્યું છે કે જેને આ "નઓરોઝ મંડલી"નાં લખત જેવું હું આણું તો તે ખોટું નથી. આ લેખ મનસુખના પોતાના શુંદર હરફે લખાયેલો છે, અને તેની સેવટે મંડલીની યોજનાંને ટેકો આપનારા જે આઠ દશ ગ્રસ્તોનાં નામો તેઓના પોતાના હાતે લખાયેલાં જલવાઈ રહ્યાં છે તે ખરેખર જોવા લાયક છે. તે માહેલા લગભગ સઘલા, પારસી કોમની તવારીખમા, પોતાનો થોડો યા ઘણો હીસ્સો આપવા વીણાં રહ્યા નથી; અને એક સીવાય, બીજા સઘલા જઈ બેઠા છે, કંઇ મુદત થઇ, પોતાના નેક વડીલોની સંફમાં. હજારો દરૂદ તેમના અશો રૂહપર!

મનસુખના હાતે લખાએલો આ મંડલીનો અસલ લેખ હું પુરેપુરો નીચે મુજબ આપું છું:—

"શ્રી દાદાર હોરમજની મદતથી."

તા૰ ૨૧ મી મારચ ૧૮૬૨ ને દીને આપરા શ્રી ઈરાંન દેશના કદીમ પાદશાહ "જમશેદ"નાં જમાનાંમાં થએલા "જમશેદી નઓરોજ" નામનાં મુબારક જશંનની યાદગારીનો દીવશ ગુજારવા સારૂ શેઠ માનકજી ખરશેદજીના "વીલા બાએખલા" નાંમના બંગલામા આએ નીચે સહી કરનારા ધરસતો ભેગા થાએઆ હતા તાંહાં નીચે લખેઆ મુજબના ઠેરાવો એક મતથી કીધા છે તેની વીગત:—

ઠેરાવ ૧ લો—આપરા પાક જરતોસ્તી મહજબની કીરીઆવો જે થાએ છે તે આફતાબી ચાલનાં દાહાડાવો અને વરશોની ગણતરી મુજબ નહી કરેઆમા આવેથી કેટલોએક તફાવત અને ફસર પરે છે તે ટાલવાની બલી ખાહેશથી ઉપર જણાવેલા "જમશેદી નઓરોજ"ના દાહડાનો આપરાં નવાં વરશનો પેહેલો દાહડો "હોરમજદ" અને માહ ફરવરદીન ગણવો જોઇએ તે વીશે તજવીજ કરવી.

ઠેરાવ ૨ જો—એ શુભ કામની કોશેસ ચાલુ કરવા સારૂ આએ નીચે લખેલા ધરસ્તોની એક કેમેટી ઠેડવી છે કે એ બાબેની ધટતી જોસતેજો કરી સરવે જરતોસતીઓને જાહેર કરવું. તે અધીકારીઓનાં નામોની વીગત—

માણકજી ખરશેદજી સરાફ. ખરશેદજી નસરવાંનજી કામા.
જાહાંગીર હોરાબજી ઉમરીગર. પેસતનજી હોરમજી કામાજી.
મનચેરજી શાપુરજી લંગડાના } સેકરેટરીઓ.
ખરશેદજી રૂસતમજી કામાજી }

ઉપલા ધરસતો ઉપરાંત વધારે અધીકારીઓ ઠેડવવાને ઉપલી કમેટીને સતા છે.

ઠેરાવ ૩ જો—એ શુભ કામની કોશેસ ચાલુ રાખવાના ખરચ સારૂ જે જે સાહેબો એ કાંમ પસંદ કરતા હોએ તેવોએ પોતપોતાની ગુન્જાસ મુજબ (નાણાં) બખશેસ અથવા દર સાલ લવાજમ તરીકે આપવાં."

હયાં હવે પેલી સહીઓ દરેકના હાતની મુકાએલી છે; અને દરેકની સોડે ભરાએલી રકમનો આંક પડેલો છે:—

માનકજી ખરશેદજી સરાપ્ રૂ ૧૦૦). ખુરશેદજી નોસરવાંનજી કામાજી રૂ ૧૦૦). જાલભાઈ દોરાબજી રૂ ૫૦). પેસતનજી હોરમજજી કામાજી રૂ ૧૦૦). ડોસાભાઈ હોરમજજી કામાજી રૂ ૧૦૦). મનચેરજી શાપુરજી લંગડાના રૂ ૨૫). ખ. રૂ. કામા રૂ ૧૦૦). પૂરામજી બમનજી રૂ ૧૫).

એ સઘલી સહીઓમા ખુરશેદજી નોસરવાનજી કામા, ડોસાભાઇ કામા, અને મનસુખ એ ત્રણના દસ્તખત પોતાની સંપૂાઇદાર વલાણથી આપણું ધ્યાણ ખેંચે છે. એવા પ્રખ્યાત માણસોની એવી સહીઓ એકઠી કરવાનો શોખ રાખનારા જેઓ વીલાયતમા બેસુમાર હોય છે, અને જેઓને (autograph hunters) 'ઑટોગ્રાફ હુંનટર્સ' કરી કેહેવામા આવે છે, તેવા જો હીંદુસ્તાનમા હોય તો તેઓને સહીઓનો ઉપલો સંગ્રહ કેવો કીમતી સમજાએ તેનો મને સેહેલથી વીચાર આવે છે.

એ પછી ૧૭ મી માર્ચ ૧૮૬૪ નું બીજું એક કાગળીયું બીજા કેટલાક વધુ મેમબરોનાં નામો રજુ કરે છે. એ તો ગોયા 'જમશેદી નોરોજ'ને દીને થનારાં એક ખાણુંમા સામેલ થવા ચાહનારાઓની ખુશી અથવા 'હા. યા. નાં'નો જવાબ મંગાવ્યો તેનું છે. ખાંણું ઉપર જણાવેલી મંડલીની બાંહેધરી હેઠળ થતું હોય તેવું લાગે છે. એ કાગલમાબી જાણીતા નરોના દસ્તખતોનો સારો સંગ્રહ થયેલો નજરે પડે છે, કેમકે દરેક ધણીએ પોતાનાં નામની સામે-'ખુશીથી આવીશું,' ,'બનશે નહીજી,' 'સેવક હાજર થશેજી' એવા જવાબોબી લખી મોકલ્યા છે. નાણું ભરનારા જે ગ્રસ્તોનાં નામો હું ઉપર આપી ગયો તેઓ ઉપરાંત નીચલાં વધુ

નામો આએ વધારેલાં લીસ્તમાં જણાયે છેઃ—મેરવાનજી માનકજી શેઠનાં; નવરોજી નાનાભાઇ ફરામજી; હોરમસજી પેસતનજી પુરામજી; સોરાબજી જીજીભાઈ દાદાભાઇ; જેહાંગીર ગોસતાસપજી; જીજી જેહાંગીરજી લામનાં; ખુરશેદજી જેહાંગીરજી તારાચંદ; અરદેસર ફરાંમજી મુસનાં; ડોસાભાઈ રતનજી કોલાનાં; ડાકટર રૂસતજી કાવસજી બાધુરજી; માનકજી લીમજી આટરીઆ; મનચેરજી કાવસજી મરજબાંન; મેરવાનજી બમનજી ઇજીનેર; ડોસાભાઇ બેરામજી પેસીકાકાનાં; સોહરાબજી પુરામરોજ.

એજ વરશમા "જમશેદી નઓરોઝ" નામની એક નાધલી કેતાબબી, એ નેક જશંનની આગલી પાછલી તવારીખ અને બીજી અગતની બાબદોથી ભરપુર, મનસુખે છપાવી બાહેર પાડી હતી. એ ચોપડી વીશે વધુ કસું બોલવા જેવું તો નથીજ; પણ તેની ભેટની માનભરી પોંહોંચ કબુલ કરતાં લખવામા આવેલું, તે વેળાના એક બુઝર્ગ ધસ્ત તરફનુ, એક નાધલું કાગલ, એશારો કીધા વીણાં, પડતું નાખવાનુ માહરૂં મન થતું નથી. કાગલ લખનાર ધસ્ત 'સેવક ડોસાભાઈ સોરાબજી મુનશી'નાં નામથી પોતાને ઓલખાવે છે. તો અલબત તેવણ આપણ ઘણાંને જાણીતા અને ઘણાઓના જોયેલા મરહુમ અરદેસર મુનશીના પીતા હોવા જોઇયે. પેલા રાંક એકમાર્ગી અરદેસર; લાંબા, પાતલા, સુક્કા, પણ ટીપેલાં ચાંમડાં જેવા ચીવટ; પહરેલ ને કહરેલબી પુરા; ફારસીના ખાં, અને આગલા વખતના ભલભલા યુરોપીઅન લશકરી અમલદારોના પ્રખ્યાત મુનશી; તારદેવની બાતલીવાલાની અસલી કલબના જાહુકના મેમબર,-મનસુખના એક ભલા વખાણનાર; જીવયાબી તંદરોસ્તીમા અને મુવાબી મોટી વયે.

પણ ૧૮૬૪ ની ૧૮ મી માર્ચનુ આ કાગલ દેખાડે છે કે આ ભણેલા મુનશીના ભલા બાપબી કાંઈ ઓછા પહરેલ ને ખબરદાર નહી હતા. તેવણ મનસુખંપર આ કાગલ લખતાં નઓરોઝના રેસાલાની તારીફ કરે છે, કહે છે કે જે "બીનાં એ રેસાલામા લખી છે તે ખરેખરી લખી છે, ને એ વાતોને ખરા સમજુ હોશે તેજ સમજશે." અને પછી મુનશીજી પોતાની તવારીખ જે આપે છે તે જાણવા જોગ છે. તેવણ લખે છે કેઃ-

"આસરે વરશ ૪૦ પર મારા મામા દસ્તુર અસપંદીઆર બીન કાંમદીને કબીસા વીશે એક રેસાલો છપાવેઓ તે વેલા તમારો જનમબી નહી હશે. તે વખતે મોટો ટંટો કદમી તા૦ શેહેનશાહી જરતોસ્તીઓમાં ઉઠેઓ હતો, અને બંદે તરફ્વાલાઓમા છાપાછાપી થાઇ તે વખત સેવકે ઘણી ફારસી કેતાબોના તરજુગા કીધા હતા. તે આજ જામે જમશેદ તા૦ સમાચારમા મોજુદ છે. ખરૂં છે કે સુરજની પા દાહડાની કસર કબીશો કીધા વીના આપણાં જશન તા૦ ગહમબાર બરાબર વખતે આવે નહી. વરસ ૪૦ ઉપર એ બાબે ભાંજગડ થાઇ તે વેલા આપના જરતોસ્તીઓ અનજાન અને બેસમજ હતા, પણ આજના વખતમા કેલવણી લીધાથા ઇનલાઇટ થાએઆ છે. તેથી હવે ડાહેઆ માણસોને સમજ આવતી જાએ છે. તમે આએ રેસાલો ઘણીજ કાબેલીઅત સાથે રચેઓ છે."

કાગલને છેડે દુવા સલામનો બોલ ફારસી હરફેબી લખ્યો છે. લખાણુમાં 'કૉમા' યા 'પૉઇન્ટ' જેવાં ચીન્હો તો સદનતર ગેરહાજર છે, અને દસ્તખત જાણુવા હોય તો જોઇ લો ઘરમાં આવેલો કોઇબી એક મોબેદનો આંકડો! ભોલા બાપડા આ મુનશીનુ નેક રૂહ હમણાં કેવું તાજુબ રેહેતું હશે જોઇને, કે જે કામ પાર પાડવાની આશા તેવણે ૧૮૬૪ ના "ઇનલાઇટ" (આ કકડતો ઇંગ્રેજી બોલ ખાસ્સો વાપડી દીધો છે!) થએલા "ડાહેઆ માંણસો"થી રાખી, તે કામ ૧૯૦૨ ના વધારે "ઇનલાઇટ" થએલા ડાહ્યા માણસોએબી હજી પાર પાડી નથી.

પણ ઉપલું કાગલ આપણને જે સને દેખાડે છે તેની એક વરશ આગમચ, યાને ઇ૦ સ૦ ૧૮૬૩ ના સાલમા તો

'મનસુખી ગંજનામું'

એક 'ગંજાવર પુસતકના આકારે બીજી આવૃતીમા બાહેર પડી તેના કાબેલ કર્તાને ચોતરફની વાખવાખીના બીજીવારના સરપાવથી નવાજી ચુકયું હતું. તેની 'પેહેલ્લી નાધલી આવૃતી જે બાહેર પડી તે ૧૮૫૫ માં. ધ્યાણ ખેંચવા જોગ પેહેલી વાત તો એ છે કે આ કીમતી પુશતકને ત્રણ વખત છાપી બાહેર પાડવાની ખુશાલી મુંબઈનાં ત્રણે આગેવાન છાપાખાંનાંએ એકેક પછી મેલવી. ૧૮૫૫ માં તે પેહેલ્લું છપાયું તે "મુંબઈ

સમાચાર પ્રેસ"મા; તેની બીજી આવૃતી "દફ્તર આશકારા" એ૧૮૬૩ માં છાપી; અને ત્રીજી વેળા તેને બાહેર પાડયું તે "જામે જમશેદ પ્રેસે" ૧૮૯૩ માં.

પેહેલ્લીવાર છપાએલું પુસ્તક નાઘલું અને થોડીજ બાબદોના બેતો ધરાવનારૂં હતું. તે આસરે ૪૫૦ સફાનું અને હમણુંનાં માહવારી ચોપાંનીઆંનાં માપનુ હતું, અને તેમા સમાએલી બાબદોમા મુખ્ય સ્ત્રી કેલવણીની બાબદમાં 'ખેરખાહ' અને 'દીલખાહ' વચેની તકરાર, 'રૂસતમ અને સોહરાબ'નો કીસ્સો, અને "જગત પ્રેમી"માં છપાએલી "મનસુખ"ની સહીવાલી સઘલી બીનાંઓ ઈ. હતાં, અને તેમા હજી મનસુખે પોતાને ખરે નામે દેખાવ દીધો હતો નહી.

ખરેખરૂં શોભીતું, ખરેખરૂં દીલકશ, કીમતી લખાંણોના ખજાનાથી ભરપુર, શુંદર છપાઈ અને શુંદર બાંધણીથી સજ થયેલું જો કોઈબી પુસ્તક તે વેળા આખાં હીંદુસ્તાનમાંબી ગુજરાતી જબાંનનુ છપાઇને બાહેર પડયું હોય તો તે "દફ્તર આશકારા"માંથી બીજીવાર નીકલેલું મોટું "ગંજનામું"જ હતું એમ હું હીમતથી કહી શકુંછું.

પૈશાની પુર આબાદીમા હોવાથી, નસર અને નજમ (prose and poetry) ના પોતાનાં સઘલાં આગલાં લખાંણો સમપુર્ણ ફતેહથી પાર પડેલાં જોવાથી, એક શાએર અને એક ગ્રંથકાર તરીકેની ઉતમ કીર્તીનુ બીડું જાહેર એકમતીથી જડફી ચુકેલા હોવાથી, આ પોતાનાં ઉમદા લખાણોનો સંગ્રહ એક મોટાં—એક માહભારત—એક ખુશનુમાં પુસ્તકના આકારમા, સફાઈની કસર વીના, મેહેનતની પરવા વીના, અને ખરચની વાંણુ વીના બાહર પાડવાની પોતાની ઉલટ પુરેપુરી પાર પાડવાને મનસુખ ચુકીયા નહી.

આજથી ચાલીસ વરશો આગલનો છાપો જેટલી સફાઇ એક કેતાબમા દાખલ કરી શકે, તેનો છાપનાર જેટલી શોભાની કારીગરી તેના સફાઓમા સમાવી શકે અને તેનો બાંધનાર જેટલી શોભાના બાહેરના લેબાસમાં તેને બાંધી શકે, તે સફાઈ—તે કારીગરી—તે શોભા આ ગ્રંથને અર્પણ થવામા કસી બાકી રહી નહી.

ચઢતા અને વધતા જતા હુનરોમાં સુખી બની, સેહેલાઇ અને સવલતા ભોગવતાં હમણાંનાં મુંબઈમાંબી સબીઓ અથવા ચીત્રોવાલાં પુસ્તકો કેટલાં જવલે બાહેર પડે છે તે આપણે જાણીયે છીયે. અને તોપણ ૧૮૯૩ નાં આ "ગંજનામાં"ને શોભાવા માટે, છેક વીલાયેત વેરથી, આબેહુબ દેખાવ આપતી સબીઓની શુંદર અને કારીગરીથી બનાવેલી 'પ્લેટો' મંગાવતાંબી તેના શોકીન કર્તાએ સેજબી આંચકી કીધી નહીં યા વીલંબ લગાડયો નહી.

સાત આખાં કદનાં ચીત્રો આ દલદાર કેતાબને દીપાવે છે. તેમાં પાંચ સબીઓ, અને બે કલપીત ચીત્રો છે. "બેત રીતી"ની અભયાસથી લખાએલી, બાબદનુ શરૂઆતનુ નસર લખાણુ પુરૂં થવા બાદ 'ખેરખાહ ને દીલખાહ'નો કીસ્સો આવે છે એટલે ચીત્રબી પેહેલ્લું 'ખેરખાહ'નુ બીરાજે છે. એ કોઇ પારસી બાનુની અસલ ખરી સબી ઉપરથી કોત્રાયું છે તેમાં તો શક નથી. બાઇ ખાસાં ઠણુકામા બેઠાં છે; હાતમા રોમાલ છે, પગમાં સપાટ છે, નાકમાં નથ છે, અને તે વખતની ઢબના ચોલી સાથના પોશાકથી બહન શોભી રહ્યું છે. કેવો શુંદર, કેવો એક પીકચરના જેવો એ કાંચરી સાથનો પોશાક હતો! કેવી પાક્કી, ચીતારરૂપી ખુબી સાથે જે કોમની બાંનુઓ હમણુંબી, તે પેહેરે છે તેઓ શોભી રહે છે! અને તે અસલી ઢબ જો ચાલુ રહી હતે તો, સાડીના જે શોભીતા પેહેરવેસને માટે પારસી બાંનુઓ આજેબી યુરોપની પરકોમોની વખાંણુ પામે છે તે પેહેરવેસની હુનરમંદ અસર (artistic effect)મા કેટલો વધારો થતે!

પણુ તે વેળાની ઘણીક ચીજો જે નવા વીચારના સુધારાના હીમાયતીઓને બેઢંગી અને બેમલાહુજાની લાગી, તેમાં આ નીરદોશ કાંચરીબી સપાતામા આવી ગઇ. શરીર તેથી બરાબર ઢંકાતું નથી એવું બુમરાન ઉઠાડી તે રદ કરાવી વાસકુટનો સુધારો તેઓએ મજબુત હીમાયેતથી અને લડતથી દાખલ કરાવ્યો. સુધરેલા આ પોશાકનુ પરીણામ એ આવ્યું કે હવે અરધી છાતીના સાપનાં અને જાલીનાં કપડાનાં એક એબીએલ પેહેરનની 'ફેશન' પ્રાએસ થઇ! એનો અતકાવ હતે કોણુ કરે છે?

તે વેળા એ પુસ્તકમા દરેક ચીત્રની હેઠલ તેને લાગુ પડતી બેતોની સતરો મુકવામા આવી હતી. અને 'ખેરખાહ'ના દેખાવનુ બ્યાંન નીચલી લાઇનોએ કીધું:—

"હતો મુખડો જાંણે ઝલકતો માહતાબ;
ગાલો દીસતા જેવા કે ગુલે ગોલાબ.
પોહોલી પેશાંની ને નાંખ અનીઆરૂં;
લબ તેના જાંણે-બેમુલ પરવારૂં."

એ પછે "રૂસતમ સોહરાબની દાસતાંન"મા પેલી પ્રખ્યાત 'તેહેમીના'નુ કલપીત ચીત્ર ઉભેલું દીશે છે. ઈરાંની અસલી પોશાક, અને ઘણા લાંબા અને મોટા, પણ મોહડાંનો થોડો ભાગ દીશે તેમ ખીસી ગયેલા, એક પરદા યા બુરખા સાથનો દેખાવ અતી ઘણો સરસ લાગે છે; અને જે રીતના સખુનોથી પોતાની ઓલખ એક મધરાતને વખતે પોતાના પ્યારા ગણેલા સુરવીર સપેહસાલાર રૂસતમને આપતી 'ફીરદોસી'એ તેણીને પોતાનાં શાહનાંમાંમા દેખાડી છે, તેનેજ આબેહુબ મલતા કીધેલા પોતાના બેતો મધેના નીચલા બેતો મનસુખે આ ચીત્ર હેઠલ મુકયા છે:—

"તેહેમીના છે માહરૂં તો બાપીકું નામ;
જલેચ તાહરા ગમથી આ જીગર ને ચાંમ."

પુસ્તકનો આઠમો બાબ "પેહેલ્લા સર જમશેદજી"ની જીંદગીની તવારીખથી શરૂ થાય છે, અને એક ખુબસુરત "કૉપર-પ્લેટ' સબી, નીચલી યાદગાર લાઇનો સહીત, એ યાદગાર જન્મચરીત્રને જેબ આપે છે:—

" આવી લાગી અજલના પારધીની જાર,
થાએઆ તેમાં "જમશેદજી સર" ગીરફતાર.
કીધી સઉને સેવટની છુપી સલાંમ,
ગીઓ જાદુક સવરગને સુખીઆરે ગાંમ.
સદા દીપતા ચાંદલાથી ચેહેરો રંગીઓ,
નેક કીર્તીનું કંકું કપાંલે લઇ ગીઓ."

એવીજ એક સુંદર સબીમા, 'બમનજી હોરમજજી વાહાડીઆ' આખાં કદમા, સીધા પણ સાલેસ દેખાવે અને ખુશ મોહડે ઉભા

રહી, ૭૭૮ મા સફા પાસ, વખાણુની નીચલી સતરો સાથ આપણું ધ્યાણુ ખેંચે છેઃ—

"ભલાઈ ભરેઓ શેઠીઓ જે જાતે અમીર,
ધીરજે જે પુરો, દાંનાઇએ જે પીર."

જે નેકદીલ બખતાવર શેહેનશાહબાનુંનાં મરણનો શોગ હજી આપણે ભુલીયા નથી તે નામદાર બાંનુ પોતાના વાહલા ભરઠાર જોડે બે મોટી ને ખુશનુમા સબીમા આપણુને દેખાઇ "ગંજનામા"ની સબીઓનુ લીસ્ત પુરૂં કરે છે. શેહેનશાહબાંનુ, તે વેળા થોડાજ વખતના મરણ પામેલા પોતાના રાજવંશી પતીનાં ગમમા, પોહોળા ઘાઘરા સાથના તે વખતની ફેશનના પણ શોગના કાળા પોશાકમાં ઉભાં છે; જે સબીપરથી આ 'પ્લેટ' કોત્રઇ આવી તે સબી 'માયાલ' નામના પ્રખ્યાત સબી પાડનારે લીધેલી જણાયે છે, અને નીચલા સખુંનો તેણીને દુખી મોહુડેથી નીકલતા કવી જણાવે છેઃ—

"એ પીતંમ તાહરી જુદાઇમાં, મોહોમાંથી નીકલે છે હાગ્મે,
જેમ ગુલ થાએલા દીવાની દીવેટ, સીહા રંગની ધુંઇથી ધુંમાએ."

એ બીજી આવૃતી વીશેનુ એટલું જરૂર જોગું ધ્યાન આપી, મોટાં "ગંજનામાં"ની એ કેતાબનાં સરાસરી લખાણુ વીશે થોડુંક હવે બોલવાનું રહ્યું છે, અને તે તેની છેલ્લી અને ત્રીજી આવૃતીનેબી એકસરખું લાગુ પડતું થશે.

તેનાં પ્રગટ થવાના જુદા જુદા હીંગામોપર ગુજરાતી અને ઇંગ્રેજી આગેવાન વર્તમાન પત્રોએ જે તરેહનો આવકાર તેને આપ્યો, અને વખાણુ તેમજ સાબાશીની જે લાંબી નોંધોમા શાએરી દરજાનો સરપાવ તેના ભાગ્યશાલી કર્તાને તેઓએ એનઃએત કીધો, તે સઘલાંના ઉતારા કરવાની યા તે સઘલાનું પુરતું વીવેચન કરવાની પરવાનગી તો ટુક હેવાલનું આ નાઘલું પુસ્તક મને કદીબી આપી શકે નહી. મનસુખ પોતે તેના અગત જોગા ભાગો છપાવીને સાચવી રાખવાને ચુકયા નથી; અને માહરી પાસે ૧૮૫૫ થી ૧૮૬૩ સુધીનાં, મુંબઇનાં તે વખતના, સઘલાં જાણીતાં ગુજરાતી પત્રોનો એક નાઘલો જુમલોબી પડયો છે તેમાંથી એકબી પત્રે એવું લખ્યું નથી કે જે કોઇબી જવાન લખનારને ફતેહ અને ખુશાલીની ખુમારીમા મસ્ત કરવાને પુરતું ગણાય નહી.

વખતના મારાથી પીળાં અને પડપડ થઈ રહેલાં એ પત્રોના પુરાંણુા જુમલામા ઘણું એવાંબી છે કે જેંમણી હસ્તી આજ સુધી કાએમ રહી શકી નથી, જેવાં કે 'સમાચાર દરપણ,' 'શ્રી મુંબઇનાં ચાબુક,' 'આપએખતીઆર,' અને 'પારસી રીફારમર.' સઘલાં પોતાની ખરચાલું જીંદગીનાં હાએ-નીસાસાનાં થોડાંક વરશો પુરાં કરી માર્ગે લાગ્યાં છે. અજબ જેવું તો એ છે કે અગાઉનાં એ 'જામે જમશેદ'નો, 'સમાચાર'નો, અને બીજાં સઘલાં પત્રોનો આકાર જે ઢપે હમણુાંનાં "જામે" તથા 'અખબાર' નીકળે છે તેજ ઢપનો છે, જો કે પાંનાં અલબતાં ઘણું કમતી છે, લખાંણની જોડણી અસલી, અને છપાઈ હાલહવાલ છે.

'પારસી રીફારમર,' પોતાનાં નામ અને દેખાવ બેઉમા વીચીત્ર છે. પારસી પત્ર અને ઇંગ્રેજી નામ! વલી સુધારાના એલકાબનો ડંકો વાગે, એટલે હાલના વીચાર પ્રમાણે કોઈ તો સમજે કે છુટા બાલ સાંથ હાતમાં 'વાયોલીન' લઇ વગાડતી ઉભેલી એકાદ 'સુધરેલી' પારસી અબળાનુ ચીત્ર મુખડાપર મુકાયું હશે! પણ તેવું કાંઇ નહી; ચીત્રમાં તો એક બાજુ હજરત જરતોસ્ત, બીજી બાજુ મુલ્લાં ફીરોજ અને વચમાં આતશનાં પાતરાંનો દેખાવ આપેલો નજરે પડે છે. માહરા હાતમાનો અંક દસ વરશો પુરાં થવા આવેલાં દેખાડેછે. કેહેવાતું નહી કે ત્યાર બાદ કેટલે વરશે પુલગુઝાર થયું.

મેં આગલ કહયું કે સઘલાંજ પેપરોએ મનસુખને વખાંણી સારા સખુનો લખ્યા હતા. પણ હું ચુકયો, મને માફ કરજો. નાઘલું "ગંજનામું" જયારે પેહેલવેહેલું બાહેર પડયું ત્યારે ૧૩ મી ફેબ્રુઆરી ૧૮૫૬ નાં 'આપઅખતીઆરે' મનસુખનો જે 'જાહુરીયો' કાઢયો તેવો તો ત્યાર પછી કોઇએબી કાઢયો નથી. ખરેખરી મોહકાંન શું વળી તેની સમજ પડતી નથી, કેમકે ઠપકાના ફટકા મનસુખના લખાણુ ઉપર નહી પણ મનસુખનાં કામ ઉપર પડયાછે. ગમે તે હો, પણ અધીપતીએ દેખાડેલો આ ખળખળતો ક્રોધ આપણને રમુજ આપે છે:-

" * * * * પણ તેમ કરવાને બદલે હાલ હમો જોઇએ છે કે કેટલાએક ગરંથ કરતાઓ પોતાની બનાવેલી ચોપડીઓ ખુશામતથી મત

બાંધનારા તેહેવાજ વરતમાનપતરવાલાવો ઉપર પોતાની મટલબને ખાતર મોકલેછે. એક પારસી ધરંસથ જેણે "મનસુખ"ના લેબાશમાં "ગંજનામાં"ને નામે એક કવેતા પુશતક હાલ પરસીધ કીધુંછે તેની નકલો તેને એક બે પતર જે તેહેની વખાંણ કરે તેવાં પતરો સવાએ બીજા કોઇ ઉપર મોકલાવી નથી માટે તે ગમે હેવો એક ગરંથકાર અને ધરસથ હોએ પણ તેહેની તેહેવી ખુસામત ભહરેલી ચાલ આલંમાં ઘણી નાદરૂસ્ત લાગે છે. તેને વલી એક પુશતક અતરેનાં બોમબે ગેજેટ ઉપર છેક હવડે મોકલાવીઉ છે, * * * * કે ઇંગરેજી પતરમાં પણ તે ધણીની તારીફ થાએ અને કેટલાએક છાલકાઓની પઠે તેહેનુ રૂઉ બેહેશતમાં જાએ. કાંએ એ મનસુખે પોતાની ચોપડી બધાં વરતમાંન પતરોનો એક સરખો હક ગણી તેહેવો ઉપર મોકલી નહી? કાંએ એ મનસુખે પોતાની ચોપડી બોમબે ગેજેટ ઉપરબી પેલા બે વરતમાનપતરવાલાઓ ઉપર મોકલી તેહારેજ મોકલી નહી? પછવાડેથી તેહેવોના તરજુમા સાથે મોકલવાનુ કારણ શું? મનસુખ જો ખરોજ ગરંથકાર હોએ તો તેહેનુ મગજ કીરતી મેલવવાને એટલું છાલકું હોએ નહી તેમંજ તે વરતમાનપતરોને ખુશામતની રાહે ગણે નહી. અગર તે બખીલ થવા માગતો હોએ તો કવેશરમાં કદી ખપેજ નહી."

મીત્રો તરફનાં વખાણનાં જે સંખ્યાબંધ ખાંગી કાગલો જુદે જુદે વખતે મલ્યાં તેમાં સરવેથી જુનાંમાં, આપણા આગલા જાણીતા ડોસાભાઈ મુનશીનુ, "બંદેખોદા," અને દશતુરજી સાહેબ પેશોતન બે૦ સંજાણાં તરફનાં મને જણાએ છે. મુનશીજી તો બીજા ધણીની મારફતે લખેછે કે:—

"ભાઈ ફીરોજશાહ મેહેરજીભાઈ જોગ લા. સેવક ડોસાભાઈ સોરાબજી મુનશીની સલામ વાંચજો. જત તમારી ચીઠી ગંજનામાંની ચોપડી સાતે પોની તે વાંચેઆથી ગંજ મલેઆ બરાબર ખુશી ઉપજી. એ કેતાબના કવીશર મંનસુખને માહરી સલામ કેહેજો. * * * *

તા૦ ૧૮ મી ડીસંમબર ૧૮૫૫."

"સ્ત્રી કેલવણીની તકરાર"

અને "ખેરખાહ ને દીલખાહ"ના પેલા પ્રખ્યાત કીસ્સા વીશે તો આગલ વારેઘડીએ એશારો થએલો આપણે વાંચ્યો છે. સોરાબજી

ાપુરજીનાં એકથી વધુ કાગલોએ આપણને દેખાડયું છે કે આ
કરારી બેતબાજી "જગત પ્રેમી"ના લખનારની તેમજ વાંચનારની
ટલી હદ સુધીની પસંદગી પામી હતી.

તે વખત તો ગયો; નવો આવ્યો; "જગત પ્રેમી"મા આવેલો
મા રસીલો કીસ્સો લખાવનાર, લખનાર, અને તેના વાંચના-
નો મોટો ભાગબી તે આગલા વખતના વહી જવા સાથે
હી ગયા છે. પણ તે લખાણ, નવા વખતના નવા વાંચના-
માંબી, તેના આગલાજ રસ અને આગલીજ જમક સાથ "ગંજનાં-
ાં"ના સફાઓપર વંચાતુ રહ્યું છે. બાબદ કેટલી જુની અને સાદી
, અને વલી તેનો નીવેડોબી ઘણા વખતનો આવી ચુકેલો
ાવાથી ઘણાઓને તો ખ્યાલબી ન આવે કે તેની તકરાર કેમ
ઈ શકે, અને કદાપી થઇ તો તે અતી ઘણી લુખી લાગવી જોઇયે.
મને તોપણ કવીએ પોતાનાં બુદ્ધીબળે તેને એવો તો એક રંગીલો
ૌર આંપી દીધો છે, એવી તો ખુશ અને લેહેઝતદાર એબારતનો
ને સીંગાર આપ્યો છે કે સ્ત્રી કેલવણીની આ તકરાર એક કથા
ા નામાંનાં વાંચણ જેવી મજાહદાર બની રહી છે.

અને લખીને યા બોલીને, જેઓએ જાણી જોઇને યા અજા-
ણતાં, "મનસુખ દરેક રીતના સુધારાના અને દરેક પ્રકારની કેલ-
ણીના મુદઈ હતા," એવા એશારા કરી મરનારને એક અજીમ
ેરઇનસાફી કરવાનો દોષ કર્યો છે, તેઓ કદાચ જાણીને તાજુબી
ા પસ્તાવામા પડશે કે શરૂઆતથી તે સેવટ સુધી યોગ્ય કેળવણી
મને ઘટતા સુધારાની વીરૂધ તેવણ કદીબી,—એક લેસભારબી—હતા
હી. તેમણી લોકહસી કરાવાના નીચ હેતુથી, ઘણીવેલા નીચે
ુજબના બેતો, તેવણના મુદૈઓ તરફથી, તેવણની આંધલી હુજ-
ના એક નમુના તરીકે જાહેર થએલા મેં જાણ્યા છે, કે જેમાં
દીલખાહ,' સ્ત્રી કેલવણી માટે લડત કરતી પોતાની કાબેલ ને
ુબસુરત મોહોરદાર 'ખેરખાહ'ની તકરારી દલીલોના જવાબમા
હે છે કેઃ—

"વાસતે એ 'ખેરખાહ' તું નો થા ગરંમ,
ઓરતની અપટાઇમા· ઓર છે ભરમ.

તેઓને શીખવવાનો નો કર તું ખેઆલ,
એ છંડની છબીલીઓ કરશે જંજાલ.
એ વગર ઢંગના લોટા નહી સકસે ઠરી,
ઠણુકસે ને–ઢલસે–ને જાસે પરી.
એ ચરીતરની વાવોને ઉંડી નો ખોડ,
એ વાવોએ કંઇ એકનાં કીધાંચ નખોદ.
એ મક્કર ભરી માખોને નો આપ પાંખ,
એ અપંગ રહેલા આગીઆને નો આપ આંખ."

એતો માત્ર એક તકરારી ટીકા છે કે જે આ જુનાં વીચારના બોંહુસીલા ભરતારને પોતાની દલીલના ટેકામા કરવા પડયા છે. એનેજ મલતા વાંચવા લાએક ટીકા 'દીલખાહ' આજના વખતના શીખેલા જવાનો માટે કરે છે:—

"નીકલ્યાછે આ જુગમા કેવા જવાંન,
ધરાવેછે જેઓ કુલ ઉછીકું જ્ઞાન.
પોથી વાંચી જેઓ થયાછે પોપટ,
જબાં જેમની ચટુર પણ હૈડું અપટ.
ભુગોલ જેવો ભણી–ભુલેછે ભગતી,
જે મનતફી શીખી થએઆછે મંમતી.
* * * * * *
શુકર ને ચંદરનાં કરેચ વરણન,
પણ ઘરમાંની નારીનાં નહી સમજે છંદ.
મંગલ ને બુધનીબી હાલત બુજે,
પણ ઘરની ગતીનો ઉપાય ન સુજે."

પણ એ કીસ્સાના છેડાના બેતોજ મનસુખના પોતાના ખરા વીચારો રજુ કરે છે; કે જેમાં, 'ખેરખાહ'ની ચંચલાઈ ભરી તકરારોથી અંતે માહાત થઇ તેણીનો ખાવંદ એક ફાયેદાકારક અને જરૂરજોગી કેલવણી આપવાની એકમતી દેખાડતો નીચલું બયાન કરે છે:–

"* * * * * * *
કે કુમલી હોય જ્યારે દીકરીની ઉમર,
તેવેજ સમે તેનાં માદર ને પીદર,
આગત જોગી શીખવે પોતાની જબાંન,
આપે તેને વાંચવાને લખવાનુ જ્ઞાન.

કુલ સંસારી રાહરીતની આપે નશીહત,
આપે તેને નીતીને પંદનાં પુસતક.
પરમેશવરની મોટાઇ ને ઉપકાર અપાર,
ના મુકે તેનાં મનમાં ખોલલા વીચાર.
પેગમબરની નીતીઓ શીખવે હરદમ,
ધીકારે કુલ જુદદીનની રીત ને રસમ.
વજાડવા ને ગાવાબી સીખવે જો કંઇ,
તો ગુણો છે ઘણા—ને અવગુણો નહી.
નથી ભલાં ગાએણની ઓરતને એબ,
છે ઓરતને ગાએણુથીજ માહભારત જેબ.
ગાએણ છે ઓરતપર દીલથી ફીદા,
છે ઓરતનાં ગાએણનાં શેહેનશાહ ગદા.
ગમનાં મરજનુ છે ગાએણ ઓસડ,
અંનદીઠ દરદનુ છે ગાએણ નસતર.
એક સલક્ષણુ નારી જો જાણે ગાએણુ,
તો ભોગવે ભરથાર તેનો સુખ અને ચેન.
એવીજ નારના ભરથાર છે મહા ભાએગવાંન
રેહેજો એવી નારના ભરથાર કદરદાંન.
પતીવરતા નારી જો પાકીજે ગાએ,
તો ફાટેલું જીગર ફરીને સંધાએ.

* * * * * * *

યઉરોપના લોકોની રીત અને ચાલ,
નો નહી આપે તેઓને કંઇબી કંઇ ખેઆલ.
મરદો સંગ ફરવાની રાખે મનાંઇ,
બેપરદાઇ રીતને ગણે કુલ બેહાંઇ.

* * * * * *

ભલી તેજ ઓરત જે પરથી લજવાએ,
ખોદાથી ડરીને જે ખાવંદનેજ ચાહે."

એવા પોતાના અંગત વીચારોને "દીલખાહ" ને મોહડેથી બાહેર પાડી કવીએ, લગભગ હડી હજાર બેતોની, આ રસીલી તકરાર પુરી કરી છે. અને એવાજ પોતાના વીચારોને સેવટ સુધીબી તેવણુ વલગી રહયા તો તેમા ખોટું શું હોય તે હું સમજી શકતો નથી.

કેલવણી કેટલી હદ સુધી આપવી તેતો એક મતફેર બાબદ દરેક દેશમા અને દરેક કોમમા સદાની રહી છે અને હવે પછેબી સદાજ રેહેશે. તેજ મુજબ, સુધારો કેટલી હદ સુધી લંબાવવો, અને સુધારો સાંને કેહેવો, તેની એકમતીબી કદી થવા પામી નથી અને પામશેબી નહી. પણ તેથી, મનસુખ દરેક રીતની કેલવણીના અને દરેક રીતના સુધારાના એક સંગદીલ મુદઇ હતા એવા ગુલબાંગો ઉડારી, કેટલાક અદેખા બદખાહોએ, તેમણી જીંદગીમા તેમજ મરણ બાદબી તેમણે વગોવવાની જે યુક્તી કરી હતી તેને રાસ્તી યા વાજબીપણાનો સેજબી ટેકો મલતો નથી.

અજબ જેવું તો એ છે કે, જેઓ મરનારના મીત્રો જેવા લેખાએ, અથવા જેઓથી તેવણુને બરાબર જાણુવાની અને સમજી લેવાની આપણે આશા રાખી શકયે, તેઓબી એવીજ એક વગર ટેકાની અને વગર આધારની ભુલમા ગોતાં ખાતા દીસ્યા છે! "જામે જમશેદ"ની મનસુખનાં મરણ ઉપરની, અતીઘણી અંસરકારક અને ગંભીર ઢપે લખાએલી નોંધમાબી એવાજ નાપાયાદાર વીચારો જાહેર થએલા જોઇ હું અતીઘણો અજબ રહયો હતો. દરેક બાબદ ઉપર ઘણી ખબરદારીથી લખાંણો કરવાનો દાવો જાલવી બેઠેલાં આ પત્રમા,—"તેની દરેક સુધારા વીરૂધની લગાર અનીયમીત લડત,"— એવા બેખબર, લુલા, અને બેવજની વીચારો કેમ જાહેર થવા પામીયા તેની મને સમજ પડતી નથી. મનસુખને બરાબર જાણુનારા અને પીછાણુનારા ઘણાંએકો એ વાંચીને તાજુબ થયાં હતાં; અને વધારે તાજુબતો તેથી થયાં કે, લગભગ બે કૉલમ ભરીને થયેલાં "જામે" ના એક ઘણાં નાદર લખાણુની વચ–વચમા એવા કેટલાક ભુલભર્યાં વીચારો પ્રગટ થયેલા તેઓને માલમ પડયા!

ખરૂં કહું તો, "જામે" નાં એ વેલાનાં લખાણુમાં સારી અને માંઠી લાગણીઓની એવીતો એક ગુંચવાવનારી ભેલ થયલી મને જણાઇ કે તેવી આગલ કેથે જોયેલી મને યાદબી નથી. યાતો બે જુદી જુદી કલમોની છેકછાકનુ તે પરીણામ હોય; કે યાતો એકજ લખનાર, સારી લાગણીઓથી દોરવાઇને લખવા બેઠેલો હોવા છતાં, વચમાં વચમાં કોઇ આગલા પાછ્લા ક્રોધના ખ્યાલોને વસ થઇ,

કલમના ગેરવાજબી ગોદા મારવાની નબલાઈમાં ઉતર્યો હોય, એવો કાંઇ દેખાવ નજરે પડેછે.

એક મરનારના સ્વભાવની, આદતોની અને બીજી રીતીઓની ખુબી ખાંમીનુ તોલ કરી તેપર ટીકા કરવાનો પોતાનો સ્વતંત્ર હક એક જાહેર લખનાર પુરેપુરો ભોગવે તં ઉપર સખુંન નાખવામા જેટલી મુર્ખાઇછે, તેટલીજ મુર્ખાઇ, તેના કોઇકોઇ ગેરવાજબી ટીકાઓને વગર તોડવે પસાર થવા દેવાની, ચુપકીદી જાલવવામા સમાયેલી હું સમજું છું.

અને તેથીજ—"દરેક સુધારાની વીરૂધની લગાર અનીયમીત લડત" ચલાવનાર, "૧૯૦૨ના સુધરેલા જમાનામાં સુધારાના એક હરડતા મુદઇ તરીકેની સ્થીતી"—માં મનસુખને મુકતા લખનારને સરફ ગેરઇનસાફી અને ગેરવાજબીપણાંનો તકસીરવાર ગણવાને હું અચકાતો નથી.

અચંરત કરતી દલગીરીતો એજ છે કે "જાંમે" જેવાં એક પત્રમા એવો ભુલભરેલો એશારો થવા પામ્યો! એવાતો કોઇબી

ખરા ને ફાયેદાકારક સુધારાના રેવાજો

નહી હતા કે જે પોતાનાં ઘરમાં યા પારકાનાં ઘરમાં દાખલ થતા અતકાવાનો મનસુખે કદી ખ્યાલબી કીધો હોય. મલાહુજાદાર પોશાકોની, જુંની યા નવી, એવી તો કોઇબી ઢબ યા ફેશન નહી હતી કે જે સામે તેવણે તીરસકાર દેખાડયો હોય. અને જરૂર જોગી તેમજ ગુણગારી એવીતો કોઇબી કેલવણી હતી નહી કે જે વીરૂધ તેવણે ધીઃકાર યા અનગમાનો આવાજ ઉઠાઠ્યો હોય.

તેમના અંગત સંબંધમા આવતા સઘલા દોસ્તોને પુછો કે ખરી બીનાં શું હતી? તેમના ખાંગી વેહેવારમા આવતાં સઘલાં સગાં સ્નેહીઓને પુછો કે, સાચી હકીકત શું હતી? તેમનાં સેહંકડો ભાશાંણો સાંભલવા ગયેલા સેહંકડો શ્રોતાજનોની ઠઠને પુછો કે તેવણના વીચારોની ખરી મકસદ અને તેવણના બોલોની ખરી મતલબ શું હતી? અને પછી જો "દરેક સુધારાના શત્રુ" તરીકેનો એલકાબ તેવણને આપવો ઘટે તો આપો.

સઘલી બારીક બાબદો અને હીલચાલોના સવાલો અને ખુલાસાઓ પુછીને એક લંબાણ ટાહેલું હું કરવા માંગતો નથી; તેથી ટુકમાં એટલુંજ કહું છું કે મનસુખના એવા આચાર વીચારની વાતો અને સ્વભાવની વલાંણની વીગતો, મેં તો, મને એક નવી નવાઈની ખબર મલી હોય તેજ ઢપે સાંભલી છે!

પણ "જાંમે"માંતો એક સરતાપા નીષકપટ અને નીખાલસ લખાણમા આવી ગયેલી એક ફકત ઉતાવલી ભુલ જેવુંજ એ થયું છે. અને તેથીજ આટલોબી ખુલાસો લખવાની જરૂર જાણી છે. બાકી બીજી બોલીઓ અને બીજાં લખાણો કોણે ધ્યાંનમા લીધાં છે?

બીજું ઘણુંબી બોલાયું અને ઘણુંબી લખાયું છે. ઘણાંએક લખાણ તો એવી ખોલ્લી હસદનાં–એવા દેખીતા બળાપાનાં અને એવાં સરચામ કપટનાં થયાં છે કે,–"એક જાહેર સવાલની વાજબી ચારવણી કરવાની અપક્ષપાત નેમ!"–અને એવીજ બીજી તોફો દલીલોના ઓથામા તેમના થએલા, ભુલથાપ આપવાનાં ફાંફાં મારતા, બચાવપર આપણને હસવું આવ્યા વીનાં રેહેતું નથી.

પણ તેમતો થવુંજ જોઈતું હતું, અને તેમજ થયુંછે. પેલા દાનાવનુ કહેલું ખરૂંજ છે કે–"તુંને દુશમનો ઉભા કરવા હોય તો તું પ્રખ્યાત થા!"

અને વલી એતો

આજનો છાપો અને આજના લખનારાઓ

છે. હાતમા કલમનું ડીપું આવ્યું એટલે માર ગોદા માહરા બાપ! કેહેનાર કોણ અને પુછનાર કોણ? તે સાથ નનાંમે લખાણો કરવાં, એટલે ગમે તેવા કપટનું–ગમે તેવી નીંદાનુબી લખો, તોએ રહો અનામત ને સલામત! જે વખતમા હીચકારાપણું હીમતમા, અને બાયલાપણું હીકમતમા ખપે, તે વખતમાં કસુંબી બોલવામાં ફાએદો શો? મનસુખ પોતેજ ઘણીવેળા બોલતા હુતા કે—

"જ્યાં ખોદાનો ડર નહી,
નહી ખલકની લાજ,
જ્યાં નેક કામની કદર નહી,
ત્યાં ચુપ ભલી માહરાજ!"

અને આપવડાઇનાં ભુંગાં પુકતાં અકસર પત્રોનાં લખાંણોબી કેવાં વગર વજનનાં, વગર ટેકનાં, વગર રસનાં અને વગર લેહેઝતનાં આવેછે. બાલવયનું ચીબાવલાપણું તેમણી લીટીએ લીટીમા- તેમણા લફ્ઝે-લફ્ઝમા પ્રગટ જણાએછે. મજબુત મનથી અને ટેકી વીચારથી એક ચોકસ-સંગીન ધોરનને વલગી રહી, એક સ્વતંત્ર નેમથી કામ લેવાવાને બદલે, દાખલ થતું દરેક નવું વરશ, એક નવા આકારમા, નવા ઢંગમા, નવી વલણમાં અને નવી પક્ષમા તેમણે દાખલ થએલાં દેખાડે છે.

એકએકની ચીબાવલી નકલો થવામાંબી કસી બાકી રહી નથી. પેલા પુલકણીવાલા ટુકાટુકા પૂકાઓની "જામે" મા 'ફેશન' નીકલી, અને "બાવા આદમ" જેવા જનમેલા હુસમુખા લખનારે, પોતાની ખુશ રમુજભરી એબારતથી, ખરેખરાં ગમતભર્યાં લખાંણોને બાહેર પાડયાં,-તો બસ, એક દેવાંનગીજ જાણે સઘલે ફેલાઇ. હુલકાં કે ઉંચાં, નવાં કે જુનાં, ચઢતાં કે ચીથડીઆં, પત્રો કે ચોપાંનીઆંઓમાં એ પુલકણીઓનું જાણે જંગલ જાગ્યું, અને રમુજની ખુદરતી શક્તીનો દાવો કરનારા લખનારાઓનું, એક એવું તો ડરામણું ટોલું બાહેર પડયું કે આપણુને પ્રાળ પડે!

તે સઘલાઓનોજ દાવો જુઠો છે એમ કેહેવાની હું નબલાઇ દેખાડતો નથી. થોડાક આપણુને તેમાં એવા દીશયા છે કે જો તેમની જવાન કલમોને વધારે કવાએદનો અને વધારે અનુભવનો લાભ મલે તો બેશક તેઓ ભવીશયના 'બાવા આદમ' નીવડે એવી આપણુને ખાત્રી રહે. પણ બાકીનાઓની કલમ તો એવી ચાલી કે તેમના લખાણોથી, ગુજરાતી વાંચક વર્ગમાં, ગુજરાતી છાપો, એક નહી બરદાસ્ત થાએ એવી આપદા થઇ પડી! મોહોકાંણ એ વળી કે જેબી કોઈ લખે તે વાંચનારને હુસાવાજ માગે! અને તેમની એ રમુજોનું બયાંન કરવાની મોહરી નબલી કલમમાં તો શક્તીજ કયાં છે? બાલીવાલા અને ઓગરા જેવા આપણા પ્રખ્યાત રમુજી ખેલાડીઓબી આ નવા ઉગેલા મશકેરાઓની અપાર હુસાહુસથી છક થઇ ગયા છે! અને તેમનાં એ મોતેબર લખાંણોના અંગ્રેજી તરજુમા જો વીલાયત મોકલાએ તો 'માર્ક ટ્વેન,' 'મેકસ એડેલર,' 'આલડન,'

'જેરોમ,' 'જેકબ્સ' વગેરે અમેરીકન અને ઇંગ્લીશ રમુજી લખનારાઓ અદેખાઇનો નીસાસો નાખતા પોતાની કલમ તજી બેસે!

એક તકરારી બાબદનો આ 'ખેરખાહ ને દીલખાહ'નો કીસ્સો પુરો થવા બાદ 'રૂસ્તમ અને સોહ્રાબ' વચેની પેલી જગઆશકારા તવારીખ, કે જેની બાપ બેટા વચેની ખુનખાર જંગનો ગમખાર બનાવ, પોતાની ઉમદામા ઉમદા શાએરી શક્તીના બયાનથી સીંગારી, નામાંકીત ફીરદોસીએ "શાહનામાં"ની પેલી અમર કેતાબમાં કાએમ કરી, તમામ દુનીયાંના કરૂણારસ બનાવોમા પેહેલ્લો દરજ્જો ભોગવતો કીધો છે, તેની ગુજરાતી બેતબાજીનો એક દીલપઝીર સંગ્રહ મનસુખે "ગંજનામા"મા આપ્યો છે.

"શાહનામાં"નાજ બનાવો સઘલા વર્ણવ્યાછે; "શાહનામાં"નાજ વીચારો અને અલંકારો અંદર સમાયાછે એમબી કહોતો ચાલે; અને તોપણ તે "શાહનામાં"નાં લખાણનો માત્ર એક તરજુમો તો નથીજ. તેમાં સઘલી જગે મનસુખની કલમનો રંગ અને રસબી બેહદ ઉમેરાયો છે, અને તેથી, સરાસરી તે એક એવું મોતેબર, એવું તેજી, તેમજ એવું ગમભર્યું અને એવું વીલાપી લખાંણ બન્યું છે કે એક વેળા વાંચવા શરૂ કીધેલું તે હાતમાથી છોડાતું નથી. તેના લગભગ પાંચ હજાર બેતોએ "ગંજનામા"ના મોટાં કદના સાઠથી વધુ સપ્રા રોકયા છે; અને સોહરાબનાં મરણ પછીના કકલાતનાં દુઃખદાએક લખાંણે સખતમાં સખત હૈડાંનાં વાંચનારનેબી ગમખાર રૂદનમાં પેચોતાબ બનાવ્યાં છે.

બાપનાં ખંજરના ભોગ થએલા પોતાના કમનસીબ એકપુરા પુત્રનાં મરણની જે છાતી પ્હાડતી માહેતમના પોકારો દુખી 'તેહેમીના' ઉઠાવે છે, તેના નમુનાનો થોડોજ ભાગ હયાં હું ઉતારી શકુંછું માટે દલગીર છું:—

"બળતાં દીલથી બોલી, કે એ૦માએનાં જાન,
એ પેઆરા-એ વીરા-એ દીકરા પેહેલવાંન.
સોંપેઓ તેં બાપને, ને મલેઓ તુહને,
નજરથીજ મલી, દીલથી મારેઓ તુહને.
હું શું જાણું બુંદી કજાની ખબર,
કે બાપ ફાડસે તું સરખા પુતનું જીગર.

હાએ—રે એ દીકરા દેલાવર—દલેર,
હાએ—રે એ લડાઇનાં મેદાંનેનાં શેર.
એ સોહોરાબ સગુંણી, એ દીકરા સભાગ,
એ કેઆંનીની તોખંમની રોશંન ચેરાગ.
એ જોબંનની હલીઆરી ભરેઆ ચમંન.
એ બુલબુલની ખુબીના પુત મનમોહંન.
એ સરદાર, એ સુરા, એ પેહેલવાંન શાહ,
એ ધનવંતા ધોરી—એ માએની પનાહ.
એ "સમનગાંન" ના સુબા, એ સુરા સગુણ,
તું વગર થઇ માહરી જીંદગી જબુન.

* * * * * *

વરસાવ એ વાદલ, તું ગમનો વરસાત!
કર એ હવા, લોહીનાંજ આંસુથી વાત!
ચંમકાવ ચશમથી, એ તારા ગજબ!
છુપાવ એ સુરીઅ, તું તાહરો કસબ!
લરજ રે એ જમીન જેમ પારો તમામ!
ભુલ રે જમાંનાં, તું શાંમ અને બાંમ!
એ બ્રેસપતી, કર તું આંખો ખુનભરી!
સાગર કર આ દુનીયાં આંસુથી ટરી!
ધંકાઇને થા તું ઓ ચાંદ પરડેદાર!
ખુશી ભરી રોશની તું નો લાવ હાં બાહાર!
સુરત તાહરી કર ગમનાં વાદલથી સીહા!
કે બેટો માહરો પાંમેઓચ પીતાથી જફા!
રડેચ તેની જુદાઇમાં માએનુ જીગર,
બલસે હાએની આગથી કુલ સુકું ને તર."

નામવર સખીવજુદ,

પેહેલા સર જમશેદજી જીજીભાઈ બારોનેટ

પોતાના પનોતા મુખડાની એક દીલકશ સબી, અને પોતાની જીંદગીના વધારે દીલકશ હેવાલ સાથે "ગંજનાંમા" નો એ પછીનો ભાગ રોકેછે. લગભગ સાત હજાર બેતોનો એક ગંજાવર જથ્થો

એ કેતાબના હેંસીથી વધુ સફામા સમાઈ શકયો છે. એજ હકીકત દેખાડી આપશે કે એક મોહટા ને માનવંત નરનાં જન્મચરીત્રને પુરેપુરે ઇનસાફ આપવા માટે એક મોહટી અને માનવંત મેહેનત લેવાવામાં કશી મનાં રેહી નથી.

એક પારસી હીરાનું, અને ગુજરાતી જબાંનમાં બાહેર પડેલું, આ એક પેહેલવેહેલું જન્મચરીત્ર હતું. ભાગ્યશાલી મનસુખ કે એનાં એક ઉપીયોગી ને કીમતી લખાણુની પેહેલ કાઢવાનું તેમની સરજતમાં ગોઠવાયું; અને ખરેખરાજ નેકબખ્ત ને નામવર નર પોતે કે તેમની એક માહભારત જીંદગીનો હેવાલ એવાં એક માહભારત લખાંણ મારફતે આલમમાં આશકારા થવા પામ્યો!

દુઃખદાએક બનાવોનાં ગમખાર બયાંનથી હવે વધુવાર વાંચનાંરનાં દીલને હું દલગીરીમા નાખવા ચાહતો નથી. તો હવે પેહેલ્લા બેરોનેટ અને લેડી આવાંબાઇનાં લગનની શુભ ક્રીયાનાં રગીલાં બયાંનમાં, આશીરવાદ સારતા મોબેદોને મોહડેથી દુઆ આફરીનના જે ઉમદા કલામો મનસુખે જાહેર કીધા છે, તેના એક ટુક ભાગનો ઉતારો કરવો મને ઠીક લાગે છે. હવે પછીનાં પરણુતાં જોડાં જો એ વાંચી ઇચ્છે, કે તેમના આશીરવાદની ક્રીયા પુરી થતાં, એવીજ રગીલી બેતબાજીની દુઆ–આફ્રીન ધર્મગુરૂઓ તેમને કહી સંભલાવે તો ભલું, તો તેમાં હું કાંઇ નવાઇ સમજીશ નહીઃ–

"પછે પહડેઆ મોબેદો પન્દ આફ્રીન,
કે એ સુરા નર–એ સગુણુ નાજનીન.
હોજો તમને મદદ તે દાદારનુ નામ,
રોશન રેહેજો તમારાં હમેશ કુલ કાંમ.
હસી–ખુશી ભરીઆંજ તમ રેહેજો આબાદ,
ફતેમંદ વરધીમંદ થજો તમો જીઆદ.
બનાંમે ઇજદ—સખી—મેહેરબાંન,
થી સલામત રેહેજો તમારાં તન જાંન.
ઉમર થાજો સાલે હજારો હજાર,
ખુશ રેહેજો સુખથી સદા બરકરાર.
આસાંન રેહેજો આગલ ને મુશકેલ દંદ,
મુરાદ તેમની મોરાદમાં ફાવતા રંજ.

નેક બખત ફરજંદની થાજો વરધી,
દીલ રેહેજો અદલ ને બહુંન કવી.
દાદાર રેહેજો હરપલ ખરો રેહનુમા,
કાએમ રેહેજો તમપર જરતોસ્તની પનાંહ.
કરણી કરજો ભલી,-બદી કરજો દુર,
બુરાં કાંમનો ગુનાહ બુજજો પુરંણપુર.
સવાબને ઉંચું ગણી નીચ ગણજો પાપ,
ભણજો માજદીઅસની દીનની કેતાબ.
સુખ જોજો ઘણાં,-સંસાર જોજો સઉ,
શરમ રાખજો હઇડે, શોભા જોજો બઉ!"

પણ "ગંજનામાં"માં પ્રગટ થાએ તે આગમચતો પેહેલ્લા બેરોનેટની જીંદગીનો આ હેવાલ એક પુસ્તકના આકારમાં છુટોબી પ્રગટ થઇ ચુકયો હતો. તે અતી ઘણી સુંદર છપાઇનુ અને બાંધણીનુ પુસ્તક હતું, અને તેના બાહેર પાડવા સાથ જે તાજુબીની, તારીફની, અને વખાંણની ચર્ચાએ જનમ લીધો તેમાં કેટલાંક અદેખાં ખાંગાંઓ તરફની નીંદાની અને અપમાનની વાતોની ભેલ થવા વીનાંબી રહી નહી. કેટલીક તરફથી છડેછોક બોલાવા લાગ્યું કે આ જન્મ ચરીત્ર બાહર પાડવામાં મનસુખે પોતાના ફાએદા અને કમાઇનુ અચ્છું એક સાંધન ગોઠયું છે. અલબત એ સઘલી મુર્ખાઇ ભરી બકવા હતી. હેવાલ જોકે એક ઘણા મોહટા ને માતબર માણસની જીંદગીનો લખાયો હતો, અને તે મરહુમનાં પોતાનાં હૈયાત બેટા, સગાંઓ અને સ્નેહીઓ બી જો કે અતી ઘણાં મોટાં ને માતબર ને વગવાલાં હતાં; તોપણ, કવીની તે વેળાની પોતાની સ્થીતી તરફ જોતાં તેવણુની મેહનતનાં બીનસ્વાર્થપણાં ઉપર સખુન નાખવો એ સરપ નાદાંની હતી. મનસુખે પોતે એવા વીચારોને જવાબ દેવાનુ વજનુ આપવાને પેહલ્લાં નો દરકાર કીધી નહી. પણ જ્યારે, એક વગવાલાં અંગ્રેજી પત્રમાબી કોઇની લાગવગી ઠેસથી એવો એશારો જાહેર થવા પામ્યો ત્યારે જે ઉપાયો લેવાયા તેની વીગત ૧૮૬૩ નાં સાલમાં તેવણુ નીચે મુજબ આપેછે:—

""સર જંમશેદજી બારોનેટ" નામનું પુસ્તક હમારી કલંમથી લખાઇ બાહેર પડેઆ પછે લાંબી મુદતે "બોમબે ગેજટ" ના-

મનાં અંગ્રેજી પતરના અધીપતીએ કોઇ પારસીના સમજાવેઆથી ભુલાવો ખાઈ તા૦ ૧૫ મી એપરેલ ૧૮૬૨ નાં પતરમા એક લાંબી અને નકામી બીણું લખી છે. * * * * * એ ફકરાની ઇસતલાહ ઉપરથી એ લખનારની મતલબ એવી છે કે જેમ બીજા શાએરો પોતાની રોજીને ખાતર મોટાં માણુસોની તારીફમાં અને યાદગારીમા બેતો લખેછે તેમજ હુમોએ મરહુમ બારોનેટને વાસતે કરીયું હતું. * * * * હુમો આ વખતે પૂરીનેબી કહીએ છે કે મરહુમ બારોનેટની યાદગારી અને વખાણુમાં જે હુમોએ લખીયું છે, તે બીલકુલ હુમારી પોતાની રાજીખુશીથી લખીયું છે, અને તેના બદલામાં હુમોએ તેવણુના દોસ્તો, આશનાવો, અથવા પુતરો અને કુટુંબીઓથી કોઇબી રીતના આસરા અને મદત અને બખશેસની આશા રાખી હતી નહી, અને શોકર તે દયાવંત કીરતારના કે તેણે કોઇબી સખસથી એવી આશા રાખવાની હાલતમા આજસુધી હુમોને રાખેઆ નથી, અને તે સાહેબથીજ ઉમેદ રાખીએચ કે હરગેજબી. એવી ચીજ હુમો પાસ નહી કરાવે."

જે નામવાર રાજવંશીની જીંદગીનાં ટુક પણુ રસીલાં બયાંને તે વેળા ચોતરફનુ ધ્યાંન ખેંચ્યું, એક ચાલાક અંગ્રેજ દસ્તને હાતે થયેલા જેના તરજુમાની એક એલાહેદી શુંદર કેતાબબી પાછલથી બાહર પડવા પાંમી, અને જેની વફાદારી ભરેલી ભેટોની પોંહોંચ ઉપકાર અને વખાણુ સહીત કબુલ કરનારાં સંખ્યાબંધ પત્રો મરહુમ નેક શેહેનશાહબાંનુની પોતાંની તેમજ બાદશાહી કુટુંબનાં નાધલાં–મોટાં સઘલાંઓની તરફથી મેલવવાને મનસુખ પોતે નસીબવાન થયા હતા, તે, યાને

પ્રીન્સ આલબર્ટની જીંદગી

ના હેવાલનુ ટુક પણુ કાબેલ કાવ્ય "ગંજનાંમાં"ના પાંચમા ભાગમા મુકાયું છે. અને તેને એક ટુક કાવ્ય કેહેવું તેબી એક અપમાન છે. કેમકે માહરાણી અને પ્રીન્સ આલબર્ટની ભેગી જીંદગીનાં બયાંનની દીલપઝીર બેતબાજી જોકે છ હજાર સતરોથી વધારેની બની નથી, તોપણુ પ્રીન્સનાં મરણુ બાદ માહરાણીને વીલાપ કરતી

દેખાડી–"ખરા આશકો અથવા મોહુબતદારોને જુદાઇથી થતી અસરો વીશેના સખુનો"–એવાં મથાલાં ટલે ૩૯ લાંબી કવીતાઓ યા ગાયેનોની જે અલગાર લગાડી દીધી છે તે મલી કુલે લખાણોનો ગંજાવર સંગ્રહ "ગંજનામાં"ના જેવો સપૂઓ ભરતો ફેલાઇ ગયો છે.

પણ "પ્રીન્સ આરબર્ટ"નું આ દાસતાન લખાયું અને છપાઇને બાહેર પડયું તેટલામાંજ તેની તવારીખનો છેડો આવ્યો નહી. લખાણ એવી કીસમનું હતું કે કોઇબી સાહીત્યના શોકીનનું ધ્યાણ ખેંચવા વીનાં તે રેહ તો એક અજાયેબી ગણાય અને તેમજ અંતે થયું. મેરવાનજી માનકજી શેઠના નામના એક ગ્રસ્ત બાહેર પડયા કે જેવણે આ બેતબાજીનો બંધ બેસતો અંગ્રેજી તરજુમો કરાવાની, અને જે ધણીનો તરજુમો સઉથી સરસ માલમ પડે તેને એક મોહટી રકમનું ઇનામ આપવાની ખાહેશ દેખાડી.

એ પોતાની ખાહેશને લગતા સંધેસા તેવણે ૧૮૬૪ નાં સાલમાં, "ગંજનામું" જે છાપાખાનામાં છપાયું તેના માલેકો, બેરામજી ફરદુનજીની કું૦ સાથે ચલાવ્યા. ગોઠવણો ચોકસ થઇ, એટલે તુરત તેને લગતી જાહેર ખબરો છપાવાનેબી વીલંબ લાગ્યો નહી. શેઠનાને મનસુખ સાથેબી મીત્રાચારી જેવું તો હતુંજ એટલે એને લગતો ઘણો પત્ર વેહેવાર—"મારા પેઆરા ડોસત મનચેરજી"—ની ઢબે લખાએલો માહરા જોવામાં આવ્યો છે. અંતે, ૧૪ મી જાન્યુઆરી ૧૮૬૫ની તેરીખનું 'દફતર આશકારા પ્રેસ'માંથી જે એક કાગલ મનસુખ પર આવ્યું તે નીચે મુજબઃ—

"શેઠજી મનચેરજી કાવસજી લંગડાના,

જત તમુને અરજ એ છે જે મરહુમ પરીન્સ આલબરટ વીશે મનસુખ શાએરનાં ગંજનામા નામની કેતાબમાં લખેલી બીનાના બેતોનો અંગરેજી બાશામા થએલો તરજુમો તપાસવાને સારૂ ઇનામ આપનાર ધરસથની ખાહેશ ઉપરથી તમોને એ તરજુમો તપાસનારાઓમાંનાં એક તપાસનાર તરીકે ઠરાવવાની અરજ કરવાને હમોને જણાવવામા આવીઉં છે તેથી મેહેગબાની કરી તમો એ કામ માંથે લેવાને પોતાની ખુશી બને તેમ પેહેલી જોરવાહએ હમોને લખી જણાવવાને તસદી લેશો એવી ઉમેદ છે. એજ અરજ.

લા૦ સેવકો બેહરામજી ફરદુનજીની કું૦"

એ અરજ તો મનસુખે ખુશીથી કબુલ કીધી; તેમજ, વલી એક બીજી અરજ થવાંથી, તેવણે પોતે 'પાદરી ઉવીલસન' ઉપર એક કાગજ લખી મોકલ્યું જેનો જવાબ, પારસી કોમના નજદીકના અને ઘણા યાદગાર સંબંધમા આવેલા એ મેહેનતુ અને ધુંધી અને ઉમંગી પાદરી સાહેબે પોતાનાં જાડા પાકટ દસ્તખતનાં એક કાગળમા એવો આપ્યો કે-

"*18th January 1865.*

MY DEAR SIR,

I shall have pleasure in acting as one of the adjudicators of the Prize for the best Translation of the Gujaráti Poem on the Prince Consort.

Yours very truly,
JOHN WILSON."

એ મુજબ તપાસનારાઓબી નેમાયા, અને જાહેરખબરમાં જણાવેલી મુદતમા એ ઈનાંમની ખાહેશ રાખનારાઓ તરફથી તરજુમાના રેસાલાઓબી આવી પુગ્યા. તપાસને માટે તે મનસુખપરબી મોકલવામા આવ્યા, અને તા૦ ૨૪ મી જુલાઇ ૧૮૬૫ ને દીને બે. પૂરદુનજી ઉપર પોતાનો ચુકાદો જે તેવણે લખી મોકલી આ બાબદનો નીવેડો આંણ્યો તે નીચે મુજબ:-

"સાહેબો,

"ગંજનામાં" નામની કેતાબ મધે મરનાર "પરીનસ આલબરટ" વીશે લખાએલી બીનાંનાં ગુજરાતી બેનો ૯૦ ના અંગ્રેજી ભાશામા થએલા તરજુમાનાં રીસાલાઓ તપાસવાને તમોએ માહરી ઉપર મોકલેઆ હતા-તે. માહરી સમજશકતી મુજબ તપાશી આજ દીને તમો ઉપર પાછા મોકલતી વખતે માહરૂં મન નીચે મુજબ જાહેર કરવાની રજા લેઉં છેઉં.

એ રીસાલાઓ મધેથી જે રીસાલાને મહાલે-"In all labour there is profit"—એવો "મોટો" મુકેઓ છે તે રીસાલો વધારે સરસ ઇઆને ઇનાંમ આપવાને લાએક હું ધારૂં છેઉં. એ રીસાલામાંબી ઘણી જગોએ ખાંમીઓ છે, કે જેમાંથી કેટલીએક ઉપર મેં પેનશીલની નીશાંનીઓ કરીછે; અને ઘણી કવીતાની ધપમાં ઇઆને અસલ ઇનાંમની જાહેર ખબરમાં છાપેઆ મુજબ (Blank verse)ની એબારતમા એ તરજુમો

નહી કરેઆને લીધે અસલ એબારતનાં રસ અને સફાઇમાં ઘણે દરજજે ઘટારો થએઓ છે. અને તેથી એ તરજુમો કરનારને રૂ ૧૫૦૦) નાં મોટાં ઇનામને બદલે જો રૂપીઆ એક હજાર સુધી આપેઆમાં આવે તો હું ધારૂંચ કે તેની મેહેનતનો બદલો બરોબર વલેલો કેહેવાસે. પણ જાહેર ખબરમાં એવી એબારતમાં તરજુમો કરનારનેબી પંદરસો રૂપીઆથી કંઇ ઓછું લખીઉં નથી તેથી એ બાબતો બખશનાર ધરસતે અથવા તમોએ એ તરજુમો કરનાર સખસ સાથે તમોને પસંદ પડે એવી સમજુતી કરવી. ફકત મેં તો માહરા વીચાર દાખલ લખીઉં છે કે પંદરસો રૂપીઆ ઘણા છે.

"Suum Cuique" ની નીશાંનના તરજુમો કરનારેબી પુશકલ મેહેનત લીધેલી માલમ પડે છે, પણ ઉપલા રીસાલાવારાએ જે વલાંણુ અને ઇસતલાહથી તથા સફાઇ અને ખોલાસાથી અંગ્રેજી બાશાનાં વાકીઅઓ અને એબારત લખી છે તે એ "Suum Cuique"નાં લખાણમાં દીસતી નથી. એજ અરજ."

અતે મનસુખનોજ એ ચુકાદો પસાર થઇને બાહાલ રહયો, અને રૂ ૧૫૦૦)નુ જાહેર થયેલું મોટું ઇનાંમ—"In all labour there is profit"—નાં "મોટો" અથવા તખલ્લુસવાલા લખનારને આપવામાં આવયું; કે જે બીજા સર જમશેદજી જીજીભાઇના બેટાઓને શીખવનાર માસતર મી० હેમીલટન નામનો અંગ્રેજ માલમ પડયો.

એ કીસ્સાનુ તમામ લખાંણુ માહરાંણી અને તેવણુના પતીને લગતા પ્રગટ થયેલા જુદા જુદા અંગ્રેજી હેવાલોના આધારપરથી, એક ખુદરતી શકતીના કવીની કલમ જેટલોબી મીઠાશ, જેટલોબી અલંકાર અને જેટલોબી રસ ઉમેરી શકે તે સઘળા ઉમેરાંની લેહઝત પામીને એક નવીન અને અસલ ઢપનુજ ઉતપંન થયું છે. જેમ 'ખેરખાહ'નો કીસ્સો, જેમ પેહેલ્લા બેરોનેટનું જન્મચરીત્ર, તેમજ 'પ્રીનસ'નો આ હેવાલબી, તેના હરફે હરફની ગોઠવણુ માટે, તેની લાઇને-લાઇનની રચના માટે, તેના દરેક ખ્યાલની ખુબી અને દરેક કલ્પનાની કીર્તી માટે તેના કવી કર્તાનીજ સ્વતંત્ર કલમને આભારી છે.

એક નમુનાંનો ઉતારો કયાંથી કરવો તેજ માત્ર મુશકેલી છે. પણ જરમનો તરફનો ઇંગ્રેજોનો જાતી અભાવ અને અનગમો કેવો

સખત હોય છે, અને જરમનો પોતેભી તેવી લાગણીથી નાવાકેફ હોતા નથી, તે હકીકતોથી આપણે પુરેપુરા જાણીતા હોવાથી, 'આલબર્ટ' અને તેના પીતા વચેની એક તકરારનો હેવાલ આપતાં, બેહુંદી મોહબતમાં ફસેલા પોતાના નાદાન બેટાને ધધડાવી નાખનારો ઠપકો આપતા જહનુંની બાપનાં મોહડાંમા જે સખુનો મનસુખે મુકયા છે તે વાંચવા લાએક થશે એમ હું ધારૂંછું:—

"* * * * *
કે એ કોતાહ સમજનાં હુલર ફરજંન,
અકલ તાહરી દીલથી શું ખોવાઇચ તદન?
કે કરેચ તું એ રીતના બેઅકલી ખેઆલ,
સુખ તજી સરપર લેચ દુખ ને જંજાલ.
એશક શું? મોહબત શું? ને શું એ તોફાંન?
ખાતો–પીતો–સીખતો તું પોરેઓ નાદાન!
કાંહાંથી લાયો વેહેમ અને કાંહાંથી ખબર?
કાંહાં જોઇ તેં માશુક? કાંહાં ખોહીઉં જીગર?
બેહેકયો તું કેમ, ને બેહેકાવીયો કોણે?
ભમાવીયોચ મગર શું તુંહને શેતાંને?
'ગોથા' શેહેરનો રેહેનાર તું અમીરી પુત
માં કાંહથી હોએ એ રીતની સુધ અને બુધ?
કે ઇંગલંદનાં તખતની વારેસ બુલંદ
સેં થાએ તાહરાં દીલની મોહબતનો પેવંદ.
તેહને સાંની હોએ તું સરખાની ગરજ?
તે આકાશનો ચાંદો, તું જમીનની રજ.
તે બેહેશતમાનું સરવ, તું વંનમાંનો વાંસ,
તે ચમંનનું બુલબુલ, તું ઘાસપરનું ડાંસ.
અંગરેજ સરખો તુંન્દ અને ગરૂર ટોલો,
ગણુસ તુંહને ખરેખર પુરો ઘેલો.
વાસતે એ બેટા તું કર નેક વીચાર,
ને બલાનાં વમલમાં ડુબકી નો માર.
કે નહી આવશે મોરાદનુ ગહવેર તુંજ હાત,
આદબથીજ તું કર માહરી સાને હાં વાત."

'પ્રીનસ આલબર્ટ'ના હેવાલના છેડા સાથે બેતબાજીનાં લંબાણ લખાણોનોબી છેડો આવેછે. બીજા સઘળા બેટો અને બીજી સઘળી કવીતાઓ—"રસીલી અને દીલકશ વાતોના તથા નેક શીખામણોના પરચુટણ સખુનો,"—એવાં એક ચાલુ મથાલાં ટલે અપાઇ છે. નાધલી મોટી મલી તેતો બેસુમાર થઈ છે, અને તે સઘળી કેટલી "રસીલી અને દીલકશ" છે તેતો વાંચવાથીજ માલમ પડશે. પણ તે માહેલી બે ત્રણ બાબદો સીવાય વધુપર બોલવાની હું જગા પૂાજલ પાડી શકતો નથી.

એક ચોકસ કારણસર, "અફીમના વેપાર તથા ખોરાકીથી થતો ખરાબી," એવે નામે જે બેતો લખાવ્યા છે તે હવે માહરૂં ધ્યાન ખેંચેછે.

તા૦ ૨૯ મી અકટોબર ૧૮૫૪ નો 'રાસ્ત ગોફ્તાર'નો એક અંક મને મળ્યો કે જેમાં—"કંનતાનમાં છુટક અફીમના વેચનાર એક ચીનાને તેના નાધલા ભાઇ સાથે થએલી ગોફ્તેગો"—એવાં મથાલાં ટલે દસ કૉલમ ભરીને એક લાંબું દાસતાન લખાયેલું મેં જોયું. પણ તે પછે આસરે ચેઆર મહીનાં બાદ, ઉપલાંજ પત્રના માલેક તરફથી, એક કાગલ મનસુખ પર આવ્યું જે અફીમને લગતી બાબદની બેતબાજીની ઉતપંતીનું ખરૂં કારણ દેખાડે છે. ૨૭ મી ફેબ૦ ૧૮૫૫ નાં આ કાગલનો અગતનો ભાગ એવો છે કેઃ—

"સાહેબ, તમારી નમુના તરીકેની બેતો જે સાહેબે ફરમાસ કીધી હતી તેઓ ઉપર મોકલી હતી. * * * ઉપલા ધરહસથની મરજી આએ ટુકી બાબદ ઉપર ૧૦૦૦) બેતો થાએ હેવી નથી. પણ એવીજ ઇછા છે કે જે અસલ મતલબ (રાસ્ત ગોફ્તારમાંની બાબદોમાં આવી છે) એટલીજ માતરે ખોલ્લી રીતે બેતોમા લાવવાની કોશેસ કરવી. * * * તમો સાહેબે જે વગર લાભની મેહેનત કરવાને કબુલ કીધુંચ એથી તમારો ઘણો ઉપકાર માનેઆમો આવે છે, અને આશા રાખવામાં આવે છે કે એટલી બેતો તમો તમારી ફરસુદની વેળાએ જલદીથી પુરી કરી આપશો. એજ ગરજ. લ૦ સેવક બેરામજી ફરદુનજીનો સલામ વાંચવોજી."

બે ત્રણ મહીના એ પછે ગુજર્યાં, એટલે ઉપલાજ બેરામજી ફરદુનજી તરફનુ એક બીજું કાગલ એ બીનાં ઉપર વધુ અજવાળું

નાખેછે. એમ જણાય છે કે તેઓનો વીચાર અફીમના વેપારને લગતી બાબદ ઉપર એક કેતાબ બાહેર પાડવાનો હતો, કે જે કેતાબનાં બીજાં લખાણોની એક ખાસ શોભા દાખલ તેઓ મનસુખની એ બેતબાજી દાખલ કરવાનો ઠેડાવ કરી બેઠા હતા. તેથી એ છેલ્લાં કાગલ સાથે, નીચે મુજબની જાહેર ખબરનો એક છાપેલો ભાગ મનસુખની જાણ કીજે મોકલી, બેરામજી ફરદુનજીએ તેવણથી જાણવા માંગયું હતું કે પોતાના સઘળા બેતો તેવણ કયારે પુરા કરી રેહેશેઃ—

"મનસુખ શાએર, જેની અસતરી કેલવણી, અને બીજી બાબદો ઉપરની રંગીન બેતોથી અતરેની વાંચનારી આલમનાં દીલ હરખ પામીઆં છે તે જેવા ચંચલ સખસની કલમ હાલમાં અફીમના વેપારને લગતી એક અજાએબ જેવી બાબદ ઉપર બેત બનાવામાં ગુતેલી છે. એ બેહતો તઇઆર થીઆથી તે ઘણીજ સફાઇથી છાપીને અફીમના વેપારની ચોપડી સાથે જોડી નાંખીને તે ચોપડી બીજીવાર, બીજી પરકારે સુધારી ટુક મુદતમાં બાહેર પાડવાનો વીચાર રાખીઓ છે. તેની કીમત અસલ ખરીદદારો પાસેથી અરધો અરધ, અને બીજાઓ પાસેથી રૂ ૩।। લીધામાં આવશે. એજ વીનતી. **બનાવનાર તરફથી.**"

એ પછે બીજો થોડોક પત્રવેહેવાર ચાલ્યો, પણ તેનુ હયાં કામ નથી. જે ઉપર લખ્યું તેજ પુરતું છે દેખાડવાને કે સાતસોથી વધુ બેતોનુ આ લખાણ કેવા સબબોથી બરપા થયું હતું.

પેહેલા સર જમશેદજીની જીંદગીના હેવાલ પછી, માહરી ખાત્રી છે, કે, જો કોઇબી બીજા પારસી ગ્રસ્તની વખાણમાં યા તેનાં મરણની યાદગારી ભરી નોંધમાં મનસુખે પોતાની શાએરી શકતીનો ઉપયોગ કીધો હોય, તો તે મરહુમ બમનજી હોરમજી વાહડીયાની હતી. બીજાં ઘણાંઓનાં મરણો વીશે તેવણે લખ્યું છે એ ખરૂં; ઘણા એવા મીત્રો ત્યારપછી મુવા કે જેઓ પોતાની જુદાઇથી દુખ અને ગમના સખત ફટકા તેવણનાં ચાહતાં જીગરપર મારી, અફસોસ અને દલગીરીનાં ભારી અસરકારક લખાણો પોતાની કલમથી ઉપજાવાને તેવણને ઉસકેરી ગયા, તેબી ખરૂં; પણ તેવાં કોઇબી વીલાપી લખાંણમાં બેતબાજીનો રસ તેવણે ઉમેર્યો નહી.

તેમ થવાનુ કારણુ મનસુખની ત્યાર પછીની જીંદગીમા થયેલા મોટા ફેરફારોનુ હું ગણું તો તેબી ખોટું તો નહીજ કેહેવાએ.

મજગામનાં મોટાં મકાંન મધેની ૧૮૬૪-૬૫ સુધીની સુખદાએક સ્થીતીમા જે જે પ્રકાશ તેવણુની કવી કલમે દેખાડયો, તેમાંનો અરધોબી તે તે પછીની હાલતમા દેખાડી શકી નહી એ તો ખરૂંજ છે. ઘણું બીજાં કાંમો, ઘણી રોકાંણો, તેમજ ઘણા ગુંચવડા અને ઘણી ગીરફ્તારીએ પોતાનાં ભારે ઘેરામા તે પછી એવા તો તેવણુને ઘેરાએલા રાખ્યા, કે કવી કલપણું પોતાનુ પુરેપુરૂં બળ દેખાડવાને જોઈતી સગવડ, જોઈતી શાંતી, અને જોઈતી મરજીબી મેલવી શકી નહી. અને તેથી, ઘણાએક તેવણુના ખેરખાહો અને આશનાવોની જાહુકની વીદાયેગીરી તેવણુ તરફના એક શાએરી સરપાવનુ સેવટનુ માન મેલવવાથી બાકાત રહી હોય તેબી બનવા જોગ છે.

તોપણુ, બમનજી વાહડીઆ માટેની બેતબાજી, મનસુખનો ખુદ એ

વાહડીઆ ખાંનદાન સાથનો મીત્રાચારીનો સંબંધ

જે લાંબા વખતનો, પ્રીતી, અને પ્રેમથી મજબુત બની, જલવાઈ રહેલો હતો, તેનું એક આડકતરૂં પરીણામ હું વગર શકે અને વગર અડચણે ગણી શકું. એ પ્રખ્યાત કુટુંબના જે બેસુમાર ડાલપાંખડાં હાલ મુંબઇમાં પોતાની ઈજત ને હોરમતભરી જીંદગી ગુજારે છે, તે લગભગ સઘલાં સાથે તેવણુને ઘણો એખલાસ ભર્યો સંબંધ હતો તેતો જાણીતી વાત છે. પણ તેમાં ખાસ કરી ડોસાભાઇ, ખરશેદજી, અને ધનજીભાઈ મેરવાનજી વાહડીયા અને તેમના વંસજો સાથ તેવણુનો પોતાનો અને આખાં કુટુંબનો સ્નેહી સંબંધ, એક અજાયેબ જેવો—એક નમુનેદાર સંબંધજ થઇ પડયો. ધનજીભાઈ વાહડીઆનાં કુટુંબની એક ડોલ સાથ તો મીત્રાચારી અંતે એક ઘણું ગાડાં સગપણુમાંબી બદલાઇ. તકદીરના કુર મારાએ તે સગપણુ તોડયું, પણુ સાચા સંપની તે મીત્રાચારી તોડી નહી. બીજાં સગપણુબી થવા પાંમ્યાં. વરશો વહી ગયાં; નવા જમાનાએ અને નવા જનમોએ બન્ને કુટુંબોમાં પોતાના રાબેતાના ફેરફારો તો

ઉપજાવ્યા,-કોઈ ભલા, કોઇ ભુંડા. ગીરદેશી ચક્કરે હાલતોબી બદલી; દોલત અનેં દમામનેબી એકસરખો ધોકો પુગાડયો; મીલકતોનીબી એકસરખી બરબાદી કીધી. પણ ખાલેસ ખેરખાહી, નીર્મલ મોહેબત, અને ખરાં જીગરની જાનફેશાંનીનાં સંગીન બાંધકાંમનો આ કોટ, જમાનાનાં જોરને અને વખતના દૌરને હસ્તો, ખડો રહ્યો આબાદ અને ઓસ્તવાર! અને રહો તે તેમ, સદા ને સદા!

આગલા નામવર વાહુડીઆઓ તો પારસી કીર્તીની તવારીખમા પોતાનો માનવંત હીસ્સો આપી ગયા; પણ પાછલનાઓએ તે કયાં ઓછું બજાવ્યું? હીરજીભાઇ મેરવાનજી,-એક કાબેલ વાંહુણ બાંધનાર, એક હુશીયાર હીસાબી, એક પાક્કો વેપારી! પોતાની 'રીટાયર્ડ' જીંદગીમાબી સરકારને એટલો ઉપયોગી, કે અડીભીડીના કટોકટ વખતમા, સરકારી ગોદીના કામકાજોમા પોતાના પાકટ અનુભવની મદદ આપવા ખાસ ઇજનથી તેને બોલાવામા આવે! જમશેદજી ધનજીભાઈ અને તેના ભાઇ સૌરાબજી. પેહેલ્લો, સરકારી ગોદીનો માન પામેલો 'માસતર-બીલડર;' અને હીરજીભાઇ તેમજ બીજા વાહુડીયાઓ ભેગો, વાંહુણ—બાંધનાર અસલી લવજી વાહુડીઆનું પુરાતમ નામ, વગર ઝાંખે અને વગર જોખમે જીવતું અને જેબવંતું રાખનાર, પોહોલી પેશાંનીનો, જલકતા મુખડાનો, દમામદાર દેખાવનો પણ આકરા સ્વભાવનો, એક સરકારી ઓધેદાર. બીજો, રાંક ખમીરનો, સાંત ખવાસનો, થોડી બોલીનો, ધીરાં કામનો એક પાક્કો પણ સુધો અને સાહુચેત વેપારી. બે ભાઇઓ વચે કેવો અજબ જેવો ફરક! એ સઘલાઓની મનસુખપર ફીદાગીરી. એખલા જમશેદજી સાથેજ ભાઇચારો ઘડીમા પ્યારો અને ઘડીમા પીખાએલો રેહ. બેઉ એક સરખા આકરા, આપખુદ, ગુમાંની, સખુનપરવર અને મમતી, એટલે અંદરથી તો મમતાનો ઝેરો સદાનો વેહેતોજ, પણ બાહેરથી, ઘણીવેલા 'નોરીઆ અને નાગ' જેવી ફુંફ્વાં ચાલી રેહ, જેથી આસપાસનાંઓને રમુજબી ઉપજે.

એજ નેક ખાંનદાંનની બીજી 'બ્રાન્ચ,' જયાં મનસુખને સદા મમતા અને હેટ ભર્યો અવકાશ મલતો રહ્યો, તે પરેલવાલા 'લવજી

કાસ્ટલ'ના નામવર માલેક, ચાંદ જેવા ખુબસુરત ને ખુશનુમા ચેહેરાના પેલા બુઝર્ગ અરદેશરનાં કુટુંબની હતી. પચીસથી વધુ વરશોનો જે લાંબો રેહેવાસ મનસુખે પરેલના બંગલામા ભોગવ્યો, તેનાં છેલ્લાં કેટલાંક વરશોમાં તો, મોટા અરદેસરની મુંબઈમાની હાજરી વખતનો, એકબી રવીવાર એવો નહી ગયો કે જે તેવણે 'લવજી કાસટલ'માં નહી ગુજાર્યો. વાહડીઆજીની મોહોરદાર મેહેરબાઈ, (ગયા જમાનાનાં 'જવાન મુંબઇ'માં પોતાના ફાંકડા પોશાકો, એશકી ગાડી ઘોડા, અને દમામદારદેખાવો માટે મોટાઇથી બોલાતી અને મગરૂરીથી પંકાતી 'મેરી અરદેશર,')નીબી માયાળરી ભલી લાગણી જે કાંઇ વીચીત્ર રીતે મનસુખ તરફ દોડી તે છેલ્લી ઘડી સુધી દોડેલીજ રહી; અને સારા યા માંઠા બનાવસર જો કોઇબી બાનુ તરફનો પેહેલલો કાગલ તેવણુ ઉપર આવે તો તે મેહેરબાઈ તરફનો. આ બન્નેનાં સુખી બનેલાં જોડાંનો વડો પુત્ર, તેજી બુદ્ધીનો-સાહસીક ઉલટનો, કાતેલ જબાંનનો, તુંદ ખવાસનો અને મગરૂર મીજાજનો, પણ અંતે એક આંધલા સટાની અપકીર્તી ભરેલી ખુવારી ખમી દુખી મોહોતે મરણ પામેલો, પેલો કમનસીબ હોરમારબી, પોતાના હાકમ બાપના મરણ પછીબી, મનસુખ તરફની પોતાની મીત્રાચારી એકજ સરખા ઉમંગથી ચાલુ રાખવાને ચુકયો નહી; અને ઘણી-ઘણી એવી સાંજો થઇ કે જે, હોરમારજીનાં મકાંનમા, ત્રીજા સર જમશેદજી, મનસુખ અને બીજા એકાદ ખાસ મીત્રની બનેલી નાધલી 'કમપની'એ ખાનાંની તેબલપરની ખુશ ગોફ્તગુમા ગુજારી.

પણુ એ સર્વે મુવાં છે! આ ભલાં ખાનદાંનને લગતાં બયાંનમાં સંખ્યાબંધ નામોની મેં નોંધ લીધી, પણ તે માહેલાં એક-બસ એકનીબી હમણાં હૈયાતી નથી! સઉ ગયાં છે તે દાદગરની દરબારે-સઉ જઇ બેઠાં છે પોતાનાં નેક ન્યાંગાનોની સંપૂમાં! ખુશનુદ રહો તેમનાં નેક પૂરોહરો!

ખુશીની વધુ એક નોધ તો માહરે એટલીજ લેવી છે કે આ ગુજર પામેલાં વડીલોનાં ફરજંદો અને નબીરાંઓબી પોતાના બાપ દાદાઓને નેક પગલે ચાલવામાં, કોઇ રીતે પછાત પડેલાં નથી

ઘણુંખરાં સઘલાઓએ વેપારીઓ તરીકે, કેલવાએલા ધંધાદારીઓ તરીકે, યા ચંચલ કારીગરો તરીકે વધતી ઓછી નામનાં મેલવી છે; અને તેઓમાંનો એક જવાંન, વાંહણ--બાંધતા વાહડીઆઓનુ અસલી (traditional) નામ જાલવતો હમણુંબી મુંબઇની સરકારી ગોદીમા એક માનવંત ઓદધો ભોગવે છે.

પણ એક નાઘલી પણ અતી સુંદર કવેત વીશે એશારો કરવા વીનાં, મને "ગંજનામાં"ની બેતબાજીના ગંજાવર સંગ્રહની, આ ટુક તપાસ પુરી કરવા ગમતી નથી. કવેતની બાબતો અતી ઘણી સાદી છે. ચીન ગયેલા પોતાના વાહાલા ખાવંદની લાંબા વખતની ગેરહાજરીથી દુખી થતી 'બુલબુલ' નામની એક બાનુએ લખી મોકલેલો એક પ્રેમ પત્ર, અને વેપારનાં વમલમા વીટલાઈ સંસાર સુખનો વીચાર લગભગ ભુલીજ ગયેલા તે ખાવંદે મોકલેલો જવાબ ફક્ટ છે; પણ શાએરી સીફત અને સરાહગાતનાં જહવેરોમાં મઢાયેલી લગભગ હડીસો બેતોના જુમલાનુ તે એવું તો એક રંગીલું લખાણ બન્યું છે, કે તે ઉરાસાપરી ને વારંવાર વંચાઇ, વાંચનારની યાદદાસ્ત ઉપર પોતાનો કાએમ કાબુ પકડી બેસે છે! કડવી ફર્યાદનો ઠપકો આપતી તે અબલા, જુદાઇમા નીકલી ગયેલા લાંબા વખતનો ખ્યાલ આપતાં, બેજાર થઇને લખે છે કેઃ—

"* * * * * *
પણ એક તાહરો વાએદોબી સાચો નથી,
જુઠીજ તાહરી વાત જેવો દાગો નથી.
મોહસંમ પર મોહસંમ કુલ નીકલી ગઇઓ,
નવી આગની કીસતીઓ જુની થઇઓ.
સમુદરની ગદેરો ઘસાઇ ગઇઓ,
કુલ મુંબઇની ગલીચી સફાઇ થઇઓ.
દુધ ધાવતી બેટીઓ મવારનાર થઇ,
જવાંનો ને જણુતીઓ મરનાર થઇ.
પણ તાહરા મેલાપનો નહી આયો જોગ,
શું કરમની કહાંની, રે શું માહરા ભોગ!
જલું માહરૂં જીવતર, રે જીવતર જલું,
નહી લેતે જગમાં જનમ તોજ ભલું!

કે આ બુરા સંતાપથી બરતે નહી હું,
બેવફા નરને બસ પડતે નહી હું.
* * * * * *"

એથી વધુ લખવાની હવે કસી જરૂર નથી. "ગંજનામુ" પોતેજ પોતાની ખુબસુરતી ભરી ખુબીઓથી એવો એક દરજ્જો પકડી બેઠું છે; કોઇનીબી સરસાઈ તો શું પણ કોઈની હરીફાઇ વીનાંબી અલગ અને એખલાં રહેલાં આ પુસ્તકે એવી તો નામના અને વાખવાખી મેલવી છે; મોઘી કીમતની તેની ત્રણ-ત્રણ આવૃતીઓના જાગેલા ખપે તેના લખનારની શાએરી શક્તીની આલમ તરફની કદરસનાશી એવી તો પુરેપુરી સાબેત કરી આપીછે, કે તેની સીફતમા એક બોલબી માહરી-તરફનો બોલવાની હવે જગા રહી નથી.

પેહલવેહેલું તે બાહેર પડવા પછી તો કંઈક વરશોની લાંબી મુદત વહી ગઇ, અને તેટલા અરસામા તેની માંગણીનાં તેમજ તેની સ્તુતીનાં એટલાં તો પત્રો મનસુખને મલ્યાં કે ફકટ તેમનોજ સંગ્રહ એક દલદાર પુસ્તક બનાવે. તે સઘલાં સાચવવાનીબી કોઇએ પરવા રાખી નથી.

તે વેળાના બીજા પ્રખ્યાત કવીઓ અને લખનારાઓબી, "ગંજનામાં"નાં આ લખાંણોમા એક ખરેખરી વીચીત્ર કવીશક્તીનો પુરાવો મલેલો જોઇ, સાફ મનથી અને હસદથી અલગ રહેલાં હૈડાંથી, તેના કાબેલ કર્તાને પોતાની હરખભરી શાબાસીના સખુણો કહી સંભલાવાને ચુકયા નહી. વીરૂધ મતવાલાઓને પોતાનો વીરોધ ભુલવાની, અને અદેખા હરીફોને પોતાની અદેખાઈના ઉભરા છુપાવી આ ફતેહમંદ હમનબર્દને પોતાનો સરનશીન લેખવાની એ ગ્રંથે ફરજ પાડી. 'લંગડાં' કુટુંબને અને 'મનસુખ' નાંમને મશહુર કીધું તે એ ગ્રંથે. પાછલાં લખાંણો પંકાયાં તે એના પ્રતાપે. પાછલી કીર્તીનો કોટ ઉઠયો તે એના પાયાપર. મનસુખી કલમે જે તમામ કારકીર્દીમા ડંકો વગાડયો તે એની કુમકપર.

પેલો કાબેલ પણ કમનસીબ કવી રૂસતમ ઈરાંની, તનોજાંનથી ફીદા બન્યો મનસુખપર તે એજ નામીચી કેતાબના અભ્યાસ પછી.

અજાયેબ જેવા એક જોસ્સાથી ઉસકેરાઈ, ૧૮૯૨નાં એક ખાંગી કાગલના એક ભાગમાં રૂસતમે જે આવભાવ દેખાડયો તે એમ—

"પરખેઆત તેમજ ખુદરતી શકતીના માહ શાહેર "મનસુખ,"

આ ચીઠી સાથ ભરૂચના કવીનાં ચોપાંનીઆં તમો હજુર મોકલીઆં છે. તે સાથ એક ગજલ તમારી હજુર ચીઠી લખતાં જોસ્સો ઉતપંન થયાથી લખી મોકલી છે. તે નીરજીવ ભેટ કબુલવી. કેમકે એક જમાનાના ફીલસુફની આ કેહેવત મશહુર છે કે જેઓ માહ મોટા વીદવાન ને ખુદરતી લખનારા છે તેઓ અરસપરસ એક બીજાની તારીફ કરે છે, પણુ જાહેલો ને થોડીજ શકતીના સરવેને ધીક્કારી ફુકરાઇ બોલે છે કે હમોજ સરસ.

ગજલ.

રે ખુદરતી મનશકતીના પરકાશીત ચંદર.—
તુંજ જુબાંનીના એશકનો આતશ તો રોશન
દરમેઆંને આલમ અચરતીની અસર.—
ઘોરમાના 'ફીરદોસી! ઉઠ, ચલાવ 'હાફેજ! સરોદ,
તમ સંફના સીપાહબાજનો જનમ આ જગ અંદર.—
જમાના તાઉસ વજાડ, દરખત તું બુલબુલ નચાવ,
કે ગુલાબ રંગની બાગનું ફરી ખીલીઉં છે નગર.—
રે જુની જીંદગાનીના અંતને લગાવ કીલીદ,
કે રહે જમાનાના તલગ 'મનસુખી' ખુશબો તર.—

* * * * * *—લા૦ તમારો સેવક **રૂસતમ ઇરાનીનો સલામ.**"

એક ઘણુજ ખુબસુરત ચેહેરો, ઉંડી તેજસ્વી આંખો, ઘટ વાંકદાર ભવાં, લાંબી પોહોલી દાઢી, ગરદન ઉપરનાં વલદાર જુલફ, પેહેલવાંની કદ અને ઉંચા દમામી દેખાવના આ કાબેલ ઈરાંની કવી,—આ અચ્છા લેખકની સુરત માહરી આંખોમાંથી કદીબી દુર થનાર નથી. એક વેળાના માહરા મેહેરબાન, વાહલા, બુઝર્ગ દોસ્ત! તાહરી ખાલેસ દોસ્તીના ટેકા સાથ, તાહરી પ્રીતભરી ઉલટની કુમકપર, સારી સલાહ આપતી તાહરી સોહબતમા, જાહેર લખાણુની માહરી જીંદગીનો જે ટુક વખત મેં ગુજાર્યો, અને તેમાં જે અપાર સુખ મેં ભોગવ્યું,—તે હું ભુલું, તુંને ભુલું, તાહરી મીત્રાઈને

ભુલું, તે અગાઉ ખુદ માહરી જીંદગીજ ભુલું તો ભલું! તેં ઘણું ઉપજાવ્યું-ઘણું બનાવ્યું-ઘણું લખ્યું. એટલું, કે તેના થોડા ભાગથીબી મોટા ગ્રંથો બને! તોપણ તું જણાયો નહી, તું વખણાયો નહી. થોડોવાર ખીલતો રહી સઘલાનુ ધ્યાણ ખેંચ્યા બાદ તું છુપાયો, તે છુપાયોજ. તકદીરના તુટેલા-માહરા અસીલ-માહરા ખાનદાંની મીત્ર! તાહરી તમામ કાબેલીઅત તાહરૂં કીસમત ખોલી શકી નહી; અને લાખોની દોલતથી પારકા હાતે લુટાઇ, એક અસુખી જઇફીની જીંદગી ગુજારી, બેકદર આલમથી જશ કે કદરદાંનીનો સેજબી નતીજો મેલવવા વીનાં, એકાંત અને અનજાણ્યો તું તાહરી સેવટની આરામગાહે પુગ્યો! નમશકાર માહરાં જીગરના તુંને સદા ત્યાં પોંહચો, માહરા નેકદીલ દોસ્ત!

"ગંજનામાં"ની ઉલટભરી માંગણી થતી દેખાડનારાં જે કાગલો આવતાં રહ્યાં તે સઘલાં આ નીચલા નમુનાની ઢપનાં:—

"ભાઈ સાહેબ મનચેરજી શાપુરજી,

જત તમારાં કીમતી પુશતક "ગંજનામાં"ની નકલ કેથેબી મુંબઇમાં વેચાતી મલતી હોએ હેવુ મહને માલમ પડતું નથી. ખબર કાહાડવા ઉપરથી મેં હેવું સાંભલીઉં છે કે તમારી સોડે એ નાદર પુશતકની કેટલીએક નકલો ફાલતુ રહી છે તે ઉપરથી એક નકલ આએ માણુસ સોડે મહને પોંહોંચતી કરશો તો મોહોતો ઉપકાર થાશે.

અતીઆર સુધી એક મીતરની કુરપાથી "ગંજનામાં"નો ઉપીઓગ હુ કરી શકયો હતો પણ હવડે તે મીતરે પોતાની અગતને લીધે તે પાછુ લીધુ છે અને તેથી કરીને "ગંજનામાં" સરખાં કીમતી પુશતકનો હભીઆસ (જે સેજસાજ હુ ચલાવતો હતો) ચાલતો નથી એટલા વાસ્તે જો એક નકલની મેહેરબાંની કરશો તો હેશાંણ થાશે. તે પુશતકનો ભાવ શો છે તે લખી જણાવવાની તજદી લેજોજી અને તે નાંણાં હુ પેહેલી જોગવાઇએ મોકલાવીશ તે જાણુજોજી. એજ અરજ.

લા૦ સેવક,

કેખશરૂ નવરોજી કાબરા.

જામે જમશેદ આફીસ,

મુબાઇની તારીખ ૧૫ મી જાનેવારે ૧૮૬૧."

એજ પુસતકને લગતું જે છેલ્લામાં છેલ્લુ લખાણુ મને મલ્યું તેનો ઉતારો જો હું નહીં કરૂં તો આ બાબદ અપુર્ણ રહેલી કેહેવાય. ખરશેદજી બમનજી ફ્રામરોજ નામના એક જુના નોસારીવાસી આથોરનાન લખનાર, જેમનાં જુદાં જુદાં વર્તમાનપત્રો મધેનાં, તેમજ વાર્તાનાં નાટકના અને કવીતા ઈ૦નાં લખાણો આપણને સારી રીતે જાણીતાં છે તેવણ, નોસારીથી થોડુંકપર લખેલાં, માયાલુ લાગણી ભર્યાં, એક કાગલમાં મને જણાવે છે કે:-

"તેમનાં (મનસુખનાં) જન્મ ચરીત્રમા એક નોધી લેવા જોગ વાત છે કે મરહુમ એક ગરીબ અને ગામડયા પીતાના પુત્ર હતા. તેમના પીતા મરહુમ શાપુરજી લંગડાને મેં બચપણમાં નજરે જોયેલા હતા, જેઓ જાતે કદાવર, ગંજાવર બદનના, અને પેહેલવાની હીમતના હતા; ગામડયા સઇ કાલી પાગડી પેહેરતા, અને "વેહુલવાન"નો ધંધો કરતા હતા. * * * * મરહુમ મનસુખનાં લખાંણો તથા કવીતાઓનો હું બચપણથી ચાહનાર, બલકે આશક હતો. તેમના આચાર વીચારપર હું હમેશ ફીદા રેહેતો આવ્યો છું. * * * * * "ગંજનામું" મારા વીચાર પ્રમાણે ખરેખર આ જમાનાનુ એક ગુજરાતી શાહનામું છે. એ તેજ યાદગાર કેતાબ છે કે જે બચપણમાં કવીતાનાં પેહેલવેહેલાં પુસ્તક દાખલ હું પ્યારથી વાંચતો અને મોઢે રાખતો હતો. * * * * માહરી ખુદરતી વલણ બચપણથી કવીતા જોડવા તરફ હતી, અને તે વલણને ગતી મરહુમ મનસુખનાં ગંજનામાંથી મલી હતી. * * *

"તે વેળા અમારા નવસારી કસબામા કન્યા કેલવણીનુ નામ ન હતું. માત્ર અરધોક ડજંન પારસી ઓઓ પોતાને ઘેરે કુટુંબી મરદોથી ફકત લખવા વાંચવાનુ જાણતી. તેણીઓનુ ખાસ વાંચણ આપણાં અસલી નામાંઓનુંજ હતું, અને જે ભક્તીભાવથી તેણીઓ તે નામાં વાંચતી તેવાજ ભક્તીભાવથી "ગંજનામું" પણ વાંચતી. રાત્રે તેણીઓ મોહલાનાં એકાદ ઘરના ઓટલાપર, દીવીપર એડીયાંનો દીવો મુકી, ટોલું વલીને કસ્તીનો ધંધો કરતી, અને તેઓ

વર્ગે જે બાંનુ વાંચવા શીખેલી હોય તે ખુશ હલકે તાહાકો કાઢીને નામું વાંચતી, બાકીની તે સાંભલતી હતી."¹

"ગંજનામુ" એમ બીજી વેલા બાહેર પડવાનો હીંગામ આપણને ૧૮૬૩ નાં વરસની આખેરી સુધી લાવી મેલેછે. ત્યાં સુધી તો સઘલું સાંત અને સફાઇદાર ચાલ્યું. મુંબઇની આબાદી અને મુંબઇની ચઢતી ધીમે પણ મજબુત પગલે એકસરખી આગલ વધતી ગઇ. સાચી નઇયેતનો કારભાર અને સાપ્ દયાનતનો વેપાર એવાં તો સ્થીરપણાંથી ચાલુ રહ્યો કે તેમા આબાદી અને લાભ સીવાય બીજું કસુંબી પરીણામ નીપજવાનો સેજબી સંભવ રેહ નહી. થોડા લાભનાં પણ વગર જોખમનાં કામકાજોથી વેપારીઓનાં દીલ ખુશ અને રોજગારીઓનાં મનો મઘન રેહેવા લાગ્યાં. લોભની બળા સદા દુર અને સંતોશનુ સુખ સદા હાજર જણાયું.

પણ પછી એક આફ્ત ઉલટી.

૧૮૬૪-૬૫ નાં વરશોમાં લોભના પવને, અને લાલચના વંટોલીઆએ ખાનાંખરાબીનો એક જબરદસ્ત મોજો ઉપજાવી એવું તો એક ભયંકર તોફાંન ફેલાવ્યું કે તેથી મુંબઇના વેપારનો અને દોલતનો કીલ્લો તેના પાયાવેરથી ધુજી નબલો અને નીરાધાર બની રહ્યો.

શું બન્યું, અને તે કેમ થવા પામ્યું, તેની કોઈને સુધબી રહી નહી. જે થયું તે એટલું તો અચબુચ, એટલું તો ઉતાવલું, એટલું તો અંદીઠ, કે ભલી ભલી ચાલાક આંખો, ભલી ભલી તેજી અક્કલો, ભલી ભલી બલવંત બુધીઓ, આંધલી સુસ્ત અને સુહની બની ગઈ.

શેર ને સટાબાજી

ની લાલચે, એક પાપી અને પલીદ હવસની મીસાલ, ગરીબ ને ગની, નાધલાં ને મોટાં, હલકાં ને ઉચાં સઘલાંનાં મન ઉપર એક કાતેલ કબજો ધર્યો. એવા એક ભયંકર નીશામાં સઘલાં પડયાં, કે ખુવારીના છેલ્લા કડાકાએ તેઓને જાગૃત કીધાં ત્યાં સુધી તેઓને ખબરબી ના રહી કે સત્યાનાશના કેવા ઉંડા ખાડામા તેઓએ પોતાની દોલત અને હોરમતની ડુબાડુબ કીધીછે.

એવા આંધલા લોભ-એવી દેવાંની સટાબાજીનુ પરીણાંમ એ આવ્યું કે અંતે-"મનોં પૂર્યાં અને એકીનો બગડયાં. દયાનત લુટાઈ અને બેઆનત ફેલાઇ. મરવતની યાદ અને ઇજતની દાદ રહી નહી. લોભનો જોશ હર જીગરમાં ઉડતો અને પાપનો પોહોર હર ઘરમા હીલતો દીશ્યો. દીનદારી અને દાદારીની રીતો દતાઈ બેદીની અને બદકારી ચોતરફ ખીલતી બની. ભારબોજ ભરંમ કરંમ ને શરમ ભાગીને ભશંમ થઇ પડી. લોકોની બદ દયાનત ને ભુંડી લાલચ ને ગરૂરીથી તે દાદારનો કેહેર આ શેહેરપર ઉતર્યો. એથી બન્યું એમ કે ભલાંભલાં ખાનદાનવાલાઓ અને સેંહકડો વરશોની પેહેડીવાલાઓ જડમેખથી ઉખડાઇ ગયા. એ અપકીર્તી અને બદબખ્તીની નોધ આ ટાપુની તવારીખના સપ્રા ઉપર નોધાએલી રેહેશે, અને એ ટાપુનુ ફીસીઆરીખોરૂં નામ, અને તેના જરદારોનો જુઠો દમામ હીનપસ્તીના દરીઆવમા ગરકાવ, અને નામોશીનાં અંધારાંનો આશનાવ થએલો ગણાશે."

મુંબઇમા હાલ થોડાક એવાબી હશે કે જેઓને પચાસ વરશો અગાઉ થયેલી મુંબઇની એ ખાનાંખરાબીની કસીબી ખબર હોય નહી; ઘણાએક એવા હશે કે જેઓ તેની માહીતી ઘણીજ ઝાંખી અને ઘણીજ જુજ ધરાવે; તેમ થોડાક એવાબી હશે કે જેમનાં જઇફ જીગરપર તે બદબખ્તીનાં વરશોની ખુવારીનો જખમ હજી ઉઘાડો અને હજી તાજો હોય.

સટાબાજીનો એ મોજો અંચીતો એટલો કેમ ઉછર્યો; ફરેબી ફીનાન્સો, ટરકટી બેંકો, અને 'એસોસીએશન' તેમજ 'કૉરપોરેશન'નાં ભપકાભરેલાં નામો ધરાવતાં લુચાઇ અને ખ્યાનતનાં ખાતાંઓ તીડોનાં ટોલાંની મીસાલ કેમ ઉલટયાં; અને મધ્યમ તેમજ ગરીબ સ્થીતીનાં હજારો ખાસોઆમ લોકોએ તે ખાતાંઓએ બીછાવેલી જાલોમા યાહોમ કુદી પડી, પોતાના સકમાઇના પૈશાંની-પોતાની પ્યારી હોરમતની-પોતાની અને પોતાની આલઓલાદની રાહત અને સંપજની બરબાદી કરવાનું જોતી આંખોનું આંધલાપણું કેમ દેખાડયું, તેનો તો ખુલાસો કે ખ્યાલબી જો તેજ વખતે કોઇને ન મળ્યો, તો હવે કયાંથી મળે?

પણ તેની શરૂઆતની તવારીખનો હેવાલ દેખાડે છે કે ૧૮૬૨–૬૩ની અમેરીકાની એક માહોમાંહેની ખુનખાર લડાઇ મુંબઇપરની આ આફતનુ એક આડકતરૂં કારણ બની. એ માહો-માહેના ફેસાદથી–બળવાથી આ લડાઇથી, જે ભયંકર રમખાન ત્યાં ચાલી રહયું તેથી એ દેશના વેપારને મોટી હાંણી પુગી, અને ત્યાંથી પાંત્રીસ લાખ ગાંસડી રૂઉના મોટા જથાની જે વાર્શીક નીકાસ ઇંગલંડ તરફ થતી હતી તે સમુલગી બંધ પડી; તેથી મુંબઇના વેપારીઓ જેઓનો રૂઉ ત્યાં હતો તેઓને તથા પછીથી જેઓએ ત્યાં મોકલ્યો તેઓને મોટા તડાકા પડયા. એટલે બીજાઓનેબી મોટા પાયાપર વેપારો કરવાની ઉલટ થઈ. તેમાં તેઓબી ધારવા કરતાંબી વધારે ફ્રાવ્યા.

ફ્રાવ્યા તેબી લાગત બેથી વધુ વરશો તુલીક. એટલે ગંજાવર પાયાપર વેપલા ચલાવાનો જોશ ખુદરતીજ રીતે ઉતપંત થયો. એવી એક ટક્‌ જો મલી તો તેનો પુરેપુરોજ લાભ લઈ લેવા ઉપર સઘળાઓએ કમર બાંધી.

પણ ગંજાવર વેપાર ચલાવા માટે ગંજાવર નાણાંની થાપણ જોઇએ. એટલે તે થાપણ ઉભી કરવાને નવી નવી તદબીરો ઉભી કરવી પડી. અમેરીકામાં લડાઈની ખુનામરકી હમેશ ચાલુ રેહેશે એવી એક મુર્ખાઇ ભરી ધારણા સઘળા ધરી બેઠા. અને તેવી એક બેહુદી ગણત્રીનુ ઘેલાપણુંજ કોઇની સમજમાં ખોલલું નહી આવી શકયું, એજ તે આવી પડનારી આફતની ખોલ્લી નીશાંની તરીકે હમણાં આપણે જોઇયે છીએ.

લડાઈ ચાલુ રેહવાનો વીચાર જડ ઘાલી બેઠો, એટલે મુંબઇનાં ગરીબ તથા વચલે વાઘેનાં લોકોની ખરાબી અને પાએ-માલીની કંઇબી દરકાર કીધા વીનાં, વેપારીઓ કે સટોલીઆઓ, જે કહો તેઓએ, નવી નવી તરેહનાં લેણદેણો અને દગાભરી રીતના સટાઓની ઉથલપાથલ રાતદીન ચાલુ રાખી. રૂઉનો વેપાર, જે વીશે હું એશારો કરી ગયો, તે હવે સટામાં બદલાયો. પણ તે ત્યાંજ અતકયો નહી. રૂઉ તેમનાં લોભી મંનને સંતોશ આપવાને પુરતો થયો નહી, તેથી તેઓ કાપડ પર પડયા. કાપડથી નહી

ઘરાઇ, જમીન અને ઘરબારોનાં સટા ચલાવ્યા, અને તે અંતે અંન અને ખોરાકીની ચીજો સુધી લંબાવાને ચુકયા નહી!

પણ લોભ હજી હ્યાંજ ઠાબ્યો નહી,-સટાબાજીનું આ દીવાંનાપણું હજી હ્યાંજ અતકયું નહી. તેને હવે એવો એક આકાર લીધો કે જે આકારેજ અંતે મુંબઇનો નાશ કરનારો એક સેવટનો અને સદાનો ફટકો માર્યો. 'બેંકો' અને 'ફીનાન્સો'નાં ખાતાંઓ નહી, પણ એક રીતના ખાડાઓજ, એવા બરપા થયા, કે જેઓએ માત્ર એક તરેહની ભયંકર બળાઓ, આફતો અને ખરાબીઓમાં મુંબઇની દોલત અને ઇઝતને હોમાવી, અને હજારો આસાંમીઓને કંગાલીઅત અને હારમારીમા ગીરફ્તાર બનાવ્યા.

૧૮૬૪ થી ૬૫ ની જુલાઇના બાર મહીનાંની મુદતમાંજ ખરેખરી પાએમાલીનો પરપોટો પોખાયોબી અને ફુટોબી! મુંબઇનો રંગ, મુંબઇની રોનક, મુંબઇની રચના એ સઘલાંમાં એટલી ટુક મુદતમાં એવા તો ગંજાવર ફેરફારો થવા પામ્યા કે તે જોઇ વાડી છાતીના ભલા ભલા વહીવતદારોબી, બે ઘડી ત્રાસ પામી ગયા. ગોયા ફરતા કાચનાં એક જાદુઇ ફાનસે નજરબંધીનો એક નાચ દેખાડયો. જ્યાં જુવો ત્યાં લક્ષમીના ઉછાલા, દોલતનો દમામ, પૈશાની તકોબરી, એશકઇ, અનીતી, પ્રીશીયારી, અને ફુકરાજીના દેખાવો દીશ્યા. ધનના ઢગમાં જાણે આ ગુલજાર નગરી લોટી!

પછી થોડીજ મુદતમા અમેરીકાની લડાઇનુ સેવટ આવ્યું, એટલે પરપોટો ફુટો. સઘલી ધામધુમો અને સઘલા દમામ ને ભુમો નાબુદ થઇ ચોતરફ ભયંકર આગના જેવો ગભરાત અને કકલાટ મચી રહ્યો. નાણુંની ભીડ શરૂ થઇ, વીસવાસ ઉઠી ગયો, શેરોના ભાવો ગલી ગયા, તરકટો જાહેર થયાં, પેહેલલી જુલાઇનો વાએદો પાકો, અને મુંબઇની માહભારત મોટાઇ ને મગરૂરીનો કોટ એક ભયાંનક કડાકા સમેત ભોંય બરોબર થયો! ભલીભલી આસાંમીઓએ દીવાલાં કાહડયાં, હોરમત ગુમાવી, બાપદાદાનાં નામો ડુબાડયાં, 'વૉરંટે' પકડાયા, બેડીએ બંધાયા, બંદીખાને પુરાયા, દેશબાહાર ગયા, ન્યાતબાહાર થયા!

ખાતાંઓ અને ખાડાઓ જે ઉભા થયા તેમની ટીપ આપું, તેઓએ કરવા ધારેલાં મોટાં-મોટાં પરાક્રમોની વીગત આપું, ગંજાવર ફરેબી લાલચોથી ભરપુર તેમનાં 'પ્રાસપેકટસો'નાં લખાણોપર જો સરેહ કરૂં, તેઓએ માગેલી અને તેઓની ભરાએલી થાપણોના આંકડા મુકુ, અને તેમનાં રાક્ષસી દીવાલાંમાં સંડોવાયેલી રકમોની પુરેપુરી ગણત્રી કરૂં તો તેનુ એક ત્રાસદાએક લખાંણુ બને. તે હ્યાં માહરે કરવું નથી. તે તો બીજી ખરેખરી લાયેક કલમે થઇ ચુકયું છે, કે જે વીશે હવે પછી કાંઇ વધુ ખબર મલશે.

પણુ તે સઘલાંની ટુક વીગત એટલીજ છે કે, બે વરશોના અરસામાં પ્રકટ બેંકો અને ફીનાન્સો જે નીકલી તેમની સંખ્યા પાંસટની થવા ગઇ; તેમની ઉભી કીધેલી થાપણ બેતાલીસ કરોડ રૂપ્યા સુધી પુગી. અલબત, તે સઘલી ભરાઇ તો નહીજ, તોપણુ તે માહેલી ઘણીખરીનાં દીવાલાં પછી જે રકમની ખરેખરી નુકસાંનીનો અડસતો નીકલ્યો તે ચઉદ કરોડ રૂપીઆ સુધીની થવા ગઇ.

એ પછે 'રેકલેમેશન કમપની'ના ખરાબી ભર્યા ખાડાઓનાં જે ખાતાં નીકલ્યાં તે આપણે તપાશીયે. એ જાતના છ ખાડા નીકલ્યા, જુદાં જુદાં રંગીલાં નામો ટલે. એ માહેલા ઘણાએકની ખરાબી અને ભાગતુટથી જે નુકસાંની થઇ તે બાર કરોડથી વધુ.

બીજાં નાઘલાં અને નજીવાં ગણાએલાં ખાતાંઓના ભાગવાથી જે ખોટ ગઇ તે ત્રણુ કરોડ સુધીની ગણાઈ. અને એ રીતે, આ ત્રણુ તરેહની ભયાનક બલાઓએ મુંબઇને જે અદ્ભૂતકારક ખોટમા હોમાવ્યું તે ખોટનો અડસતો ઓગણત્રીસ કરોડ રૂપ્યાનો ગણાયો!

પણુ ખરાબી એટલાંમાંજ અટકી નહી. ઉપલી નુકસાંની તો જાહેર મોટા યા નાઘલાં ખાતાંઓથી નીપજી. પણુ ખાંગી આસાંમીઓએ જે દીવાલાં-જે મોટી રકમોનાં દીવાલાં-ફુકયાં તે સઘલી રીતે ગણુતાં લગભગ ઓગણીસ કરોડ રૂપ્યાનાં; અને બાકીનાં નાઘલી રકમનાં દીવાલાં કુલે સાતથી આઠ કરોડનાં અંકાયાં. તેમાંથી માંગનારાઓને જે થોડાક ટકાના હીસાબેની વેહેંચણી મલી તે

સઘલી ધ્યાણમાં લેતાં કુલે ખરી જે ખોટમાં મુંબઇ ઉતર્યું તે લગભગ વીસ કરોડ 'રૂપ્યાની. અને એ સઘલી ગણત્રીઓનો સામટો સરવાલો લેતાં, તે વેલાનું નાઘલું અને થોડી વસ્તીનુ મુંબઇ પચાસ કરોડ રૂપ્યાના જે સત્યાનાશ ટલે દબાયું તેમાથી છુટકારો પામતા તેને કંઈક દાહેકા લાગ્યા.

જ્યારે પાએમાલી અને ભાગાભાગી ચોતરપૂ ફેલાઇ, જ્યારે ભયંકર દીવાલાંઓના બનાવો રોજીંદા અને સાધારણ થઇ પડયા, ત્યારે ૧૮૬૫)માં બંધાએલા ધારાનો અઠાવીસમો 'આકટ' એવી રીતે ગોઠવાયો કે જે સખસનુ દેવું પાંચ લાખ અથવા તેથી વધુ રૂપ્યાની રકમનુ હોય તેજ સખસ એ ધારાનો આસરો લઇ 'ટ્રસ્ટી'ઓ કરી શકે; અગર જો પાંચ લાખ રૂપ્યાની રકમની અંદરનુ દેવું હોય તો તેને એ ધારાનો આસરો મલે નહી, અને તેને 'ઇનસોલવંટ' કોર્ટમાં જવુંજ પડે.

આતો એ નાશવંત વખતની માત્ર એક ઉપરટપકેની ટુક ને અપુર્ણ તવારીખ છે. સારી મુંબઇને ઉલટ-પુલટ કરનારા આ મોટા બનાવને તો સંપુર્ણ તવારીખનાં એક મોટાં પુસતકનીજ અગત હતી, અને તે અગત મનસુખે પુરી પાડી.

૧૮૬૭ નાં વરશની શરૂઆતમાંજ 'એજયુકેશન સોસાએટી'નાં છાપાખાનાંમાંથી,

મનસુખે લખેલી "શેર ને સટાબાજી"

નામની, શુંદર છપાઈની અને શુંદર બાંધણીની, એક કેતાબ બાહર પડી કે જેને તુરતજ એક અસાધારણ ચર્ચા અને ચકચારને જનમ આપ્યો.

અને તેમ બને તેમા નવાઇ જેવુંબી કોઇને દીસ્યું નહી. એક એવી કીસમનાં લખાંણથી આ પુસ્તક ભરાયેલું હતું, કે તેવું આગલ કદી વાંચવામા આવ્યું હોય એમ મુંબઇમાં કોઇ યાદ કરી શકયું નહી.

પરપોટા કમપનીઓના, અને અપ્રમાણીક પેહેડીઓના જે ટરકટીઆ કારોબારે અને લુચાઇ ભર્યાં દીવાલાંએ જે દુઃખભરી ખુવારીનો ફટકો મુંબઈનાં હજારો ભોલાં ભલાં પ્રમાણીક અને

ઇતબાર રાખતાં દીલનાં આસાંમીઓને માર્યો હતો, તે ફટકામાંથી મનસુખ પોતેબી બચી શકયા નહી. એવો, સખત, અને એવે કમબખ્ત ચોઘડીયે, તે ફટકો પડયો; તેમણી ગીરદેશીની તેને એવી એક અભાગની શરૂઆત કરી; કે તેનું સેવટ, ખુદ જીંદગીના સેવટ સુધીબી, આવી શકયું નહી!

અને તેનો ગમ હજી તો તાજોજ હતો ત્યારે, તેનો જખમ તેની અસલી ઉંડાઇમાજ હજી તો દુઝતોજ હતો ત્યારે, પોતાની કલમનો જે ઉપયોગ તેવણે કીધો તેને "શેર ને સટાબાજી"ની આ તેજી કેતાબનુ ફળ ઉપજાવ્યું. આકરા જોસ્સાથી, ઉસકેરાયેલા ઉભરાથી, દુખી દીલથી, સંતાપી મનથી; અપ્ફસોસની આહઃ સાથે, ગમના પોકાર સાથે; નીરાશીમા, નાચારીમા, અને નાઉમેદીમા ટવલટી આ કલમે નસરમાં જે લખાંણુ ઉપજાવ્યું તેની જોડી, તેની આગલનો યા પાછલનો વખતંબી, આ ગુજરાતી ઝબાંનમાં કદી મેલવી શકયો નહી!

નીર્ભયથી, વગર દરકારથી અને વગર ધાકથી લખાયેલો જે હેવાલ તેમાં આવ્યો; ભાશાના ઉમદા ભંડારે, એબારતના ઉંચા રસે, અલંકારનાં ઉતમ રૂપે જે સીંગાર તેને આપ્યો; શ્રીમંતોમા ખપનારાઓની બદકારીનાં, શેઠીઆઓમા ગણુતાઓની બેઈમાંનીનાં, મોટાં ખાતાંઓની લુચાઇનાં, અને નાધલી પેહેડીઓની ઠગાઇનાં જે ભોપાલાં તેમાં ખોલ્લાં પડયાં; 'નશીહતી વીચારો'માં પાંને પાંને ટીકા અને તાણુના જે કાતેલ બાંણો તેમાં છુટા; બેહાલીની દુઃખી યાદનો અને બેદાદીની કડવી ફરીઆદનો જે પોકાર તેમા ઉઠયો, તેના જોશે, જહનુંને, કેહેરે, ક્રોધે સઘલે ત્રાસ ફેલાવ્યો!

સઉથી વધારે વાંચવા લાએક ભાગ તો તે છે કે જેમાં આ સત્યાનાશી બનાવની વાતચીતમા એક પુટલાં અને એક પંડીતને મશગુલ રહેલાં દેખાડયાં છે; અને બીજી તેટલીજ અસરકારક બાબદ ખાંગી આસાંમીઓએ ચલાવેલી મોટી અને ખુવારી ભરી સટાબાજી વીશે લખેલા 'નસીહતી વીચારો'મા સમાઇછે. હીંદુ અને પારસી મલીને લગભગ ચોવીસ એવા સખસોનાં કામકાજોની ખબર લેવાઇ છે, અને તેની શરૂઆત બેરામજી હોરમજી કામાનાં

આસરે ત્રણ કરોડનાં દીવાલાંની બીનાંથી થઇ છે; કે જેના નાશવંત કારોબાર પર વીચાર આપતાં મનસુખે એવુંબી લખ્યું કે—"જેમ ઓશડજ જ્યારે દરદ ઉતપંત કરવાનો સબબ થાએ તયારે જાન અને તંનની ખરાબી શીવાએ બીજી કંઇબી ઉમેદ રેહુ નહી, તેમ પઇશાવાલા પોતેજ જ્યારે લોભની આગમાં હોમાવે અને ખરાબી ભરેલા વમલોમા ગોતાં મારે ત્યારે સાદાં દીલનાં ગરીબોને સલામતીનો આધાર કયાંથી મલે. મી૦ બેરામજી કામા ખરેખર મોટી દોલત અને મોટાં દીલનો ધણી હુતો, પણ માઠાં ભાએગે લોભનો જોશબી તેમાં નાધલો નહી હતો." ઇ.

પ્રેમચંદ રાએચંદ, આપણાં શેહેરનો એક જુનો ને જાણીતો રહીશ; વેપારી મંડલમાંનો અને સટાના બાઝારમાંનો એક પ્રખ્યાત આકાર; જે હુજીબી, એકજ સરખી તંદરોસ્તી અને એકજસરખી તેજી સાથે વેપારી કામકાજોની દોડધામ કરતો આપણી નજરે પડેછે, તેનેબી એક અતીઘણું રસીલાં બ્યાંનનું માન આ પુસ્તકમાં મલ્યું. તેનાં શરૂઆતનાં બયાંનમાં મનસુખે તેને—"આસરે ૪૫ વરસની ઉમરનો, કદે ટુકો, તેજી ચશંમનો, પોહોલાં કપાલનો, અને નબલા બાંધાનો" જણાવ્યો છે. તેવણે આગલ ચાલતાં તેને માટે લખ્યું કેઃ—

"પણ પાછલથી એ સુરતાબાજ દલાલ એવા હોશ અને એટલા જોશથી વેપારનાં કામમાં પડયો, કે રૂઉ તેમજ કાપડ સુતર અને બેંકોના શેરોનુ બજાર મોજા મારતા એક દરીઆવની મીસાલ કેટલીએક મુદત સુધી ઉછલતું અને છલછલતું રાખી—લખો રોકડા રૂપીંઆની ઉથલપાથલ દરરોજ હુવામાં ઉડતી, અને કરોડો રૂપીઆના વાએદાના સોદાઓની કીસ્તીઓ પુર જોશથી રેલતી રાખી હુતી. * * * * પ્રેમચંદની એક વખત એટલી તો સતા ચાલતી હુતી કે અકસર બેંકો અને ફીનાનસોના કારોબારીઓબી તેના હોકમને માન આપતા અને તેની મસલહુત પર કુરબાન થતા હુતા. પ્રેમચંદના હાથના એક એશારાથી અને આંખના એક ચમકારાથી શેરોના ભાવોમાં મોટી વધઘટો, અને મતલબીઆઓનાં ગજવામાં ભારી બરકતો થતી હુતી. સેંકડો

દલાલો બજારમાં તેની પીઠે દોડતા, અને સેંકડો તેનાં દીદારનાં દરશણ કીજે ભટકતા હતા. લાલચુ વેપારીઓ તેના હોટનો એક સખુન સાંભલવાને, અને બેંકના ડાએરેકટરો તેની મરજીની વાતો બજાવાને ઈંતેજાર રેહેતા હતા. આપમતલબીઆ દેશીઓ હાથો જોડીને તેની ગાડીની પાછલ ભુખા કુતરાઓ પેઠે વલગતા હતા, અને ગરજાઉ યુરોપીઅનો બાએડીઓ બગલમા લઈને તેની વાડીએ શેરોની બખશેસ કીજે ટોપીઓ ઉતારતા હતા. શેઠીઆઓમાં ખપનારાઓ તેની મોહબતમા ગીરફતાર અને સાહુકારો તે સંગ કામ પાડવાને સદા ખાહેશદાર રેહતા હતા. એ સઘલી ગમતો દોલતની, અને એ સઘલી રમતો મતલબની હતી; અને એજ વખતે તે વાંણીઆનો દાહડો ગોયા સઉથી ચહડતી દસાએ પુગી ચુકેલો હતો, સબબ કે એ બાદ થોડીજ મુદતમા અમેરીકાની લડાઇનું સેવટ આવીઉં, તે વખતે એ સઘલી ધામધુમો અને સઘલા દમામો અને ભુમો નાબુદ થઇ ચોતરફ રોજે રસતાખેજ જેવો ઘભરાટ અને કકલાટ મચી રહ્યો હતો. જે પ્રેમચંદને એક વખત દોલતના વીર, અને મોરાદના પીર તરીકે પુંજેઓ હતો, જેનાં સખુંનથી પોતાનાં પેટની રોજી, અને જેના દીદારથી પોતાના જીવની ખુશી મેલવતા હતા, તેજ પ્રેમચંદને જીગરના ધીઃકારથી અને જબાંના ફીટકારથી હીણી-ચુહુલીએ કરી વાહરવાને-અને શુલીએ કરી ફાંસવાને તેના સાથીઓ વતીક તઈઆર થયા હતા. * * * * * જેમ જેમ ફીનાનસોના ફેસતાઓ અને બેંકોનાં ભોકારાંઓ જણાતાં અને અજવાલાંમાં આવતાં ગયાં-તેમ તેમ સટાબાજોની રમતનો અટ઼ાવ-અને નાણુંવતીઓનો બુરો દેખાવ થતો ગયો હતો. શીકસ્તેહાલી અને નામુરાદી તમામ જાતના શેરો ધરાવનારાઓમાં ફેલાઇ-અને પ્રેમચંદને તથા તેના જેવા બીજાઓને જે સખસો દીલથી ચાહતા હતા-અને વખાંણનાં ગીતોથી રીજવતા હતા, તેજ સખસો ગાલભરી લેઆનતથી અને ધીકારભરી બેઆંનતથી ખરડવા લાગા. ખરા માતબરો જ્યારે મુફલેસ થયા,-અને ખરા સાહુકારો જ્યારે શંકટથી પ્રાકા મારવા લાગા-ત્યારે પ્રેમચંદ કરોડપતીઓનોબી પતી ગણાતો હતો. ઇ૦"

એ પુસ્તકનાં બાહેર પાડવા સાથ જે ચરચાએ જનમ લીધો તે વીશે તો હું એશારો કરી ગયો. તે કેટલી મોટી હુશે તેનો ખ્યાલ એટલેથીજ આવશે કે તે બાબેનાં લખાણો તે વખતના છાપામાબી આવ્યા વીનાં રહ્યાં નહી. ખ્રીસ્તી મીશનરીઓની એક મંડલી તરફથી નીકલતાં અને પાદરીઓ ડાકટર વીલસન તેમજ વનજીભાઇ જેવાઓની કલમથી લખાતાં "દેશી મીતર" નામનાં એક ચોપાંનીઆંમાંબી એવું લખાએલું હું જોઉછું કે—"મનસુખની 'શેર ને સટાબાજી'ની કેતાબ બાબત કંઇ ઘણી ગડબડ થઈ ગએલી દેખાઇ હુતી. એ ઉપરથી દીલમાં ઇંતેજારી ઉઠી કે કંઇ પણ કરીને એ કીતાબની મુલાકાત લેવી. તુરત એના સફાઓપર હમારી નજર ફરવા લાગી ને તુરત એના મકસુદથી હમે વાકેફ થયા. એ બાબત હમારા દીલ સાથે પુછવા લાગેઆ કે આ પુસતક સંબંધી આટલો બધો ગોંગાટ થએઓ તે સા સબબથી હશે." જે સખસ એટલું લખી એ ચોપાંનીઉં 'શેર ને સટાબાજી'ની એક લાંબી ત્તપાસમા ઉતરે છે. અને સેવટે, સઘલી રીતની પોતાની પસંદગી જાહેર કરી, મોટાં માણસોની એઓ જાહેરમા લાવવામાંજ મનસુખે મોટી ચુક કીધી છે એવી ટકોર કરતાં લખેછે કેઃ—

"જે સખસ એ રીતે કરવાને બાહાર પડેઓછે તેને ઠપકાને ઠેકાણે મોટી સાબાશી આપવી સજાવાર છે. પણ હમે જાણીએછે કે જે સબબને લીધે મજકુર કેતાબ ઘણી અકારી થઇ પડી, જેને લીધે એની બાબદ મોટો ઘોંગાત થઇ પડેઓ—તે એ હશે કે, એ કીતાબમાં અતરેની વસતીમાના કેટલાએક મશહુર શેઠ સાહુકારોનાં નામો જાહેર કીધાં છે,—તેઓના ખવાસ, તેઓની ખાંમીઓ, ને ખસુસ તેઓના લોભને લીધે તેઓને ઠબકા દીધાછે, અને મીણું મારીઆંછે. હવે હીઆં અમારી સમજ પરમાણે મી૰ મનચેરજીએ ચુક કીધીછે. જાહેરાતમાં, દુનીઆંની સામા તેઓને ઉભા રાખીને તેઓનો મનસાફ કીધો, ને કુલે આલંમની સામે દંડીને તેઓને હીનપસ્તી લગારી, એ વાતમા એ ચંચલ લખનારે ભુલ ખાધીછે."

પણ સટાબાજીના દોરે જે નુકસાન મનસુખને પુગાડયું તેમાં કસીબી રીતનો ઘટાડો કરવામા તો આ કેતાબ કામ આવી નહી, પણ ઉલટો તેમાં વધારોજ કરી, આપનારો ભાગ તેને બજાવ્યો.

હીમત અને આપઅખત્યારી ભરેલું લખવું અને બોલવું કીયે દાહડે કોણુનુ પ્રાવીયુંછે કે આજે મનસુખનુ ફાવે?

ફફડેલા અને ચતકેલા, એવા બદખાહોનુ ટોલું એથી ઉભું થયું, કે જેમની તરફના આઝાબ અને હેરાનગતી આગલ તો પૈશાની ખુવારીનું દુખ બીસાદ વગરનુ ગણાયું. તેઓ ઘણુંખરા તો પૈશાવાલા અને લાગવગવાલા હતા એટલે તેઓ તરફની અનેક કારણો થતી સતાવણીએ મનસુખને તમામ જીંદગી સુધી ઘેરાએલા રાખ્યા; અને તેની કોઇને ખબરબી પડી શકી નહી. વરશો વહી ગયાં, વખતના વધારાએ સારાં મુંબઇને વધાર્યું અને સુધાર્યું; શેર સટાની પડતીમાંથીબી તે પાછું ઉઠયું અને આબાદ થતું ગયું; ખાનાંખરાબીનો તે વખત વીસરાઈ ગયેલી તવારીખના એક બનાવ જેવો થઈ પડયો; અને તોપણ, આ તાતાં લખાણુનો ચચરાટ નરમ પડી શકયો નહી. વારેઘડીએ એવા બનાવો બન્યા, એવી વાતો થઈ, એવી તકરારો ઉપજી કે જ્યારે ઘણુંએક દીલોમા આગલા કેહેર અને ક્રોધની એ અગની હજી પુકાતી અને હજી પજરતી માલમ પડી. ઘણીવેલા તે ગેરવાજબી તેમજ ગેરઇનસાફી કરનારી માલમ પડી. ઘણીવેલા અસલ લખાણુ સંબંધી ગેરસમજુતીનુ તે પરીણુંમ જણાયું. અને ઘણીવેલા લબાડ પુલવણી અને વેરભાવીક ઉસકેરણીથી તેનો શોળો ઉઠેલો સાબેત થયો!

એકજ તેનો દાખલો આપવો હું મુનાસેબ સમજું છું.

જે તકરાર ઉઠી તે પેલા જલદી ઉસકેરાતા સ્વભાવવાલા અને આકરા મીજાજવાલા શેઠયા મરહુમ બેહેરામજી જીજીભાઈ સાથે તેવણુના બંગલામા. માહરીબી ત્યાં હાજરી હોવાનો સંજોગ બન્યો. ખાંનાંની થોડોકવાર આગમચ એ બન્યું. શરૂઆતની વાત તો જમ વગરની થઈ, પછી કાંઈ તકરાર ઉઠતાં આકરા બેહેરામજીએ "મતલબની ચાપલુસી અને ખુસામત" કરવાનો આરોપ મનસુખપર મુકવાની નાહાંની વાપડી, અને તેના દાખલા તરીકે શેઠ દીનશા પીટીટને લગતું "શેર ને સટાબાજી"માં આવેલું તારીફ ભર્યું લખાણુ જણાવ્યું. પોતાનો ઉછલતો ગુસ્સો મુશકેલીથી કાબુમા રાખી મનસુખે તે આરોપનો ઇનકાર કરી ખુલાસો આપ્યો, બેહેરામજીએ

તે સ્વીકાર્યો નહી, અને વાત તો વધી. કમનસીબે તે વેલા બંગલામાંથી તે કેતાબબી મલી શકી નહી, અને ભાંજગડનો નીવેડોબી આવી શક્યો નહી. પણ મનસુખે પોતેજ અંતે ડાહપણ ભરેલી નાંખતી કરી વાતને ગંભીર રમખાંનમાં બદલાતી અટકાવી. જો કે પોતાને મલેલાં અપમાનથી બાકીનો સઘલો વખત તેવણ ઘણા ચુપ અને કેહેરમંદજ રહયા. ૧૮૮૧ નાં વરશની શરૂઆતમાજ આ બનાવ બનવાની મને ચોકસ યાદ છે.

પણ તકરારી બાબદનો ખુલાસો આપવાને, અને પોતાનુજ કહેલું ખરૂં પાડી આપવાને મનસુખે સેજબી વીલંબ લગાડયો નહી. બીજેજ દીવશે તેવણે "શેર ને સટાબાજી"નાં પુસ્તકની એક નકલ બેરાંમજી ઉપર મોકલી અને તે સાથે એવું એક લંબાણ કાગલ તેવણુપર લખ્યું, કે તેવું, ખોલ્લી હીમતનું અને સ્વતંત્ર ખુલાલાસાનું કાગલ તે શેઠે જવલેજ વાંચ્યું હશે. દલગીર છું કે તે આખું હયાં ઉતારી શકતો નથી. પણ તેના જે અગતના ભાંગો હતા તે નીચે મુજબઃ—

"વલી હમારી છપાવેલી ચોપડીમાં જેમ તમોને લગતા એહવાલ હેઠલ એ "નીતીમાંન અથવા નશીહતરૂપી વીચારો"ના સખુનો છે, તેમ દરએક બીજા ગરહસ્થ અને દરેક બીજી બાબદને વાસ્તેબી છે. અને શેઠ દીનસાજી પીતીતને લગતી બાબત હેઠલબી એવાજ સખુનો આવેલાછે, તે વાંચીને તમારી ખાતરજમાં કરજો, સબબ કે તમો તો એમ બોલો છેઓ કે દીનસાજીએતો લીશતમાં ચોપડી ભરી હતી તેથી તેવણુની તો હમોએ તારીફ્જ કરી છે, અને તમોએ નો લીશતમાં ચોપડી ભરી નહી હતી તેથી તમોને લગતા એહવાલમાં દપકા રોફી ટીકા કરી છે. પણ એવો તમારો વીચાર સદનતર ગલટ અને નાપાએદાર હતો અને છે, વાસતે ધીરજથી વાંચી તમારી ભુલ સુધારજોજી. * * * એ ચોપડીનું લીસટ હમોએ કરીઉંજ નહી હતું, અને તે પરવરદેગારે તેવું લીસટ કરવાની અથવા કોઇબી સખસ યા સખસો પાસે તે મોકલવાની હાલતમા હમોને રાખેઆજ નહી હતા તે સત જાણજો. કડાચ તમારા આકલા સભાવનો લાભ લઇને, કોઇ બુરી મનસનીના શખસોએ કસરેવજી ભરેલી સમજ તમારાં મનમાં ઉતારી હોએ તેવુંબી બની શકે તેવું છે. હમો તમોને ખોલલી રીતે જણાવીએ છઇએ કે પેલી કોઇ પારસી.અસતરી * * * * અથવા

તેનાં કોઇબી લાગતાવલગતાઓને હમો ઓલખતા નથી અથવા કોઇ દાહડેબી હમોએ જોએલાજ નથી, કે એક સખુન વતીકબી તેઓથી તમારી બાબદને લગતો હમોએ સાંભલેઓ નથી, તે હમો ફરીને કહીએ છઇએ કે તમો સત તરીકે માંનજો.

છેલ્લે, તમોએ ચોકસજ જાણવું કે કોઇબી શખસો વીશે હમોએ હમારી ખરી સમજથી અને ખરાં અંતકરણથી ખરૂં સમજીને કંઇબી પરકારનું લખાણ કરીઉં હોએ, અને તે લખાણ ગમે એટલુંબી સખત અથવા કડવું અથવા ટપકા ભરેલું અથવા મોહબત ને મીઠાશ ભરેલું હોએ-તો, કોઇબી રીતની આ દુનીઆંની સવારથને ખાતર અથવા ડર દેહશતને ખાતર હમો કબુલી નામુકર જાઇએ નહી, અને તે કબુલ રાખવાને એક રતીભારનીબી પરવા કોઇબી શખસની કરીએજ નહી. એ ખવાસ તે પરવરદેગારે હમોને બખશેલો છે, અને ગીઆં લગભગ ૩૪) વરશનાં હમારાં જાહેર લખાણમાં હમોએ તે ખુદરતી ખવાસ પુર હીમત અને કીરતી સાથે સાચવી રાખેલો છે, અને હમારી જીંદગીના છેડા સુધી તે ખવાસ હમારાંમાં કાએમ રાખવાને તે કીરતાર મેહેરબાંની ભરેલી નજર રાખશે તો તેથી હમો હરગેજ થઇને દલગીર નહી થઇશું, પણ ઓર મગરૂર અને મધન રહીશું. એ ચોપડી મધેનાં લખાણ બાબે કંઇબી વધુ ખોલાસો હમો પાસ તમો માંગશો તો મોટી ખુશી સાથે તે આપવાને હમો તઇઆર છઇએ."

સટાનો પવન જ્યારે પુર તોફાની જોર સાથે ફુકતો હતો ત્યારે જે એક આગેવાન અંગ્રેજ ઘ્રસ્ત સાથ મનસુખને તકરાર ઉઠી તે તે વેળાની પ્રખ્યાત યાને દમામપર ધીકતી, 'નીકલ કુ૦'નાં નામની પેહેડીના વડા ભાગીયા મી૦ જૉન ફ્લેમીંગ સાથે હતી. ત્યારે અને પછી ઘણાં વરશો સુધીબી એ 'નીકલ કુ૦'નો ડંકો પુર દબદબા સાથ મુંબઈમાં વાગતો રહયો હતો. અને એક યાહોમ સટાબાજી તેમજ ગંજાવર ખરચવાલા કારોબારમાં અંતે ગંજાવર ખોટ જવાથી તેને પોતાનો વહીવત, ઘણા સંતાપકારક સંજોગો વચે બંધ કરવો પડયો, તે બનાવનેબી આજે કંઇક વરશો થઇ ગયાં છે, તોપણ મુંબઇનો એક સાધારણ કુલી યા કામદાર આજેબી વાંહાંણની, વેપારની, અને રોજગારની ઘણીએક જગાઓને 'નીકલ'નાંજ મશહુર નામે બોલે છે અને પીછાંને. છે. 'બ્રીટીશ ઇંડીઆ'ની જાણીતી

સ્ટીમર કુ૦ની આગબોટોના એજંટો તરીકે 'મેકીનોન અને મેકેનઝી'ની પેહેડીને કામ કરતી કંઇક વરશો થયાં આપણે જાણીએ છીએ, અને તોપણ હજીબી મુંબઇનો મોટો ભાગ એ આગબોટોને 'નીકલની,' અને એ પેહેડીનેબી 'નીકલની'જ પેહેડી તરીકે ઓલખે છે; કેમકે તેની પેહેલલી આડત જે મળી તે નીકલવાલાને હતી.

'ફલેમીંગ' સાથના વાંધાની મુલ બાબદ ટુકમાં કહું તો એટલીજ કે એક વેળા પાંચ મોટી 'રેકલેમેશન' કમપનીઓને સાથે જોડી નાખી તેનો એક સામતો કારભાર ચલાવાની યોજનાં જે તે વેલા અતીઘણી ફાએદાકારક થઇ પડતે તેની સામે ઘણી મજબુતીથી લડીને ફલેમીંગે તે યોજનાં તોડી પાડી, અને સટાબાજોની તમામ લાભવંતી ગણત્રીની ધુલધાણી થઈ ગઇ. મનસુખ એ વીશે એમ લખે છે કે—"મી૦ ફલેમીંગે સારાં ધેઆન અને ચોખી દેઆનતથી એ ચીજનો અતકાવ કીધો હતો તે ખરૂં છે, પણ એ સખસ એવાં કામોને તેવોની છેલલી ઘડીએ ભાંગી પાડવા બાહેર પડયો હતો તેથી ગુણને બદલે ઓર મોટા અવગુણો થએઆ, અને તમામ જાતના શેરોના ભાવોની પડતી દશા થઇ. અગર જો પાંચ છ મહીના આગમચથી એ પાકી બુધીનો અને અજમાએશવાલો શખસ એવાં કામોના અતકાવ સારૂ હીમત ધરી બાહેર પડીઓ હતે તો પુશકલ રીતે મુંબઈનાં ગરીબ તેમજ તવંગર લોકોનો બચાવ થતે." એ બાબેનો કાગલબી મનસુખ તેની ઉપર લખવાને ચુકયા નહી, અને તેનો જે જવાબ આવ્યો તેનો કેટલોક ભાગ નીચે મુજબઃ—

"MUNCHERJEE CAWASJI SHAPOORJEE ESQR.

Bombay, 11th May 1865.

DEAR SIR,—I thank you much for your letter of this date, and for the copies of your books you have had the goodness to send me. * * * *

You refer to my protest against the wild speculation which was going on a few months ago. I truly regret I did not make it earlier, and more boldly, but I shrunk from thrusting myself before the public, until I had direct occasion to do so.

There was little merit, comming as I did fresh from England, in seeing and saying that matters were going wrong. * * *

I remain,

Yours truly, JOHN FLEMING."

'ફ્લેમીંગ'નાં ઉપલાં કાગલનો અર્થ એમ થાએ છે કેઃ—

"મનચેરજી કાવશજી શાપુરજી એશકવા૦ જોગ

મુંબઇ, તા૦ ૧૧ મી મેહ ૧૮૬૫.

પ્યારા સાહેબ,—આએ તારીખનાં લખેલાં તમારાં કાગલને માટે તેમજ તમારાં પુસ્તકોની જે નકલો માહરી ઉપર મોકલી આપવાની તમોએ લાયેકી વાપડી તે માટે હું તમારો ઘણો ઉપકાર માનું છું. * * * *

થોડા મહીનાની વાતપર જે ઘેલી સટાબાજી મુંબઇમા ફેલાઇ રહી હતી તેની સામે મેં ઉઠાવેલા મજબુત વાંધાને લગતો એશારો તમે તમારાં કાગલમાં કીધોછે. એ વીરૂધતા મેં વધારે વેહેલી અને વધારે હીમતી દેખાડી નહી તે માટે હું ખરેખરજ દલગીર છું, પણ તેમ કરવાનુ મને કોઇ સીધું કારણ ન મલે ત્યાં સુધી જાહેરમાં ધસી આવવાથી હું જરા ડરીયો હતો. ઈંગલંદથી હું તુરતનોજ ત્યાં આવી પુગેલો હોવાથી, તાબડતોબ જોઇ લેવું અને કહી દેવું કે સઘલો મામલો આડે રસ્તે ફાટતો હતો, તેમાં મને કસુંબો ખુબીવંતું પગલું ભરાએલું જણાયું નહી. * * * હું છું,

તમનો દુવાગીર જૉન ફ્લેમીંગ."

પણ આ ચતુર અને ખબરદાર વેપારી સાથનો પત્રવેહેવાર હાંજ અટકયો નહી. ૧૮૬૭ માં જ્યારે "શેર ને સટ્ટાબાજી" બાહેર પડી ત્યારે તો 'ફ્લેમીંગ' વીલાએત ગએલો. ત્યાં તેનીપર એ કેતાબ મોકલી, કેમકે એ તો જાણીતી વાત હતી કે જે કેટલીક પરદેશી ભાશાઓમાં તે પ્રવીન હતો તે માહેલી ગુજરાતીબી એક હતી. એટલે દોલતના જે ઘર્તીકંપની વખતે તે પોતે મુંબઇમાં હાજર, તેની આ સમપુર્ણ અને વાંચવા લાએક તવારીખ તેનુ ખાસ ધ્યાન ખેંચવા વીનાં રહી નહી.

મનસુખની ચોપડી અને કાગલની પોહોંચ કબુલ કરનારૂ જે પત્ર તેને લંનડનના 'લીડનહૉલ સ્ટ્રીટ' મધેની પોતાની આફી-

સમાંથી તા૦ ૨ જી એપ્રીલ ૧૮૬૭ ને દીને લખી મોકલ્યું, તે સટાબાજીના વખતને લગતા તેના વીચારોને માટેજ નહી, પણ બીજી કેટલીક સુચના જે તેને તેમાં કીધી તેને માટેબી ઉપયોગી જણાએછે, કેમકે ત્યારપછી જેજે ઉપાયો દેશની આબાદીને માટે અમલમા મુકાયા તેમાં નેહેરોનાં બાંધકામો અને ખેતીવાડીને લગતાં બીજાં કામોબી મુખ્ય થયેલાં આપણને જણાયાંછે. કાગલની શરૂઆત આગલાં કાગલને મલતીજ કરતો ફ્લેમીંગ લખે છે કેઃ–

"18 Leadenhall Street,
London, 2nd April 1867.

Dear Sir,

I have to thank you for the note of 28th February and for the copies of your last work entitled "શેર ને સટાબાજી" which you have had the kindness to send me.

I trust the follies of 1864 and 65 may never be repeated in Bombay, but it is possible that when the wreck of the disaster has been cleared away, people may forget the evil, and remembering only the rapidly acquired fortunes of those days, may be tempted to try the old game. In such an event your work will prove a valuable text-book for those who may endeavour to arrest the evil.

The present state of matters in Bombay is very painful, but a few years of steady trade will efface all marks of the late disaster.

Bombay is certain to progress rapidly, and I only hope that when wealth begins to accumulate again, as it certainly will do, those who know how it was abused in the past, may urge its possessors to employ it wisely.

I believe that one of the ways of applying accumulated wealth, most beneficially in India, is the works of irrigation.

If you can increase in any way the produce of a given area of a soil, you increase the wealth of the country. There are many districts in the Bombay, as well as in the other Presidencies, where money judiciously expended in works of irrigation, would yield very great returns, and would at the same time increase the general prosperity of the country.

Hitherto India has obtained the most of the capital and means for Railroad from England. But, I trust that as her people see and realise the advantages of railway communication, they may be induced to employ their gains in extending it into new districts.

I regret I have not time to pursue the subject at present.

With kind regards,
Believe me to remain,
Y'rs truly
JOHN FLEMING."

ઉપલાં કાબેલીઅત ભરેલાં કાગલનો ખોલાસાદાર અર્થ એવો થાએ છે કે:—

"નં૦ ૧૮ લેડનહાલ સ્ટ્રીત.
લનડન, તા૦ ૨ જી એપ્રીલ ૧૮૬૭.

પ્યારા સાહેબ,

તા૦ ૨૮ મી ફેબ્રુઆરીનાં તમારાં કાગલને માટે, તેમજ "શેર ને સટાબાજી" નામનાં તમારાં છેલલાં પુસ્તકની જે નકલો માહરી ઉપર મોકલી આપવાની તમોએ મમતા દેખાડી તે માટે હું તમારો ઉપકાર માનુંછું.

હું માનુંછું કે ૧૮૬૪ થી ૬૫ નાં વરસોમાં જે મુર્ખાઇભર્યા દેખાવો મુંબઇમાં દીઠવા હતા તેવા ફરીથી કદી તો દીસસેજ નહી; પણ એમબની બની શકે, કે તે આફતની સઘલી ખરાબીની નીશાંનીઓ નાબુદ થઇ જવા બાદ લોકો તે ખરાબીને સમુલગી ભુલી જાએ, અને તે દીવસોમાં જે જહડફથી દોલત જમાવ થઇ શકતી હતી તેનેજ માત્ર યાદ કરી, તે આગલી બાજીઓ પાછી ખેલવાને લલચાએ. જો એમ બનવા પામ્યું, તો ત્યારે, જે લોકો તે ખરાબીનો અટકાવ કરવાની કોશેસો કરવા માંગશે તેઓના હાતમાં આ તમારૂં પુસ્તક એક કીમતી હથીઆર જેવું થઇ પડશે.

મુંબઇની હાલની સ્થીતી તો ઘણી દુઃખ ભરેલી છે, તોપણ સ્થીર અને સમધાત વેપારમાં ગુજરેલાં બીજાં થોડાંક વરસો એ છેલ્લી આફતની સઘલી છાંઆણીઓ નાબુદ કરવા વીનાં રેહેશે નહી.

મુંબઇનો વધારો ઘણો ઉતાવલેથી થશે તે તો ચોકસજ વાત છે; દોલતબી પાછી જરૂર ભેગી થશે; અને જ્યારે તેમ થયું ત્યારે તો એટલુંજ હું ચાહુંછું કે, જેઓએ ગયા છેલ્લા વખતમાં તેવી દોલતનો મોટો

ગેરઉપયોગ થએલો જોગે છે, તેઓ આ નવી દોલત ધરાવનારાઓને તેનો ડાહપણભરેલો ઉપ્યોગ કરવાને આગ્રહ કરે.

જમાવ થએલી દોલતને સહુથી વધારે ફાયદાકારક રીતે વાપડવાની રીતીઓ માહેલી એક તો એજ હું ધારૂં છું કે હીંદુસ્તાનમાં નેહેરોનાં બાંધકામ કરવાં.

જો એક ચોકસ વીસ્તારની જમીનની પેદાશ તમો કોઇબી રીતે વધારી શકો, તો તમો દેશમાંની દોલતમાંબી વધારો કરી શકો. મુંબઇ તેમજ બીજા ઇલાકાઓમાં ઘણી એવી જગાઓ અને ઘણાં એવાં પરગણાંઓ પડયાં છે કે જ્યાં નેહેરોનાં બાંધકામ કરવામાં જો પૈશાનો ડાહપણ ભરેલો ઉપ્યોગ કરવામાં આવે તો તેના ઘણા મોટા બદલા અથવા ઘણાં મોટાં બ્યાજ ઉપજી શકે, અને વલી તે સાથે દેશની સામાન્ય આબાદીમાંબી તે મોટો વધારો કરે.

અત્યાર સુધી તો હીંદુસ્તાન પોતાની રેલવેઓ માટેની થાપણ અને બીજી ચીજો ઈંગલંદથી મેલવતું રહયું છે. પણ માહરી ખાત્રી છે કે હીંદુસ્તાનના વતનીઓ રેલ માર્ગના વેહેવારના ફાએદાઓ જેમ જેમ જોતા અને સમજતા જશે તેમ તેમ તેઓ એ રેલવેનો વેહેવાર બીજાં નવાં પરગણાંઓમાં લંબાવા અને ફેલાવા માટે પોતાનીજ દોલતનો ઉપ્યોગ કરવાને લલચાશે.

દલગીર છું કે હમણાં એ બાબદ ઉપર વધુ વીવેચન કરવાને મને વખત મલતો નથી.

મને માનજો,

ઘણી મમતા સાથે, તમનો દુવાગીર,

જૉન ફ્લેમીંગ."

એજ મુજબ સઘલું એવું રામબાંન આખાં હીંદુસ્તાનમાં કરવામાં આવ્યુંછે કે 'ફ્લેમીંગ'નાં ઉપલાં લખાંણને, સલાહ અને સુચના કરતાં, આગાહીનુ નામ વધારે લાગુ પડતું ગણાય. દસ્તખત ખાસા મોટા છે અને પાક્કા છે, પણ ભેલી નાખેલા અને કેટલાક જાવતમા લખેલાબી એવા છે કે જાણે એક ડાકટરનુ 'પ્રોસક્રીપશન!'

પણ "શેર ને સટાબાજી"ની બાબદ હવે બંધ કરવા અગાઉ, એક ઘણું રમુજી અને દરોબસ્ત લાગુ પડતું ગીત જે તેમાં આપ્યું છે તેનો થોડાક ભાગ ઉતારી લેવા વગર મને ચાલતું નથી. હમ-

ણાના આ વખતમાંબી, ગરીબ અને ભોળા લોકોને ભમાવીને તેમના હલાલ મેહેનતના પૈસા ખાઈ જવા માટે, વારંવાર ઉભાં થતાં લપૂંગાં ખાતાંઓ અને પૂરેબી કમપનીઓનાં ભોપાળાં ફુટતાં આપણે જાણીયાં છે. ઘણીવેળા એવા લુચ્ચા ડાએરેકટરો અથવા પ્રોમોટરોને સખત મજુરીની જેલ ભોગવતાબી આપણે જાણીયા છે, અને ઘણીવેલા તેવાઓને, કાએદાની કોઇ બારીકીના લાભની ખુબીથી, નચીંત અને સલામત ફરતા રહેલાબી આપણે જોયા છે. અને તેવી વેળા, ઘણા એવાં બાનુઓ અને મરદો મુંબઇમાં છે કે જેઓ મનસુખનુ જોડેલું આ નીચલું ગીત પાછું યાદ કરીને ગાવાને ચુકયાં નથી; સબબકે તેની રચનાંજ એવી છે કે તે એક વખતને માટે નહી, પણ હમેશને માટે લાગુ પડતું બને. અરદેશર ખરશેદજી દાદીશેઠને લગતી બાબદમા એ ગીત મુકાયું છે; અને તેને વીશે ટુકમાં એવું લખાયું છે કે--"આએ રંગીલો મોજીલો જુવાન પારસી એશઆરામમાં અને હોરમત ભરેલાં કામકાજથી પોતાની જીંદગી ગુજારતો હતો, પણ એનો સવભાવ નવાબી તથા મીજાજ લાલચુ હોએઆને લીધે સટાની વખતના ચાલતા વીચાર મુજબ કદાચ આ નીચે લખા જેવાં ગીતોના સરોધ તેના સાંભલેઆમા કોઈ સખસની મારફતે આવેઆ હશે—

(કેરબાના "મેરે ભોલે નવાબ"ના રાગમાં)

મેરે ભોલે નવાબ, આઇતા પઇસા ઉડતા ફરેચ,
ચાલો 'ફીનાન્સ' ગાંમ. ટેક.
બળ કે અકલ જોઇતી નથી, તદબીરનું છે કામ,
સો વરસનો પઇશો મલસે એક દીનમાં તમામ. (મેરે ભોલે૦)
જેહમત તમને કંઇબી નથી, ફકટ આપો નામ,
ઘરમાં બેસી સહીઓ કરજો, હું લઇ જાસ પેગામ. (મેરે ભોલે૦)
શેઠીઆ દાખલ તમે રેહેજો, હું બનસ ગોલામ,
તમે ટરસટી હું તરકતી, એટલે થાસે કામ. (મેરે ભોલે૦)
આગેવાન થઇ ધરજો, તમે ઉલટથી જુંન્ડો,
ભેગા કરસ બીજા સાથી, હું નેકખાહ બંદો. (મેરે ભોલે૦)
ફાવી ગીઆ તો ભલું, નહી તો શું છે અંદેશો,
હતું શું? ને જાશે શું? જો લેવસ હું પેંડો! (મેરે ભોલે૦)

અગત પડે આગલજ છે નેક સરકારની "લા,"
ભલા ભુંડા સેવટ પામેચ એથીજ કુલ પનાહ. (મેરે બોલે૦)
શાખસી ગવાહી લાવવામાંબી નહી લાગશે કંઇ વાર,
મનને ગમતા શાખસીઓથી ભરીઉંચ શેર બજાર. (મેરે બોલે૦)
ઘેરે બેસી બોલાવીશું વકીલોને પાસ,
વધુ ઓછું જોંહસીશું તો થાસે આપણા દાસ. (મેરે બોલે૦)
મેનેજરો ઉભા કરશું પારસી કોઇ પરભુ,
સમજાવસે તે સીનેરોને ઉંધાનું ચતુ. (મેરે બોલે૦)
ગોટ પીટ ગોટ પીટ કરવાની છે તેમને અજમાએશ.
પરભુ કરશે "નો-નો-નો" તો પારસી "એસ-એસ-એસ!" (મેરે બોલે૦)
મોહડાંનાં છે કાબેલ પોપટ, હઇડાંનાં ફુલ "આસ,"
ફાવી ગીઆતો ડાહેઆ ઠડશે, નહીતો સતીઆનાશ. (મેરે બોલે૦)
અંગ્રેજ રાજમાં સરવે મોઘું, પણ સસતું દીવાલું,
ઉલટાં-સુલટાં જમે ઉધાર, ને ધોળાંનુ કાલું. (મેરે બોલે૦)
ખોહનારાઓ રડી રેહેશે, આપણે સાંની ડાહાજ,
અંગ્રેજ રાજમાં દીવાલીઆઓ નથી ખોહતા લાજ. (મેરે બોલે૦)

* * * * * * *

વાતો કરજો રાત દીન રડી, ખુબ વીચારી આમ,
કે 'લાહ' લેવાની લાલચોથી ખોહયું બાપનું નામ. (મેરે બોલે૦)
નામબી ખોહયું-દામબી ખોહયું, ખોહયો એશઆરાંમ,
"મનસુખ" ખોહવું-તનસુખ ખોહવુંજ છે લાલચનું કામ. (મેરે બોલે૦)

સટાબાજીનાં એ ઘેલાંપણાંના વખતમા મનસુખે પોતે ખમેલી ખુવારી બાબે હું એશારો કરી ગયો. તેમની વીગતોના એશારા તો મજકુર પુસ્તકમાં વારે ઘડીએ થયાછે, પણ તે સઘલી વીગતોમાં હું ઉતરવા ચાહતો નથી.

એટલુંજ કેહેવું બસ થશે કે જો કે એ ખુવારી ઘણી મોટી અને સખત હતી તોપણ તેથી તેવણ તદન પડી ભાગા હોએ એવું નહીજ હતું, અને જો ત્યાર પછીના વખતમા કીસમતે તેમને ઘટતી યારી આપી હતે તો પાછા પોતાની આગલીજ હાલતમા આવવાને તેવણ સામર્થવાન થવા વીના રેહેતે નહી. પણ તેમ તો નહીજ થયું. જે બખ્તાવર એહે પોતાનો રાજયોગી કાણુ દેખાડી, ચીનની સફરે

મોકલવાના વખતથી તે આ ૧૮૯૪ ના વખત સુધી તેવણુને ચઢતા અને વધતા અને ખીલતા રાખ્યા હતા, તેં હવે પાછો ચલી જઇ, પાપ-ઘરના કોઇ દરીદ્ર ગ્રેહને પોતાનુ નાશવંત બળ અજમાવાની સવલતા આપી બેઠો હોય તેવું જણાયું.

શરૂઆતથીજ તાલીમ અને તરબીઅત સઘલી વેપારી મલેલી, એટલે વેપારનેજ વલગી રહી ઘણીએક તરેહની તદબીરો કરવાને તેવણુ ચુકયા નહી. ઘણીબી છક્કડો ખાધી, તોએ હુટ્યા નહી. એક છોડી બીજું, બીજું છોડી ત્રીજું, એમ ઘણુંએ અજમાવ્યું. રૂઉ, ઉન, નગડી ઈ૦ જુદી જુદી જીનસો પોતાના વેપારનાં તતવો તરીકે હાથ ધરી, પણ તે સઘલાંના કારભારમા, તે સઘલી કારસાજીમા ફાવ્યા નહી. એક અજબ જેવી કમનસીબી દગલેદગલે તેવણુની પુઠે લાગેલી જણાઇ. તંગી અને ગરીબાઇનો શ્રાપ, જે શાએરી-શક્તીઓને હમેશનો લાગુ પડેલો કેહેવાએ છે, તેનીજ સઘલી અસરો હવે થવા માંડી હોય તેવાં ચીનહો દીસવા લાગ્યાં. અને એ શ્રાપને લગતો એશારો મને એક બનાવની યાદ આપેછે.

વાત અલબતાં ઘણું વરશોની બનેલી છે. દીનશાજી પીટીટના વાલકેશવરના "પીટીટ હાલ"માં થએલી એક મોટી મેજબાંનીનુ તે ટાંકણું હતું. ચોકસ વરશ તેમજ તે મેલાવડાનુ કારણબી મને હાલ યાદ નથી. મીજલસનો મોટો ભાગ તો મોડી રાતે વીદાય થયો હતો, તોપણ થોડાક ખાસ મીત્રોને મોટા શેઠે નાચ ને ગાએનની વધુ મોજ ભોગવવાને ઠોબાવ્યા હતા. એટલું તો હું વચમાં જણાવા માગું છું કે જેવી અતી ખુબસુરત ચેહેરાની અને ઉંચા પ્રકારની ગાએન-કલાવાલી બે હીંદુ રામશગરોને મેં તે રાતે જોઇ તેવી બીજે કેથે જોઇ નથી.

એ રીતે પાછલી રાત લગભગ પુરી થવા આવતાં શેઠ નોસરવાંનજી પીટીટની ગાડીમાં બેસી હમો આંતરોડ તરપ઼ જવા માટે નીકલ્યા. ગાડીમા નોસરવાનજી, તેમના ખુબસુરત ને કવી બેટા જમશેદજી અને હમો બે મલી ચાર જણા હતા. ચાંદનીના તે થંડક ભર્યા વખતની તે ગાડીની સેલ મને હમેશ યાદ રેહેશે. અલબતાં વાતો તો તરેહવાર ચાલી. તેવામાં નોસરવાનજીએ મન-

સુખને તેવણુની પોતાની ગાડીમાં તે રાતે નહી આવવાનુ કારણ પુછયું. "શેઠ, મેં ગાડીઘોડો હવે કાહરી નાખ્યો," હાએલી ઉદાશીના સેજ અંશના આવાજે જવાબ મલ્યો. એટલે ગાડીમાં થોડોવાર તો ગંભીર ચુપકીદી ફેલાઇ. દાખલ થતી ગરીબાઇની આ પેહેલલી નીશાંનીની ખબર સાંભલી, પીટીટ બાપ બેટાએ થોડોકવાર એકેક તરફ ટીકયું. "મનસુખ, તમે જો કવી નહી હોતે તો એવી મુશ્કેલીમાં આવતે?" જવાન કવીએ બુઝર્ગ કવી તરફ સ્થીર રીતે જોઇને ઉપલો સવાલ પુછયો. તેનો જવાબ મલ્યો તે એટલોજ કે—"જ્યાં સુધી તમો જેવા દોસ્તો માહરી પીઠે છેવો તાંહ સુધી હું મુશ્કેલીસ તો નથીજ!"

અને ખરેખર એ એક લાએક જવાબ હતો,—એક જવાન ખેરખાહ અને વખાણનારની કદરસનાસી દેખાડનારો જવાબ હતો. મનસુખની તમામ જીંદગીની નેક—નસીબી એટલાંમાંજ આવીને અટકેલી હું ગણું તો તે ખોટું તો નહીજ કેહેવાએ, કે પોતાના ભલું ઇછતા દોસ્તો અને ચાહનારાઓ તરફની વખાણ અને ઉલટ અને કુમકની ખુટમા કે તંગીમાં તો તેવણુ કદીબી રહ્યા નથી.

અને સાહીત્યનાં મેદાનના તેવણુના આગલા જવાન મીત્રોને હું યાદ કરવા જાંઉછું તો

જમશેદજી પીટીટ અને સોરાબ ખંબાતા

એ બે નામો માહરી આંખો સામે આવી ઉભાં રેહે છે. બેઉ સારાં કુલના કેલવાએલા જવાનો, બેઉ કાબેલ કલમકશો, બેઉ એક વેળાના દીલજાંની મીત્રો. પણ જીંદગીએ બેઉને યારી આપી નહી. દુખભર્યાં મોહોત આવ્યાં બેઉનાં જવાંનીમાંજ; અને બુરી સરંજતે એવુંજ સરજાવ્યું કે બેઉએ પોતાનાં અકાળ મરણનો જખમ આપ્યો પોતાના હૈયાત પીતાઓને.

જવાંન કવી જમશેદ! ગુજરાતી વાંચનારા એવા તો થોડાજ હશે કે, જેઓએ વર્તમાનપત્રોમાં અને ચોપાંનીઆંઓમાં 'જ૦ ન૦ પી૦'ની જાણીતી સહી સાથે આવતાં, નસરનાં તેમજ સાદી ઢબની લખાતી નજમ અથવા કવીતા, જેને અંગ્રેજીમાં (Blank verse) કરી કહે છે, તેનાં લખાંણો વાંચીયાં અને વખાંણ્યાં નહી હોશે.

અને પોતાની એ 'લાંઇન'માં એ જવાન કવી સેવટ સુધી બહુ એખલો અને અલગજ રહ્યો. કેમકે તેની આગમચ કોઇને તેવુ કરવાની બુદ્ધી ઉપજી હોય અથવા વીચાર આવ્યો હોય, કે તેની પછીથી તેની નકલનાં લખાણુ કોઇએ ઉપજાવ્યાં હોય એવું હું જાણુતો નથી. ઘણાં ગૌહરો એ ખીલતી કલમે ઉતપંત કર્યાં; તેમાં "માહરી મજેહ" નામની એક લાંબી નજમે તેની કવી શકતીનો ઘણો અચ્છો અને ઉતમ પુરાવો આપ્યો. એ છેલ્લીએ એટલું ધ્યાંણુ ખેંચીયું કે પાછલથી જવાન પીટીટનાં મુખ્ય લખાંણો હેઠલ જે સહી આવી તે–"માહરી મજેહના બનાવનાર"–તરીકેની. તે વેલાનાં ખીલ્તી હાલતનાં "જ્ઞાન વર્ધક" ચોપાંનીઆંએ એ કવીની કવીતાઓનો, તેમજ સોરાબ ખંબાતાનાં લખાણોનો મોટો હીસ્સો મેલવ્યો. રૂસતમ ઇરાંની તેનો ત્રીજો આગેવાન લખનાર હતો; અને તે સઘલા સાથે મીત્રચારીનુ માન ધરાવાના વીચાર કરતાંને વધારે માન અને મગરૂરીનો વીચાર તો એટલેથીજ ઉપજે છે કે તે કાબેલ કલમો ભેગી આ અદના કલમેબી તે આગેવાન ચોપાંનીઆંનો મોટો ભાગ તે વેળા ભરેલો રાખ્યો હતો. તે વેળાએ ચોપાંણીઉં તેની ચઢતાંમાં ચઢતી સ્થીતીએ પુગેલું હું જણાંઉં તો તે ભુલભર્યું કેહેવાશે નહી. પણ ઉપલા ચંચલ લખનારાઓનાં, અને તે પછી તેનાં પેલા સહાસીક ને પ્રખ્યાત પ્રગટ કરનાર જેહાંગીર કરાંણી (કે જેનાં જેવો ઉમંગી અને ઉલટમંદ પુસ્તક–પ્રગટ કરનાર તો મુંબઇએ હજી બીજો ઉપજાવ્યો નથી)નાં થએલાં મરણોએ એ જાણીતાં ચોપાનીઆંને ઘણી પડતી દશામાં લાવી નાખ્યું. થોડો વખત તો ઘણીજ બીસમાર હાલતમાં તે રીબતું જણાયું; પણ હમણાં પાછું તે એક સારા વહીવત ટલે ઠર પડેલું જણાયે છે. હુ તો પારાં જીગરથી ઇચ્છું છું, કે તેનો હાલનો જાણીતો પ્રગટ કરનાર, તેમજ તેનો ચંચલ અધીપતી, મેં ઉપર જણાવેલા ત્રણ લેખકોનાં જેવું એક નેકબખ્ત ત્રીશુલ પારસીઓમાં પાછું પેદા થએલું દેખાડવાને, અને તેમનાં જેવા શાએરી ખજાનાથી ગુજરાતી સાહીત્યનો હાલ ખાલી પડેલો અને કંગાલ બનેલો ભંડાર પાછો ભરપુર કરવાને બાખ્તશાલી બને!

કમનસીબ બાપડો ખંભાતો! કેલવાએલો, કાબેલ, ચંચલ, બાહોશ લખનાર, અને બળવંત તકરારીબી ખરો, પણ તકદીરનો તુટેલો. સખુનપરસ્વરી અને મગરૂરીબી કાંઇ જેવી તેવી નહી. 'કૉલેજ'માંથીજ નામ પડેલું તેજ નામે ઘણાખરા તો 'સોલુ કર્કહામ' કરી ઓલખે. હઠ અને ઍંટમાંબી કસી મનાં નહી. વાત જો નોકપર આવી, તો ખંભાતો નાં સગાનો કે નાં સ્નેહીનો! જાહેર લખાંણુની તકરારપર જો વાત આવી તો ધર્યો ધરાએ નહી, કૉલમની કૉલમ સડસડાત લખી કાહડે, અને હરીફને ઠેઠ સુધી પુરો પડે. લખનારબી એક્કો તેમાંતો જરાબી શક નહી. મુંબઇનાં એક અઠવાડીક પત્રનું થોડો વખત અધીપતીપણું ચલાવ્યું તો તેને એક નવીજ ધમક-નવીજ રોનક–અને નવીજ તેજી આપી; તેની મુરદ્દાર રગોમાં નવાજ જોશનુ લોહી વેહેતું કીધું. પણ એવો કરડો આપખુદ સ્વભાવ કેથે ઠર પડી શકયો નહી.

પોતાની ખાંગી ને અંગત કોશેસો કરવાનેબી ચુકયો નહી. 'મધુર વચન' નામનું એક માસીક ચોપાંણીઉં કાહડયું, જે ઘણું વધીયું અને ઘણું ખીલ્યું, અને જો તેની ઉપરજ એક–ધ્યાંને મંડી રહયો હતે તો તેમાબી પ્રાવવાના સંભવો ઘણા હતા; પણ બીજી-બીજી બાબદોમાંબી માથું મારતો થયો એટલે તે માસીકનીબી પડતી આવી. પછી મોટા પાયા ઉપર એક છાપાખાંનું કાહડયું તો તેબી થોડો વખત ટકયા બાદ 'લાખના બાર હજાર' ને ફેજે પુગ્યું. ઘણું કીધું, ઘણું કરવાનો વીચાર રાખ્યો, અને ઘણુંમાં જીહપલાવ્યુ પણ સવા તસુનુ આ સાંકડું કપાલ પોહલું બનાવી શકયો નહી!

પણ આ બનને જવાંનો મનસુખના ખાસ મીત્રો હતા,— ખાંસ વખાણુનારા હતા. એ મીત્રતા અને ચાહા તેઓ ખાંગીજ વેહેવારમા દેખાડીને બેસતે તો તેની ઝાઝી બીશાદ ગણાતે નહી. પણ વારે ઘડીએ, કોઇબી સબબ નીકલતાં, કોઇબી ટક મલતાં તેઓ પોતાનાં જુદી જુદી કીસમનાં જાહેર લખાંણોમાંબી તેમને જાહેરમાં દેખાડવાને ચુકયા નહી. અને તેથીજ, પોતાની અંગત મુશકેલીઓનું દુખ હેડે ધરે તે કરતાં તો દસ ઘણું વધારે દુખ એવા પોતાના ખરા ખેરખાહોનાં અકાળ મરણોનું મનસુખે હેડે ધર્યું!

એ અને અવાજ બીજા બનાવોના ઘણુંબી ગમોએ તેવણુને ઘણીવેળા ઘેર્યા; પણુ ગમે તેવા તે કાતેલ ગમનેબી ખોલ્લી રીતે, યા આંશુંવાટે જાહેરમાં બાહેર પાડવાની નબલાઇ તો મનસુખે કદાચજ દેખાડી હશે! સોસનાંઓ દાબવાનુ, અને ગમે તેવી વીપતીના વીચારોને છાતીમાંજ છુપાવી પૂરવાનુ બળ તો ખુદરતીજ ઘણું મજબુત હતું. ચેહેરાનો એક સખત ફીકાસજ ઘણીવેળા દેખાડતો હતો કે ભીતરમા સંતાપના કેવા સમંદરો ઉછાલા મારેછે!

ત્રણુ ચારથી વધુ વખતતો નહીજ હશે કે જ્યારે મેં તેવણુને ઉપર કહયા જેવી નબલાઈ દેખાડવાને પોચાં હૈડાંના થયેલા જોયા હોય. એવો છેલ્લો બનાવ પેલા નેકદીલના

દસતુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહેરજી

નાં મરણુને લગતો હતો. એ પોતાના નેકખાહ દોસ્તનુ મોહોત તેવણે અતીઘણું હૈડે ધર્યું. કેવી સખત તે દલગીરી હશે, કે લગભગ ત્રણુ મહીનાં પછીબી, "આપાબાગ" આગલના રસ્તાપર એક સાંજે ફરતાં તેમની વાત નીકલતાં કેટલીક આગલી ભલી યાદોના ગમે તેવણુની છાતી ભરાઇ આવી, અને મોહડાં ઉપર રૂમાલ દાબી, દુખી દીલમાંથી જોશબંધ નીકલતાં ડચકાંઓ છુપાવાની વીઅર્થ કોશેસ કરતા તેવણુને ઉભા રહી ગએલા જોઇ હું દુખી તાજુબીથી ચુપ બની ગયો! પોતાની જીંદગીનાં છેલલાં છેલલાં વરસોમાં મરહુમ દસતુરજી સાથની તેવણુની મીત્રાચારીએ અતીઘણું ધાડું રૂપ પકડયું હતું તેમાં તો સેજબી શક નથી. હું નહી ધારતો કે તે અશો નરે જે દીલસોજી, જે પ્રીતી, અને જે કદરદાંનીની નજરથી મનસુખ તરફ જોવાનુ પોતાની જીંદગીના છેડા સુધી ચાલુ રાખ્યું હતું, તે કરતાં વધારે જાનફેશાંની તેવણે કોઇબી બીજા તરફ કદી દેખાડી હોય. ખુદ "આપાબાગ" મધેની મનસુખની હમેશંની હાજરી ત્યાંનાં સઘલા મેમબરોને તો અતી ઘણી ખુશ બનાવનારી અને આવકારદાએક હતીજ, પણુ તે સઉ કરતાં વધારે ખુશાલી તો આ જઇફ દસતુરજીના નુરમંદ—ચેહેરા ઉપર પ્રગટ થતી હું હરદમ જોતો હતો. કોઇબી એવાં કામની મનસુખે લીધેલી આગેવાની એવી નહી હતી કે જેમાં દસતુરજીએ

દીલસોજીથી ભાગ લીધો નહી હોય; એવું કોઈ લખાણ નહી હતું કે જે ઉલટથી અને ખુશીથી તેવણે વાંચીને બીજાઓને વંચાવ્યું નહી હોય; અને એવું એકબી ભાશાણ નહી હતું કે જેની મીજલસ વીશેની અને જેને મલેલા આવકાર વીશેની ખબરો આટુરતા અને હરખથી સાંભલી લેવા વીનાં તેવણે નીરાંત પકડી હોય! બન્ને વચેનો એખલાસ એટલો તો જાણીતો અને ધ્યાંન ખેંચનારો હતો કે "આપાબાગ"ની કલબમાં, દસતુરજીનાં મરણ બાદ ખુશ રમુજથી વારે ઘડી એમ બોલાતું હતું કે-"દસતુરજીને એખલું સોહવાતું નથી, વાસ્તે મનસુખે ત્યાં જલદી જવું જોઇયે!"

બીજી વેળા એ તરેહનો ભારે ગમ દેખાડતા મેં તેવણને ત્યારે જોયા કે જયારે તેમના વાહલા દોસ્તોમા ગણાતા થોડા કે એક ચોકસ મુકરદમામા તેવણની વીરૂધ પક્ષની તરફથી શાખસી તરીકે ઉભા રહી તેવણને-હેબતાવી નાખ્યા. મનસુખ અને તેવણનાં કુટુંબ સાથે એક કાએમ મીત્રાચારીનુ પંતીયાલું માંડી બેઠેલાં જે નેક કુટુંબ વીશે હું આગલ બોલી ગયો, તેજ કુટુંબની એક અસીલ બાંનુ જે તેવણને દીલસોજીભરી મુલાકાત આપવા આવી તેણી, તેવણને એ તરેહની નબલાઈને થોડોકવાર શરણ થયેલા જોઇ અચરત અને દુખી થઈ બેઠી. "એ રીતનાં કરપીનપણાંની સજા જો આએ જેહાંનમાંજ નહી મલે, તો હું એમજ સમજીસ કે ખોદાઈ ઈનસાફ પોતાનો નીયમ ચુકયો!"-ગુંગલાતા આવાજે એટલાજ બોલો તેવણ બાહર પાડી શકયા.

એ બાદ શું થયું, દુશમની કેટલી હદ સુધી વધી,-આવતા વખતે શું બનાવો બનાવ્યા,-ફેરફારો કેવા નીપજ્યા-પરીણાંમો શું દેખાયાં અને શું સંભલાયાં, તે વીશે માહરે કસું બોલવું નથી. એવા તો ઘણા બીજા બનાવો છે, કે જેની ચુનોચરા કરવાને હું પોતાને હકદાર યા અપક્ષપાત સમજતો નથી; અને તેથીજ તે કરતો પણ નથી. એ કામ કોઈ બીજા વખતનુ, અને કોઇ બીજી કલમોનું છે. તેઓ તે બજાવે તો ભલે,-નહી તો ખેર!

પણ, વેહેતા વખતનું અકસીર કીમીયું કેવા કારી જખમોનેબી રૂજ લાવી શકે છે તે જુવો. મજકુર બનાવને લગભગ વીસ

વરશો થઈ ગયાં, અને ગઇ છેલ્લી 'ક્રીસ્તમસ'ની સાંજે ગ્રાંતરો-ડની એક પ્રખ્યાત 'કલબ'મા તે માહેલાજ એક શાહેદીનુ આવવું થયું. મનસુખજી ત્યાં રાખેતા મુજબ આવેલા હતા. ખાનું ખાઇ વીદાય થવાને વખતે, તે 'કલબ'ના એક આગેવાન શેઠે પુછ્યું–"શેઠ, આવતે આતવારેજી હ્યાં ખાંનું છે, તમે આવશો કે?" તો "શેઠે" મનસુખ ભણી સ્થીર નજરે જોઇ ઉતર વાલ્યો–"મનસુખ આવવાના હોએ તો આંઉં!"

બીજા એકાદ બે બનાવો કે જેના જીગરતોડ સંતાપે આ પોલાદી મન અને પેહેલવી હીમતના કવીને આજેજ કીધા યા હલાવ્યા તે તો ખુદરતની ગેરમેહેરબાંનીથી બનેલા માત્ર સંસારી બનાવો હતા, કે જેમને આ જાહેર લખાંણુ સાથે નીસબત આ-પવા હું ચાહતો નથી.

પણુ "ગંજનામું" અને "શેર ને સટાબાજી" એ બે પુસ્ત-કોના બાહેર પડવાની વચેનો વખત બીજાં જાહેર લખાંણો અને કૈર્તાબો વગરનો ખાલી નહી ગયો. તેટલાંમાં તો "એહેવાલે જંદ અવસ્તા," "પારસી ધારા વીશે તકરાર" અને "મુનતખબે શાહ નામે" નામનાં પુસ્તકો બાહેર પડી ચુકયાં હતાં. એજ

"એહેવાલે જંદ અવસ્તા"

ના રેસાલાની તે કેતાબ હતી કે જેમાં લગભગ પચાસ વરશો અગાઉ જરસ્તોસ્તી ટોલાની આબાદી કાએમ રાખવાના ઉપાયો મુખ્ય કરી કેવી રીતના લેવા તે બાબેનુ વીવેચન કરતાં, મનસુખે જુદદીનોને જરસ્તોસ્તી મજહબમા વટલાવવાના, તેમજ જે પાર-સીઓ ચાહે તેઓને ચોકસ સંજોગો વચે બે બાએડીઓ કરવાની છુટ આપવાના રેવાજે દાખલ કરવાની હીમાયેત કરી હતી. અને જરસ્તોસ્તીઓના સમજુ અને ખાલેસ દીલથી વીચાર કરનાર ભાગે, ત્યારપછી બનેલા અગણીત નાપસંદ બલકે દુઃખભર્યા બનાવોપરથી, જોઇ લીધું છે કે લગભગ અરધી સદી આગમચ થએલી આ જાહેર અને હીમતવાંન સુચનાઓમા કેટલો ફાએદો અને કેટલો લાભ સમા-એલો હતો. આલમનાં દરેક દેશમાં અને દરેક કોમમાં ધર્મ ઢોંગી અને

નીતી ઠગ આસાંમીઓનો એક વર્ગ તો હાજર હોયછેજ, અને તેવાજ એક વર્ગે પારસીઓમા જેમ તે વખતે તેમજ હુમણાંબી ભારે ચકચાર ચલાવી હોય એ બનવા જોગ છે. પણ તેવાઓની તેવી ચર્ચા એક ભલી તદબીરનુ અસલ મુળતત્વ કોઇ રીતે તોડી શકતી નથી.

એ બન્ને બાબદોની પોતાની સુચનાઓના ટેકામા એવી તો મજબુત દલીલો અને મુસ્તકીમ તકરારો મનસુખે દેખાડીછે કે તેનાં ખાસ વાજબીપણાં વીરૂધ સવાલ ઉઠાવવો એ સરપૂ દીવાનાપણું ગણાય. અલબતાં કેટલીક પેવસ થઇ ચુકેલી રીતીઓ, અને સખત કાબુ પકડી બેઠેલા વીચારોની વીરૂધ જતી કોઇબી સલાહ પેહેલ્લી નજરે તો ચોંકાવનારી લાગે એ બનવા જોગ છે. પણ તેનો ધીરજથી અને સાંતીથી વીચાર કીધા પછીજ જો તે નકામી યા નુકસાન ભરી લાગે તો તેને રદ કરવી સજાવાર છે.

દરેક કોમે અને દરેક મજહબે આપણુને અત્યારતુલીકમાં ખોલ્લું દેખાડયું છે કે જુદદીનોને વટલાવાની રૂઢી દાખલ થવા વીનાં કોઇબી ધર્મનો ફેલાવો થવો તો શું, પણ નીભાવ થવોબી મુશકેલ છે. એ તો જેમ એક જુંનો ચરવાએલો સવાલ છે, તેમજ એક જુંની સાબેત થએલી હકીકતબી છે. અને બીજા ઘણા મજહબોના દાખલાઓથી આપણે જોયુંછે કે વટલાવાની એવી રૂઢીથી તે ધર્મની પવીત્રાઇને યા સફાઇને કોઇબી રીતે ધોકો પુગ્યો નથી. અને તેથીજ આટલી ગંજાવર મુદત ગુજરવા છતાં પારસીઓ એવી વટલાવાની કોસેસો કરવામા કેમ પછાત રહ્યા તેનો સબબ આપણુને સમજાતો નથી, બલકે તેવી બેદરકારી યા ખાંમી આપણી દલગીરી ભરેલી અજાયેબી ઉતપંત કરે છે.

અલબતાં વટલાવવા કેમ અને કોણુને તેનાબી દરજા અને અંદાજા છે. ખીસ્તી મીશનરીઓની માફક ઉંચા અને નીચા, પાક અને પાપી, દ્રસ્ત અને ગુનેહગાર સઘલાંનો એક કમકમાત ભરેલો સંગ્રહ કરવાની કોઈ હીમાયેત કરતું નથી. એમ તો મધરાસ અને બીજી જગાઓના 'પારીયા' જેવા રજલતા, ચીઠડીયા, આલશુ અને ભીખારી વર્ગના સેંહકડો બલકે હજારોને વટલાવીને એ પાદરીઓ

મગરૂરી અને મોટાઈની બાંગો મારે છે. તેવી મગરૂરી તેઓનેજ મુબારક થવા દેઓ. એવા મતલબી મુપૂલેસોને પેશાના લોભે, યા પેટનો ખાડો પુરવાની હરામ લાલચે આપણી દીનમા દાખલ કરી તે ભલી દીનની પવીત્રાઇ અને મોટાઈને હાંણી પુગાડવા આપણે ચાહતા નથી. પણ એવી નકાંમી નજીસાતને યાહોમ દાખલ કરવી એ એક વાત છે; અને ઘટતી તદબીરો, તેમજ આબરૂભર્યાં માર્ગે થતી સંભાલભરી કોશેસોથી લાએક જુદદીનને એક સઉથી વધારે ભલી અને પવીત્ર દીનનો જહલકાત દેખાડી કાએમ સુધીની સુખી હાલતમાં લાવવાનુ સવાબવંતું કામ કરવું, એ તદન જુદી અને બીજીજ વાત છે. અફ્સોસની વાત એજ છે કે એવું સવાબ હાંસલ કરવાથી દુર રેહવાની નુકસાંનકારક બેદરકારીમાં આપણે આજ સુધી રીબતા રહ્યા છીએ!

હવે બે બાએડી કરવાનો રેવાજ અથવા પરવાંનગીનો સવાલ આપણું ધ્યાંન ખેંચેછે. પેહેલી નજરે જોતાં તે વટલાવવાના સવાંલ કરતાં બેહદ વધારે ચોંકાવનારો લાગે છે. પણ ઘણી વેળા કઢંગા બનેલા સંજોગો ધ્યાંનમાં લેતાં, ખુદરતી બનાવોની ન ધારેલી ગુજરેલી આફ્તોનો વીચાર કરતાં, અને સંસાર સુખોની ઉમદામા ઉમદા મજાહ તેની અસલ પાકીજગી અને નીર્મલપણાં સાથે ભોગવાતી રેહે તેવા ઉપાયો લેવાની જરૂરીઆતની હાજત પીછાણતાં, તેની ચોંક તેમજ તેની હેબત સઘલી નીકલી જાએછે, અને તે સવાલ તેનાં ખરેખરાં વાજબીપણાં અને સાચાં ઉપયોગીપણાંના આકારમાં ખરા દાનેશમંદ શખસોની નજર સામે આવીને ઉભો રેહેછે.

ભયંકર દરદોથી, ખુદરતી ફેરફારો યા અચણુચ અકસમાતોથી નીપજેલી સમપુર્ણ નબુલાઇથી, યા ચાલુ બીમારીથી એક નીરઉપયોગી અને ત્રાસદાએક સંસારી સ્થીતીમા રીબતાં અને હેરાન થતાં જોડાંને, સાદી સમજ કબુલ કરે એવા, અને ઇનસાંનીઅતને અનુસરતા, એલાજો વગર કાએમ સંતાપમા સબડતું રેહેવા દેવામા જો નીતીની જાલવણી થતી દેખડાતી હોય, તો નીતીના તેવા ખ્યાલપર હેફ છે!

સઘલાજ પારસીઓને બે બાએડી કરવા કેહેવું યા તેની છુટ આપવી એ તો એક સરીઆમ મુર્ખાઇ છે. અને એવોજ એક મજબુત રેવાજ પારસીઓમા જાએજ કરાવવાની મનસુખે નેમ રાખી હોએ એવું સમજાવામાં હેવાંનીઅત છે. એવું બોલવું અને સમજાવવું એ એટલું તો ઉંઘાડું ને હસવા જેવું 'હંબગ' છે, કે તેના બચાવમા અથવા તકરારમાં ઉતરવું તે ચાલી ચલાવીને ખુદ પોતાને બેઅકલી સાબેત કરવાની કોશેશ કરવા જેવું હું સમજુછું. જો તેવીજ નેમ મનસુખની હતે તો તેવણ, પોતાના જાણીતા મજબુત ઠેડાવના અને સખુનપરવર સ્વભાવ મુજબ, ત્યારપછીની પોતાની જીંદગીમા એક નહી પણ અનેક વખત લખાંણથી અને બાશાણથી, અગણીત દાખલા દલીલો અને શાહદતોને આધારે, તેના જુમબેશ મચાવાને ચુકતે નહી.

"નીતીનાં પવીત્ર કાંનુનો સાચવવા," અને "પાક પ્યારની અને મોહબતની મોતેબરી જાલવવા" જીવતી બાએડીપર બાએડી લાવવાની પરવાંનગીનો અટકાવ થવોજ જોઇએ એવું બોલવું એવી તરેહનુ હું ગણું છું કે જેને ઇંગ્રેજો—"hypocritical cant"—ની ઉપમા આપે છે, અને જેનો ખુલાસાદાર અર્થ, 'નીતી–ઠગોની ઢોંગી બકવા,' એવો થઇ શકેછે. જે ગંભીર ને પુરજ્યાત હાલતોનો હું એશારો કરી ગયો તેવા બનાવોમાં એવી છુટ યા પરવાંનગીનો અટકાવ કરવા ચાહવો એ એક ખરેખરી અનીતીને ઉતેજણ આપવાનુ, નવી નાલંસ્રીઓને જનમ આપવાનુ, આડા રસ્તાઓની રાહબરી કરવાનુ, અને મરદ યા ઓરતને તેનાં સંસાર સુખની લેહેઝતોથી બેનસીબ રાખવાનુ કરપીનપાણું દેખાડવા જેવું હું સમજુંછું.

એવી પરવાંનગી આપવામાંજ ખરેખરૂ નીતીનું ધોરણ સચવાએલું ગણાશે. એવી પરવાંનગી યા છુટ આપવી તે એક રીતે એક રેવાજ દાખલ કરવા જેવુંજ ગણાએ. જો રેવાજજ નહી હોય તો તે બંધી અને અટકાવજ કહેવાએ, માટે એ રીતીને મનસુખેજી જો રેવાજનુ નામ આપ્યું તો તેમાં ચોંકવા જેવું શું હોએ? ઘણીએક રીતીઓ દુનીયાંમાં એવી છે કે જેમનો સહનતર અટકાવ થએલો યા જેની સમપુર્ણ છુટ અપાએલી નુકસાંનકારક નીવડે, પણ જો

ઘટતી તજવીજોથી અને ઘટતી હદમા ફેલાવા દીધાથી ભારે ફાએદા કરનારી જણાઇ છે. માટે એકથી વધુ બાએડી કરવાની છુટની રસમ દાખલ કરવી તે દરેક પારસીને બે ત્રણ બાએડી કરવા કેહેલું ગણાશેજ નહી.

હમણાંનો પારસી એકથી વધુ બાએડી કરે! એ ખ્યાલજ કેટલી બેહદ રમુજ ઉપજાવવાને પુરતો છે! સઘલી બાબદો બારીક અને નાજુક એટલી છે કે તે બાબે કંઇ ખુલાસાવાર બોલવા જતાં બેઅદબીના આરોપ તલે આવી જવાનો મને ભય રેહેછે. માટે એટલુંજ કહું છું કે એવું કાંઇ પરાક્રમ બજાવી દેખાડવાની હાલતમા તેઓ આવે તો તુરત તેઓને પોતાનો ખોહેલો મુલક જીહતવાને ઈરાંનપર એક લડાએક ચઢાઇ લેઇ જવાની હાલતમા આવેલા ગણવાને તેમના મુદઇઓ વતીકબી ના કેહેવાના નથી. એક કરતાં વધુ બાએડી! ગરીબ બાપડો પારસી. તેની સ્થીતી જુઓ,–તેનો સંસાર જુઓ. એક બાએડી રાખવાના વાખા પડે, તો વલી એકથી વધુ લાવવાનો તે વીચાર કરે? તમે તેને ફરજ પાડો તોપણ તે નહી કરે!

એ રીતે સઘલું તપાસતાં, ઘટતા અને જરૂરના સંજોગોમા, એકથી વધુ બાએડી કરવાનો રેવાજ ખરેખરો ગુણગારો સાબેત થાએછે. અને તેથી "નીતીના કાંનુન"ને કે "પાક મોહબતની મોતેબરી"ને કશો ધોકો પુગતો નથી. સંસાર અને સૃષ્ટીના ઘણા એવા બનાવો છે, ઘણા એવા ફેરફારો છે, ઘણી એવી હોનારતો છે કે જ્યાં એ નીતીના કાંનુન કે મોહબતની મોતેબરીને તેનાં મુળતત્વ સાથે મજબુતીથી બાઝી રેહવામાં સરફ મુર્ખાઈ ગણાએ. હાલનાં કેહેવાતાં પ્યારનાં લગનોના વખતમા જો પેહેલા પાક પ્યારની સપ્રાઈજ જાલવવા માગો તો, વીધવાઓ અને રંડાએલાઓ બન્નેને બીજીવારનાં લગન કરતાં અટકાવો. પાક મોહબતની પવીત્રાઈ જો તેનાં અસલ નીર્મળપણાંમાંજ જળવાતી હોય તો પછી જીંદગીમા એકથી વધુવાર તે કેમ ઉપજે, અને એકથી વધુ આસાંમીપર તે કેમ દોડી શકે તેનીબી સમજ પડતી નથી! અને તે સઘલાંની પુરેપુરી સમજ વાપડીને કામ લેવા જઇએ તો જગતનુ સઘલું

જોડાંણુ અને સંસારનો સઘલો સંબંધ એક ભયંકર ગુંચવાડામા ગરક, અને અનીતીની અપાર ખરાબીઓમા ખુવાર બને.

ઘણીવેળા તો એવુંબી બને છે કે સંસારના આસપાસના સંજોગો તપાસતાં મોહુબતના સઘળા ઉંચા વીચારોને એક બાજુ મુકવા પડે. અને તોપણ તેથી તે સંસારના સ્નેહી માર્ગોમા કસીબી હરકત થએલી જણાતી નથી. અને તેથીજ 'પ્યાર'ને, કેટલાક કરડા લખનારાઓ.-"દુનીયાઇ મતલબો અને હવસોને તૃપ્ત કરવાનુ એક ઢોંગી ઓઠું"-જણાવી ગયાછે તેમાં ઘણીવેળા સચાઈ સમાએલી દીશી આવેછે. કેમકે એવુંબી આપણે કસું જોયું નથી કે આ કેહેવાતી મોહુબતનાં અને પસંદગીનાં લગનો હુમેશ પારજ પડયાં હોય, અને બીજાં હુમેશ નીશફળ નીવડયાં હોય. જો તેમજ હતે તો સુધરેલા આ વખતમા, ઇંગ્રેજી અદાલતો, તલાકના, ભયંકર અનીતી અને નાલેસીઓ જાહેર કરનારા, મુકરદમાઓથી ભરાએલી રેહેતે નહી; તેમજ. પોતાની નાંધલી મુઠીભર કોમમા, આપઘાતના ઉપરાસાપરી બનાવો, ફુજેતીભર્યા કજીઆઓ, અને ફુટા છેડાની રીજગંદીઓના સંતાપકારક હેવાલો સાંભલવાને પારસીઓ કમનસીબ થતે નહી.

દાનાવ અને અક્કલમંદમાં ખપતા જે કમનસીબ પારસીઓએ "લગન તલાકના સુધરેલા ધારા"ને નામની જે બલા રાંક પારસી કોમને ગળે ઓલવી, તેઓ સામેનો પોતાનાં લખાંણુનો ધુજારો, શરૂઆતથીજ તે છેલ્લાં વરશો સુધીબી, એકસરખા જોશથી કરવાને મનસુખે એકબી ટક જવા દીધી નથી. ૧૮૬૯ નાં વરશમાં

"પારસી ધારા ઉપર નુકતેચીની"

નામની એક નાધલી કેતાબ બાહેર પડી, કે જેમા જાહેર થએલા વીચારોની અને અપાએલી ચેતવણીની સચાઇ જેમજેમ વખત ગુજરતો ગયો તેમ તેમ પારસી કોમ પોતાના ભારે ગમ અને દલગીરી વચે જોતી ગઇ. અને સેવટે તેથી ઉપજેલી ખરાબીઓની ગમખારી અને ચર્ચા એટલી વધી ગઇ કે તે ઉપર પોતાનાં જોશદાર ભાશણો આપવાની તેવણને થયેલી અરજબી ખુશીથી મંજુર રાખી તેવણ પોતાની સાચી ફરજ બજાવાને ચુકયા નહી.

અસલ નીકલેલી ચોપડીની શરૂઆતમાજ તેવણુ લખવાને ચુકયા નહી કે–"બીચારાં હજારો દીકરા દીકરીઓનાં મા બાપો, જે હજી સુધી કંઇ જાંણતાં નથી કે પારસી ધારા એ શું બલા છે અથવા એ શું ચીજ છે, તેઓને તાંહ એ ધારાની ચોપડીઓ મફત મોકલે, અને તેઓને ખબરદાર કરે કે–"ભાઈઓ દસથી પંદર વરસ સુધી વહીતરૂં કરી, આ જંજાલીનો હદીઓ તમારે વાસ્તે ભેટ મોકલેઓ છે, તે તમોએ અને તમારાં ફરજંદાંન ફરજંદોએ કબુલ રાખવો, અને કાંમ પરેથી, તે વાંચી જોતાં–'કરવા શું ગીઆ અને થઇ શું ગીઉંછે'–એવું કાંઇ નજર આવે તો કપાલે હાત અને હઇડે હીમત ધરી હમોને ઇઆદ કરતા રેહેજો!"

એ તો થયું. પણ વલી એ ખાનાંખરાબીનાં ફળ ઉપજાવનારાઓને શું કમબખ્તી સુઝ પડી કે પોતાની એ ધારા–પોથીની તારીફનાં બાકાં પુકાવા એક પત્રમાં–"પંદર વરશોની અથાગ મેહેનત"–"કાબેલ કલમો"–"ખીલેલાં ભેજાં"–એવા ખુસામત ભર્યા એને હસી કરાવનારા બોલો જાહેર થવા દીધા. એટલે આ સઘળા બોલો મનસુખના કાએમ ટીકાનાં બાંણોના પ્રખ્યાત નીશાના થઈ પડયા. એવાં હીનપસ્તી ભર્યાં લખાંણની જે તેજ વેળા આતકણી નીકલી તે એમ કે–

"જે પુસ્તકની મેહેનતની "આવરેજ" વરસ દહાડે ૧૭ સફાનાં લખાંણની ઠરે, તે મેહેનતને 'અથાગ મેહેનત' અને 'વગર હદની મેહેનત'ના બેતાબ કેટલે દરજ્જે જેબ આપે છે, તે રીશે, તથા વલી જાહેર રીતે આલમની તરફનું માંન માંગવાની હીમત કેટલી અચરતી ભરેલી છે, તે રીશેની ખરી મુનસફીનું કામ હમો વાંચનારી આલમનેજ સોંપીએ છઇએ. * * * * વલી તેમાં તેઓએ ઓર બીજાં ત્રણ ચાર 'ખીલેલાં ભેજાં અને કાબેલ કલમો'નીબી મદદ લીધી હતી. * * * આ કલજુગના જમાનાંના "સોલનો" (Solon) અને "લાઇકરગસો" (Lycurgus) પોતાની મેહેનતનો ખરેખરો સાર પોતે નહી સમજતા હોય એવું હમો માનતા નથી, તોબી 'પ્લેટો,' 'પર્સો' અને ચોપડીઓનાં બનામો "લએ" કરયા ઉપરાંત, "અથાગ મેહેનત અને વગર હદની જેહમત"નાં હેસાંનનો ભાર, પારસી આલમને માથે ચોંહટેલો રાખવા માગે

છે, ત્યારે હમારા ઘણુંજ ગંભીર મીજાજનીબી લગામ ખરી બરદાસત શકતીના હાથમાં રહી શકતી નથી. નીત રોજના ખાવાપીવાના કરારો, તથા અગતના સંસારી કારોબારો અકારા કરી, એક અરધીનીબી હાસલ વગર, જે નેકબખત માએના પુતો, મુગે મોહડે પોતાના ખાસોઆંમ જરતોસ્તી ભાઇઓની સેવા સાચી દેઆનત અને ખરી દીલસોજીથી આજ લાંબી મુદત થઇ બજાવ્યા જાય છે, તેઓનાં તન અને મન ઉપર પડતા રંજનો મુકાબલો, જેઆરે પેલી ઢોંગ ભરેલી "અથાગ મેહેનત અને ખીલેલાં ભેજાંની જેહમત" સાથે કરીએ છઇએ, તેઆરે હમારી કલમની તેજી નોક-માંથી, ખાલેસ ગુસ્સાના આતશની ચીંગારીઓ ખુદ બ ખુદ પરકાશી નીકલે છે."

વલી એકથી વધુ બાએડી કરવાનો રેવાજ પારસીઓમાં ચાલુ કરવાની જે હીમાયત મનસુખે કરેલી ધારવામાં આવે છે તે કેવા સંજોગો વચે કરવાનુ તેવણનાં ધ્યાંનમા હતું તે પારસી લગન ને તલાકને લગતા ધારા ઉપરની તેવણુની આ નુકતેચીનીનો એક ભાગબી ખોલ્લો દેખાડી આપે છે. કે જેમાં તેવણ લખી જાએ છે કે-"પણ તેને બદલે આજના સુધરેલા જમાનાના આપણા પારસી ગરહુસથોએ તો એવા ધારા બંધાવેઆ છે કે, તેઓની કોમની વરધી અને આબાદી થતી અટકે, અને તરેહવાર મરજ અને એઓનો ઓર વધારે ફેલાવો થતો રેહ. * * * * એટલુંજ નહી, પણ તે માટી બઇએર પોતાનાં અરસપરસનાં દુખથી, પોતાની ખરી હાલત પામી જઈ, પોતાની તેમજ પોતાનાં સગાં વાહલાં અને દોસ્ત આશનાવોની રાજી મરજીથી, છુટા છેડા કરવા ચાહે, તોબી તેઓથી બની શકે નહી. * * * * વળી એક બીજાંની રાજી મરજી ઉપરાંત, એક બીજાંનાં તનનાં દરદ અને આઝાબ સાથે આમેજ થવાની ફરજમાં રાખેઆથી, કેહવા કંટારા અને કમકમાટ ભરેલી હાલત તે જોરાંએ ગુજારવી જોઇએ? * * * એવાંઓને બીજીવાર પરણુવા દેવાના અટકાવથી કેટલા મોટા અજીમ ગુનાહો થવા જોઇએ? કેવાં મરદુમ આજારીના અને અપવીત્રાઈ ભરેલાં કામો થવાં જોઇએ? આએ એક ખરાં ઇનસાંનીઅતપણાંને એબ અને અપમાન પોંહોંચાડનારો, આ સં-

આસ્નાં ખરાં સુખ સંપજનો નાશ કરી નાખે તેવો, બલકે સાદી અકલથી ધીકારી નાખે તેવો ધારો છે એવું હુમો માંનીએ છઇએ."

એ મતલબનું આ સઘળું લખાંણ થયું છે. અને "પંદર વરશોની અઠાગ મેહેનત અને ખીલેલાં ભેજાંની ઉતપંતી"ના વાધરે-વાધરા વેરનારી એ કેતાબમા એક હરફ઼ બી એવો નથી આવ્યો જે એમ દેખાડે કે જેઓએ આ નવા ધારા બાંધી મંગાવ્યા તેઓએ, દરેક પારસીને ગમે તે વખતે, એકથી વધુ બાએડી કરવાની પુરેપુરી છુટ આંપનારી કલમ દાખલ કરાવવી હતી. જો કે "એહુવાલે જંદ અવસ્તા" અને આ "નુકતેચીની"ની કેતાબો પ્રગટ થવા વચે થોડાંજ વરશોનો અંતર પડયો હતો.

ઘણુા ખરા ચોકસ રાએતાથી જો કોઇબી વર્તમાન પત્રમા લખવાનુ મનસુખે શરૂ કીધું હોય અને ચાલુ રાખ્યું હોય તો તે આગલું

"યઝદાં પરસ્ત"

નામનુ એક અઠવાડીક પત્ર હતું. પાક જરતોસ્તી ધર્મ સંબંધી તેમજ પારસી કોમની નીતી રીતીને ફાએદો થાએ તેવાં લખાંણો કરવાની મકસદથી એ પત્ર કાહડવામાં આવ્યું હતું; અને તેના પ્રગટ કરનાર નસરવાંનજી આપએખતીઆરની ઉલટભરી કોશેસોથી, એજ મકસદની પુરેપુરી જાળવણી સાથ તેને ઘણાં વરશોની લાંબી હેયાતી વેર ટકાવામાં આવ્યું હતું. પણ અંતે, ધર્મસંબંધી ઘણાં બીજાં પેપરો અને ચોપાંનીઆંઓના જેમ હાલ થયા છે તેમ, એ એક વેળાનાં આગેવાન અને ઉપ્યોગી ગણાતાં પેપરનેબી, પુરતા ટેકા અને આસરા વગરની ખોટ ભરેલી જીંદગીમા રીબતું રાખવાને બદલે, એક શાંત ઉંઘમાં સુવાડી દેવાનુ તેના કારોબારીઓએ ઘટતું વીચાર્યું હતું.

એ પછી "હુખ મઝદીયસ્નનાંમ" નામનુ બીજું એક ધર્મ સંબંધી પત્રથી, "યઝદાં પરસ્ત"નાં મરણ બાદ ઘણે વરશે, બાહેર પાડવાની દસ્તુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહેરજીએ ઉલટ પકડી. પણ તેવણુના જેવી લાગવગભરી માલેકી તલે ચાલતું અને

અતીઘણી કાબેલ કલમથી લખાતું પત્રબી થોડા વખતની હૈયાતી બાદ, ઘટતા આસરા માટે ધુમો પાડતું, અને સેવટે મનસુખનાં "સત્ય મીત્ર" સાથે જોડાઇ જઇ પોતાની ટુક કારકીર્દીને એક ટેક અને શોભાભરી આખેરીમા સમાપ્ત કરતું, પારસી ટોલાના દીનદારી લાગણીવાલા એક નાધલા વર્ગે ભારે અજાયેબી તેમજ દલગીરી સાથે જોયું.

એ પછી બીજાં કેટલાંક ચોપાંનીઆંબી નીકલ્યાં પણ તેમનેબી નીરાશીભરી એક ટુક હૈયાતી પછી પોતાનો દમ આખર કરવો પડયો. અને એ સઘલા બનાવોએ ખોલ્લેખોલ્લું સાબેત કીધું, કે ધર્મ સંબંધી કેલવણી અને તરબીઅતની સમપુર્ણ ગેરહાજરી, જે કાંઇક વરશો સુધી ત્રાસદાએક બેદરકારીથી ચાલુ રેહેવા પામી, તેને અંતે ધર્મી લાગણી-રહીત એવો એક જમાનો ઉપજાવ્યો કે જેમાં ખાસ દીનદારીની બાબદો ઉપર વીવેચન કરતું, કાબેલ હાતોથી લખાતું એક પત્ર યા ચોપાંનીઉંબી, કમાઇના કોઠલા બાંધતું અને જશની મોટી જાહોજલાલી ભોગવતું તો રહ્યું, પણ આબરૂથી પોતાની સાદી જીંદગી ગુજારતુંબી નીભી શકતું નથી!

હેંસી હજારથી વધુ સંખ્યાની એક કોમ, જે સુધારાના અને ઉંચી કેલવણીના ફીશીયારી ભરેલા ડંકા વજાડવાને કસી બાકી રાખે નહી, તેનાં ધર્માભીમાન અને તેની દીનદારીનો એથી વધુ બીજો તમાશો તો થવો મુશકેલ છે. એક ભણેલા કાબેલ અને માનવંત દસતુરજીને હાતે લખાતું એક પત્ર, હેંસી હજાર પારસીઓમાંથી એક હજાર ગ્રાહકોના ટેકાની જાડુકની જામીનગીરી મેલવી શકે નહી; એથી વધારે મજબુત પુરાવો, દીનપરની તેમની ડામાંડોલ ચેક્રીનદારીનો, આપણને શું મલવાનો હતો?

"યઝદાં પરસ્ત" બાહેર પડે તે આગાઉ તો અલબતાં મનસુખની લખાંણ શકતી પુરતી પ્રખ્યાતી પામી ચુકી હતી એટલે તે પત્રનાં લખાણોમાંબી તેવણુનીજ કલંમની મદદ માગવામાં આવે એ સ્વભાવીક થઇ પડયું. અને નીચલાં બે પત્રો એ અને બીજી કેટલીક બીનાપરબી પુરતું અજવાળું નાખે છે. દસતુરજી સાહેબ પેશોતન તરફનુ કાગલ હું પુરેપુરૂં ઉતારૂં છુંઃ-

"નેકનામ શેઠ મનચેરજી,

ભાઇ નસવાંનજી સાથે બંદોબસ્ત કરવા ધારેલું કાગજ હમોએ વાંચીને આએ ચીઠી સાથે તમારી જેનાબમાં પાછું રવાંના કરીઉં છે તે તપાસીને લેજોજી. ભાઇ નસરવાંનજીને તમો સાહેબે આપવા ધારેલી રકમનો બોજો તમોને કોઇ રીતે ભારી પડે એવો નથીજી. હમો તથા શેઠ ડોસાભાઇની ઉપર જે બોજો યજદાં પરસતને માટે છે તે ઉપરાંત બીજો બોજો ખમી શકાએ હેવું નથીજી; તેથી હાલ મી૦ ડોસાભાઇની સાથે વાત કરેઆ વગર આએ ચીઠી હમોએ તમોને લખી છેજી. જો તમો સાહેબને કોઇબી જાતના વીચારથી એ બોજો વધારે દેખાતો હોએ તો હાલ જેમ એ કાગજો ચાલે છે તેમજ ચાલે બેહેતર છેજી. તુરત વેલા એજ વીનનતી.

રોજ ૨૯ માહ ૧૨ સને ૧૨૩૭ યઝ૦

લા૦ દોઆગો,

પેશોતન દસતુર બેહેરાંમજી સંજાંણાંની

સલાંમ વાંચજોજી."

દસતુરજી સાહેબના દસ્તખત જોકે કાંઇ રોનકદાર વલણની શોભાથી તો ખાલીછે, તોપણ ખુલ્લા અને ઠેરવીને લખેલા લાગેછે. પણ તે સાથે મલી આવેલાં નસરવાંનજી આપએખતીઆરનાં કાગળમાંતો એક મેહેતાના જેવી લેખણ ચાલેલી જણાયે છે. તેમાં "યઝદાંપરસ્ત" પત્રને શરૂઆતથીજ શું તરીકાપર અને શું ધોરંનપર ચલાવાનો ઇરાદો રાખ્યો હતો તેનુ પુરેપુરૂં બયાંન થયા બાદ મનસુખને તેના એક લખનાર બનવાની અરજ નીચલી ઢપે થઇ છેઃ—

"આપઅખતીઆર પ્રેસ," મુંબઇ, તા૦ ૨૮ મી જાનેવારી ૧૮૬૮. નેકનામ શેઠ મંચેરજી કાવસજી લંગડાના જોગ.

* * * * * *

માટે તમો સાહેબને તજદી આપવા મખસદ એ છે કે તમો સાહેબ જરતોસ્તી ધરંમનું સારૂં ગનાન ધરાવોછો, માટે હમારા ઉપર મેહેરબાંની કરીને તથા જરતોસ્તી ટોલાના હીત તરફ નેગા રાખીને એ પતરને સારૂં ધરંમ સંબંધી બીનાંના "કાંટરીબીઉટર" તરીકે લખતા જશોતો તમો જે જાહેર અને ખાંગી રીતે આપણા ટોલાના હીતકારી જણાઇ ચુકાછો તેમનુ એ ટોલા ઉપર મોટું હેસાંન થશે.

એ પતરમાં ધરંમની બીનાઓ લખવાને આપણા ટોલાના દસતુરજી સાહેબ પેશોતનંજીએ ચોકસ મુદત સુધી મુફ્ત કબુલ રાખીઉછે, તેમજ તમો સાહેબબી "કનટરીબીઉટર" તરીકે લખવાને કબુલ રાખશો એવો મને ભરૂશો છે.

હમારા પંદર વરસના અનુભવ ઉપરથી હમો જાંણીએ છે કે તુરતને તુરત એ પતર "સેલફ્ સપોરટીંગ" થનાર નથી. વાસતેજ તમો જેવા કેટલાએક દીનદોસ્તોને વગર સવારથે "કનટરીબીઉટર" થવાની તજદી લેવાને હમોએ અરજ કરીછે."

એ અરજ મનસુખે ખુશીથી મંજુર રાખી. અને ત્યાર પછી, ઘણાં વરશો સુધી, (લગભગ છેક તેવણની પોતાની માલેકીનુ પેપર નીકલ્યું ત્યાં સુધી), તેવણે "યઝદાં પરસ્ત"માનાં પોતાનાં લખાણો ચાલુજ રાખ્યાં.

૧૮૭૧ થી ૭૩ નાં વરશોનો હીંગામ આપણને "મનસુખી મનાજાત અને અરજ ગુજારી"ના એકેક પછી પાંચ અંકો પ્રગટ થએલા અને "ગુજરાતી શાહનાંમાં"નાં માહુભારત કામની શરૂ-આત થએલી દેખાડે છે. પણ તે ઉપર કાંઈ વધુ લખાએ તે આગમચ, ૧૮૬૫-૬૬ ના કડાકાનાં એક દુઃખભર્યાં પરીણાંમ તરીકે ઉતપંત થએલાં, અને એક અતી નીરાસ બનેલાં જીગર સાથે લખાએલાં વસીએતનામાંના એક પત્રની નોધ લેવાનુ મને ગેરવા-જબી સમજાતું નથી.

એ અસલનાં 'ઉવીલ'નુ તમામ લખાંણ મનસુખને પોતાને હાતના બારીક પણ ઘણા ખુલ્લા લખાએલા હરફે થયું છે; 'એકઝી-ક્યુટરો' તરીકે ડોસાભાઈ હોરમજી કામાજી અને દોરાબજી પેસતનજી કામાજીનાં નામો લખાયાં છે; અને સેવટે ખરશેદજી રતનજી કોહોલા અને એદલજી દાદાભાઈ મીસતરીના હાતની સાખો મુકાએલી નજરે પડે છે. એ લખાંણના ફકત ધ્યાંન ખેંચનારા ભાગોજ હું નીચે આપું છું:—

"ઇ૦ સ૦ ૧૮૬૫ તથા ૬૬ નું સાલ મલીને લગભગ રૂ૨૦૦૦૦૦) અંકે બે લાખ રૂપીયાની માહરી પુંજી જુદા જુદા સખસોના જુઠા ભરૂશા અને દગાઓથી બરબાદ થઇ છે. તેમાં સઉથી મોટી રકમ તે આસરે

રૂ. ૧૪૦૦૦૦) અંકે એક લાખ ને ચાલીસ હજારની શાપુરજી ધનજીભાઈ બાટલીવાલા ઉપર નીકલેછે, તથા આસરે રૂ ૫૦૦૦૦) અંકે પચાસ હજાર રૂપીઆ બેરાંમજી હોરમજી કામા ઉપર નીકલેછે. * * * * *

ઉપલી રીતે તથા રૂઉની તથા બીજા વેપારની નુકસાંનીમાં માહરી પુંજીનો મોટો ભાગ દુબતમાં આવેઆથી ખોદા ન કરે ને કંઈ કસી રજા કજાની વખતે માહરી પાછલ ખરચ કરવો પડેતો રૂ ૫૦૦) અંકે પાંચસો થી વધારે નહી કરવો. હાલ માહરો કારોબાર લંબાન નથી, અને હું કોઈ-નો કાંઇ દેવાદારબી નથી. જુજવી કામ અતરેવારા શેઠ હોરમસજી મન-ચેરજી કામાજીના છોકરાવોની કુંપણી સાથે પારૂં છેઉં, અને તેવણ સાથનો હીસાબબી સરવે પરકારે સાફ અને નકી છે. * * * * અને જે બાકી રહે તે માહરાં બે બચાંઓને પોંચે. જેમાં એક છોકરી અને બીજો છોકરો હાલ હઇઆત છે, અને જેવણુને ખોદા સારી તંદરોસ્તી અને લાંબી હઈઆતી સાથે રાખે. આ એકપુરી માહરી બેટી અને માહરા બેટાને મલનારી મોટી પુંજી ઉપર કહેલાઓની અને તેમના લાગતા વલગતા-ઓની ચાલથી તથા તેમના ભરૂસાથી બરબાદ થઇ છે. તે જોઇ હું અતીશે દલગીર છેઉં. પણ ખોદા એ ખાનદાનવારાઓને નેક હેદાએત બખશે અને એ મોટી નુકશાનીનો અવેજ પાછલથી કંઇબી રીતે મલે તે ઉપર કહેલાં માહરાં સાવકાં માતાજી માનેકબાઇએ અથવા માહરી બાએડીએ અને બચાંઓએ લેવો. * * * * * એ ખોબરાતોથી ઉપર કહેલાં માહરાં માતાજી માનેકબાઇને માહરે લીધે મોટી નુકસાંની થઇ છે, અને તેવણુની પોતાની પુંજીનોબી તદન નાશ થએઓ છે તેથી માહરૂં હઇઉં હરપલ ગંમ ભરીઉં રહેતું હતું, અને એ વીશે એ રાંક, ભલી મનશનીની અને સબુરીવાલી બાઈ પાસે હું માહરાં ખરાં જીગરથી માફ માગું છેઉં. અને તેવંણે માહરી ઉપર બેહદ મેહેરબાંનીઓ કરીછે. તે સાથે મને એ બનાવ બાબે માફીબી બખશસે એવી ઉમેદ રાખું છેઉં. એ પુંજી મેં કાંઇ માહરી આડી ચાંલથી અથવા સટાબાજીથી ખરાબ કીધી નથી, પણ સારાં ખાંનદાંનના સારાં માણુસો જાંણી કામ પારતાં એ મુસીબતે પોંચવું પરીઉં તેથી ખોદાતાલાપર સબર રાખવા સીવાએ બીજો દીરગ સુજેઓ નહી. વધુ શું લખું. મુંબઇ, તા૦ ૨ જી એપરેલ ૧૮૬૮, વાર બરેસપદ."

ગંભીર અને અસરકારક અરજગુજારીના એતો, ખોદાતાલા-ની સેતાયેશ અને બીજી બાબદોને લગતી ખુશ એબારતની મોના-જાતો, અને એવાંજ બીજાં ઉપીયોગી લખાંણોથી ભરપુર થયેલાં,

"મનસુખી મનાજાત અને અરજ ગુજારી"

નામનાં ચોપાંણીઆંઓ પ્રજાને એટલાંતો પસંદ પડેલાં લાગ્યાં કે તેમના પાંચેપાંચ અંકોનો મનમાંગતો ખપ થવા વીનાં રહ્યો નહી. એજ ચોપાંણીઆ મધેની તે મનાજાતો હતી કે જેમને, ગાયેનમાં બંદગી કરવાને લગતી એક છેલ્લી પ્રખ્યાત તકરાર વખતે, મનસુ-ખનાં પોતાનાં મનની વલણુની એક શાહુદત તરીકે, રજુ કરવામા આવી હતી.

પણુ તે સઘળો ખોટો વીચાર હતો, અને તેજ વેળા મ-નસુખ તેનો રદીયો આપવાને ચુકયાબી નહી હતા. અવસ્તા ભા-શામાં બંદગી કરવાનુ માંડી વાલી, ગુજરાતી ભાશાનાં ગાયેનોમાં અથવા એતો યા મનાજાતોમા કરવાનો વીચાર કોઇ કાલેબી મનસુખ સ્વીકારે, તેવો ખ્યાલજ હુસવા જેવો હતો! ખુદ પોતાનાં ચોપાંણીઆંના પાંચ અંકો તેવણે બાહેર પાડયા તોએ તેમા કોઇ એક જગેબી તેવણે એવું તો જાહેર કીધુંજ નહી કે–'અવસ્તાની અસલ બંદગી પઢવાને બદલે આ માહરી લખેલી મનાજાતો પઢવી વધારે વાજબી યા વધારે ફાએદાકારક થઇ પડશે.' એ સઘળી મનાજાતો તેવણુ વારેઘડીએ પોતાના બુલંદ અવાજે રસીલી લાગતો અને મધુર રાગે પઢતા, અને તેમજ ઘરમાં સઘળાંઓનેબી પઢવાની તબે હતી અને છે; પણુ તે હરદમ અવસ્તાની અસલ પાક બંદગી પુરી થવા પછીજ, જો ઉલટ થઇ અને વખત મલ્યો તોજ. અને એ વીચા-રમા તેવણુ એટલા તો મજબુત હતા કે માહરી "ખોરદેહ અવ-સ્તા એતોમા"–ની ચોપડી તેવણુની સેજબી પસંદગી પામવાથી બેનસીબ રહી હતી. અજબ જેવું તો એ હતું કે જે બોલો મજકુર તકરાર વખતે તે સભામા તેવણે વાપડયા તેનેજ ઘણાખરા એક-મલતા બોલો લગભગ દશથી વધુ વરશો અગાઉ તેવણે મનેબી ક-હી સંભલાવ્યા હતા. ત્યારેબી એવાજ બોલો તેવણુ બોલેલા મને યાદ છે કે—" આજના વાબેંગા ને વીખરાએલા વખતમાં અવસ્તાની

બંદગી સાથે એવાં ચેડાં કાહરવાં તે અવસ્તાનાં અસલ ભણતરની નાબુદીનો પાયો રચવા જેવું છે. સુધારાવાલાઓને એટલીબી છુટ આપવી તે ગોયા વાંદરાના હાતમા અસતરો આપવા જેવું બેહુંદુ કામ છે. આજે તમે તેના બેત જોડયા, કાલે બીજાઓ તેની ઠુમરી ને લાવની ને રેખતા બનાવશે; એટલે જાણે નવી ફેશનના જલસાનુ બજાર જાગું!"

પણ આ ચોપાંણીઆમા આવેલા બેતો અને મનાજાતો ખરેખરી અરજ ગુજારી કરવા લાયેકજ છે તેમાંતો જરાબી શક નથી. અને તે એવા હોયાને લીધેજ, એ વીશે એક દીવસે વાત નીકલતાં મરહુમ સોરાબ ખંબાતાનુ બોલવું મને યાદ આવેછે કે—" મનસુખ એ તરેહની ઉમદા મનાજાતો છપાવાનુ જો ચાલુ રાખેતો લોકો, પોતાની નાખુશી છતાંબી, એવનનાજ બેતોમાં બંદગી કરવાને લલચાએ!"

ખોદાતાલાની મદત ચાહવાની મનાજાતનો થોડો ભાગ એમ છે કેઃ--

"વાસ્તે એ કલ-વળ-ને બળના ધણી,
નેગાહ કર મોહબતથી આ મીસકીન ભણી.
હાલ જો-હીંગામ જો-ને જો કુલે ચીજ,
કંઇ રેહેમથી-રમતથી કરો બુજ ને રીજ.
ખુદ બખશેસના ગુલજારમા ગુજારો આપ,
હીણી માહરી તકસીરથી છુટકારો આપ.
* * * * * *
રજક રોટી અગતસર રાખ તું કાએમ,
બદન રાખ તું સુખવાસ ને નસીબપર રેહેમ.
કુટુંબ રાખ તું આબાદ ને ભાઇબંધ ખુશાલ,
પડોશી ને દેશીના રાખ તું નેક હાલ.
રાખ બુરા હવસથી માહરો સંભાલ,
નેકનાંમી હાં બખશી, તું નેક રાખ એકબાલ.
સુકવ પાપના રોપને ખુદ બુનબેખથી,
ખીલવબોલતાં "મનસુખ" ને ખુદ હેતથી."

વળી બીજે ઠેકાણે ગોયા પોતાનીજ હાલતનો ચીતાર આપતા હોય તેમ તેવણ કહે છે કે—

"કુલ તદબીરના શીશા મુજ હાતથી ફુટાય,
લુચાઇ ભર્યા મુદઈ મમતથી રૂઠાય.
તો ઘર માહરો હાત હેટ ને ઉલટથી પુર,
કે બાથ લેઉ મેદાંનોમાં નજદીક ને દુર.
કઉવત આપ કે લડું હું બદકારો સાથ,
કીરતી સંપતી જીહતીને લાંઉ માહરે હાત.
કુમક કર કે આ માહરા સખુંનના તીર,
ચહડે આ કલંમની કમાંનપર અકસીર.
તો મચાંઉ નેકનાંમીની જંગમાં હું ધુમ,
પડાઉ કુલે પાપીને બુમ ઉપર બુંમ.
એલમનાં મેદાંનમાં જોંકાંઉ અકલી અસ્પ,
બતાંઉ કદરદાંનોને મરદાંની દસ્ત.
ભલાની ભલાઇનો જુંનડો લેઉં ઉપર,
કરૂં બદની બુરાઇને જીરો–જબર."

"ગંજનામા" મધેની 'પ્રીનસ આલબર્ટ' ને લગતી એક લાંબી બેતબાજીનો અંગ્રેજી તરજુમો છપાઇને બાહેર પડવા વીશે તો હું આગળ બોલી ગયો. એ તરજુમાનું પુસ્તક મરહુમ નેક વજુદ શેહેનશાહબાનુ વીકટોરીઆ ઉપર, તેમજ બીજાં ઘણાએક બાદશાહી કુટુંબનાં રાજવંશીઓ ઉપર મોકલવાને મનસુખ ભુલ્યા નહી હતા. અને તે પુસ્તકની પોહોંચ કબુલતાં, તે સઘળાંઓએ જે જે હરખાવનારા સંધેસા મોકલ્યા તે માહેલા કેટલાએક "મનસુખી મનાજાત" ચોપાંણીઆંના પાંચમા અંકમાં તેવણે પેહેલ વેહેલા પ્રગટ કીધા.

પણ ઉપલાં ચોપાંણીઆંનો એ અંક, આપણા હાલના નામદાર શેહેનશાહ સાતમા એડવર્ડને લગતી એક બીજી બાબદના હેવાલને માટે આપણું ધ્યાન ખેંચે છે.

તે એ છે કે, ગયાં ત્રીશથી વધુ વરશોની વાત પર, જયારે એ નામવર શાહ 'પ્રીન્સ આફ વેલ્સ'ના એલકાબથી ઓલખાતો હતો

ત્યારે ઝેરી તાવની એક ભયંકર બીમારીમા તે સપડાઇ ગયો હતો. તે બીમારી લાંબો વખત સુધી ચાલુ રહી, અને અંતે તે એટલીતો વધી કે તે નામદારના બચવાની આશા દીનપરદીન કમતી થવાનાજ હેબતાવનારા અને સંતાપ આપનારા સમાચારો આવતા અને ફેલાતા રહ્યા.

તે વખતે મનસુખ, પોતાની બીજી 'કલબો' ઉપરાંત, પરેલમા તેવણના બંગલાની નજદીકમાજ આવેલી એક જાણીતી 'કલબ' મા હમેશાં જતા હતા. ત્યાં તેવણ એક દીવસે બીજા દસેક મીત્રો સાથે બેઠા હતા તેવામાં નામદાર પાટવી કુંવરની જીંદગીની નાઉમેદીને લગતા સાંજે છેલ્લા આવેલા તારના એક સંધેસા બાબેની દુખભરી ખબર તેઓને મલી. એટલે સઘલાઓમાં ખુદરતીજ ઉદાશી ઉપજી. પણ તે ગમનો ઉભરો ફકટ દલગીરી અને અફસોસની વાતો બોલીનેજ તેઓએ જાહેર કીધો નહી.

વફાદારીની બેહદ તારીફલાએક લાગણીથી તેઓએ એવો એક ઉપાય અજમાવ્યો કે જે કદાચજ કોઇની કલ્પણાંમાંબી ઉપજી શકે. તે એ હતો કે, મીજલસમા હાજર થએલા સઘલા ઘસ્તોએ પોતાની કેઆંની રીત રસમ મુજબ આતશ ઉપર સુખડ લોબાંન મુકી એવી નઇઅત કીધી અથવા તે કીરતારને પોતાની ખરાં દીલની ખાહેશ કહી સંભલાવી કે તેઓ મધેથી દરએક આસાંમીની ખુદરતી જીંદગીનાં વરશો અથવા ઉમર મધેથી બબે વરશો ઓછાં કરીને તે સઘલાંનો સામટો વધારો ખોદાતાલા નામદાર શાહુજાદાની ઉમર અથવા હૈયાતીમા કરે, અને તેને જીવતો રાખી તેની ખુબીવંત માતાનુ અને તેની ભલી અને જવાન બાંનુનું દીલ ખુશ કરી તમામ ઇંગલીશ સલતનતમા હરખ ને ખુશાલીનો ફેલાવો કરે!

એ બાબે મરહુમ શેહેનશાહબાનુને મુબારકબાદી આપનારૂં 'હોરી'ના રાગવાળું એક ગીત જે તેવણે ઉપલા અંકમાં પ્રગટ કીધું, તેમાં બે ઠેકાણે ઉપર જણાવેલા બનાવનો એશારો થયો છે. અને તેની ટુક સમજ આપતાં મનસુખ સેવટે લખેછે કે—"પારસીઓની આએ અસલી રીતની દુવા, તેમજ તમામની

મખહલાલ ખલકની વીનંતી, તે દયાલુ અને સર્વ શક્તીવાન સાહેબે કબુલ રાખી, અને ઈંગલંડનાં તાજતખતના ખરા અને હકદાર વારેસને સલામત રાખેઓ તે જોઈ દરએક વફાદાર રઈએતને મોટો હરખ અને આનંદ ઉપજેઓ છે."

ધર્મી નીર્મળ ચેકીનદારી સાથની વફાદારીની આ કેવી ઉત્તમ લાગણી! ઠાલી બકવા અને પત્રાજી ભર્યા ઘોઘાંતથી નહી, પણ ગુપચુપ એકમાર્ગી સાદાઈ અને સફાઈથી તે જાહેર પાડવાની કેવી ઉમદા કુનેહ!

પાક ચેકીનની આ ખાહેશ તે રબે સ્વીકારી યા નહી, અને તેની અસરથીજ આ સંતોશ ને ખુશાલી ભર્યું પરીણામ આવ્યું યા નહી, તેવો સવાલબી જો કદી ઉઠે, તો તેથીબી તે અસલ નઈઅતની ખુબીમા અને કીમતમાં કસો ઘટાડો થનાર નથી. પોતાની જીંદગીનો એક ભાગ તેઓએ પોતાના ભવીશ્યના શેહેનશાહની જીંદગીને ખુશીથી અર્પણ કીધો; પણ તેને તેજ વખતે, ના તે મેલાવડાની નોંધ લેવાઈ, ના તેના રંગીન એહવાલો છપાયા, કે ના તેની વખાણનાં રણસીંગડાં પુકાયાં!

પણ જે જે

'કલબો' અથવા વાડીઓ

મા મનસુખ પોતાની હાજરી આપતા રહયા, તે વીશે હવે બોલતાં મારે જણાવવું જોઈએ કે ઉપર જણાવેલી પરેલની 'કલબ' તેવણની સઉથી પેહેલ્લી ને પુરાંણી મંડળી હોવાનો તો દાવો કરી શકેજ નહી. ઘણાં ઘણાં વરશો અગાઉની તેમની માનીતી મંડળી તો તારદેવ ખાતેની 'બેહરામજી બાતલીવાલાની વાડી' મા મલતી ચાલુ રહી હતી; કે જે હજીબી 'બહેલા બાતલીવાલાની વાડી' નાં ટુકાં અને સાધારણ થઇ પડેલાં નામે ઓલખાએ છે. પરેલની વાડી એ પછી બીજી; 'આપા બાગ' આવી ત્રીજી; અને ગ્રાંતરોડપરની જાણીતી 'દુબાશની કલબ' ચોઠી અને છેલ્લી બની.

પણ એ સઘલાંનીબી આગમચનો, મરહુમ પેસતનજી કામાજીનો મજગામ ખાતેનો પેલો મોટો બંગલો હું કદીબી ભુલી શકીસ નહી કે જ્યાં, ચુંટી કાઢેલા છ યા સાત મીત્રોનો અને થોડાક

કુટુંબીઓનો, દર રવીવારનો આખા દીવસનો મેળાવડો, એ પ્રખ્યાત કામા બીરાદરો પેસતનજી અને ડોસાભાઇ'ભેગો કરવાની ઉલટ રાખતા હતા. માહરી બાળકવયમાં ત્યાં મેં ભોગવેલી મજાહો, અને બંગલાની પાસે આવેલી એક ભાગળ અથવા બુગડા જેવી ગલીમાં હમે કીધેલી તોપૂાંની દોડાદોડી હું નહી ધારતો કે હું કદીબી ભુલીશ. એ ત્રણ કુટુંબોના સાથે મલેલાં બાળકો એવી રમુજ મેલવતાં હતાં, ત્યારે મોટી ઉમરના મીત્રો ચોપટ અને 'બીલીઅર્ડ' ની રમત રમી તેમજ ખુશ-મીજાજી વાતો અને તકરારો કરીને પોતાનો વખત ગુજારતા હતા. 'બીલીઅર્ડ'નો એશારો જોઈ વાંચનારને સેજ અજાયેબીબી ઉપજે તેમા નવાઇ નહી. કેમકે તે વખતમાં એ અંગ્રેજી રમતનો પારસીઓમાંબી ઝાઝો ફેલાવો થયલો નહી હતો, અને બીજા દેશીઓમાં તો તેની એક નવાઇજ હતી એમબી હું કહું તો ચાલે. અને કામાજીના એ બંગલા ઉપરાંત બીજા તો ભાયેગે પાંચ છ પારસી મકાંનો એવાં હતાં કે જ્યાં 'બીલીઅર્ડ તેબલ' ગોઠવાયેલી દીશે.

તારદેવની વાડી અને તેની જોડમાંજ આવેલી એક પાક દરે-મેહેર મરહુમ બેહરામજી બાતલીવાલાની એખલે હાતની સખા-વતને આભારી હતાં. 'કલબ'નુ સઘલું કામબી ઘણુંજ સાદાં ગંભીર અને ધર્મી ધોરણ ઉપર ચાલતું હતું. તેનાં મુખ્ય ખાંણું સઘલાં હમકારાના દીવસો પર, અને સઘલા જરતોસ્તી તેહેવારો પર થતાં હતાં. ખ્રીસ્તી નવાં વરશના એક તેહેવાર સીવાય, રવી-વારના કે બીજા કોઇબી જુદદીની તેહેવારોની કોઇને કસી પરવા હતી નહી. દરેમેહેરની સાલગ્રેહના દીવશપર આખા દાહડાની ખાંણીપીની મોટા પાયા ઉપર થતી હતી, અને તેથી જશનમાં ભાગ લેવા આવતા સઘલા ગ્રસ્તોનેબી અતી ઘણી સગવડ મલતી હતી.

દરેક મેળાવડાનો વખત ચોપટ અને સેત્રંજની રમતોમાં અને ખુશ વાતચીતોમાં પસાર થતો હતો; મેમબરોનો મોટો ભાગ દરેમેહેરમાં બંદગી કરી આવતો હતો, અને રાતે આઠ વાગતાંજ સઘલા ખાણુંપર બીરાજતા હતા. ખાણુંપર લેવાતી

સલામતીની રૂઢી

બી હમેશ એકજ નીયમ ઉપર ચાલતી હતી. "યઝદાંની યાદ" થી શરૂઆત થાએ, અને કોઈ બુઝર્ગ યા કાબેલ મીજલશી તે સલામતીને લાયેકનીજ થોડીક દુવાના બોલો બોલે. "આતશ બેહેરામ પાદશાહ" ની અને તે પછી હાજર તેમજ ગેરહાજર મીત્રોની સલામતીઓ અનુક્રમે આવે. એ બાદ થોડાક વખતનો અંતર પડે અને ખાંણું લગભગ પુરૂં થવા આવતાં તે મીજલશનો યા 'કલબ' નો વડો આતશ ઉપર ખુશબોઈ મુકવાનો હુકમ બાવરચીને આપી--"અશોફ્રોહરોની યાદ લેવો સાહેબો"--એમ બોલે, એટલે તેજ ઘડી, ગમે એવી રંગીલી વાતચીતમાં અને ગડબડમા પડેલી મીજલસમા, એક સમપુર્ણ ને ગંભીર ચુપકીદી ફેલાએ, અને દરેક જન પોતાનાં વીદાય થયેલાં વાહલાંની યાદ એક ટુક બંદગી મનમાંજ ભણીને લીયે. એમ આ નીરદોશ ગમત ભર્યો વખત પુરો થાય, અને સાડા નવનો વખત થાયે તેટલામાં તો વાડીનુ મકાન પાછું ખાલીબી બને.

'આપાબાગ' ની, પરેલની, 'દુબાશ' ની, તેમજ બીજીબી જુનીં ને પ્રખ્યાત 'વાડી'ઓમા સઘલો રાહઘાટ એજ સાદા સુતરા પણ ધર્મી ચેકીનદારીના તરીકાએ ચાલતો મેં જોયોછે. ફરક એક રહ્યો તે એટલોજ, કે આ છેલ્લી સઘલી 'કલબો' પોતાના ખાણું કોઈબી જાહેર તેહેવારનાં યા રજાનાં ટાંકણાઓપર કરવાનુબી જારી રાખે છે.

'બેહલા બાતલીવાલા' વાલી એ અસલી વાડી તેના વખતમા જેટલા અને જેવા માનવંત મેમબરોનો સંગ્રહ ધરાવતી હતી તેવો ધરાવાને તો હમણાની કોઈબી મંડળી પોતાને માટે મગરૂરી ભરેલું સમજે. વાહડીઆ, આલબ્લેસ, બાતલીવાલા, પંથકી, પાંઉવાલા, લાલકાકા, કુરલેવાલા, એ અને એવાંજ બીજાં ઘણાંએક પ્રખ્યાત ખાનદાનોના મોટા ને મુખ્ય પ્રતીનીધીઓને પોતાની ચાલુ હાજરીથી એ 'વાડી' શોભાવતા મેં જોયા છે. અફસોસની બીનાં તો એજ છે કે તેના સઘલા બુઝર્ગ ને આગેવાન 'મેમબરો' નાં મરણો, અને બીજા કોઇ ઉલટમંદ ને ઉમંગી કારોબારીઓની

ગેરહાજરીના સબબે ગયાં ત્રણ ચાર વરશો થયાં એ જાણીતી ને જુંની 'કલબ'ના મેળાવડા સઘલા બંધ પડી ગયા છે.

પરેલની 'વાડી' મરહુમ રૂસતમજી સોરાબજી અને અસપંદીઆર જમશેદજી નામના બે 'શીપચેંડલર' ભાગ્યાઓના ટેકાથી ચાલતી હતી. ઘણા જાણીતા આસાંમીઓ તેનાબી 'મેમબરો' તરીકે હતા; તોપણ તેમાં મેળાવડો ઘણી વેળા પચરંગીબી બની રેહેતો હતો; કેમકે વેપાર અને 'કનટ્રાકટ'નાં કામોમા બખ્તાવર નીવડી અદના હાલતમાથી સુખવાસી અને માતબર બનેલા, પણ કસીબી મોટાઇ યા મગરૂરીથી ખાલી રહેલા, ઉપલા બન્ને ભાગ્યાઓ પોતાના સઘલા પુરાણા રફીકો અને ગોઠીયાઓને ચાહીને પોતાની મંડળીમા ઇજન દેવાને ચુકતા નહી હતા. અને તેથી ઘણીવેળા જે મીજલસ બને તેમા એકાદ કોઈ કાણો દલાલીઓ, કોઇ પેંગો કુપર, કે કોઈ ખુંધો આરસીવાલો બી ભેલાયેલો નજરે પડતો હતો. અદના અને આલાની તે એક ભેગી મંડળી હતી; તો જો કે જેઓ હાલતે ગરીબ તેઓ કાંઇ આબરૂએબી ગરીબ તો નહીજ હતા.

પણ ખરેખરી નીરદોશ મજાહો અને રમુજો અને ગમતોથી ભરપુર એ 'કલબ' હતી તેમા તો સેજબી શક નથી. ખાણું પીનાં તો ઉપરાસાપરી ચાલુજ, પણ વરસમા એકાદ ખાસ ટાંકણું એવુંબી આવે કે જ્યારે દેશી સ્ત્રી ગાનારીઓનાં નાચ ને ગાયેનની મીજલસબી મલે.

થોડાંક વરસો અગાઉ તો ખાસ મરદોનીજ મંડળીમાં રામશગરોની એવી બેઠકો અથવા મીજલસો ઘણી વારંવાર થતી જોવામાં આવતી હતી. હમણાંતો તે ઘણી જવલેજ દીશે છે, અને તેનો એક મુખ્ય સબબતો પારસીઓમા હાલમા ચાલી રહેલી કમાંણી અને ખરચીની ખુટજ છે એમ હું માનું છું.

તો જોકે એટલુંબી ખરૂં છે કે આ નવા જમાનાનાં નીતી બોધક મંડળે તેવા મેળાવડાઓને બુરા અને અનીતીમાન જણાવી તેમને તોડી પાડનારાં મજબુત લખાંણો અને ભાશણો કરવાને કસીબી બાકી રાખી નહી હતી. તે સઘલું તો ભલી અને સારી નેમથી થયેલું માનવાનેબી આપણે ના પાડતા નથી. એવા વીચારો અને

એવાં લખાણો માટે તેઓ આપણી તરફની શાબાસીનીબી જો આશા રાખે તો તેબી તેઓને આપવાને આપણે તૈયાર છીયે.

પણ થોડોજ વખત ગુજરવા પછે, એજ નામવર નીતીબોધકોને જ્યારે નાટક તખ્તા ઉપર સ્ત્રી ખેલાડીઓ લાવવાની ઓચીંતી હીમાયેતની અફડાતફડીમા પડેલા આપણે જોયા ત્યારે આપણને ધી:કાર ભરેલી અજાયબી ઉપજવા વીનાં રેહી શકી નહી! વાત તો એટલે વેરની ઉસકેરણીમા બેહેકી કે ડાહયાં ડોહળાં એક પારસી અઠવાડીક પત્રમા એક પારસી બાઈ તરફનુ લખાંણબી પ્રગટ થયું કે જેમાં તેણીએ મોટી ઉકમઇથી એવી મતલબનુ જાહેર કરવાની મેહેનત લીધી કે--'જુઓ એ આલમનાં લોકો, પેલા નગરશાહની નાટક મંડળીની પેલી જમીલાબીબીનો ગઇ વેળાનો તખ્તાપરનો દેખાવ ફકટ ચોઠીજ વખતનો હતો, અને તોપણ તેણીએ એવું તો ઉમદા એકટીંગ દેખાડયું કે તેણીની ચંચલાઇ જોઇ આખો મેળાવડો થરથરી રહયો!' હવે કોણ કેહેશે કે દેશી સ્ત્રીઓ કાબેલ નથી, અને પારસી બાઈઓ પરવારતી પડી છે? અને કોણ એવો વીચાર જણાવાની હીમત કરશે કે પારસી પત્રોમાં કીમતી અને ફાયેદા કારક લખાણો આવતાં નથી?

પણ અંતે તેઓએ આપણા નાટકોમાં એ સુધારોબી કરાવ્યો છે, અને નીતીની નોક એ રીતે સમપુર્ણ થવાથી તેમને મગજે રાહાત અને કલેજે તાહાડક ઉપજી છે! ખોદા જાણે હજી બીજું શું શું કરવાનુ તેઓએ બાકી રાખ્યું છે?

ખાસ મરદોની મીજલસની હજુરમાં થતી રામશગરોની તે આગલી બેઠકોના જે બેબલગામણા દેખાવો ગણાયા હતા તે તો બંધ પડયા, અને તેને બદલે ગમતનાં અને હરખનાં સુધરેલા સાંધનો હવે બરપા થયાં છે. હવે તો બાનુઓ 'ફેનટન' અને 'ડેનટન' 'ગુલરૂખસાર' ને 'જરરૂખસાર' નામવાલી ખેલાડીઓ છુટા બાલ સાથે અને જર કસબના જકજકીત પોશાકો સાથે તખ્તા ઉપર આવીને નાચે અને મરદ ખેલાડીઓ સાથે પ્રેમભાવના ભાગો ભજવી બતાવે તે જોવા, અને તેમનાં ગાયેલાં ગાયેનોનાં તાળીયાં બજાવા, દાઢી મુછવાળાં ડોણાંઓ

પોતાનાં બાએડી બચ્ચાં સાથે મધરાત તુલીકના ઉજાગરા કરે છે, અપાર સંતોશનુ સુખ પામે છે, અને પછી ઘેરે જઇ, વીસમી સદીના પારસી સુધારાને તેની ઉત્તમમાં ઉત્તમ ટોંચે પુગાડી ચુકવાના ગીલગીલીયા ખ્યાલની શાંતીમાં નીરાંતે પોઢે છે!

કરતા રહો એવુંજ હરદમ, અને પોઢતા રહો એવીજ નીરાંતે, અયે દાનાવો! એક અસુધરેલી બદી દુર કરાવાની સરફરાઝી મેલવી, થોડાજ વખતમાં એક નવા અને વધારે બુરા આકારની સુધરેલી બદી દાખલ કરાવી, પડી ભાગતા પારસી ટોલાને તોબા બોલાવાનો તમારો નીયમ તમો સદાજ જાળવી રાખો! દાખલ કરો એવી સઘલી નવી નવાઇઓ, દેખાડતા રહો તેમને એવી મનહર ચાઇચાઈઓ, લલચાવો તેમને એવા દેખાવોથી, મુકતા રહો તેમના માર્ગમાં ખેંચાણ કરતી એવી સઘલી ખરચાલુ લાલચો; અને પછી, ડાહપણનું ડોળ ઘાલી, અને નીતીશાસ્ત્રીનો સાહયો ઓળવી, વાંકાં ટીકાં ડોકાં કરી, તપાસ અને સોધ કરવા બેશો, કે મોટી કેળવણીના પણ નાઘલી કમાઇના હાલના પારસી જવાનોના સંસાર મુશકેલીમાં અને તંગીમાં, બલકે સરીયામ મુફલેસીમાં, ગુજરતા જે થયા છે તેના સબબો શું હશે!

ઉપર જણાવેલી સઘલી 'કલબો' મા વારા ફરતી પોતાની જાહુકની હાજરી મનસુખ આપતા રહયા હતા તે વીશે તો હું આગલ બોલી ગયો. અને તેવું બને તેમાં નવાઇ જેવુંબી કાંઇ નહી હતું. એ સઘલી મીજલસોમા તેવણ એટલાતો માનીતા હતા, તેવણની દીલખુશ વાતો, અને રમુજી હાજરજવાબીઓ ત્યાંના સઘલા 'મેમબરો' ને એટલીતો વાહલી લાગતી હતી, તેવણનાં નાઘલાં પણ જોશ ભર્યાં ભાષણો અને ખોલ્લા વીચારની સવતંત્ર તકરારો પર તેઓ સઘલા એટલા તો ફીદા રહેતા હતા, કે કોઇબી દહાડે 'કલબ' ના મકાનમા યા બગીચામા મનસુખને બેઠેલા જોવા તે જાણે એક બેહદ ગમતભરી સાંજ ગુજારવાની જામીનગીરી મેલવવા-જેવુંજ તેઓ સમજતા હતા. તેઓનો ખોલ્લો અને ચાલુજ એક શાર એવો જાહેર થતો કે મનસુખની ગેરહાજરીથી ચોપટની રમતબી, સાંજની ગમતબી, અને ખાંણાંની તેબલબી સુસ્ત અને સુંની

રહેતી હતી. અને તેથીજ હરએક મેળાવડામા હાજર રેહેવા માટે મનસુખને જે ઓંહોંસથી બલકે કાકલુદીથી આગ્રહ થતો હતો તેનો સેજબી ખ્યાલ હું હમણાં કોઇને આપી શકતો નથી.

છેલ્લે, ' કલબ' ને લગતી આ બાબદમા, એટલુંજ માહરે જણાવવું છે કે પરેલની 'શીપચેંડલર'વાળી એ મંડળીબી આજ ઘણાં વરસો થયાં તેના ટેકો આપનારા અને કરતા કારવતા ઉલટમંદ આગેવાનોનાં મરણને સબબે ભાગી પડી છે. બાકીની બે હજી પુરતી આબાદી અને પ્રખ્યાતી સાથે ચાલુજ છે; અને હું જીગરથી ઈચ્છું છું કે તેઓ સદાજ તેમ નીભે! સાદાઇના અને સફાઇના તરીકાપર ચાલતી, સ્વચ્છ અને નીરદોશ રમત ગમતનાં સાંધનો પુરાં પાડતી, અને તે સાથે ધર્મી ચેકીનનાં સઘલાં તત્વો મજબુત ચોકસાઈથી જાળવી બેઠેલી આ પુરાણી, કેહેવાતા "અસલી વીચાર" ની, પણ પુરેપુરી આબરૂદાર 'કલબો,' અને આજની નવી નીકલેલી, વાભંગા વીચારો અને વીખરાયેલાં ચેકીનોવાલી, જુંગાર અને છાકટપણાંમાં ચકચુર રહેતી, "સુધરેલા વીચારની" કેટલીક 'કલબો' વચે એવો તો ચોંકાવનારો અને શરમાવનારો ફરક દીશે છે કે તેનો જેટલોબી ગમ કર્યે તેટલો થોડો ગણાય.

પણ મનસુખ જ્યારે એક માનીતા અને ચાહેલા 'મેમબર' તરીકેની પોતાની જાહુકની હાજરી તે વખતે ઘણી આબાદ અને ધીકતી હાલતમા ચાલુ રહેલી તે, પરેલની 'કલબ'મા, આપતા રેહેતા હતા, ત્યારેજ તે મંડળીની તવારીખમા નોધી રાખવા જોગ એક બનોવ જે બન્યો તેની એક ટુક વીગત આપેલી નકામી ગણાશે નહી. પોલીસ તરફના એક જુલમી દરોરા અથવા ધરપકડને લગતો તે બનાવ હતો; તે બનવાને પચીશથી વધુ વરશો થએલાં હું કહું તો તે ભુલભર્યું નહી થશે: અને જો કે તેની સઘલી પુરેપુરી વીગતો તો છાપામા આવતી અટકાવામા આવી હતી, તોપણ જેટલાબી સખસોની જાણમા તે આવી તે સઘલા પોલીસ તરફની આ હીમતભરી જબરદસ્તીના ખ્યાલથી અચરતી અને ચોંક સાથે છક બની રહ્યા હતા.

એક દીવશે સાંજે 'કલબ'મા આઠથી દસ ઘરસ્તોનો મેળાવડો થયો હતો. સરેસ્તા મુજબ કેટલાએકો બાહેર બાગમાજ બેસી ચોપટ તથા સેત્રંજની રમતો રમવામા તેમજ ગોફતગો કરવામા મશગુલ હતા. થોડોવાર સઘલું સમાધાન ચાલ્યું, પણ મોડી સાંજનો અંધકાર દાખલ થતાંજ, વાડીની આસપાસની ઝાડી કુદાવી એક અંગ્રેજ 'કાન્સટેબલ' પોતાની સાથે એક જમાદાર અને ચારેક સીપાહીઓની ટોળી લઇ ધસ્યો આવ્યો અને ચોપટનાં પાટીયાંની આસપાસ ફરી વળી ચોપટનાં સોટકાં જમાવ કરવાનાં ડોળે, અતી ઘણી જહુડપૂથી અને સીફતથી જુગારના પાસા અને બે ત્રણ મુઠ્ઠા ભરીને બેઆની તથા પાવલીના પૈસા પાટીયાં ઉપર સેરવી દીધા; અને પછી તુરતજ ગજવામાંથી તૈયાર રાખેલું 'વારંટ' દેખાડી સઘલા ઘરસ્તોને જુગાર રમવાના વાંક માટે પકડાએલા જણાવી ચોકી ઉપર લઇ જવાની તૈયારી કીધી!

ગરીબ બાપડા તે મીજલસીઓ! તેઓ માહેલા ઘણાક તો બુઝર્ગ વયના અને બીહુકણ તબેના હોવાથી કાંક અને ધુજારાની કેવી ભેગી લાગણીઓથી તેઓ ત્યારે હેરાન રહયા હશે તેનો મને સેહેલથી ખ્યાલ આવે છે. નાધલી વયેથીજ અવારનવાર હુંબી એ સઘલી મંડળીઓમા જતો અને ભેલાતો રેહેતો હોવાથી તેઓમાના કોઇબી મને અનજાણ્યા તો નહીજ હતા, એટલે, તે બાપડાઓને ત્યારે ઉપજેલા ગભરાતનો વીચાર હમણાંબી મને રમુજ આપવા વીનાં રેહેતો નથી.

તેઓ બધા ગભરાયા તો બેહદ. તેઓએ જોયું કે તેમની પાસથી પૈશા નીચવવાનો તે જવાન ને ઉછાછળા તેમજ લુચ્ચા અમલદારે રચેલો તે માત્ર એક તાગડોજ હતો. વળી તેઓ જાણતાબી હતા કે પોલીસની તે અપ્રમાણીક ટોળી થોડોજ વખત અગાઉ એકુ બે બીજાં 'કલબો,' જેમનાં પોતાનાં પાણી થોડાંક મરેલાં હતાં, તેમની ઉપર એવીજ રીતની ધાડ પાડીને ખોબા ભરી રૂપ્યા કમાઇ ગઇ હતી. તોપણ તેઓએ માહોમાહે મસલહત કરી, સારાં ભાગેગે એવોજ ડાહપણ ભર્યો ઠેડાવ કીધો કે તે અમલદારનું મન મનાવાની કસીબી કોશેસ કરવી નહી,

પણ હીમતથી તેની સાથે ચોકીપર જઇ જામીનો આપી છુટવું. એટલે થોડાજ વારમાં ચાર ચાર ગાડી ભરાઇને સઘલું 'હાઉસન જાઉસન' એક ગમથી પાયધુનીની ચોકીપર જવા વળ્યું, કે બીજી ગમથી એક છુપાઇ બેઠેલો ચાકર, થોડેક દુર આવેલા બંગલામાં રેહેતા મનસુખ, જેવણુ એક અજાયેબ જેવા નેકબખ્ત સંજોગથી તેજ દાહડે 'કલબ' માં જઇ નહી શકયા હતા, તેવણુને પડુકરી મારતો કહેવા આવ્યો કે--"સાહેબ, બધા શેઠ લોકને પોલીસ ધરી ગેઇ!"

ટુંકમાજ હવે એટલુંજ કહી પુરૂં કરૂંછું કે, બનેલા બનાવની સઘલી કેફીઅત 'પોલીસ કમીશનર' મરનાર ફ્રેંક સુટર પાસે ગઇ. મંડળીનું નામ એટલું જાણીતું હતું, અને હમેશની રમતોબી ચોગાંનમાં એવી બીનદેહેશત રમાતી હતી, કે 'કમીશનર' તેમજ બીજા ચઢતા વર્ગના અમલદારોને કાંઇ નીચ યુક્તી રચાવા બાબેનો મજબુત શક બેઠો. તેઓએ તેની અતી ઘણી બારીક અને મુખ્ત જોસુતજુ કીધી, તેનાં પરીણામમાં સઘલું તરકત ફુટી ગયું, અંગ્રેજ અમલદાર સુધાની પોલીસની તે આખી ટોળીને એક જાહેર બેહોરમની સાથે બરતરફ કરવામાં આવી; અને ફકટ હેરાન થયેલા પારસી ઘરસ્તોની પોતાની ઉદારતાં ને રેહેમદીલીને લીધેજ તેઓ સઘલા સખ્ત મજુરીની 'જેલ' ભોગવતા બચી ગયા! પેલો જવાન અમલદાર એ પછી કલકતામાં નોકરી સોધવા ગયો, પણ થોડાજ વખત બાદ, તે વખતમાં વપડાતી દોઢવાર જેટલી ઉંચી અને જોખમ ભરેલી 'બાઇસીકલ' અથવા 'વીલોસીપીડ' પર સવાર બની એક ઢલાણુ ઉપરથી યાહોમ ગગડવા જતાં, એક ભય-ભર્યા અકસમાતમાં કચડાઈ મુવો.

ઉપલી ધરાધરી થઇ તે વખતે મનસુખની કલમથી "સત્યમીત્ર" પત્ર લખાઇ બાહર પડતું હતું, અને તેમા એ બનાવને લગતો એહવાલ આપતાં, (હજીતો તેની તપાસ પુરી થાય તે આગમચજ), તેવણે, પોતાના હમેશના હીમતી, અને આપખુદ ખવાસ મુજબ, પોલીસનાં એ કામને "એક જુલમી પીંઢારાપણું"નો એલકાબ છડેછોક લાગુ પાડયો. તે એહવાલ અને તે બોલ વાંચતાંજ બાપડા

તે બન્ને 'શીપચેંડલર' ભાગ્યાઆઓને અને બીજા સપડાએલા 'મેમબરો'ને બેસુમાર ગભરાત ઉપજયો! તેઓ એવુંજ સમજયા કે એવાં અપમાનભર્યાં લખાંણુનાં વેરમાં આખી પોલીસ ફોજ તેમની વીરૂધ જઇ તેમને પોલીસમા ઘસડવા વીનાં રેહેશે નહી! પણ સારાં ભાગેગે તેવું તો કસું બન્યું નહી, અને તેથી એ બાબેનુ મનસુખને તેઓ સાથે લાગેલું ગ્રહણુબી તુરત છુટી ગયું. પણ ત્યારપછી લાંબો વખત સુધી સઘલી જગાએ જે રમુજ ઉપજતી રહી તે એટલાજ માટે કે કેવા વીચીત્ર સંજોગથી તેજ દાહડે મનસુખ 'કલબ'મા જતા રહી ગયા, અને તેથીજ, 'વારંટ'થી સપડાએલા આ ગોઠીયાઓનાં સાહુજનમાં પોતાની સામેલગીરી આપતાં તેવણુ બચી ગયા!

આ સઘલી અસલી મંડળીઓ કેવા નીયમ અને કેવા તરીકા ઉપર ચાલે છે, અને ત્યાંની સલામતી લેવાની રૂઢીઓબી કેવી છે તે બાબે જે જરૂરજોગું બોલવાનુ હતું તે હું બોલી ચુકયો છું.

પણ 'બીલીઅર્ડ' અને 'બ્રેગ'ના ચાલુ જુગારોમા લીન થયેલી હાલના નવા જમાનાની નવી 'કલબો'ને ગળે એવા અસલી વીચારો અને અસલી રૂઢીઓ ઉતરી શકે એવુંતો અલબત કદી બનેજ નહી. ત્યાંનો જેમ સઘલો દેખાવ અને દમામજ જુદો, તેમ ખાણુંની રીતીઓબી જુદીજ હોયે છે. તેબલનો કારભાર નવા વખતની નવી ફેશન મુજબનોજ બનેછે; અને કામબી સઘળું અંગ્રેજીમાજ ચાલે છે. એક ભીમજીભાઈએ આઠ દસ વાકયો, કોઈ ધુલ જેવી સલામતીના ટેકામા અંગ્રેજી 'સ્પીચ'ના તતરાવ્યા, એટલે ભીમજીભાઇએબી તેજ તાણુમા તણાવું જોઈએ. ભલે વ્યાકરણનુ ખુન થાઓ, ભલે એબારતબંધીનુ નખોદ વળો, ભલે એકમલતા અંગ્રેજી બોલોનો કાંઈ રમુજી ઘોટાલો થઇ જાઓ;–પણ આ અંગ્રેજી 'સ્પીચ' વીના કાંઇ ચાલે? અલબતાં રાજા રાણીની સલામતીથીજ શરૂઆત થાએછે; અને બીજી થોડીક ભલતી સલામતીથી અને ટોળટપ્પાથી ખાંણાંનુ સેવટ આવ્યા બાદ, ઉંઘાડે માથે જમવા બેઠેલા કેટલાક સાહેબાઓ 'સીગાર'ના સહરૂકા ખેંચતા, બાપદાદાના ખાણાંના રેવાજો કેવા હસવા જેવા જંગલી હતા અને આ કેળવાએલી રીતીઓ

કેવી "supremely nice" છે તેનો, અપાર સંતોશથી ખ્યાલ કરે છે! અને જે નજીસ ને અધર્મી ચાલચલણના તેઓ પોતે હમણાં તકસીરવાર બને છે, તે ચાલચલણમાં તો, તે કેહવાતા અભણ બાપોના આ ભણેલા (?) બેટાઓ, પોતાની 'યુનીવરસીતી'ની કેલવણીને કીર્તીની ઉંચામા ઉંચી ટોંચે પુગાડેલી માની સંપુર્ણ આનંદના ધુંવા ઉરાડે છે!

"મનસુખી મનાજાત"નો પાંચમો અને છેલ્લો અંક ઇ૦ સ૦ ૧૮૭૨ની શરૂઆતમા બાહેર પડયો. તેની આગમચ "રાહીન નદીનાં ગીતો" નામનુ એક નાધલું ચોપાંણીયું જરમની અને ફ્રાન્સ વચેની લડાઇની બાબદોને લગતું પ્રગટ થયું હતું. ત્યારપછીનુ બીજું મનસુખી પુસ્તક ૧૮૭૪ નાં વરસમા "મુંબઈના ફેસાદની તવારીખ" નામનુ, પારસીઓ વીરૂધ મુસલમાનોએ કીધેલાં એક મોટાં હુલડના સઘલા જાણવા લાયેક એહવાલનુ બાહેર પડયું. તે બાહેર પડવાની ત્રણ ચાર વરશો આગમચનો,

ઈરાનના જરતોસ્તીઓની હાલત સુધારનારી મંડળી

ના સેક્રેટરી તરીકેનો પોતાનો ઓધ્ધો તેવણે છોડી દીધો હતો, જો કે એ મંડળીના એક કારોબારી તરીકેનો પોતાનો સંબંધ તો તેવણે સેવટ સુધી જાળવીજ રાખ્યો હતો. તેવણનાં મરણ માટેની દલગીરી જાહેર કરતાં એ લાયકીવાલી કારોબાર મંડળીએ જે ઠેડાવ પસાર કીધો હતો તેની એક નકલ તેના સેક્રેટરી ખાનબહાદુર બમનજી બેહેરામજી પટેલ તરફથી માહરી ઉપર નીચે મુજબ આવી છેઃ—

"ઈરાન દેશમા રેહેનારા ગરીબ જરતોસ્તીઓની હાલત સુધારવાનુ ધરમખાતું.

મુંબઈ તા૦ ૨૪ મી મારચ ૧૯૦૨.

શેઠ કાવસજી મનચેરજી મનસુખ જોગ,

સાહેબ,

તમારા માનવંત બાવા શેઠ મનચેરજી કાવસજી મનસુખનાં સંતાપકારક મરણથી તમારાં કુટુંબમા જે ભારે દલગીરી ઉપજી છે તેમા આ

ખાતાંની કારોબાર મંડળી ખરી દીલસોજીથી ભાગ લીયેછે. મરનાર આ ખાતાંના એક ઉપ્યોગી અધીકારી તથા ઇરાંની જરતોસ્તીઓના એક ખરા ખેરખાહ હતા. એવણે આ ધર્મખાતાંના લાભ કીજે જે મેહનત લીધી હતી તથા મદદ કીધી હતી તેની કદર પીછાંણુનારો એક ઠેડાવ મરનારનાં દુખદાયક મરણુની બાબમા આ ખાતાંની કારોબાર મંડળીએ પોતાની ગઇ પરમની બેઠકમા કીધોછે, અને તેની એક નકલ મજકુર ઠેડાવમા ફરમાવ્યા મુજબ તમો સાહેબ ઉપર મોકલી આપવાની રજા લઉંછું.

ઠેડાવ—'ઇરાન દેશમા રેહેનારા ગરીબ જરતોસતીઓની હાલત સુધા-'રવાનાં ધર્મખાતાંની કારોબાર મંડળીના એક અધીકારી શેઠ મનચેરજી 'કાવસજી મનસુખ રોજ ૭મો માહ ૬ ઠો કદમી, માહ ૫ મો શેહેનશાહી સને '૧૨૭૧ યજદેજરદી, તા૦ ૧૯ મી જાનેવારી ૧૯૦૨ ઇસવી ને વાર રવેઉને 'દીને ૭૫) વરશની ઉમરે બેહેશતનશીન થયા તેથી કારોબાર મંડળીને 'મોટી દલગીરી ઉપજીછે. એ મરહુમ ગ્રહસ્થ ઇ૦ સ૦ ૧૮૫૮ થી તે 'પોતાનાં મરણુ સુધી ૪૩) વરસ વેર આએ ખાતાંની કારોબાર મંડળીમા 'સામેલ હતા, તથા ૧૮૬૪ થી તે ૧૮૭૧ સુધી એના સેકરેટરીનો ઓધ્ધો 'ચલાવ્યો હતો. આએ ખાતાંને લગતાં સરવે કામકાજોમાં એવણુ પોતાનાં 'તનોજાંનથી મદદ કરનારા, તથા ઇરાંની જરથોસ્તીઓની સદા કુમક કર-'નારા હતા. એવણુનાં દુખદાયક મરણુથી જેમ આએ ખાતાંએ, તેમજ 'ઇરાંન દેશના રેહેનારા ગરીબ જરથોસ્તીઓએ, પોતાનો એક ખરો ખેર-'ખાહ અને કારોબાર મંડળીએ પોતાનો એક કીમતી તથા અશરાફ હમ-'શરીક ખોહયો છે, અને તે દુ:ખની નોધ અતરે મોટી દલગીરી સાથે આજ 'દીને આ સભા એકમતે કરે છે, અને ઠેડાવ કરે છે કે આ નોધની નકલ 'ઘટતા દીલાસા પત્ર સાથે સેકરેટરીએ મરહુમ શેઠના બેટા શેઠ કાવસજી 'મનચેરજી મનસુખ ઉપર લખી મોકલવી.'

હું છું સાહેબ

તમારો નમનતાઈ ભરેલો સેવક

બમનજી બેહરામજી પટેલ-સેકરેટરી"

ઇ૦ સ૦ ૧૮૭૨ ની અધવચે

"ગુજરાતી શાહનામાં"

નાં એવાં એક માહભારત કામની શરૂઆત થઇ કે જે જો પાર પડયું હતે તો ગુજરાતી જબાંનનો એક મોતેબર ગ્રંથ તેથી ઉતપંત થવા પામતે; પારસી કોમની આગલી જાહોજલાલીની તવારીખ, શાએરી અલંકાર સાથની રંગીન એબારતમા લખાયેલી ઘેરેઘેર હોંસ અને ઉલટથી વંચાતી તેમજ અભ્યાસ થતી બનતે, અને મનસુખી કલમ, "ગંજનામાં"નેબી એક કોરે બેસાડે એવું, એક કીમતી કાવ્ય, સંપુર્ણ કરવાની અમર કીર્તી અને મગરૂરી હાંસલ કરતે. પણ તેમતો થયુંજ નહી. મોટી આશાઓ આપતી, પણ બેસુમાર ગુપ્ત મુશકેલીઓ અને હેરાનગતીઓ વચે પોતાનો વધારો કરતી તેની જીંદગી, ફકત બે વરશોની ટુક મુદતમાં નવ અંકોનાં ફૂળ દેખાડી, જે બંધ પડી તે જાહુકની અને સદાની!

પણ એમ તેનાં બંધ પડવાનો દોષ, તેને અસલ હસ્તીમાં લાવનાર હીમતવાન ને કાબેલ કવીનાં સરપર મુકવાની તો કોઇબી હીમત કરી શકસે નહી.

ખરાં દીલની,–ખરાં જીગરની ઉલટજ જો ફતેહ આપી શકતી હતે; રાતદીનની જેહેમત અને મધરાત સુધીના ચાલુ ઉજાગરાજ જો "શાહનામાં" જેવાં કામને પાર ઉતારવાને બસ થતાં હતે; બોહોળાં વાંચન અને મોટા અભ્યાસથી અપાયેલી ખુલાસાવાર સમજો, નોંધો, અને સરેહોથી ભરપુર બનેલો એક ગ્રંથ જો સામાન્ય પારસી કોમનો ટેકો અને આસરો મેલવવાની જામીનગીરી જીતતો થતે; તો ઉમંગ ને હરખથી આરંભેલું આ કીમતી કાવ્ય, એક માહા નીરાશીભરી નીષફૂળતાથી નાબુદ બની, તેના કર્તાનાં જીગરને એક છુપા પણ સખ્ત ગમથી તોડવા પામતે નહી.

એટલુંજ નહી; પણ સાત પાંચ ઠેકાણેની ખુસાંમત, અરે ખુસામત તો શું, સાત પાંચ ઠેકાણેની કાકલુદીભરી,–નમનતાઇભરી,–ઓાજરખાહીભરી અરજગુજારીથીબી જો આ કંગાલ મુલકનું કંગાલ સાહીત્ય ખીલી અને વધી શકતું હતે; જો પારસી શેઠયાઓ ને શ્રીમંતો સમજતે કે પારસી નાધલાંઓને અને પારસી મોટાંઓને

કેવા અભ્યાસની અને કેવાં વાંચનની જરૂર છે; જો પારસી કોમના એક થોડા ભાગનેબી કાંઇ કાલજી હતે તે જાણુવાની કે મુવેલાં ઇરાંનના આગલા શેહેનશાહો અને સરદારોની તવારીખમાં મોટાઇ અને મગરૂરી આપનારાં કેટલાં અપાર જ્ઞાનનો ભંડાર ભરેલો છે; તો આ "ગુજરાતી શાહનામાં"ના નવ તો શું, પણ નેવું અંકોબી ત્રણ ત્રણ આવૃતીઓમાં બાહેર પડવાની ફતેહ મેળવી શકતે!

પણ તેવું કસું બન્યું નહી. જો થતે, તો તે ત્યારેજ. તે વખતમાંજ જેબી ઉલટ તેને માટે ઉસકેરાઇ તેમાજ જો સેજ વધારો થતે, અને અગતજોગો ટેકોબી તેને ચાલુ અપાયો હતેતો આ યોજના કદી જમીનદોસ્ત થવા પામતે નહી.

તે ઉલટ અને તે ટેકો ગયો એટલે સઘલું ગયું. એક તક તે મલી, તેને કોઇએ તારવી નહી એટલે તે મુઇ. અને હું તો ખાત્રીથી માનુછું કે તે પાછી સજીવન થવાના સંભવોબી સદાના મુવાછે.

- કાકલુદી અને કાલાવાલા વીશે હું ઉપર બોલી ચુકયો. તેવાતો સંખ્યાબંધ કરવામાં આવ્યા. પણ તેના થોડાકનમુના તોનીચે જુઓઃ-

(૧) "નેકનામ શેઠજી સાહેબ શેઠ—

* * * * એ કેતાબ તમો સાહેબને dedicate કરવાની ઇચ્છાને તમારી પનાહ અસતકથી બાહેર પારવાની હમારી ખાહેશ છે જો તમો સાહેબ તમારી રાજીખુશીથી હમોને પરવાનગી આપો તો.

બધા જમાનામાં અને દેશોમાં ફીરદોશીનાં શાહાનામાનાં લખાંણુ અને તેના તરજુમાઓ રાજાઓ અને સરદારોનાજ આસરા હેઠલ પરગટ થાતા આવેઆછે તે વાત સરવે વીદવાંનોને રોશંન છે. પણ હમો હાલ તેવી રીતના કોઈ મોટા આસરાની ખાહેશ બતાવતા નથી, પણ જેમ તમો સાહેબની નેક નજરમા દરૂસ્ત આવે તેમ એ કેતાબ આપણા હમજાતીઓમા ઘટતો ફેલાવો પામવાને લાએકની થાએ તેવું બની શકે તો બસ છે. * * *"

(૨) "નેકનામ શેઠજી સાહેબ—

* * * પણ હાલ શેઠ—કેહે છે કે હવેથી તેવણુ એ ચોપડીના કાંઇબી આંકો લેશે નહી. તે બાબે તેવણુ સાથે અનેક પરકારની વાતચીત

અને સમજુતી હમે કરવા ચાહી, અને છેલ્લી ચીઠીબી એક લખી હતી, પણ શેઠ—પોતાનાજ 'બોલને વલગી રહયા છે.

હવે તમો સાહેબને જે પતર મેં લખેઓ હતો તેમા તથા એજ પુસ્તકના દીબાચામા હમોએ ખોલ્લી રીતે લખું છે કે એવી માહભારત કે તાબનો તરજુમો કોઈનીબી સારી મદત વગર થઇ શકે નહી. * * * * વાસતે શેઠજી હમારી મતલબ એટલીજ છે કે એ બીનાં ધેઆંન પર લઇ કંઇબી રીતની ગોઠવણ કરી એ ઉઠાવેલાં કામને ચાલુ રાખવા જોગી મદત આપવાની તજદી લેવો તો સારી શોભા અને નેકનામીનુ કામ છે. સબબ કે કંઇ નહી ને કંઇબી પરકારની મદત એવાં કામને જોઇએ છે, અને તેની ઉમેદ તમો જેવા શેઠીઆથી રાખી હોએ તેમા નીશફલ થવું જોઇતું નથી. * * * *"

(૩) "તમો જેવા બે ચેઆર સાહેઓની તરફનીબી ટુક ટુક મદત હોએ તો પેલી કેહવત છે કે–'ટીપે ટીપે સરોવર બરાએ'–તેમ એ ઉઠાવેલું કામ જાહજી અડચંણ વગર ચાલુ રહે. * * * * આપરા ટોલાના હકમા ગુણગારૂં કામ જાણીને, તથા સેવટે જશ અને નેકનામી મેલવવા જેવું ધારીને એ કામ હમોએ ઉઠાવ્યું તેમાં હમારી ગુંજાસ મુજબ હમો મેહેનત અને ખરચ કરી શકીએ અને બાકી તમો જેવા બે ચેઆર સાહેઓને તજદી આપવા જેવું કીધું છે."

(૪) "એ પુસ્તક તઇઆર કરવા પર લેવાતી મેહેનત અને થતા ખરચ તરફ નેગાહ કરતાં તમો સાહેઓ તરફથી મલતી મદત ઘણીજ કંમતી છે, અને વલી પરજાની તરફથીબી ઉલટ ભરેઓ આસરો મલેઓ હતે તો આએ રીતની અરજ ફરીને વાંચવાને તમો સાહેબોને તજદી નહી આપતે; પણ આજના બારીક વખતમા તેમ નહી બનવાથી તમો સાહેઓનાં ધેઆંનપર એ બાબત ફરીથી લાવીને અરજ કરૂં છું."

"ગુજરાતી શાહનામાં"નો પેહેલ્લો અંક બાહેર પડયો તેની ઘણો વખત આગમચનો એવું એક કામ ચાલુ કરવાનો ખ્યાલ તો મનસુખનાં મનમા ભમ્યા કરતો હતો. અને તેને લગતી જરૂરજોગી તૈયારીઓબી તેવણે કરીજ રાખી હતી. કાબેલ અંગ્રેજ લખનારાઓથી બાહેર પડેલાં ઇરાંન દેશની મુસાફરીનાં, તવારીખનાં,

અને બીજી કોઇબી અગતની બીનાઓને લગતાં સંખ્યાબંધ પુસ્તકો તેવણે એક અભ્યાસનીજ ઢપે વાંચી રાખ્યાં હતાં. દરેક ગ્રંથના સફાઓની 'મારજીન'પર, ધ્યાન ખેંચનારી અને કીમતી બાબદોના પૂફાને લગતા પોતાના એશારાઓ તેવણુ ટુકમા લખી દેતા હતા, અને તે ગ્રંથનો અભ્યાસ સંપુર્ણ થવા પછે કોરાં પાનાંની એક ચોપડી બનાવી તેમા પોતે 'મારજીન'પર કીધેલા એશારાઓની ટીપ અનુક્રમે ટપકાવી દઇ અસલ ગ્રંથના સફાનો આંક તેની સામે મુકતા હતા; કે જયારે જોઇયે ત્યારે પોતાને જોઇતી બાબદની તે ગ્રંથકારનાં અસલ લખાંણુની શાહદત મેલવતાં અને તેનો ઉપયોગ કરતાં તેમને વીલંબ લાગે નહી.

એ ઉપરાંત બીજાં ફારસી પુસ્તકો, અને આગલા કાબેલ તેમજ ફારસી ભાશાના અને પારસીઓની આગલી તવારીખના ઉસ્તાદ જેવા ગણાએલા આથોરનાન અને બેહેદીન લેખકોની ગુજરાતી કેતાબોનું વાંચન જે તેવણે ખંત અને ઉમંગથી જારી રાખ્યું, તેમા આવેલી બાબદોની નોંધોબી ઉપર જણાવેલી તદબીરથીજ તેવણે જાળવી રાખી.

એમ થવાથીજ, "શાહનામાં"ના નવ અંકો બેસુમાર અને કીમતી 'નોટો'થી ખીચોખીચ ભરપુર બનાવાને મનસુખ શકતીવાન થયા હતા. એટલુંજ નહી પણ અસલ ફારસી શાહનામામાં ઘણીક જગાએ આવેલા ગુચવણ ભર્યા એશારા અને મુશ્કેલ બોલોની સમજ યા ખોલાસા બાબે જયારેબી શક રહે ત્યારે બીજા ફારસીનાખાં મગોલો અને મુનશીઓ પાસે જઇ જોઇતી ખાત્રી કરી આવે. 'એલ્ફીનસટન કૉલેજ'ના ફારસીના પ્રોફેસર મરહુમ મીરઝાં હેરતે ઘણીવેળા એવી મદદ આપી હતી તેમાં શક નથી. પડોશમાજ આવેલા એક બંગલામા તે રેહે, એટલે જયારેબી જરૂર પડે ત્યારે મનસુખ બગલમા ફારસી શાહનામાનો પોથો મારી મીરઝાં સાહેબ પાસે જાએ, અને તે સાલેસાઈ ભર્યો વીદવાન, મનસુખે માંથે લીધેલાં કામ વીશે પુરેપુરો જાણીતો હોવાથી, તેમાં તેવણુને પોતાથી બની શકતી સઘલી મદદ કરવાને સદા તૈયાર રહી તેવણુને હરખભર્યો આવકાર આપવાને ચુકે નહી.

આગમચથી કીધેલી એવી તૈયારીઓ પછી, અને એટલી ચાલુ કાળજી અને મેહેનતથી, "ગુજરાતી શાહનામાં"ની બેતબાજીનુ તે કામ જારી રેહેતું હતું. આપેલી નોટોના ઉતારા કરવામા, તેમજ પેહેલ્લી રાત સુધી, મનસુખ જે જોડેલા બેતો મોટે સાદે બોલે તે લખવામા, હું મદદ કરૂં તેજ; બાકી મધરાત તુલીકનુ બાકીનુ સઘલું લખાંણુ જેબી-થાએ તે તેવણુ એખલાજ કરે, અને પરેલનો, હમણાંની 'જેકબ મીલ'ની પડોશમા આવેલો, તે મોટો બંગલો, બુલંદ ને રંગીલા આવાજે ગવાતા શાહનામાંના બેતોથી મધરાત સુધી ગાજતો રેહ. અથ-થી-ઇતી સુધીનુ જે તમામ કામ થયું-જે તમામ લખાંણ થયું તે તેવણુના એખલા હાતે. નાં કોઇની કુમકની યારી,-કે ના કોઈની કલમને આભારી.

મધરાત સુધીનુ એવું લખવું વાંચવું તો થોડું યા ઘણું આખી જીંદગીજ ચાલુ રહયું. અને તોપણ છેલ્લા દીવસોમાંબી આંખનાં તેજમા કાંઇ ચીંતા ઉપજાવનારો ઘટાડો થયેલોતો જાણપોજ નહી. ઘણીવેળાતો પરોઢીયાંમા ચાર વાગતામાં પાછી બતી સલગાવીને વાંચવા યા લખવાનુ તેવણુ શરૂ કરે. ચશમો જે તેવણે વાપડયો તેબી દુરનુ જોવા માટેજ. વાંચવા યા લખવા માટે તો એવી મદદની તેવણે છેલ્લી ઘડી સુધીબી જરૂર જાણી નથી. અને આંખની તેવી જાળવણી થવાનુ કારણુ તેવણુ, હમેશ કોપરેલ તેલની બતીથીજ સઘલું કામ કરવાના મજબુતીથી જાળવેલા નીયમનુ, જણાવતા હતા. 'કેરોસીન'ની બતીનો ઉપ્યોગ અભ્યાસને માટે કરવા સામે તેવણુને અતી ઘણો અણગમો, બલકે ધીઃકાર હતો. અને પોતાના સઘલા જવાન મીત્રોનેબી અભ્યાસને લગતી જે મુખ્ય સલાહ તેવણુ આપે તે એજ કે કોપરેલ તેલની થંડકવાલી બતી વાપડવી, અને પરોઢીયાંમાં ઉઠીને પાઠ કરવા. દરરોજની અવસ્તાઈ બંદગી, અને તે પછી, કોઇવખત, પોતાની જોડેલી મનાજાતો, બુલંદ આવાજે પઢવાનુબી તેવણુ ઘણુંખરૂં બામદાદમાજ પસંદ કરતા હતા.

એવી ઉલટથી અને એટલી જેહેમતથી ઉઠાવેલું અને ચાલુ રાખેલું કામ, અપાર ખુસામત, અપાર કાકલુદી, અને અપાર નમનતાઇની અરજો કરવાની હલકાઇમાં ઉતરવા પછીબી, અંતે નીષફળ

ઉતરેલું જોઇ ગમ અને નાઉમેદીનો જે ફટકો મનસુખે ખમ્યો તેનો શું ખ્યાલ હું વાંચનારને આપું? પણ સીંહ જેવાં બળની મજબુત છાતી એવી હતી કે તેમાં તે સઘલો ગમ અને સઘલી ઉદાશી ગુપ્ત અને અંદીઠ સમાઇ ગઇ. અફસોસનો એકબી ઉભરો, કે દુઃખની એકબી સોસના, જાહેર લખાણ યા જાહેર ભાશાણ વાટે, પારસી કોમ યા પારસી વાંચનારા સામે, બાહેર પડેલી કોઇએ વાંચી યા સાંભળી નહી!

કજશ અને નીરાશી આપનારા એવા બનાવોએજ ગુજરાતી

સાહીત્યની જીંદગી તરફનો તેવણનો અણગમો

જે હમેશ થોડા યા ઘણા દરજ્જામાં જારીજ હતો, તેને અંતે પુરેપુરા ધીઃકારમાજ ફેરવી નાખ્યો! ધીઃકારવા છતાંબી તેજ જીંદગીમાં પોતે ગુંટાયલા રહ્યા તેમા અચરત થવા જેવું કે નવાઈ જેવું કાંઇબી નથી, વેપારી યા લેખક બેજ તરેહની જીંદગી માટે ખુદરતે તેમને સરજેલા હતા. પાછળથી વેપાર તેવણને તોડીજ પાડતો થયો; અને તે તરફનો ચાલુ-ને-ચાલુ ફુદકો વધુ-ને વધુ નાશમાજ તેવણને ઉતારતો ગયો; એટલે નાચારે, પોતાની કલમના કઉવત અને ઝબાંનના જોરપરજ પોતાની જીંદગીનો મદાર રચવાની તેવણને ફરજ પડી.

બાકી, જાહેર લખાંણોની જીંદગીપર, આ બેકદર મુલકમા આધાર રાખી બેસવાના વીચારપર તો તેવણને મજબુત તીરસકાર હતો તેમા સેજબી શક નથી. અને એ પછે થોડાજ વખતમા, પેલાં "સત્ય મીત્ર" પત્રનો જે જાલેમ જુમ્બો પોતાનાં સરપર હોરવાની તેવણે ઉતાવલ કીધી, તેણે તે તીરસકારમાં કાંઇ ઘટાડો તો નહી, પણ ઔર વધારોજ કીધો.

ઘરના તેમજ બાહેરના જે જવાંનો નામવર કલંમકશો બનવાનાં ફાંફાં મારતા તેવણને જણાય તેઓને કસીબી રીતનુ ઉતેજન મલવાની વકીતો સેહેજબી રેહેતી નહી હતી. તે સઘલાઓને પોતાનો ખોલ્લો વીચાર તેવણ એવીજ મતલબનો જણાવતા હતા કે—"હાલત જ્યાં સુધી માતબર નહી હોય ત્યાં સુધી, જીંદગીની,

કમાઇનો ને નીભાવનો આધાર ગુજરાતી લખનાર કે ગુજરાતી કવી થવાપર રાખવાનો ખ્યાલબી કરવો તેમા સરફ એહમાકત ને બેવકુફીછે. એમાં કદી કોઇનો સુકરવાર થવાનો નથી. એવા ભીખારી ધંધાનાં વહીતરાંમાં તમે તણાયા જાઓ, તેને બદલે બેહેતરતો એજ છે કે તમારા આબરૂદાર ને ચોકસ કમાઇવાલા ધંધાના કામમાંજ સબુરીથી ને ધીરજથી મશગુલ રેહી, જે પુરસદનો વખત તમુને મલે તેમા એક શોખની ચીજ તરીકે તમારી શકતી મુજબનાં લખાંણ તમે કરો. ગુજરાતી લખનારા તરીકેનુ કામ ચાલુ રાખવાથી જો દાહડા ફરતા હોત તો, પેલા ના૦—ઉપર ગયે મહીને જે કાગલ મેં લખી મોકલેલું તમે વાંચીયું, તેવું કાગલ લખવાની ફરજમા હું કાંએ રેહેતે?"

ઉપલાં લખાંણને મલતાજ બોલો મનસુખ સઘલાંઓને એક સલાહ તરીકે કહી સંભલાવતા હતા; જોકે એ અસલ લખાંણ તો માહરી ઉપર આવેલાં એક કાગલના ભાગ તરીકે આવ્યું હતું.

હું ઇચ્છું છું, અને મનસુખના સઘલા ખેરખાહોબી ખરેખર ઇચ્છતા હશે, કે "ગુજરાતી-શાહનામુ" બનાવાનો આ વીચાર મનસુખને ૧૮૬૦ થી ૬૪ સુધીના તેવણના આબાદ વખતમા ઉપજ્યો હતે! ત્યારે શું તે સરંજાંમ ઉતરવામા કશી મના રેહેતે? ત્યારે શું વાભંગાં અને ભમાટુ મનના બેદરકાર શેઠીયાઓ અને શ્રીમંતો મનસુખ તરફનાં એવી અરજ ગુજારીનાં કાગલો વાંચવાની મગરૂરી લેતે? અને ત્યારે શું એવા પૈશાની પનાહ વીના અને પ્રજાના નીભાવ વીનાબી તેમનું આ પ્યારૂં ને માનીતું કાવ્ય એક ટુક હસ્તીજ ભોગવી અચબુચ નીસ્તીમાં ગુમ થતે? અરે, પણ એ ઠાલી ઇચ્છામા,-એવા કલ્પીત ખ્યાલોમા હવે સાર શું!

જુગી ઉદાશી ને રંજ ને બળાપાના એવા અનેક હુમલા મનસુખના જોરાવર બાંધાનેબી થોડોક ગગડાવે એતો અલબત સંભવીતજ ગણાય. દાબી રાખેલી સઘલી ગમખાર સોસનાઓ પોતાની દેહ અંદરથી અતીઘણી ધુજાવે છે, એવું તેવણ સારી રીતે સમજતા હતા. અને તેને લગતો એશારો, તેવણની એક નહી છપાએલી કવીતા, જે કોઇ ઘણા ઉદાસ મીજાજમા લખાએલી મને

લાગે છે, તેના એક ભાગમા તેવણે પોતાને માટે નીચે મુજબ કીધો છેઃ—

"જંજાલ લાવીચ નબલાઇ—ને તન કીધુંચ સુસ્ત,
નરગેશી બે આંખબી—બનીચ નાદરૂસ્ત.
નથી રહયું તેમાં અસલી નુરનું તેજ,
નહી પામશે તે પાછું હવેથી હરગેજ.
ઘોડા ને ગાડીપર બેસવાને કાજ—
કઉવતમંદ ચીતા ને શેકારી બાજ—
ની ઝડપથી કુદી થતો તો સવાર
તે દીવશ કુલ વહી ગીયાચ—એ પરવરદેગાર!
જમાનાએજ લુટયુંચ જર—જોરનુ જોબંન.
જાણેચ તેની વાત કુલ ખલક ને ગગંન.
દુનીયાઇ લોકના દગાથીજ થયુંચ ફના,
ઘણા જોયાચ ફેરફાર—ને ફરેબ ઘણા.
જેહાંદાર તે હાકમ—હસ્તીનો પતી—
જાણેચ માહરો એહવાલ રતી—દર—રતી!"

એટલી તો ખંત "ગુજરાતી શાહનામાં" નુ એ કામ પાર પાડવાની મનસુખે પકડી હતી કે ખાનગી આસામીઓના આસરા અને ખાસોઆમના ટેકા બાબે નીરાશી મલવા પછેબી તેવણ પોતાની છેલ્લી એક કોશેસ કરવાથી ડર્યા કે હટયા નહી. તેવણે પારસી પંચાતના કારોબારીઓને એક મજબુત અને અસરકારક 'અપીલ' કરીને એ શાહનામાની કેતાબો તવારીખના ચાલુ અભ્યાસની કેતાબો તરીકે 'સર જમશેદજી' ની તેમજ પારસી ધર્મખાતાંઓથી ચાલતી બીજી 'સ્કુલો' મા દાખલ કરાવા ચાહી.

તેમ કરતાં તેવણે તેઓને જણાવ્યું કે દુનીયામા શીખેલી અને સુધરેલીમા ખપતી કોઇ એવી કોમના લોકો નથી કે જેઓ પોતાનાં બાળકોને પોતાનાં પુરાતમ વતનની અને આગલા ને આગાનોની તવારીખ નહી શીખવતા હોએ. એકજ ટોલો અત્યાર સુધી તેવી ભયંકર બેદરકારીમા સબડતો જે રહ્યો તે ફકટ પારસીનોજ છે! માટે હજીબી જો તેવી બેદરકારી દુર કરવાની

ભલાઇ તેઓને સુઝ પડે નહી તો તે એક ખરેખરી આફતકારક કમનસીબી સમજવી.' એટલે વેર આગલ વધીને તેવણે કહ્યું કે તેમ થવાથી અતીઘણા કીફાએત પડતા ભાવેબી પોતાનાં પુસ્તકો આપવાને તેવણ અચકવાના નથી, એટલુંજ નહી, પણ જો તેઓ ચાહેતો, શરૂઆતની એવી તરતીબ અથવા કેલવણી આપવામાં નડતી મુશકેલીઓ દુર કરવા માટે, એ બેતો અથવા કવીતાઓ કેમ વાંચવી અને કેમ સમજવી તેની રીતીઓને લગતું જ્ઞાન તેવણ પોતે થોડીએક મુદત સુધી ખુશીથી આપશે.

વલી બીજા સર જમશેદજી ઉપર એજ પ્રસંગે તેવણે લખ્યું કે તેમના સખીવજુદ નામદાર મુરબીજીનાં નામથી ચાલતી એ મોટી સ્કુલમાં જો એ કેતાબો દાખલ કરવાનુ કામ પોતાની આગેવાનીથી અથવા મરજીની અસરથી પાર પડાવાની તેવણ મેહેરબાંની કરશેતો, તે નેક કામની શરૂઆત તે સાહેબનાં સરનશીનપણાંના અમલમાં થયેલી કેહેવાઇ, તેનો જશ અને નેકનામી તેવણને, તેમજ તે વેળાની પંચાતના બીજા સાહેબોને, હાંસલ થશે.

પણ નહી. તેવુંબી થવા પામ્યું નહી. પંચાત તરફના જે જવાબો મળ્યા તેમા ખોલ્લું કેહેવામાં આવ્યું કે સરકારી કેલવણી ખાતાં તરફથી મુકરર કીધેલી ચોપડીઓ સીવાય બીજી ચોપડીઓ એ ધરંમખાતાંની 'સ્કુલો'મા 'કલાસબુક' તરીકે દાખલ કરવાને હરગેજ બની શકસે નહી. બીજો સંધેસો વલી તેઓએ એવો મોકલ્યો કે તે વેળાના 'સ્કુલોના પ્રીનસીપલ' મી૦ બરજેસનેબી ઉપર લખ્યા જેવોજ વાંધો તે ચોપડીઓ બાબે જણાયો હતો; વલી તેને તેમની કીમતબી આકરી લાગી હતી; અને છેલ્લી એક એવી સાફ્ સુચના તેને કીધી હતી કે મનસુખે પોતાની એ કેતાબો તપાસને માટે કેળવણી ખાતાંની તપાસની એક કમીટી જે સરકારે નેમી હતી, અને જે તે વેળા પોતાની બેઠકો પુનાં ખાતે ભરતી હતી, તેની ઉપર પસંદગીને માટે મોકલી આપવી!

ખાસ્સી સોનાંની મોહોર જેવી એતો સુચના! એ કમીટીમા પારસીનુ નામ નહી, કોઇનેબી ગુજરાતી સમજવાની ખેરસલ્લા, અને એક જાણીતો પાદરી જે બધું સમજે તેતો એવો કે પારસી

ધર્મ અને તવારીખનો ફેલાવો કરવાપર જીવજાન પટકી નાખે! અચરતીની વાતતો એજ છે કે પંચાતના દાનાવં કારોબારીઓએ એવું બેહુદુ સુચીપત્ર મનસુખપર મોકલવાની નાદાંની કેમ વાપડી?

એ સઘલું પુરૂંબી થયું, શાહનામું બંધબી પડયું, બીજા અરાબામાં અને બીજી જેહેમતોમાં મનસુખ ગુંટાયા, વરશોપર વરશો વહી ગયાં, પણ હાલની ખાંમી ભરેલી કેળવણી વીરૂધની પોતાની ચાલુ અને જંગી જુમબેશોમા, ઘણીવેળા એ બનાવ એક દાખલા યા નમુના તરીકે આલંમ સનમુખ ધરવાને મનસુખ ભુલ્યા કે ચુકયા નહી. છેક ઇ૦ સ૦ ૧૯૦૦ ની ૩ જી ફેબ્રુઆરીના દીવશનાં એક ભાશાણમાંબી નવાં આતશબેહેરામના 'હૉલ'મા તેવણ બાપોકાર બોલ્યા કેઃ—

"* * * * પેહેલ્લો પેગમબર આપણો, અને પેહેલ્લી પાદશાહીબી આપણી હતી! (જોશભર તાલીઓ.) પણ તેની સઘલી તવારીખથી તમો કેટલા માહેર છો? તમોને તે કોણે શીખવી છે? તમોમાંથી કેટલા જુવાંનીયા તમારી આગલી મોટાઇનો પુરેપુરો ખ્યાલ રાખીને ફરોચ તે મને કેહેશો? પરકોમવાલાઓ એ વીશે તમારા કરતાં વધારે માહીતગાર છે! હું આપણા આગેવાનો સાથે લડી-લડીને મરી ગયો કે તમો જો ફકત શાહનામુંજ આપણાં બચાંઓને શીખવસોતો તેઓને અરધો ધરમ શીખવ્યા જેટલું પુણ તમો હાંસલ કરશો! મેં સ્કુલોમા મુફત શાહનામું શીખવવાની માંગણી કીધી હતી, પણ માહરૂં દોહોડ રૂપીઆની કીમતનુ પુસ્તક નીશાળના ગરીબ છોકરાઓ ખરીદી શકસે નહી એમ તેના મુતવલીઓએ જણાવ્યું. અરે પણ દોહોડ રૂપીઓ માંગેછે કોણ? હું અરધે રૂપીએ આપવા તેયાર છું. (તાલીઓ.) માહરા હરીફો હમેશાં મને તોડી પાડવાની કોશેસ કરતા માહરી આડા આવતા રહયા છે. ખોદાએ હમણાંતો અંતરંગ કાપેલાછે, પણ એક દીવશ મલશું."

"ગુજરાતી શાહનામાં"નો બીજો અંક બાહેર પડયો તેની તારીકભરી તપાસ લેતાં "જામે જમશેદ"ના અધીપતી તરફથી સુચના કરવામા આવી કે શાહનામાનો તરજુમો કરતાં મનસુખ કેટલાએક ભાગો બીનજરૂરના જણાવી મુકી દેછે તેમ થવું નહી જોઇયે. તેને લખ્યું કે ફીરદોસીએ બનાવેલાં શાહનામાંના સદાગુસ

તરજુમાની એક મોટી ખુટ છે, તેથી આખાં પુસ્તકનો અને દરેક લાઇનનો તરજુમો આપવાને જો મનસુખ મેહેનત લેશેતો તે ઘણોજ ઉપીયોગી થઇ પડશે. એવી સુચના ઉપાડી લેવાનેબી મનસુખે ના પાડી નહી. પણ તેવણે એટલીજ સરત કરવા ચાહી કે ઓછાંમાં ઓછી ત્રણ હજાર નકલો દરેક અંકની ખપવાની જો તેવણને ખાત્રી મલે તો તેવણ ફીરદોસીનાં શાહનામાંનો સંમપુર્ણ તરજુમો, આબહુબ મલતા આવતા બેતોમા, દશ વરશોની મુદતની અંદર તૈયાર કરી આપે.

એ સઘલા વીચારો અને ગોઠવણો પડી ભાગી, અને ત્યાર પછી એક લાંબી મુદતબી ગુજરી ગઇ, તોપણ શાહનામું પુરૂં કરવાની પોતાની ઉમેદ મનસુખે સદનતર તજી દીધી નહી.

ઇ૦ સ૦ ૧૮૯૭ માં દીલ્લીહ

અને તે તરફના બીજા ભાગોમા મનસુખ થોડાક મહીનાનો પોતાને રહેવાસ તેમજ મુસાફરી કરી આવ્યા, તે વખતમાં તેવણે ફરી પાછી ઉલટ પકડી તે કામ લંબાવાની. તુરત તેવણે શરૂઆતબી તેની કીધી, અને ઘણાએક નવા બેતોબી જોડીયા, કે જે નહી-છપાએલી પેદાશો હમણાં માહરી પાસે પડી રહી છે. એમ કરી, મુંબઇનાં એક ગુજરાતી રોજીંદાં પત્ર સાથે તેવણે એવી ગોઠવણ કરવા માગી કે તે બેતો પેહેલ્લાં તો તેમા કટકે-કટકે છપાએ, અને પછી તે સામટા મલીને એક પુસ્તકના આકારમા બાહેર પડે.

એ દરખાસ્તને લગતો એક લાંબો કાગલ તેવણે તેના અધીપતી અથવા માલેક ઉપર લખ્યો. તે પત્રનાં નામ સાથે તે આખો કાગલ હું હમણાં જાહેર કરવા ચાહતો નથી; પણ પુરતા ખુલાસા તરીકે, તેનો સેવટનો એક નાધલો ભાગ હું રજુ કરૂં છું તે એવો છે કે—

"પણ હાલ કેટલુંએક લખાંણ મેં તૈયાર કીધું છે, અને આશા રાખુંચ કે એ માહરી ખાહેશ પાર પાડવાને તમો તમારી તરફની મદતનો હાત મેહેરબાનીની રાહે લંબાવતા રેહેશોજી. એવી રીતે તમારા પતરમા એ બીના છપાએલી રહેઆથી માહરી પાછળ કદાચ કોઇ કદરદાંન અને દેશહીતકારીક દીલના ગરહસથો એ લખાણ પુસતકના આકારમા પરસીધ કરવાને ઘટતુંબી વીચારી

શકે તે નહી બનવા જોગ હું ધારતો નથી. વલી કેઆંનીઓની તવારીખ પાછી આપરી ચાલુ ભાશામા તાજી અને ફેલાતી કરવાનો ખુદ તમોનેબી સવાબ પોંહચી શકે તેવું છે તેમાં શક નહી."

પણ એ તદબીરબી તુટી. સરજતમા સાબુત થયેલી શીકસ્ત કોઇબી એલાજો ને ઉપાયોથી ફતેહમા બદલાઇ શકી નહી! શાહનામાંના આ વધારાના ભાગોનાં, અને મુંબઇની મરકીએ કીધેલી નાશકારક ખરાબીનાં રંગીલા બયાંનનાં, જે બે લખાંણો બેતબાજીમાં દીલ્હી ખાતે કરવામા આવ્યાં, તેજ છેલ્લાં. શાએરી શકતીનો એ પછે ફરી કદી ઉપ્યોગ થવા પામ્યો નહી. મરકીને લગતી કવીતા આ તવારીખને છેડે આવેલી તમો જોશો. એક કેતાબના સફાપર તે પેહેલ્લીજવાર પ્રગટ થયેલી જાણવી.

પણ અનેક મુશકેલીઓ વચે, અને અપાર મેહેનત ને ખરચના ભોગે બાહેર પડેલી આ "શાહનામાં"ની કેતાબ મધેનાં સુંદર અને રસદાર લખાંણોમાંથી એક નાધલો ભાગ, તેની એબારતનો કાંઇક ખ્યાલ આપવાના હેતુથી, હયાં ટાંકી દેખાડવા વગરજ એ બાબદ બંધ કરવાનું માહરૂં દીલ થતું નથી. પોતાના કમબખ્ત બાપનાં ખંજરના કારી જખમથી પટકાઇ પડેલો જવાંન સોહરાબ, પોતાની ઓલખ તેને આપતાં એવા છેલ્લા દુઃખી બોલો બોલી, તે કંગાલ પીતાની છાતી ફાડેછે કે:—

"અગર હતો જો ખુદ પોતેજ તું રૂસતંમ,
તો શું કામ છુપાવેઓ તેં ખરો ભરંમ?
ભુંડી રીતથી લીધો તેં માહરો હાં જાંન,
હર રીતે કરવા ચાહી મેં તું સંગ પીછાંન.
ખોલી જો તું આ માહરાં બખતરનો બંદ,
નેગાહ કરી તપાસ આએ તન તુરમંદ.
જો માહરી બાજુપર—તુંજ મોહોરો ખાસ,
ને જો કે કેમ કીધી છે તેં પુતની ઘાત!
કેમ લાગો છે પીતા—ખુદ પુતની અજલ!
કેવો જાંઉંચ હું જગથી નીરાશ ને નીશફળ!

ઉઠયા જેઆરે જંગનાં વાજાંના આવાજ,
રડતી આવી મુજ પાસે માંએ સરફરાજ.
દુખી થઇ માહરી ચાલથી તે માહરી માં,
બાંધ્યો માહરી બાજુપર એક મોહોરો આ.
ને કહ્યું કે છે તે બાપથી ઇઆદગાર,
તપાસીને રાખજે કે આવસે તે કાર.
પણ જોયું મેં જ્યારે હાલ એનું અંજાંમ,
તો મોહતનીજ નીશાંનીમાં આયું તે કામ!
આપી હતી માહરી માંએ જે નીશાંન,
કીધીતી તે મુજબ મેં તાહરી પીછાંન.
પણ હતો માહરા ગરેહનો એવોજ ખુદ લેખ,
કે મારે મને જીવથી માહરોજ પીતા નેક!
વીજલી મીસાલ આવી-જાઉંચ હવા પેરે,
ખુશી સંગ મુખ જોસ તાહરૂં બેહેશતમાંજ હવે!"

એ સઘલી જંજાલો, શાહનામાંને લગતી, હજીતો પુરીબી થઇ રહી નહી એટલાંમાં તો મનસુખ, એક અઠવાડીક પત્ર નામે

"સત્ય મીત્ર"ના અધીપતી

તરીકેની પોતાની નવી જીંદગીની શરૂઆત કરી ચુકયા હતા. અને તે સાથે એક નવી જંજાલનીબી શરૂઆત થઇ ચુકી હતી!

ખુદા માલમ કીયે ઉદવેગ ચોઘડીયે આ સીતમગર સાહસ આરંભવાનો મનસુખને ખ્યાલ ઉપજયો!

હું નહી જાણુતો કે એને એક ભુલ કહું, હુલડાઈ કહું, કમનસીબી કહું, યા 'વીનાશ કાળની એક વીપરીત બુદ્ધી' કહું!

પણુ તે સાહસ ઉઠાવ્યો તેવણે; શરૂ કીધો; અને ચાલુબી રાખ્યો કંઇક વરશોઃ સુધી! પાછલથી ભુલબી જોઇ, નીરાશીબી મેલવી, પસ્તાવોબી પામીયા; પણ, ના હટવું કે ના હારવું એ ખવાસ તો ખુદરતે બખશેલો; મમત અને સખુનપરવરીની મીરાસતો પેલો એંટાલ વડવો આપી ગયેલો; એટલે સઘલા વીરૂધ જતા સંજોગોનીબી સામે થઈ, જેહેમત અને જંજાલની આ તોક ગળે ઓળવેલી રાખી મનસુખે વીસ વરશો તલક.

હે નસીબ! એક ચંચલ લેખકનો,-એક કાબેલ કવીનો, સઘલાં નીરજીવ ને નકામાં કાંમોમા, કેવો બરબાદ ગયેલો તે વખત.

અને કેટલા હરખથી ને કેવી ઉલટથી અધીપતી તરીકેની એ જીંદગીની શરૂઆત થયેલી! કેવી ઉમેદો તે ઉપર બંધાયેલી! કેટલી માહભારત યોજનાનો પાયો તે ઉપર રચાએલો! કેટલું, કરવાની અને કેટલું બજાવાની યુકતીઓ તે ઉપર ગોઠવાયેલી! તે સઘલું ધુલમાં ગયું!

પણ તેની શરૂઆતજ નહી થતેતો ભલું એવું બોલવું હમણાં તો સેહેલ છે. કેમકે, એતો બનેલા બનાવ પછી સુઝેલું ડાહપણ છે. "સત્ય મીત્ર" નીકલવાને વખતે તેનો માલેક ને અધીપતી પોતે જેટલો તેની ફ્તેહ માટે ખાત્રીમંદ હતો, તેટલીજ પુરેપુરી ખાત્રીમંદ વાંચનારી આલમ પણ હતી, એમાંબી શક નથી. અને તેવી ખાત્રીમા ઠગાવાનાબી કસા દેખીતા સંભવો હતાજ નહી. લખનાર પોતે એટલો જાણીતો, અને તેની કલમની શકતી, અરધી સદીની અજમાએશની કસોટીની તપાસમા આવ્યા બાદ એવી ઉંચા પ્રકારની સાબેત થએલી, કે સઘલાઓએ ખોલ્લું જોયું કે "સત્યમીત્ર" નીષફ્ળ થવાનાં કસાંબી કારણ નથી; અને કદાપી તેમ થયુંબી, તો તે, તેનાં લખાણની નબલાઇ યા નાકેશીને લીધે તો હરગેજ નહી.

અને થયુંબી તેમજ. મનસુખનુ આ પત્ર તેની બોહોલી પ્રસીધતા, તેનાં મોટાં વજન, અને મજબુત લોકપ્રીયતા છતાંબી ફ્તેહનુ ફ્ળ પામી શકયું નહી તે તેનાં લખાણની નબલાઈ માટે તો નહીજ, પણ ઔર તેનાં જોર-તેનાં હદવગરનાં જોરાવરપણાં-માટે! તેની નરમી તેની પડતી લાવી નહી, પણ તેની સખ્તાઈ લાવી; તેની ચાપલુસીએ નહી, પણ તેના ચાબકાએ તેને દાબ્યું!

મનસુખ અને તેમનુ પત્ર બન્ને અલખામણાં ને અનગમતાં થઈ પડી, પડી ભાગતે નહી, જો તેમનો મુલક અને તેમના વાંચનારા જુદાજ બનતે. તે મોટી કમાઇ તો નહી કરતે, પણ પોતાની સંગીન મજબુતીમા ટકી રહી પોતાની આપ અખત્યાર ટક્કર જીહલતુંજ જતે, જો મનસુખ પોતે પોતાની માતબર હાલતમા હતે.

પણ એ સઘલા ફાયેદાકારક અને આવકારદાએક સંજોગોની ગેરહાજરીમા હાડમારી" ને હેરાનગતીના સપાતા તેનીપર પડતા ચાલુ રહયા. ખાલી ખીસું અને કાતેલ કલમ, એ બેના જોગમા કોઇ નહી ફાવ્યા, તો મનસુખ કેમ ફાવે ?

અરસપરસની સઘલી વીરૂધતા વચેજ જે કામ ચાલ્યું તેમા ફતેહની આશા તે કેવી? મનસુખની ખુદરત અને ખાસીએત બેઉ, એક અધીપતીની જીંદગી માટે, તેમની ગરીબ સ્થીતીમા, તેમને લાયેક બનાવે એવી હતીજ નહી. જહનુની ઝબાંનને અને જાલેમ લખાંણનેજ અનુકુળ થતો તેવણનો ખવાસ, મીઠાસથી ઝેર આપવાની અને ચાપલુસીથી વેર લેવાની તદબીરનેજ લાએક થતાં આ કામને બીલકુલ અનુકુળ થયો નહી.

અને તેથીજ બેસુમાર મુશકેલીઓમા રગડાયા,-બેસુમાર આપદાઓમાં અટવાયા.

પણ તે સઘલા જોખમ વચેબી મનસુખે નીભાવ્યું તે 'પેપર' વીસ વરશો સુધી. તેમા મેહેનતનો મોટો માર ખમ્યો,-ખરચનો મોટો ભાર ખમ્યો. પણ જે જે ખાંમીઓ અને કસુરો પારસી શેઠીયાઆઓમા દીસી કે પારસી શ્રીમંતોમા દીસી તેની સામેનાં, અને જે જે એબો, અને હીનત્તતીઓ પારસી ઓરતોમા દીસી કે પારસી મરદોમા દીસી તે સામેનાં, જહનુન અને જોશ ભર્યાં પોતાનાં લખાંણો એકસરખાં કઉવતથી તેવણે જારીજ રાખ્યાં. ફતેહતો મલી,-ઘણીજ જબરીથી અને ઘણીજ જહુડપથી. ઘાતકી રમુજ ભરેલી એવી સરઝનેશ, કાતેલ ટીકાની એવી તાંણાજની, રસીલી ઢપનુ અને અલંકારીક એબારતનુ એવું તીખ્ખું લખાંણ, જે દર રવીવારે નવા ને નવા આકારે, નવી ને નવી બાબદ પર, બાહેર પડતું ગયું, તેથી સઘલે તાજુબી અને સઘલે ત્રાસ ફેલાયો! મનસુખ અને તેમનુ 'પેપર' જન-જંન મોહડે બોલાતાં અને જન-જન મોહડે વખણાતાં બન્યાં.

પણ એ સઘલી વાખવાખી અને શાબાસી નીરાંત અને નચીંતાઇ ભેગી મલી હુતે તો ગનીમત. પણ તેવી સરજત કયાંથી હોય? વીઅર્થ ગયેલાં એ વીસ વરશોના લાંબા હીગામમા મનસુખે ઘણું

વેઠયું. આ હીમત અને આપઅખત્યારીની એક ગુનેહગારી તરીકે સંસારી સુખોના અને મનની રાહાતોના ગંજાવર ભોગો તેવણે આપ્યા.

અધીપતી તરીકેના નાપસંદ–પણ મુખ્ય અને મોટા–અનુભવોતો એ ભોગવ્યા કે, ઘણી છકડો ખમી, ઘણી ઠોકરો ખાધી. જાણીતા મુદઇઓનુ વેર જોયું, તરકટી દોસ્તોનો દગો જોયો! એવી વીપતીઓ–એટલાં સંકતો સામે આ બાહદુર છાતી પોતાની નાઉમેદીભરી તોપણ હટીલી લડત લડતી રહી કે તેથી ઘરનાં કે બાહેરનાં, સગાં કે સ્નેહી, સઘલાં છક થઇ ગયાં! છક તો શું,–ખરેખરાં કાયેર અને દુઃખી થઈ રહયાં!

બાતેનની વાતોથી માહેર બની રહેલા દોસ્તો અને ખેરખાહોબી ઇચ્છતા થયા કે કાએમ અંટસ, કાએમ દુમશની, અને કાએમ કકળાતનુ આ મુળ જેટલું જલદી નાબુદ બને એટલું ભલું.

એવાજ વખતમા એક દીવસ, જેહાંગીર કરાંણીની દુકાને, તેમને કાંઈ કામ સર મલવા આવેલા જ૦ ન૦ પીટીટની ગાડીની પાસે ઉભો રહી હું તે જવાન કવી સાથે વાત કરતો હતો તેવામા રૂસતમ ઈરાનીનુ ત્યાં આવવું થયું. સઘલા સાથે મલ્યા એટલે થોડાવારમા વાત મનસુખનાં "સત્ય મીત્ર"ની નીકલી, તો અતી-ઘણા દુઃખી દેખાવે છછની પડી રૂસતમ બોલ્યો—"અરે બળી ગીયું એ પેપર! ખુદા માલમ એ જુસરીમાથી બીચારો મનસુખ કયારે છુટસે. જો એ બધાં દલદ્રી વરશો એને પોતાની કવીતાઓ બનાવામાં ગુજાયાં હોતે, તો ચાર પાંચ કીમતી કાવ્યો આપરે આજ સુધીમા મેલવી ચુકયા હોતે."—અને પીટીટે તેમજ હમો સઘલાઓએ રૂસતમનાં બોલવાંની સચાઈ સ્વીકારી.

પણ મનસુખની સબુરીનીબી અંતે હદ આવી. ચાલુ રહેલી હાર અને હાડમારીએ તેવણને એટલા તો આજેજ કીધા, કે અંતે નમનતાઇથી શરણે આવવાની તેમને ફરજ પડી. જે પેહેલ્લી ટક પોતાને મલી તેનો લાભ લઇ, પોતાનુ આ પ્યારૂં પણ અભાગ્યું બાળક, એવા એક ધણીના સ્વાધીનમા તેવણે સોંપ્યું કે જેના કરતાં વધુ લાયેકીવાલો, વધુ અસીલ, અને વધુ નેકદીલ ધર્મ-બાપ તે કાઇબી બીજો તેને મલતે નહી. એક લાંબી સફરેથી પાછો ફરત

મેં એ ખબર સાંભલી, કે જે એક વધાંમણી જેવીજ ગણીને, મેં છુટકારા ને કરારનો દમ ખેંચ્યો, અને તે રબના શોકર કીધા!

મી૦ મનચેરજી જાગોસ જેવા પોતાના એક ભલું ઇછનારા દોસ્તના અખત્યારમાજ અંતે "સત્ય મીત્ર" જવા પામ્યું એબી સંતોશ મનસુખને મન કાંઈ જેવો તેવો નહી હતો. ધર્મી વીચારનો પણ સાંત સ્વભાવનો અને નરમ તબેનો એ દ્રસ્તજ એવાં 'પેપર'ને માટે એક લાયેક માલેક હતો, તેમજ તે 'પેપર'બી તેની માલેકીને લાયેકજ હતું.

ઈ૦ સ૦ ૧૮૯૩ નાં વરશમા એ ફેરફાર થવા પામ્યો. પાંચેક વરશ વધુ "સત્ય મીત્રે" આ નવી માલેકી ટલે પોતાની ધર્મી પણ એકમાર્ગી જીંદગી ચાલુ રાખી. પણ અંતે ૧૮૯૮ નાં વરશની શરૂઆતમા લાગેલી જે ભયંકર આગે આખું 'વર્તમાન પ્રેસ' બાળી નાખી આ સબુરીવાલા દ્રસ્તને સંકતના એક અચબુચા બોજા ટલે દાબી નાખ્યા, તેજ આગે આ પત્રની જીંદગીબી આખર કીધી!

એક સેજ અજબ જેવા સંજોગથી, "સત્ય મીત્ર"ને લગતું આ લખાંણ હું કરતો હતો ત્યારેજ "ચૅરાગ" નામનાં ધર્મ સંબંધી બાબદો ઉપર લખાંણો કરતાં આપણાં એકપુરાં ચોંપણીયાંનો ફેબ્રુઆરી ૧૯૦૨ નો અંક તેના માલેક તરફથી મને મલ્યો કે જેનાં—"પરદા પાછલ ચાલતું 'દોરી ખેંચવાનું કામ:' અથવા, જરથોસ્તી ટોલાને કેમ દોરવવામા આવે છે."—એવાં નામવાલાં એક લખાંણે માહરૂં ધ્યાંન ખેંચ્યું. અધીપતીથી લખાએલી એ આખી બાબદ ઘણી વાંચવા લાએક તો છે, પણ તેનો ફકત એક નાધલોજ ભાગ હું અતરે ટાંકી શકું છું:—

"'યજદાં પરસ્ત'ના સંબંધમા મરહુમ નસરવાનજી આપ એખત્યાર જેવા હીમતવાન નર નહોત તો તે એકાદ વર્ષની બાળ અવસ્તામાંજ બંધ પડયું હોત. * * * મરહુમ દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાએ "હખ મજદયસનનામ" પત્રને જન્મ આપ્યો હતો. તે પત્ર બંધ કરવાને એક પારસી અકાબરે કાઢેલી એલતેમાસ ઉપર જ્યારે મરહુમ દસ્તુરે ધ્યાંન નહી આપ્યું, ત્યારે તેમને ધમકી વટીક આપવામા આવી હતી. એવું મરહુમ દસ્તુરજીને પોતાને મોહડે સાંભળવામાં આવ્યું

હતું. આ દસ્તુરજીથી સામી બાજુનાં દબાન સામે ટકી શકાયું નહી. આખરે તે પત્ર બંધ કરવું પડયું. "સત્ય મીત્રે" જરથોસ્તી અસલી વીચારની જે સેવા બજાવી છે તે માટે કોઈ જરથોસ્તી અજાણુ નથી. મરહુમ મી૦ મનચેરજી મનસુખની રાહબરી તળે તેણે જરથોસ્તી અસલી વીચાર ટેકવી રાખ્યો હતો એમ કેહેવામા કસું ખોટું ગણાશે નહી. પણ મી૦ મનચેરજી હોશંગજી જાગોસ નમ્ર સ્વભાવના હોવાથી સામી પક્ષનો ધુંજારો સહન કરવાને તૈયાર ન હતા, અને તેમની માલેકી તળે એક આગે બાહાનુ આપી "સત્ય મીત્ર" ને બંધ કીધું ! * * * * * આ રીતે પોતાને મોહડે વડપણ લેતી પક્ષ જે આજ સુધી ફાવી જતી જોવામા આવે છે તે કાંઇ સચાઇથી કે જ્ઞાનથી નહી, પણ સામી બાજુનું મોહોબંધ કરીને પોતાનુ કામ કરી જતી જોવામાં આવે છે."

ખરી વાત છે; "ચૅરાગ" વાત તો ખરી. "યજદાં પરસ્ત" તેમજ "હુખમઝદયસનનામ" ને મૅંબી યાદ કીધાં અને તેંબી કીધાં. "સત્યમીત્ર" અને એ બે, મલી ત્રણુડેનાં અકાળ મરણોની અફસોસભરી નોધ તો આપણે લીધી, અને તેનાં કારણોબી આપણે જાણ્યાં. એવાં લખાંણો એવા બેઢંગા વખતને અનુકુળ હતાંજ નહી, માટે ફાવ્યાં નહી. તે ત્રણેના લખનારાઓએ જો પારકાં લખાંણોપરથી ચોરેલા નાટકો જોડયા હતે યા વાર્તાઓ રચી હતે તો બેશક તેઓ "પેપરે-પેપર" પંકાતે અને વલી પાંચ પૈશા ગાંઠે બાંધતે! છેલ્લું "રાહે રોશન" નામનુ, આપણી દીન અને દેશ સંબંધી લખાંણુ કરનારૂં, એક નાનકડું ગરીબ ને નીરદોષ માસીક હતું. તેનેબી કંગાલ નાટકો અને કમીની વાર્તાઓના આ બેકદર જમાનામા, હાય નીસાસા ને હુવરકુટાની એક ટુક હૈયાતી બાદ પુલગુઝાર થતું આપણે નીરાસી સાથે જોયું. હીમત અને આપઅખત્યારી ભરેલી ધર્મી દાઝનો નતીજો તો એમ સદા નાશ અને નાબુદીમા આવતો આપણે દીઠો. અને તેમ છતાંબી, "ચૅરાગ," પરદા પાછલથી દોરી ખેંચવાનાં કામો અને તે કરનારા હીચકારા પારસીઓને ઉંઘાડા પાડનારાં, અને તેવાંજ બીજાં તીખાં લખાંણો કરવાનુ તું માથું ઉંચકશે તો તાહરી જીંદગીનો વીમો ઉતારવા કોઇ ખાસ સાહાસીક કમપની સોધવા તુંને જવું પડે તેમાં હું નવાઇ સમજીશ નહી.

"સત્ય મીત્ર" ની જંજાળીમાંથી છુટવા પામે તે આગમચ-નીજ પોતાની

ભાષણ કર્તા તરીકેની કારકીર્દી

તો મનસુખ શરૂ કરી ચુકયા હતા. તે એટલી તો ફતેમંદ, એટલી તો જશવંતી ને માનવંતી નીવડી કે એક શુભ ચોઘડીયાંની શુભ સુચના દાખલજ તેને ગણવાનુ હું વાજબી સમજુછું.

ખુસામત અને ચાપલુસીના આ જમાનામા એક ખરૂં અને ખોલ્લું લખનારા આપઅખત્યાર અધીપતી તરીકેની મુશકેલ જીંદગીની જે મુસીબતો તેવણે કાંઈક વરશો સુધી, એક સાધુને છાજતી, સબુરીથી સોસી હતી, તેનો ગોયા એક બદલો યા ઇનાંમજ આપવા ખુદરત માંગતી હોય તેવું દીસ્યું.

તેની શરૂઆત તો એક ઘણી નાધલી બાબદથી થઇ. ખેતવાડીમા મલેલી એક સભા હજુર પોતે ટુકમા દર્શાવેલા કાંઇક વીચારોએ થોડીક વાતની ચર્ચા ઉપજાવી; થોડીક ઉસકેરણી કીધી; અને થોડીક ઉલટ ફેલાવી. તેને વધુ ટેકો એક 'સ્કુલ'ના ઈનામના મેલાવડામા તેવણે જે વીવેચન કીધું તેથી મલ્યો. કેટલીક બીજી જગાઓપર તેવણે જે નાધલાં ભાશાંણો કીધાં હતાં તેની અસરે ઉપલા ટેકાને વધારે મજબુત અને વધારે જરૂરનો બનાવ્યો. અને એ સઘલા સંજોગો એક સરખા અને વખત સર બનવાથી અંતે એવાં એક અદના અને નીરજીવ દીસતાં કામની શરૂઆત થઇ કે જેને આગલ ચાલતા એક દમામ ભર્યું રૂપ પકડયું.

તેમના ભાશાણો સાંભલવાની ખાહેશ દેખાડનારો, અને તે બાબે તેમની પોતાની મરજી પુછાવનારો જે પેહેલ વેહેલો સંધેસો મનસુખને મલ્યો તે ખેતવાડીના પાંચ જાણીતા જરતોસ્તીઓ તરફનો હતો. તે પોતાને માટે અતી ઘણું માન અને મગરૂરી ભર્યો મનસુખ હમેશ ગણુતા રહ્યા હતા. અને ખરેખર, એવું એક લખાંણ પોતાની ઉપર અચીતું ને આપોઆપ આવેલું જોઇ કોઇબી જાહેર પુરૂશ પોતે વાજબી મગરૂરી અને માન લેઈ શકે. તે રૂક્કો પોતેજ નીચે મુજબ પુરતો ખુલાસો કરતો હોવાથી, તેની કાંઇ વધુ સમજ આપવાની હું જરૂર જોતો નથી:—

"ખેતવાડી, તા૦ ૨૬ મી મેએ ૧૮૮૦.

શેઠ મનચેરજી કાવસજી શાપુરજી લંગડાના જોગ સેવામે.

મેહેરબાન શેઠજી,

બાઇ મનચેરજી કાવસજી કુતારવાલી નીશાળની બાલકીઓને ઇનામ આપવા કાજે મળેલી સભામાં ચાલતા માસની તા૦ ૨૩ મી અને રવીવારે તમોએ બાઇ રૂસતમજી અરદેસર દારૂવાલાની દરખાસ્તને સ્વીકારતાં તમારી ફુરસતને વખતે આએ લતાના ગરીબ બાળકોને ધરમ કેળવણી કઇ પ-રકારની અને કેવી રીતે આપવી તે વીશે સુચના કરવાને તમારી ખાહેશ જણાવી હતી. તે માટેનું હેશાન માનતાં તમો સાહેબને પુછવાની રજા લઇએ છીએ કે તમારી ફુરસતનો કાંઇ ચોકશ દીવશ ઠેડવી હમોને લખી જણાવો તો તે દીવશે એક અતરેની પારસી વસતીની મજલશ બનાવવાની હમો ગોઠવણ કરીએ.

ઉપલે ઢંને થએલી સુચના મુજબ આવાં નેક પગલાંની શરૂઆત થાએલી જોવાને અતરે ઘણાઓની ખાહેશ છે, અને તેવાં કામમાં મદદ કરવાની તમારી નેક સુચના માટે ઉપકાર માને છે, અને જે તજદી આપે છે તે માટે તેવાંજ ખાલેસ દીલથી તમો દરગુજર કરશો. હાલ એજ અરજ.

લા૦ સેવક

દોરાબભાઈ કાવસજી સરાફ.
નસરવાનજી પેશતનજી વાગલા.
ધનજીભાઇ એદલજી લવીંગીઆ.
માનેકશા જાહાંગીરશાહ તાલેઆરખાન.
હોરમજજી દારાબજી ભરૂચા.
એરચશાહ ખુરશેદજી કોહેઆર."

એમ પોતપોતાના હાતે, શુંદર હસ્તખતો સાથે, આખાં નામોંની લખેલી છ સહીઓ સાથ આં સંધેસો પુરો થયો. એ જાણીતાં નામો મધેથી આપણું ખાસ ધ્યાંન ખેંચનારૂં નામ મરહુમ માનેકશા તાલે-આરખાનનું છે, કે, વીલાયતની રેલવેના બનેલા એક ભયંકર અકસમાતમા જાલેમ મોહોતે મરણ પામેલા, જે કાબેલ પણ સાલેસ અને લાયેકીવાલા 'લૉયર,' શરૂઆતથી તે સેવટ સુધી

મનસુખનાં ભાશાણોને ઉત્તેજન આપનારી મંડળીઓમા પોતાની સામેલગીરી રાખવાને ચુકયા નહી હતા.

ઉપલાં કાગલનો જવાબ મનસુખે, અલબતાં તેમાં રજુ થયેલી ખાહેશ ઘણી ખુશીથી અને ઘણાં હેસાંનથી સ્વીકારવામાજ વાળ્યો. થોડાક વધુ સંધેસા ચાલ્યા; સઘલા જોઇતા બંદોબસ્તો કરવામા આવ્યા; અને તેનાં પેહેલ્લાં પરીણામ તરીકે- "પારસીઓની હાલત, તથા દીન આઇન, તથા તવારીખ અને કેલવણી સંબંધી ભાશાંણોને, તથા ધરમને લગતી બીજી બાબદોને ઉતેજન આપવા સારૂ ખેતવાડીના જરતોસ્તીઓએ સ્થાપેલી મંડળી"—એવાં અતી લાંબાં અને ખોલાસાદાર નામવાલી મંડળી માનેકશા તાલેઇ-આરખાનનાં સરનશીનપણાં હેઠલ ઉભી થઈ, અને તા૦ ૩ જી જુલાઇ ૧૮૮૦ ની તારીખનાં તેનાં સરકયુલરો બધે વેહેંચાયાં.

ખેતવાડીની લાંબાં નામવાલી એ પનોતી મંડળી, જે ત્યાર પછીની બીજી વધારે કાએમ અને પ્રખ્યાત થયેલી મંડળીઓની 'પાપોનીઅર' જેવી સાબેત થઇ, તેણે પોતાનુ માહાગુણવંતું કામ થોડોક વખત બજાવ્યુ. પછી, તેનીજ બાંહેધરી ટલે બીજી કેટલીક 'મીટીંગો' મલી, તેમા કેટલાએક ફેરફારો દાખલ કરવામા આવ્યા. મંડળીનુ નામ ફેરવી

"જરતોસ્તીઓનુ ભલું ઇછનારી મંડળી"

એવું ટુકું રાખવામાં આવ્યું; દશતુરજી જામાસ્પજી મીનોચેહેરજી તેના સરનશીન, અને માનેકશા તાલેઇઆરખાન તથા રૂસતમજી અરદેસર માસતર તેના 'આનરરી સેક્રેટરી' નેમાયા. અને એ સઘલું થયું ૧૮૮૧ ની શરૂઆતના સુમારમાજ.

એ સઘલો વખત, ખેતવાડીની એ દીનદાર મંડળીઓના મુખ્ય બલકે એખલા વકતા તરીકે, જે કીમતી અને જોશભર્યાં ભાશાણો મનસુખ જુદા જુદા લતાપર જુદાં જુદાં મકાનોમા, અગીયારીઓના માલોપર, સ્કુલોના ઓરડાઓમા, અથવા 'વાડી'ઓના ઓટલાપર આપતાજ રહ્યા, તે પોતાની ધીમી પણ ચોકસ અસરો ઉપજાવતાં રેહેવાને પછાત પડયાં નહી.

કોઇના આગ્રહ વગર કે કોઇનાં દબાંણ વીના, ધર્મી લાગણીના મુહીબર જરતોસ્તીઓ, એકજ એક ચુનંદા બોલનારની કુમકપર,

એક નાધલી મીજલસથી શરૂઆત કરી, અંતે પોતાનું કામ એક વગવાલી મંડળીના આકારમાં ફેરવી નાખે, અંને મકાંને મકાન અને મોહલ્લે મોહલ્લે કોમની ખેરખાહીને માટે ભાશાણો કરાવાની બીન સ્વાર્થી જેહેમત અને ખરચમા ખેંચાએ, તે હકીકતે સઘલા મંદ લાગણીના જુપૂતા જરતોસ્તીઓનેબી નવી ઉલટ સાથે બેદાર કીધા.

પોતાની પુરાતમ રાહરીતીની —પોતાના ધર્મી રેવાજોની—અને પોતાની પવીત્ર ચેકીનદારીની બરબાદી કરનારાં, કેટલાંક નવા સુધરેલાં મંડળો તરફનાં ગુમરાહી ભર્યાં ને અધર્મી ભાશાણો અવાર નવાર સાંભલતાં તેઓ એટલા તો કાયેર બન્યા હતા, કે હીમતવાન આ નવી "ભલું ઇછનારી મંડળી"ની ધર્મી કોશેસો, અને તેના કાબેલ ભાશાણ કર્તાના ધર્મી વીચારો, એ બન્નેને, એક માહ સુખી ફેરફાર જેવા ગણી, તેઓએ હરખભર્યો આવકાર દેવા માંડયો.

તવંગર જરતોસ્તીઓમાબી ઉલટ ફેલાવાને હવે વીલંબ લાગ્યો નહી. "ભલું ઇછનારી મંડળી"ની ભલી નેમ જેટલી જાણીતી, તેટલીજ જાણીતી આ વાતબી હતી કે તેની સોડે નાણાની જોગવાઇ મનમાંગતી નથી.

એતો અલબતાં એક વીચારવા જોગ ખુટ હતી. તો તે ખુટ પુરવાનેબી ઘણા તૈયાર થયા. પણ એક સખી નર તે સર્વેની હલોરમા આવ્યો. તે તદન એકમાર્ગી, તદન સાદો અને થોડોંજ જાણીતોબી હતો. ખાસ પીછાંન તેને જે હતી, તે મનસુખ સાથે. પીછાંનજ નહી, બલકે મીલાઇ હતી. ઘણાં વરશો અગાઉનો તે મનસુખ વીશે, અને મનસુખની એક કવી–એક ગ્રંથકાર–અને એક અધીપતી તરીકેની શકતી વીશે વાકેફ હતો. પણ એક ભાશાણ કર્તા તરીકેની નવી કાબેલીઅતમા, પોતાના આગલા એ મીત્રને, તેને હવે એવી ફતેહમંદીથી પાર પડતો જોયો, કે તેવી ફતેહમાજ તેને ફાવેંલો રાખવાને તે ખાહેશમંદ બન્યો.

તેનાં નાએગામમા આવેલા બંગલામા મનસુખની ઘણી વેળા આવજાવ થતી હતી. એટલે તેવણથી તે વાકેફ થયો કે "જરતોસ્તીઓનુ ભલું ઇછનારી" આ મંડળીનું પોતાનું ભલું ઇછનારો કોઇ સખી જરતોસ્તી જો મોડો યા વેહેલો બાહેર પડયો નહી તો તેનુ

કામ, યા તો ઘણી લુલી ને નબલી હાલતમાં ચાલતું બને, કે યા તો થોડા વખતમાં સમુલું બંધ પડવાનીબી ધાસ્તી રેહ.

તે ધર્મી દીલનો ને સખી તબેનો ગ્રસ્ત એ સાંભલી ચોંકયો. ફાજલ પાડી શકે એવી થોડીબી પુંજી જયાં સુધી પોતાના હાતમા તે કીરતારની બક્ષેસથી હોય, ત્યાં સુધી, આ ઉપયોગી ખાતાંને પોતાની નજર સામે રીબતું યા મરતું જોવાની તેનાં ભલાં ખમીરે તેને પરવાનગી આપી નહી. મનસુખ સાથ તેને તુરત ખાંગી મસલહતો કીધી, તેવણુના વીચારો તેને જાણ્યા, તેવણુની સલાહ પર ઉલટથી અમલ કીધો; અને પોતાની શક્તી મુજબની એક ઘણી મોટી તો નહી, પણુ ઘણીજ વખતસરની, અને ચાલતાં કામને હાલતુરત મજબુત પાયો આપવાને બસ થાએ તેટલી પુરતી ને કીમતી મદદ આપવાની પોતાની ખાહેશ જણુાવી, ઈંતેજાર બનેલા મનસુખને અપાર હરખથી હરખાવ્યા.

એ બાબેનો પેહેલ્લો પત્ર વેહેવાર મનસુખે, ખેતવાડીની આ "ભલું ઇછનારી મંડળી" સાથે ૧૮૮૧ ના મેહ મહીનામા કીધો. પણુ તે બક્ષેસ આપનાર ધણીનું નામ તેવણે ખાંગી રાખવાની ખાસ સંભાલ લીધી, કેમકે તેવણુને છેલ્લી ઘડી સુધી મજબુત ધાસ્તી હતી કે નામ જો જાહેર થયું તો તેમની ફતેહોથી અદેખા બનેલા તેમના મુદઈઓ છુપા કાવાદાવા અને ફુસલવણી ચલાવીને યા આડકતરાં દબાણો વાપડીને, બંદોબસ્તો ચોકસ થાએ તેટલાંમાં, તે ભોલા ગ્રસ્તનો વીચાર ફેરવી નખાવાને પોતાથી બનતું કરવાને ચુકે નહી. તેથી, મદદ કરવાને બાહેર પડેલા તે રાંક ગ્રસ્ત મરહુમ

શેઠ દાદાભાઇ બેજનજી કલગીરવાલા

નુ નામ જે બોહ્લી રીતે જાહેર થયું તે છેક જુલાઇ મહીનામા, અને તબી, તા૦ ૧૦ મી જુલાઈનુ મનસુખ તરફનુ નીચલું એક કાગલ મંડળીને પુગી ચુકવા પછેજ. પણુ એ કાગલનો ઉતારો કરૂં તે પેહેલાં, તે નવી નીકલનારી મંડળીને આપવામા આવનારાં નામ વીશે એક ટુક ખોલાસો હું કરવા માગુંછું. એ લગરીક લાંબું દીસતું

નામ મનસુખે પોતે દાદાભાઇને સુચવ્યું હોય, અને તેજ રખાવાની હટ લેવાનો તેવણેજ આગ્રહ કીધો હોય તેમા જરાબી શક નથી. "ભલું ઇછનારી મંડળી" એવાં ટુકાં નામ તરફ તેવણને અતીઘણો છુપો અનગમો હતો. એક દીવશની વાતમાં તેવણે મને ખોલ્લું કહ્યું હતું કે—"એવાં અધુરાં નામનો અરથ કોઇબી ધણી પોતાને ગમે તેવો કરી શકે. આજે તો હમે એમાં સામેલ છઇએ. તેટલાં તેનાં ખરાં ધોરને કામ ચાલશે. પણ હવે પછી કદાચ ફેરફાર થવા પામે; હમણાના કારોબારીઓ મરતા જાએં; અને તેઓની જગાએ પેલા 'રાહનુમાએ' જેવી સંપૂના દીન–દુબાઉઓ આવે એટલે તેઓ પોતાનાં ઢણુક દેખાડે; તબલા સારંગીની બંદગી ગવાડે, ને કેહ કે જરતોસ્તીઓનું ભલું ઇચ્છવાની એજ રીત છે! તો પછી મંડળીના સ્થાપનારોની અસલ નેમ કાંહ રેહ? એક ચોકસ ખોલાસા વાર નામ હોતે તો એની મતલબ બરાબર જળવાતે ને સમજાતે." એવો તેવણનો વીચાર હોવાને લીધેજ મંડળીપર ગયેલું તેવણનું કાગલ નીચલું ચોકસાઇ ભરેલું લખાણ દેખાડે છે:—

"પરેલ, તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૮૧.

શેઠ રૂ૦ અ૦ માસતર
તથા
શેઠ મા૦ જે૦ તાલેઈઆરખાન
} તે "જરતોસ્તીઓનું ભલું ઇચ્છનારી મંડળી"ના આનરરી સેક્રેટરીઓ.

જત તમોને આએ લખેયાથી જણાવાનુ એ છે કે જે પારસી ગરસથ પેલા રૂ ૫૦૦૦) પાંચ હજારનુ પોતાનુ ફંડ આપરા ફંડ સાથે મેલવી નાખવા ચાહેછે તે ગરસથ એવી બોલી કરવા માગેછે કે એ મંડળીનુ નામ હાલનુ જે છે તે ફેરવીને તેને બદલે "જરતોસતી ધરમ તથા તેની ક્રીરીઆ ઉપર એતેકાદ રખાવનારી મંડળી"–એ વાક્રીઅ સઉથી પેહેલાં લખવો, અને તે પછે બીજી જે બાબતો છે તે "ઇઆને"નાં મથાલાં હેઠલ લખીને ખોલાસો કરવો. જો એમ કરવાને તમારી સભાના ગરહસથો કબુલ થાએતો તે ગરહસથ રાજી છે, અને એ પોતાની ઉપરાંત બીજી રકમોબી ભરાવી આપવાની ઉમેદ બતાવે છે. વાસતે તમો ભાઇઓ જેમ બને તેમ જલદીથી એ ઉપર મત લેવાને સારૂ તમારી સભાના ગરહસ્થોને

બોલાવજો, અને તેઓનો શું ઠેરાવ થાએછે, તે હમોને લખી જણાવજો. તમારો જવાબ આવેથી તે ગરહસથ સાથે વધુ સંધેસા ચલાવી તમોને જણાવીશુંજી. એજ અરજ.

લા. સેવક **મનચેરજી કાવસજી શાપુરજીની** દુવા સલામ વાંચજોજી."

એ બાદ બે ત્રણ મહીને મી૦ નસરવાનજી દાદાભાઇ કાતરક અથવા કલગીરવાલાનો એક પત્ર, પોતાના પીતાની તરફથી લખેલો, મંડળી ઉપર આવ્યો કે જેમા સઘલી જરૂરની શરતો તેવણે લખી મોકલી. તે માંહેલી ત્રીજી અને મુખ્ય શરત એ હતી કેઃ—

"હમારા બાવાજીએ કાહાડેલા મજકુર રૂપીઆનાં ફંડના જે તરસતી જંન તરણ છે તેઓ તમારી ખેતવાડી ખાતેની કમેટીના મેમબરો સાથે મલી જાએ અને તરસતીઓ ઉપરાંત કમેટીના મેમબરો તરીકેબી ગણાએ. તથા તમારી કમેટીના મેમબરો મધેથી એક અથવા બે જણાને ઉપલાં ફંડના તરસતીઓ તરીકે ઠેરવવા માંગોતો સુખેથી તમોએ તેમ કરવું, અને સઘલા મલીને પાંચ તરસટીઓના સવાધીન હેઠલ એ ફંડ રાખવું અને વધારવું અને ઘટતા ઉપયોગમા લાવેઆ જવું."

એક માહ જરૂરનાં કામને ટેકો આપવાની અને ચાલુ રાખવાની શુભ દયાનતથીજ સઘલા ઉપાયો લેવામા આવેલા હોવાથી; તેમજ સઘલા લાગતા વલગતા કારોબારીઓ દાનાવ દુરઅંદેશ અને દુનીયાઇ અનુભવવાલા હોવાથી કામ સઘલું મનમાંગતું પાર ઉતરવામા કસી મના રહી નહી. અરસપરસની સમજુતીથી શરતો સઘલી ગોઠવાઈ અને કબુલબી રહી; ફેરવાએલું નવું ખોલાસાદાર નામબી મંજુર રહયું; કાયેદા મુજબનાં 'ત્રસ્ટ'ના લેખબી લખાયા; અને અંતે, દસતુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહેરજીનાં પ્રમુખપણાં, અને શેઠો શાપુરજી બેહેરામજી કાતરક તથા રૂસતમજી ફરામજી વાહડીઆનાં 'સેક્રેટરી'પણાં તળે,

"જરતોસ્તી ધર્મ અને ક્રીયા ઉપર એતેકાદ વધારાવનારી મંડળી"

નાં નામવાલું એક માહાઉપયોગી અને પ્રખ્યાત થએલું ખાતું બરપા કરવામાં આવ્યુ.

પણ, એક નવાં કામની અજમાયેશ દાખલ ખેતવાડીના પેલા મુઠીભર જરતોસ્તીઓથી ઉભી થએલી પેહેલી નાધલી સભાથી, તે મજબુત પાયાપર બરપા થએલી આ નવી મંડળી સુધીની સઘલી હીલચાલ જે થઇ, તે એખલા, એક મનસુખનેજ માટે, એમ હું કહું તો તે ખોટું નથીજ. સઘલી ઉલટ-સઘલા જોશ-અને સઘલી કુમકનું મધ્યબીંદુ આ એખલો બોલનાર-આ એખલો ભાશાણકર્તા બન્યો. ખાલી બોલોનુ નહી, પણ ઉપલી મંડળી જેવાં સંગીન કામોનું જે ખાસ માન મલ્યું તે તેનેજ.

અને એવાં માનની પુરેપુરી કીમત હૈયે ધરી, તે વગવાલાં મંડળનો

આ એકપુરો,-આ માનીતો વકતા,

ખરી મનશનીથી પોતાની ફરજ બજાવાને ચુકયો નહી.

અનુભવથી ભરપુર તેની બુઝરગી, કાબેલીઅતથી ભરપુર તેની મનશક્તી, અને ફસાહુતથી ભરપુર તેની જબાંદરાઝીપર યાહોમ ઇતબાર રાખીને, ધર્મી-જંગનો જે ઝુંડો તેઓએ તેના હાતમા સોંપ્યો, તે ઝુંડો, બેસુમાર હરીફોની લડત અને બેસુમાર મુશકેલીઓની હરકત છતાં, ફતેહ સાથે ઉભો અને ઉડતો રાખ્યો આ જઇફ જંગીએ પોતાની જીંદગીના અંત સુધી.

આગલના કરતાંબી બેવડા જોશ અને બેવડી જમકથી પોતાની જબાનનુ જોર તેને વાપડયું. પોતાનાં કદાવર આંગ-ઝલકતા ચેહેરા અને દમામી દેખાવ સાથે, ભેગી મલતી ઠઠની સામે, તખ્તા ઉપર ઉભો રહી બાગે બુલંદ આવાજે તે એવું બોલ્યો, કે તે દેખાવ અને તે બોલીથી સઘલા છક થયા. સઘલાઓએ તેમાં કાંઈ નવું,-કાંઇ નવાઇનુ જોયું.

બોલનારા તેઓએ ઘણા જોયા હતા; ભાશાંણો તેઓએ ઘણાં સાંભળ્યાં હતાં; પણ આ નવા બોલનારેજ તેઓને ખ્યાલ આપ્યો કે ખરાં ભાશાંણો કેવાં હોએ, અને તે કેમ થાએ. જે બાબદોપર તે બોલ્યો તેતો તેઓએ અગાઉ ઘણી વેળા વગર અસરે અને વગર ઉલટે સાંભલી હતી. પણ આ નવા વકતાના નવા વચનો કાનપર પડતાંજ તેજ અસલી બાબદોપર ગંભીરાઇનો

એક નવો ઘેરો,-ગમખારીનો એક નવો છાંયો ફેલાએલો તેઓને દીશયો. તે ભાશાંણો' નહી-પણ એક તરેહનાં ગંભીર ગાયનોજ તેમને લાગ્યાં.

તે ગાયન તો સઘલાં અસલી-જુનાં ને જાણીતાં હતાં. કેલવણીનુ પોકળપણું, સુધારાની ખરાબી, અને ધર્મી-ક્રીયાઓની બરબાદી, એ અને એજ રાગ તો ગવાયો; અરે, પણ તે એટલી જુદી લોગતથી-એટલી નવી લેહેજતથી, કે આ ઘરડા પણ ઉસ્તાદ ગવૈયાનો આવાજ સાંભલવાપર તુટાતુટ પડી!

આ નવો ગવૈયો યા વકતા, જે કહો તે, જે તેમની સામે ઉભો તેનેથીજ, પોતાની કોમની પડતીનાં અને પોતાની દીનની દુબાદુબીનાં રંગીન પણ ગમખાર દાસતાંનો તેઓએ ચુપકીદી ભર્યાં ધ્યાંનથી સાંભલ્યાં. એવા રસ અને કસ સાથેજ જ્યારે તેમને સંભલાવામા આવ્યું, ત્યારેજ તેઓએ ખરી રીતે જાણ્યું કે છેલ્લી લગભગ અરધી સદીના આંધલા વહીવતથી અને એબવંતી કેલવણીથી, તેમના મજહબની અને માનની, તેમનાં નામની અને નીતીની, તેમના સંસારની હોરમત અને તેમની સ્ત્રીઓની ઇજતની કેવી ભારી અને ભયંકર બરબાદી થઇછે.

તેઓએ સાંભલ્યું, અને તેઓ ચોંકીયા! એટલી હદસુધીની ખરાબીઓનો ખ્યાલ આ ભાશાણોએજ તેઓને આપ્યો. તેઓએ સાંભલ્યું,-અને વધુ સાંભલવા માંગ્યું. તો વધુ સંભલાવ્યું તેણે તેઓને; આગલી યાદો સાથે,-અસલી હકીકતો સાથે; થોડું જોશથી થોડું નરમીથી; ઘડીમાં ગંભીરાઇથી ઘડીમાં રમુજથી; થોડાક હસાવીને થોડાક ઉદાસ બનાવીને! એટલે તેઓ છક થયા,-તેઓ હેરત રહયા. આ બુજર્ગ વકતાની વાહ-વાહ બોલાવાને વીલંબ લાગ્યો નહી. જન-જન મોહડે તે પંકાયો અને વખણાયો. આવી જબરદસ્ત જબાંદરાઝી, આવી ઉમદા ફસાહત, આવી ઉતમ છટાની સઘલે નામના ફેલાઇ. વેપારી કે વીદ્યાર્થી, ગરીબ કે તવંગર, નાઘલા કે મોટા, જઇફ કે જવાન, સર્વેનાં ટોળેટોળાં તે છટા અને તે ફસાહતનો લાભ લેવાને, એક નહી પણ અનેક વખત, ઉલટથી ને હરખથી ઉતરી પડયાં.

ત્યાં, આતશબેહેરામોના દીવાનખાનામાં, જાહેર 'વાડી'ઓના ઓટલાપર, યા નાટકશાળા કે 'ઇન્સટીટયુટના'ની ગેલરીપર ખીચોખીચ ઠઠમા બેસી, આ શુભાખીત બોલનારે જાણે તેઓને પોતાની જબાંનના કબજામા વસ કીધા હોય તેમ, ચુપ અને ઈંતેજાર બની તેઓએ તેને સાંભલ્યો; ત્યારે તેઓએ ખાત્રીથી જાણ્યું કે બીજાં કેહેવાતાં સુધારાનાં મંડળોએ આટલાં વરશોવેર જે શીક્ષણ આપ્યું હતું અને જે વીચારો ફેલાવ્યા હતા તે ગુમરાહી ભર્યા અને જુઠા હતા; અને ત્યારેજ તેઓની આંખો ખોલ્લી બની તે જોવાને, કે નાચ રંગની ભેગી મીજલસો અને વાજાં વાજીંત્રોના જલસાના મલાહુજા વગરના દેખાવો કરવાની જે ઘેલછા હમણાં વધી છે તે કોમમાં કેવી નેહુશીયત અને નેફૂરત લાવનારી થઇછે.

પણ તેની એવી વકી નહી રખાએલી ફૂતેહે, તેના હરીફોમા ચોમેર, અપાર અદેખાઇનો આતશ ઉસકેર્યો. કપટી ટીકાઓથી, ઘાતકી મશકેરીઓથી તેમજ આડકતરાં દબાંણથી તેને દાબવા યા હટાવાની પોતાની કોશેસો નીષફૂળ થયેલી જોઇ, તેઓએ તેને, સાંભલવા જનારાઓને વગોવવા માંડયા. તેમને નાદાંનો, અભણો અને 'સ્કુલ બોયો'ની ઉપમા આપી, તેમને બેબીસાદના કહાવ્યા. પણ તેથી તો કામ ઉલટું બગડયું. ચતુર જવાનો ચેત્યા કે આ તો તેમને દબરાવાની યા ધમકાવાની યુકતી હતી. તેઓ સમજયા કે જયાં સુધી તે મંડળોની પક્ષમાં રહી તેમણી સઘલી સમજાવત હા-જી-હા કહી તેઓએ માન્ય રાખી, ત્યાં સુધી તો તેઓ તેમણા વાહલાજ રહ્યા. પણ હવે જયારે આ જોરાવર બોલનારની વાકયચાતુરીએ ખરૂં ખોટું જોવા અને સમજવાની, અને પસંદ યા નાપસંદ કરવાની હીમત ભરી હાલતમા તેઓને મુકયા ત્યારે તેઓ અલખામણા પડયા. તો તેથી તેઓએ વધારે હીમત પકડી. પોતાની ખુશી યા નાખુશીના આવાજો વધારે ખોલ્લી અને વધારે ખરી રીતે બાહેર પાડવાને તેઓ ડર્યા નહી. એટલે તો વલી વધારે કડવા ટીકાનો મારો તેઓને ખમવો પડયો,-તેઓની સમજ શકતી અને જ્ઞાન ઉપર વધારે શકના સખુન નખાયા.

તેથી, કેલવાએલા અને સમજુ જેમ બુજર્ગ તેમજ જવાન

વર્ગનો મોટો ભાગબી હવે તેવાં મંડળો અને તેવા મેલાવડાઓથી અતરંગ બનતો ગયો. અથવા જ્યારેબી તેઓ ત્યાં ગયા ત્યારે પોતાના નેક આચાર વીચારથી ઉલટી, યા પોતાની ધર્મી લાગણીઓ દુઃખાએ તેવી, જેબી ચીજો ત્યાં દીસી તેની સામેનો પોતાનો સખ્ત અભાવ ખોલ્લા આવાજોથી જાહેર કરવા વગર તેઓ રહ્યા નહી. જ્યાં-જ્યાંબી એવી તેઓની બાહાદુર કોશેસોમા જબરીથી અને બળતવારીથી તેઓને ચુપ બનાવવાની, તાબે કરવાની યા અપમાનો આપવાની યુક્તીઓ રચાઇ ત્યાં-ત્યાં તો તેઓ વધારે ને વધારેજ છેડાયા. એવી મજબુત-એવી ઠેડાવભરેલી-એવી હીમતી વીરૂધતા તેઓએ દેખાડી કે અંતે તેમણે અણગમતા મેલાવડાઓ એક 'ફાર્સ'મા, અને તેમણે નાપસંદ 'મીટીંગો' એક રકાસમા તેઓએ બદલી !

અને એ સઘલો વખત પેલો બુજર્ગ પણ બાહોશ બોલનાર, એવી જાહેર હીમત ને વીરૂધતા હરદમ દેખાડી દીન અને દેશ તરફની પોતાની ખરી ફરજ બજાવવાને, તેઓને કુમક અને શાબાસી આપતોજ ગયો. ત્યાં તેને ચુપકીદીથી અને માનથી સાંભલવાને તેઓ જતાજ ગયા. તે ત્યાં એખલોજ બોલતો હતો; સભાનો સરનશીનબી કોઇ બેઠા યા ન બેઠા તે તેને મનથી સરખુંજ હતું; કોઇ મોટાને તેડવા કે કોઇ માતબરને બોલાવા તે ગયો નહી; કાંઇબી ખેંચાણ કે લાલચ દેખાડવાનો તેને ખ્યાલ રાખ્યો નહી; સુંદર સીતારના સાજથી કે ફાંકડી સ્ત્રીઓના આવાજથી તે ઘેરાએલો ઉભો નહી; લાંબાં લખાંણનાં કાંઇ પ્રકરણો વાંચી જવાની કે શાહદતોના પોથાઓ લાવવાની તેને પરવા કીધી નહી; પણ જે મનમાં ઉપજ્યું અને જે મોહડે આવ્યું તે તે બોલતોજ ગયો, અને તેના બુલંદ આવાજ અને માહભારત શુભાખીતપણાંની મોહનીને વસ થએલા તેના બેસુમાર ચાહનારાઓ એકધ્યાંન અને એકમાનથી ત્યાં તેને સાંભલતા ગયા. "તેઓ કેહે છે કે હું તમોને ઉસકેરૂં છું." તે બોલ્યો. "ભલે, તેમબી હોય. પણ એક ગુણગારી ને ફાયેદાકારક હટ લેવાને અથવા લડત કરવાને મેં તમોને જો ઉસકેરીયા, અને તે માહરી ઉસકેરણીપર અમલ કરવાને તમો જેવા સમજુ ને આપઅખત્યાર ગ્રસ્તોએ જો વાજબી વીચાર્યું, તો તેમાં મને પોતાને

એક જાતની ઇજત અને મગરૂરી મલેલી હું સમજું છું. આગલ હું કેહી ચુકો, ને હવે ફરીથી કેહુંછું કે, જેબી ચીજો તમોને ઉંધી ને ઉલટી થતી જણાય, જેબી બનાવ કે જેબી દેખાવ તમારી કોમનો ને તમારી કીર્તીનો નાશ કરનારો–તમારી ધર્મી લાગણીને અપમાન કરનારો–અથવા તમારાં પવીત્ર ક્રીયાકામોની બરબાદી કરનારો તમારા જોવામાં આવે, તેની સામે બળતવારીથી–હીમતથી–અને આપઅખત્યારીથી થવામાજ તમો તમારાં પ્રમાણીકપણાંને–તમારી સચાઇને અને તમારી કેલવણીને છાજતું તેમજ જેબ આપનારૂં કામ થતું માનજો! એવી લડતોથી તમારી દીન અને તમારી નીતીરીતીની જાળવણી કરવામાજ તમારી નેકનામી ને નેકબખ્તી સમજજો,–એથીજ પુણનો ઉમેરો–અને સવાબનો હુબેરો થયેલો જાણજો! હું જીવતો છું ત્યારે, તેમજ માહરા મુવા પછીબી, એજ માહરી સલાહપર અમલ કરવામા તમારી આબાદી ને તમારી ફીરોજી સમજજો!"

એવું, ને બાજું બીજું ઘણું, તે અનેક વખત બોલ્યો. અને તે અનેક વખત તેના બેસુમાર સાંભલનારાઓએ, પોણોસોની વચે પુગેલા આ પોતાના પ્યારા વકતાને, દીલોજાનની ફીદાગીરીથી નવાજયો. તાલીના ગગડાતથી અને હરખના પોકારથી તેઓએ તેને આવતો વધાવ્યો, અને બોલતો વધાવ્યો, સમાપ્ત કરતો વધાવ્યો. બાહેર નીકલતાં, ગાડી સુધી તેઓ તેની પુઠે ગયા, રૂમાલો ઉરાડયા, તાલીઓ પાડી, પોકારો ઉઠાવ્યા, રસ્તા ગજાવ્યા, મોહલ્લા ધુજાવ્યા, ઘોડા ચમકાવ્યા!

એવી માહભારત ફતેહ–એવી ગંજાવર કીર્તી, પોતાની ભાશાણકર્તા તરીકેની જીંદગીમા, મનસુખ ડગલે ડગલે મેલવતા રહયા. "સત્યમીત્ર"ની તમામ જંજાલી અને તમામ નાસીપાસીનો ખંગ, જીંદગીના છેડેના ભાગમા મલેલી આ અસાધારણ નામનાથી, પુરેપુરો વળી રહયો. જે અનુપમ શુભાખીતપણું તેવણે દેખાડયું, જે લેહેઝતદાર પ્રસાહતથી તેવણે પોતાના સાંભલનારાઓને ખુશ કીધા, તેની એટલીતો મજબુત ને કાએમ અસર રેહેવા પામી, કે તેવણનાં મરણ બાદ ઘણે વખતે સંભલાએલું, બીજા જાણીતા

અચ્છા બોલનારાઓનુ તેજ મંડળી મારફતનુ બોલેલુંબી કાંઇ લાયેક પસંદગી યા અસર મેંલવવાથી બેનસીબ રહયું; અને તેના એશારાબી વગવાલાં વર્તમાનપત્રોમા થવા વીના રહયા નહી.

પોતાની વાકય-ચાતુરીનુ એવું મજબુત બળ દેખાડીને મનસુખે, તેમની મંડળીએ તેમજ તેમના મીત્રોએ જે ઉમેદો તેવણપર બાંધી હતી તે, તેઓએ રાખેલી વકી કરતાં પણ વધુ નામદારી સાથે પાર પાડી આપી. એટલાં માન અને મોહુબતથી તેઓ તેવણુ તરફ જોતા રહ્યા કે નવાં બંધાએલાં "અનજુમનનાં પાક આતશબેહરામ"નાં બોહોળાં દીવાનખાનાંમાં સઉથી પેહેલ્લું ભાશાણ કરવાનુ ખાસ માનબી તેઓએ મનસુખનેજ આપ્યું. જોકે તે નેક મકાનના નામવર મુખી અને સ્થાપક દસતુરજી જામાસ્પજી તે વેળા ચાહતે તો પોતાની કાબેલીઅતભરેલી વાએજ ત્યાં પેહેલ્લી આપી શકતે. એટલુંજ નહી, પણ લોક-પ્રીયતાની સાબેતી આપનારો એક જાણવાજોગ બનાવ તો એ આતશબેહરામમાં પાક કેબલાને તખ્તનશીન કરવાનાં નેક જશનને દીવશેજ બન્યો, કે જ્યારે તે મોટા 'હૉલ'માં ભેગી થએલી ગંજાવર મીજલસે, મનસુખને દાખલ થતા જોઇ, ખુશાલી અને હર્ષનાદના મોટા આવાજોથી આવકાર દેવાનુ સઉથી પેહેલ્લુ માન તેવણુને આપ્યું.

મોટા દસતુરજી સાહેબનાં પોતાનાં સરનશીનપણાં હેઠલ, આતશબેહેરામ મધેનુ એ પેહેલ્લું ભાશાણ ૧૮૯૭ની ૩ જી ડીસેમબરની સાંજે અપાયું; તેની બાબદ 'બંદગી તથા સખાવતને લગતા શાહનામાં મધેના પ્રારસી બેતોનાં વાંચણ અને તેમની સમજ'ને લગતી બની; અને તે પુરૂં થતાં દસતુરજી, પોતાના કાબેલ ને વાહલા મીત્રની સ્તુતી કરતા, એવુંબી બોલ્યા કે-"એવું રસીલું ભાશાણ, લગભગ બે કલાક તલક તમારી સનમુખ ખડે પગે ઉભા રહીને કહી સંભલાવાની એવણે તજદી લીધી છે. આટલી મોટી ઉમરે પોહચવા છતાંબી આપરી કોમનુ ભલું તથા આપરા ધરમની પાએદારી ચાહીને મી૰ મનસુખ વારંવાર એવી તસદી લેવાને શકતીવાન અને તંદરોસ્તીભરેલા રહેલાછે, તે બાબે શોકરગુજારી કરીએ, અને હવે પછેબી ખોદાની બક્ષેસથી લાંબી મુદત તલક

એવણુ ખુશી અને તનદરેસ્તી ભરેલા રેહ એવુંજ આપણે ઇછીએ છઇએ."

જેમ બુજર્ગો તેમજ જવાનો અને વીદ્યાર્થીઓની મનસુખનાં ભાશાણો તરફની ફીદાગીરી તરેહ્વાર ઢપે અને આકારે જાહેર થતી રહી. શાબાશીનાં પત્રો, મુબારકબાદી અને ભલી દુવાઓનાં લખાંણો, તેમજ નાધલી પણ હૈયાના ખરા આવભાવથી મોકલાએલી ભેટો, એવી સઘલી ઉલટ અને ઉતેજન આપનારી ચીજો તેવણપર સાધારણ રીતે આવતી ગઇ. પણ એક ગુજર પામતા જવાંને દેખાડેલી કદરસનાશીની છેલ્લી ઇધાની આપણું ખાસ ધ્યાંન ખેંચે છે, કે જેની ટુક વીગત તા૦ ૧૬ મી માર્ચ ૧૯૦૦ નાં "મુંબઇ સમાચાર"માં નીચે મુજબ આવી:—

"**મી૦ મનસુખનાં ભાશાણોનાં ફંડનાં** સંબંધમા હમોને લખી જણાવામા આવે છે કે મી૦ ડોસાભાઇ સોરાબજી મારકરે પોતાના બેટાના પુન્યાર્થે તેનાં ઉઠમણાંની ગઈ કાલે કરવામા આવેલી ક્રીયામા ઉપલાં ફંડમાં રૂ ૧૫૦ ની રકમ ભણાવી હતી, અને તેમ કરતાં એવો ખોલાસો કર્યો હતો કે મરનાર જે અતરેની 'એલફીનસ્ટન કૉલેજ' મા અભ્યાસ કરતો હતો તેને મી૦ મનસુખનાં ભાશાણ બહુ પસંદ પડતાં હતાં, અને પોતાનાં માતપીતાને પોતાની છેલ્લી ખાહેશ તરીકે એ ફંડમાં નાણાં ભરવાની તેણે અરજ કીધી હતી."

પણ "જરતોસ્તી ધર્મ અને ક્રીયા ઉપર એતેકાદ વધરાવનારી મંડળી" સાથે, લગભગ વીસ વરશો સુધી તારીફલાએક સંપજ અને સ્નેહ સાથે, ચાલુ રહેલા તેવણના સંબંધમા એક એવા નજીવા બનાવે ખલલ કીધી કે તેથી સઘલે જેટલી અજાયેબી તેટલીજ નાખુશીબી ફેલાઇ. કોણે એમ ધાર્યું હતું કે કદીબી એવું બનવા પામે? એટલો કઢંગો તે બનાવ હતો; એક નીરજીવ વાતના સણુ-ગાએ એટલીતો મજબુત મતફેરી બોહોળા વીસ્તારમા ફેલાવી, કે ઘણેક ઠેકાણે તે એક મીનાકેસાનુ રૂપ લેવાનેબી ચુકી નહી. હું નહી બોલવા ચાહતો એ બાબે કાંઇ વધુ. જો કે ઇ. સ. ૧૯૦૦ ના લગભગ આખેરીના વખતમા બનેલા બુરી મતફેરીના એ બનાવે મનસુખને અતીઘણું છુપું દુઃખ આપ્યું હતું, એમ કહેવા વીના મને

ચાલતું નથી. અને તે છુપાં દુઃખ તેમજ ક્રોધમા વધારો તો ત્યારે થયો કે જ્યારે મી૦ જીવનજી મોદી પાસે ભાશાણો કરાવાની તે મંડળીના કારોબારીઓએ નવાઇ જેવી નાદાંની વાપડી, અને તેવાં ભાશાણો કરવાને 'શમશુલઓલમા' પોતે યાહોમ કુદી પડયા!

જે મંડળીના પોતે આગેવાન,-જે મંડળીના પોતે સ્થાપક તે મંડળીનાં એવાં ઘાતકી પગલાંથી જે ગમ મનસુખે ખમ્યો તે બેહદ અને સખત હતો. અને શેઠ શાપુરજી કાતરક જેવા એક ઘ્રસ્ત જેવણે, પોતાનાંજ સરનશીનપણાં ટલે થએલાં મનસુખનાં એક ભાશાણ વેળા, થોડોજ વખત આગમચ નીચલા બોલો કહેલા, તેવણને એવું થવા દેવાનો વીચારબી કેમ આવ્યો તેની મને સમજ પડતી નથીઃ—"સેવટે હું એટલુંજ જણાવાની રજા લેઉં છું કે આ હમારી મંડળીને પરથમમાં હસ્તીમા લાવનાર અથવા સ્થાપનારબી એજ મીટ મનસુખ છે. જેવણે શરૂઆતમા ખેતવાડી ખાતે ભાશાંણો કરીને તથા કેટલીએક બીજી કોશેસો કરીને આ મંડળી ઉભી કરીને સઘલું કામ રચીયું હતું."

મનસુખને દુઃખ તો અતીશય લાગ્યું. પણ તે દુઃખમા દબાઇ જઈ તેવણ શાંત કે ચુપ બેઠા નહી. તેવી નબલાઇની તબેતો ખુદરતે આપેલીજ નહી, એટલે તેવું બને પણ નહી. તેવણે એખલાએ એક પ્રખ્યાત ભાશાંણમા બાહેર પડી પોતાની જુમબેશ પાછી ચલાવી. તેમા તેવણે એવો સખત ધુજારો કીધો, એટલા ખુલ્લા અને મજબુત પોતાના વીચારો દેખાડયા કે મોદીજીને કદાચ મનમા બોલવું પડયું હોય તેમા નવાઇ નહી કે-"માહરા શું ભોગ લાગા કે આએ બુઢાને મેં છેડયો!" તે ભાશાણનો એક ખાસ ભાગ તો નીચે મુજબ છેઃ—

"મી૦ મોદી સાહેબ, તમે પોતે જે બોલો અથવા લખો તેની આડે કોઇએ આવતું નહી,-અથવા તેની વીરૂધમા કોઇએ બોલવું નહી, એવાં ગુમાનથી જો તમો અથવા તમારા જેવો કોઇબી બીજો ઘ્રસ્ત માહરી મજકુર મંડળીનાં કામ અને નામમાં આમેજ થવા ચાહે તો તેની સામે થવા, સઉથી પેહેલ્લો ઢાલ તલવાર લઇને, હું પોતે મેદાન પડયા વગર રેહુંજ નહી. એવી હીચકારી તાબેદારીયા એ મંડળીમ સામેલ રેહવાને,-

અથવા તે મંડળીને હૈયાતીમા રહેલી જોવાને માહરી જીંદગીના છેડા સુધી હું હરામ સમજતો રહીશ! એ પવીત્ર નામ નીશાંનવાલી મંડળીને સ્થાપનાર, તથા તેને બોલતી ચાલતી અને વખાંણુ પામતી હાલતમા લાવનાર અસલમાં હું પોતેજ છું. અને મરહુમ દાદાભાઇ કાતરક જેવા ખરેખરા ભલા તથા દીનદાર દસ્ત અને માહરા ખેરખાહ દોસ્તની કુમકથી અને તેવણુનીજ તરફથી આપેઆમા આપેલી નાણુંની મોટી મદદથી એ મંડળી માહરાંજ ભાશાણો માટે સ્થાપેઆમાં આવેલીછે. અને તેથી એ મંડળીનાં રૂડાં નામ-કામ-યા નેમની વીરૂધનો અથવા ઉલટી રીતનો એક બોલબી, હું પોતે યા બીજા માહરા દીનચુસ્ત મીતરો અને મેમબરો કોઇબી સખસને તેની મારફતે બોલવા દીજીએ, અને તેની અસલ ભલી મતલબમા ખલલ થવા દીજીએ, તેનાં કરતાંને તો, તે બેહેશતી શેઠ દાદાભાઇ કાતરકનીજ સંફમાં, એ મંડળીનેબી બેહેશતનશીન કરવાને ઘટતું વીચારીશું!"

એવું કીધા ઉપરાંત તે મંડળીના બીજા આગેવાન મેમબરો ઉપર અતી ઘણી સખત ભાશામા તેવણુ કાગલો લખવાનેબી ચુકયા નહી. પણુ તે નાખુશ પંચાતીનો પાછલથી સઘલો નીવેડો આવી ગયો, અને તે મંડળી મધેના, તેમના સઘલા મીત્રો જેમ જીંદગીમા તેમજ જીંદગી પછેબી મીત્રતા અને ખેરખાહીની સઘલી પોતાની ફરજો ખરાં જીગરથી બજાવાને ભુલ્યા નહી, એટલે એ કડવી બાબદ હું વધુ લંબાવા ચાહતો નથી.

પણુ ખોલ્લું અને ખરૂં બોલનારા આ બહાદુર વકતાનું કાંકનું દીલ દુખી કરનારો આ એકજ બનાવ બન્યો નહી. "મનસુખનાં ભાશાણુ ફંડની મંડળી" નામની એક નવી મંડળી તેવણુનાં નવાં અને ખાસ ઉતેજનને માટે "આપાબાગ"ની 'કલબ' માહેલા તેવણુના કેટલાક ખાસ મીત્રો તરફથી ઉભી કરવામાં આવી. અને તેની બાંહેધરીમાં પોતાનુ પેહેલ્લું ભાશાણુ ૨૧ મી માર્ચ ૧૯૦૦ ના "જમશેદી નઓરોજ"ના મુબારક દીવશે, તે નેક જશનનાં બેઆંનનુ તેમજ પારસી સખાવતોને લગતું, દીલકશ ફારસી બેતોનાં વાંચન સીકેનુ, તમામ રોશનીથી સીંગારેલાં 'અનજુમનનાં આતશબેહેરામ'ના મોટા 'હૉલ'મા તેવણે આપ્યું. એ પછે બીજાં કેટલાંક ભાશાણોબી એજ રીતે અપાયાં; પણુ એટલામાં

મનસુખની ખોલ્લાં દીલની અને નીડર છાતીની છડેછોક બોલીદરાજી, જે આગલ ઘણી વેળા ઘણાકોને ગળે નહી ઉતરવાથી, તેમને હરકત અને હાદેશા આપતી રહી હતી, તેણેજ આ મંડળી સાથના તેમના સંબંધમાબી મજબુત મીનાકેસાનુ સળગણ પુકયું. એક એવાં કામને માટે એ મંડળીએ મનસુખ તરફ પોતાનો અનગમો દેખાડવાની કમસમજ, થોડાક કારોબારીઓની ઉસકેરણીને લીધે, વાપડી, કે તેથી તેઓ પોતેજ સઘલી તરફની નાખુશી અને નાપસંદગી બલકે હસી મશકેરીના ભોગ થવાથી બચી શકયા નહી. ખોદા જાણે, એવા હુશયાર અને ખબરદારમા ખપતા અને સ્વતંત્ર હાલત ભોગવતા ગ્રસ્તોને એવી નબલાઇ-એવી નાહીમત દેખાડવાનુ કેમ સુઝયું !

મનસુખે આપેલાં એક ભાશાણે આ સઘલી મતફેરીને જન્મ આપ્યો. અને તે એવું એક ભાશાણ, એવું ભલું-એવું નેક નૈયતનુ- અને એવું ફાયેદાકારક કે તે કોઇબી સમજુ મંડળમા શાબાસી- સંપ-અને સન્હેનો વધારો કરનારૂં સાંધન બનવાની આપણને ઉમેદ આપે ! ચોકસ આસામીઓને તેથી ઉપજેલા નવાઇ જેવા ક્રોધ યા ગુસ્સાના સબબો અને બીજી બાબદો વીશે હવે વધુ ચુનોચરા કરવી હું બેજા સમજું છું. મનસુખે પોતે તેની પરવા કીધી નહી, તો મને કરવાની હવે સી જરૂર? તોપણ એટલું તો ખોલ્લું કેહેવુંજ પડેછે કે, મરહુમ બાઇ દીનબાઇ પીટીટનાં વસીઅતનામાંની સઘલી કલમો જાહેરમા મેલી, તેમાં વર્ણવેલાં સખાવતનાં કામો સઘલાં સંપુર્ણ રીતે બજાવાનો તે બાઈનાં હૈયાત વારેસોને મજબુત અને જોશ ભર્યો આગ્રહ કરવાનુ જે ભાશાણ મનસુખે ઇ૦ સ૦ ૧૯૦૧ ના પેહેલ્લાજ મહીનામા આપ્યું હતું, અને જે,-મોટાં પ્રમાણમાં ફેલાએલી આ નાખુશ મતફેરીનુ મુળ બન્યું હતું,-તેની અગત્યતા, તેની કીમત, અને તેનાં ઉપ્યોગીપણાં માટે ખાસોઆમના તમામ સમજુ વર્ગમા બે મતતો હતાંબી નહી, અને થશેબી નહી. મન- સુખનાં બીજાં સઘલાં ખોલ્લા બોલોનાં-હીમતભર્યાં-અને અપક્ષપાત ભાશાંણોમાબી એનેજ હું પેહેલ્લી અને સર્વોપરી જગા આપું તોજ તેની કદર અને કીમત વાજબી રીતે બુજાયેલી હું સમજું !

એનેજ લગતો ટુક એક એશારો કરતાં મનસુખ પોતેબી, એ પછીનાં ભાશાંણુમાં, પોતાના સાંભલનારાઓની ઠઠ સામે બાપોકાર બોલ્યા હુતા કે—

"એજ મુજબ મને પોતાનેબી સમજવું અને ધીરજ ધરવી જોઇએ છે કે કોઇબી પ્રકારનાં રૂડાં અને પુણ્યપ્રતાબી કામો બજાવતાં કંઇબી રીતની ખફગી માહરા સાઠી-સોબતીઓ તરફની અજમાવવી પડે તો તે ખુશમીજાજથી અને તે ખોદાતાલા તરફના ઇતબારથી અજમાવેઆ જવું, અને કોઇબી કાચી સમજના શખસ અથવા સખસોની તરફની ઇતરાજીની કસી દરકાર કરવી નહી. સબબકે જાહેર બાબદો સર જાહેર ચુંનોચરા ચલાવવા સારૂં જે હીમત તથા જે તન-મન શકતી અને જે સ્વતંત્રપણુાંની મોટી અગત છે, તે સર્વે કોઇમા હોતી નથી. મારા પોતાનાં કામકાજ સંબંધી, અસલથીજ માહરાં અંતકરણનો "motto" અથવા માહરાં જીગરનો પકકો કેડાવ એવોજ છે કે-"Trust in God and be not daunted!" અને નામવર ફીરદોસીના આએજ બેતો સદા મને કુમક ને ઉલટ આપતા રહેયા છે કે:-

'કેરા ઇઆર બૉશદ ખોદાવંદે પૉક
જેહાંનગર શવદ દુશમન ઉરા ચે બૉક.
ખોદાઇ કે બૉલા ઓ પસ્ત ઑફ્રીદ
જબર દસ્ત-બરદસ્ત-દસ્ત ઑફ્રીદ.
કેરા પુશતે ગરમી જે યઝદાંન બુવદ,
હમીશે દેલો બખ્ત ખંનદાંન બુવદ.'"

એવી બહાદુરી અને હીમત અને ;મક્કમપણુાંનો દેખાવ મનસુખે જાહેરમા તો રાખ્યો; પણ એ મીનાકેસાથી, અને તેનાં એક વધુ કમનસીબ ફળ તરીકે 'આપાબાગ' ની પોતાની માનીતી 'કલબ' માથી તેવણુ ભારે ક્રોધથી છુટા પડ્યા તે બનાવથી, તેવણુનાં મનપર બેહદ સંતાપ અને નીરાશી પોતાનો છુપો ગલબો કરવા વીનાં રેહી નહી. એવાં એક ભાશાણુને વગોવીને અને મંડળીમાથી અત્રંગ થઇને પોતાને અપમાન આપનારા એવા અવીચારી સાથીઓની ચાલનો કાર એકલો મજબુત તેવણે હૈયે ધર્યો કે (કોઇ એકાદ એલાહેદાં થયેલાં જશનનાં ખાણુંમાં ભાગ લેવાને ઇજનથી ત્યાં જવા સીવાય) ખુદ "આપાબાગ કલબ' ની મીજલસમા તેવણે ફરીથી કદી ભાગ લીધો નહી.

પણ જઈફીમા એકેક પછી બનેલા એવા માઠા બનાવો તેવણની તન-મનની સ્થીતીપર પોતાની માઠી અસર ઉપજાવવા ને ચુકયા નહી. એક અતીઘણો નાખુશ ફેરફાર તેમના સ્વભાવમા અને તેમનાં શરીરમા દાખલ થતો હમોએ જોયો. 'કલબ' સાથની આ જુદાઇ જેટલી તેવણને તેટલીજ તેમનાં કુટુંબીઓનેબી સંતાપકારક થઇ પડી. પણ જે બન્યું તે માટે દલગીર બનીને બેસવા સીવાયે બીજો કસો એલાજ નહી હતો. અને નીરાશીના એ વખતમા મરહુમ અશો દસ્તુરની યાદ તેવણ બેવડાં દુઃખથી કરતા રહયા. "માહરા બુઢા દસ્તુર હોતે તો એવું કદી બનતે નહી! જામાસ્પજી મુવા કે એવું તોફાન થયું!" એવા બોલો તેવણે, એક નહી પણ અનેકવાર, મને સંભલાવ્યા.

એ પછે થોડા મહીના વધુ ગયા કે એક બીજો બનાવ બન્યો, કે જે જોકે તેના બનાવનારા માટે આપણાં મનમાં ધીઃકાર ભરેલું હસવું ઉત્પંત કરે તેવોજ હતો, તોપણ, કાંઈ અજબ૰જેવી નબલાઈ દેખાડી, મનસુખે તેનો છેલ્લો અને સખત સંતાપ દીલે ધર્યો.

એવાંજ એક ટુક બયાંનની તેને અગત્ય આપવાનુ વાજબી વીચારૂંછું કે, "મરતી રીબતી રાહનુમાએ" જેવા બોલો પોતાનાં ભાશાંણની મતલબ તરીકે વાપડી જે સંખ્યાબંધ ભાશાંણો મનસુખ અત્યારસુધીમા આપી રહયા હતા; અને જેમનાં રમુજી બયાંનોનાં 'હેંડબીલો' અને જાહેરખબરો લાખોની સંખ્યામાં તેવણ અત્યારસુધીમા બાહેર પાડી ચુકયા હતા; તેમજ જે એકેએક તેવું ભાશાણ સાંભલવાને પારસી આલમની ઠઠો હમેશ મલતી રહી હતી; તેવું એક ભાશાણ આપવાને અનજુમનનાં આતશબેહેરામના 'હૉલ'ની તેવણે સરેસ્તા મુજબ રજા મેલવી રાખી હતી, અને તેનાં બયાંનનાં 'હેંડબીલો,' એક અસાધારણ રમુજી ઢપે લખાએલાં, ભાશાણની એક દીવશ આગમચથી મુંબઇમાં ચોતરપ્ વહેંચવામાં આવ્યાં હતાં.

થોડોજ વખત આગમચ ખુદ "રાહનુમાએ સભા" તરપ્થી તેની આપવડાઇનાં ભાશાંણો અપાએલાં, એટલે મનસુખ તરપ્થી થનારા આ નવા ધુજારાએ ધારેલો ગભરાત ફેલાવ્યો. "પગ્દા પાછ-

લથી દોરી ખેંચાવાની ચાલ” નો જે એશારો “ચૅરાગ” ચોપાંણીઆંમા આવેલો હું આગલ દેખાડી ગયો, તે દોરીનો હવે છુટથી ઉપ્યોગ થયો. હેંડબીલની અતી રમુજી ભાશાનું બાહાંનુ યા ઓઠું પકડાયું; એટલે કામ નક્કી થયું. મનસુખને કસુંબી આગમચથી જણાવવા કે ચેટવવા વગર, તેના એકાદ કોઈ કારભારીએ એક નામવર અને મરદીભર્યું પગલું ભર્યું, તે એકે ભાશાણ થવાની બે કલાક આગમચ તેણે ભાશાણવાલા ‘હૉલ’ નાં બારણાંને મજબુત તાલાં મરાવ્યાં! અરે એટલુંજ નહી, પણ પોણોસો વરશના આ બુજર્ગ અને માનવંત વકતા રખેને ત્યાં આવીને હુમલો કરે તેની સાહુચેતી દાખલ ચપરખંધા પારસીઓનો ત્યાં પોહોરો રખાવ્યો!! જઇપૂ મનસુખને આ અદભુત બનાવની ખબર, તેવણના ભાયખલા ખાતેના બંગલામાં છેક અંતને વખતે પડી; પોતાનુ સરેસ્તાનુ કૉફીનું કપ પીઇને હવે તૈયાર બનીને ભાશાણ કરવા જવાના વીચારમા તેવણ હતા ત્યારેજ! પેહેલ્લાં તો તેવણ માનીબી નહી શકયા કે એવો નીચ બનાવ કદી બનવા પામે! પણ ખાત્રી થતાંજ એક જહનુની ચીતા મીસાલ તેવણ ઉછળ્યા. મારતી ગાડીએ હ્યાંથી ત્યાં દોડયા; ઉસકેરણીથી ધુજતા, ક્રોધથી કાંપતા, અને તેમને સતાવાની તેમના મુદઇઓની આ કરપીન યુક્તીના દુખી ખ્યાલથી ઉછલતી છાતીએ મુશકેલીથી દમબી ખેંચતા, તેવણ બનતી કોશેસો કરવા મંડયા; પણ વખતજ પુરો થયો એટલે કશું બની શકયું નહી; ભાશાણ બંધ રહ્યું; સાંભલનારાઓનાં ટોળેટોળાં માલપર ચઢયાં પણ ત્યાં બારણે તાલાં અને ચોકી જોઇ, અને તેમના માનીતા મનસુખનુ ભાશાણ બંધ રેહેવાની ખબર જીંદગીમા પેહેલ્લીજવાર સાંભલવાની તાજુબીમા પડી, પાછાં ફર્યાં! એ સઘલું બન્યું સનીવાર તા૦ ૧૪ મી દીસેમબર ૧૯૦૧ ને દીને.

પણ થોડાજ વખ્તમાં ખરી કેફીઅત સઘલી બાહેર પડવા વગર રેહી નહી; બેસુમાર હોહા અને ચર્ચા મચી રહી; ‘હેંડબીલ’ ની રમુજનુ “બાહાંનું” જાહેર થતાંજ, અને છેલ્લી ઘડીએ આ જઇફ જોધ્ધાને નીર ઉપાય બનાવાની હકીકત સઘલે ફેલાતાંજ,

નહી બોલાએ એવી ઠેકડી અને તીરસકારના તીરો તેવા બનાવનારા તરફ પ્રજાએ છોડયા; અને તે પછે થોડાજ વખતમાં 'દેશી નાટક-શાળા'માં મનસુખે આપેલાં તે ભાશાણ દરમયાંન, આવકાર અને આવભાવના ગંજાવર ગગડાતથી આ જઇફ જંગીને વધાવા તેના વખાણનારાઓની એક માહભારત ગીર્દી હરખ અને ઉલટથી ભેગી મલી !

ટીકા અને તાણાજની, જંગ અને જુમબેશ, જેમ વધતી ગઇ તેમ તેમ બચાવનાં ફાંફાંબી અનેક મરાયાં; નવી યુક્તીઓ લાગુ બની, નવી દોરીઓ ખેંચાઇ, નવાં લખાંણો કરાવામા આવ્યાં, અને તેબી એવાં પત્રોમા કે——ઓહ! હુવે બસ ! સઘલું એવું કમકમાત ભર્યું થયું, કે હુવે વધુ તેનુ કાંઈ બયાંન આપવું-કાંઇ વીગતો મુકવી-કાંઈ નામો દેવાં, એ "એક નામવર જીંદગીના આ માનવંત એહવાલ"ને અપમાન લગાડવા જેવું હું સમજું છું! ચુપકીદી ભર્યા ફીટકારનેજ લાયક તે સઘલું છે!

મનસુખે તે બાદ શું કીધું, કેવાં કાગલો લખ્યાં, પોતાની ક્રોધી કલમના કારી જખમો કેવા કીધા, કારોબારીઓની સભાઓ કેવી મલી, ભયંકર તોફાનની ગરજના ત્યાં કેવી થઇ, તેની સઘલી નોધો માહરી પાસે સંપુર્ણ પડી છે! પણ,—જેમણી સુચના યા સહલા નહી માનુ તો ભારે તોછડો અને અસભ્ય હું ગણાંઉં,—તેવાં સગાં ઓ અને સ્નેહીઓના સખુન માન્ય કરી, હું પડતી નાખુ છું તેમને હાલતુરત.

પોતાનાં ભવીશયનાં ભાશાંણો માટે મનસુખે હવે 'દેશી નાટકશાળા" ભાડે લખાવી; અને ત્યાં ૧૯૦૨ ના માર્ચ મહીના સુધીનાં ભાશાંણોના જુદા જુદા દીવશોબી મુકરર કરી રાખ્યા; પણ ત્યાં સુધી તો જીંદગીએજ યારી આપી નહી, એટલે સઘલું વીઅર્થ ગયું.!

દશ વરશો આગલના પોતાના તોરમા અને પોતાનાં જોરમાં જો મનસુખ હતે, તો ઉપર જણાવ્યા જેવા

સંતાપ આપનારા બનાવો

એક બે તો શું, પણ સેંહકડોબી બનતે, તોપણ મનસુખ, જા-હેર હીમતનાં પોતાનાં ભાશાંણો કરતા અટકે, એવું બનવું તો

અલબત્તાં માહાલજ ગણાતે. અને હમણાંબી હજી, પોતાની નીર્મળ ઈમાનદારી અને શુભાખીત જબાંદરાઝીપર તેવણુ એટલા તો મુસ્તાક હતા; અને ગરીબ હાલતના-જઇફ વયના—પણ સાચાં યેકીનના આ પોતાના દીલપઝીર વકતા ઉપર ખુરબાન રેહેતા સેંહકડો સજનોનો તેવણુને એવો તો ટેકો હતો, કે જ્યાંસુધી મુંબઇમા એકબી જાહેર બોલવાનુ મકાંન હસ્તી ધરાવતું હોય ત્યાંસુધી તો, તે માયનો પુત હજી જન્મ પામવાનો હતો, કે જે મનસુખનો જંગી પોકાર દાબી શકે, યા ખુસામતની ખામોશીમા તેને ચાંપી શકે!

પણ જઇફીની નાકઉવતી પોતાનો નાતરસી અમલ અંતે ચલાવા વગર હવે રહી નહી. તેણેજ તેવણુની કાંકની લાગણી વધારે તીક્ષણુ, અને તેવણુનુ દીલ વધારે પોચું બનાવ્યું. અને તેથીજ, એકેક પછી લાગ્યાજ જતા નાસીપાસીના

એવા ફટકાઓએ તેવણની દેહ તોડી!

ઉપલા બનાવ પછી, બાહેરથી સઘલી હીમત અને બેપરવાઇનો દેખાવ તો મનસુખે મજબુત મને દેખાડયો. પણ હું શરૂઆતમાંજ જણાવી ગયો તેમ, એનો એક નવો સંતાપ તેવણે દીલમા ધર્યો,-તેબી ઘણો સખ્ત અને ઘણોજ કાતેલ! જે દાડાડે એ કમબખ્ત નીરાશી તેવણુને મલી, તેજ દાહડાની મોડી સાંજે પોતાની કોશેસોમા નીષફળ બની તેવણુ ઘેરે પાછા ફર્યા, ત્યારે તેવણુનાં ઉતરી ગએલાં મોહડાંનો ભયંકર ફીકાસ જોઇ ઘરમાં સઘલાં ત્રાસ પામ્યાં! તે દાહડે, અને પછીથી હમેશ, ખાનાંને પોતાનો અસલી ઇનસાફ આપવાનુ તેવણે છોડયું. પોતાનુ જાહેર કીધેલું ભાશાણુ બંધ રેહ,—અને તેબી એવી કરપીન યુક્તીથી? પોતાના મુદઇઓની મશકેરીનુ,—અને કપટી વેરીઓના નીચ ટીકાઓનુ મુળ બનીને? એવા દુખી ખ્યાલોનો કાંઈ અજબ જેવો ગમ તેવણે હૈયે ધર્યો. અને એ ગમે તેમની કાયા ઉપર છેલ્લો અને સેવટનો ફટકો માર્યો. જીંદગીના આ નબળા વખતમા નીરાશીનો મારો એટલો તો વારંવાર પડતો રહયો કે તેણે પથ્થર સરખી આ મજબુત દેહબી લઠડાવી. જાહેર જીંદગીની આ નાઉમેદીઓએ આ સંગીન બાંધો જે તોડયો તે જાડુકનો,—સદાનો! હમો સઘલાં-

ઓએ, તેની માઠી અસર તેમની તબીઅત ઉપર વીજલીક જહડકે ફેલાતી, સંતાપ સાથે જોઇ. જો એવા ફટકા નહી પડયા હતે, કુમક અને કરારનોજ ટેકો જો આ કીમતી જીંદગી પામતી રહી હતે, તો તે એક સદીની હૈયાતીએ શું કામ નહી પોંહચતે, તેનુ કશું કારણ હું જોતો નથી. એ પછેબી તેવણે થોડાક જાહેર દેખાવોતો દીધા, થોડાંક ભાશાંણોબી આપ્યાં. પણ જે સઘલું થયું, તે તુટેલાં મનથી,–ખસ્તે જીગરથી! આ જાલેમ સીંહ તેની આગલી બરાડ-માથી,–તેની જહનુની જેહાંમર્દીમાથી જે ગગડયો—તે ગગડયોજ! તેનું દીલ તુટયું. તેની કાયા હવે સખત રીતે જોખમાઈ. અને પેલા બુરા બનાવને એક મહીનોજ થયો એટલાંમાં તો, રેહેમી ખુદરતે તેને તેની સદાની શાંતીમા સુવાડયો!

પણ ભાશાંણોને લગતા, અને તે સંબંધી ખટપટોને લગતા એ એહવાલો આપતાં, પુશકલ વરશોનો એક ઓહોળો હીગામ એકજ કુદકે કુદાવી હું ઇ૦ સ૦ ૧૯૦૨ની હદ સુધી આવી લાગ્યો તે માટે દલગીર છું. પણ તેમ કરવા વીનાં માહરો ચારો નહી હતો. ઉપલી સઘલી બાબદો, નાખુશ યા ખુશ જેબી હો તે, એકેક સાથે એટલો તો ઘાડો તાલુકો રાખનારી હતી, કે તેમની છુટી છુટી તફસીલ આપવાનુ માહરેથી બને તેવું હતુંજ નહી. હજીબી ભાશાંણો વીશેનુ માહરૂં બોલવાનુ કાંઈ સદનતર પુરૂં થયું નથી. તોપણ તે પુરૂં કરવા આગમચ, એક ગમખાર બનાવ, જે ઇ૦ સ૦ ૧૮૯૪ના મેએ મહીનાની અધવચે બન્યો, તેની એક ટુંક નોંધ લેવાની હું જરૂર સમજુછું. એ બનાવ મનસુખનાં

નેકદીલ ધણીઆંની બાઇ આવાંબાઈનાં મરણ

ને લગતો છે. ખુદ પોતાના સંસારમા મનસુખે આએજ એક પેહલ્લી અને મુખ્ય ખોટ ખમી એમબી હું કહું તો ચાલે. કાંઈ સેહેંકડો પત્રો, પેગામો અને તારનાં સંધેસાઓ એ દુખી બનાવ માટે દીલસોજી અને દીલાસા દેખાડનારા મનસુખ પર આવ્યા; અને તેમા, મનસુખ તરફ અજબ જેવી માયા મેહેરબાની દેખાડી રહેલાં એક બાનું, મરહુમ બાઇ મેહેરબાઇ તે મરહુમ શેઠ અરદેસર હોરમસજી વાહડીઆનાં વીધવાને હાતનુ માહબલેશવરથી લખેલું, એક ટુકું સાદું પણ દીલસોજીથી ભરપુર કાગલબી હતું.

પોતાની બીજી કેટલીએક કમનસીબીઓ છતાં, જે બે મુખ્ય નેકબખ્તી મનસુખની સરજતમા ઠોકઇ તેમાં એકતો, એક અનુપમ અશરાફીવાલી મોહોરદાર પામવાની, અને બીજીતો કેટલાક ખરા અને ખેરખાહ મીત્રોની, મીત્રતાનો લાભ મેળવવાની.

સાલેસાઇ સદગુણ અને સબુરીના સંપુર્ણ ચલકાતથી ચલકતું એક જે માહકીમતી રત્નજ બની ગયું તેની સ્તુતી અને સીફારસમા શું લખું અને શું બોલું તે હું જાણતો નથી. એટલુંજ હું તો ખરાં દીલથી ઇચ્છી શકુંછું કે જેવી પૂરેસ્તાઇ ખસલતની અસીલ બાનુએ, સાઠ વરસોની એક રાંક અને ધીરજવંત જીંદગી ગુજારી, મનસુખને તેવણુના સંસારમા અપાર રાહાત, દીલાસો અને નચીંતાઇ આપી તેવીજ બાનુ એક મોહરદાર તરીકે પામી પોતાનુ સંસાર સુખ ભોગવવાને દરેકજન ભાગયવંત બને. મનસુખ જેવા એક આકરા મીજાજના, અને મમતી તેમજ તુંદ ખવાસના ધણીનો સંસાર જે એકસરખી સપૂાઇથી સગવડથી અને સુખથી ગુજરવા પામ્યો તે આ નેકખસલત બાંનુના નમનતાઇ ભરેલા પણ બાહોશ–ચોકસ અને કરકસર્યા કારભારથીજ તેતો એક ખોલ્લી અને ખરીજ વાત હતી. તેણીએ ઘણું જોયું અને ઘણું ભોગવ્યું. ધણીની ચઢતીબી જોઇ અને પડતીબી જોઇ; તવંગરીમા ઘરની હાકમીબી કીધી, અને તંગીમા ઘરનુ વહીતરૂબી કીધું; જર જેવરના જુમખાબી પેહેરીયા, તેમ માત્ર સસતા પોશાકોની સાદાઇમાબી ફરી; શુભ વખતમા સાચવ્યું અને સંઘેર્યુંબી ઘણું; પણ ખુવારીનો ઘેરો આવતાંજ, ગળેની મોતનમાળાથી તે કાંનની કડી સુધાં રજે–રજ જે હતું તે; પોતાના પ્યારા પતીની મુશકેલીનાં તારણ અર્થે અર્પણ કરવાને ચુકી નહી. ખુશાનુદ ને સોર્ખરૂ રહો ઓ વાહલી માદર, તાહરી નેક મનશનીને લાયેકજ તુને મલેલાં, તે બેહેશતનાં ગુલીસતાનમા! ખીલતું અને પમરતું રહો તાહરૂં પાક રૂહ, રોજે રસ્તાખેજ સુધી, તાહરી નીર્મળ નીતીની–તાહરી પવીત્ર ખુબીની ખુશબોથી! માહરી માયાળુ–માહરી મેહેરબાન ઓ માતા, તાહરી જુદાઇની દુખભરી યાદમા ગુજરેલી આ અદના જીંદગીનો આખો ભવ, માત્ર એક કલાકનીબી

તાહરી મમતા-તાહરી કાળજી-અને તાહરી જાનફેશાંનીનો બદલો વાળવાને બસ થઈ હોય, તો તેમાબી હું સંતોશ સમજીસ !

એવા સઘલા સદગુણોના સીંગાર ઉપરાંત એ નેક બાનુની તંદરેસ્તીમા અને બાંધાની મજબુતીમાબી કસી મના નહી હતી. ચસમોતો વરસ પંચાવનની વય પછીજ વાપડયો તેજ. જીંદગીનાં છેલ્લાં વરસ સુધીબી થોડું ઘણુંબી ઘરમાં કામકાજ કરવું ચાલુજ રાખ્યું. આખી જીંદગી તો રોજ પરોઢીયાંમાં ઉઠવું, એક ટુક બંદગી પઢવી, સાફસુફ કરવું યા કરાવવું, અને આખો દાહડો એક ઉદ્યોગી મધમાખ મીસાલ ઘરના વહીવટમા મશગુલ રેહેવું. માંદગી તો છેલ્લાં એકુ બે વરસોમા સેજસાજ દાખલ થઈ તેજ, બાકી આખો ભવતો ત્રાંબાં જેવી દેહનો ગુજાર્યો.

ઉપજાવે, ખરચાલુ નીશાળખાતાંઓના એ મુછપર તાવ દેતા કારોબારીઓ! તમારી કેહેવાતા "ઉંચા પ્રકારની કેલવણી" પામેલી અબળાઓ જે તમો ઉપજાવો યા બાહેર પાડો, તે દેખાડો એવા ગુણવાળી અને એવી તંદરેસ્તીવાળી ! તમારૂં આ ફેશનેબલ 'કીન્ડરગારટન' કાંઇ એવું બનાવો કે જેથી એ કન્યાઓની આંખે ઉજાસ અને તંને ટકવો આવે. બાકી, વરશ ચોવીસની વયમાં ચચાર 'પૉવર' ના ચસમા બદલી ચુકેલી, તવાએલાં તંનની, ચીમરાએલા ચેહેરાની, ખુંધી પીઠની, સોહરેલા સાહટકા જેવી, વાંકાં તુરીયાં જેવી, આ લટર-પટર અબળાઓનાં "જુવાંન ડોબાં" ઓને હાતમાં અંગ્રેજી પોથાઓના ઢગ અને અંગ્રેજી 'મ્યુઝીકનાં રોલ' લઈને મોહલ્લે મોહલ્લે દોડતી રાખવાથી પારસી કોમને તમે કેઈ નેકબખ્તીની નોંકે પુગાડવાના હતા ? એવાં કેલવાએલાં ડબાંઓ હરોલમા મુકો, અને પછી પુછો કે પારસી જવાનો તેઓને પરણતા કેમ નથી ? બાપડો પચાસનો કમાનાર હોય, તો તે પરણેતરના ફીશીયારીના ખરચોનો એક આંક મુકે, અને ડાકતરનાં બીલનો બીજો આંક મુકે, એટલે પછી શું તેના ભોગ લાગ્યા હોય કે તે પરણે !

ઘણાએક નેક દીલ દોસ્તોનાં વાહાલ અને વફાદારીનો લાભ અને ટેકો મેલવવાને મનસુખ નસીબવંત નીવડયા હતા તેનો

એશારો હું ઉપર કરી ગયો. તેમને વીશે હવે કાંઇક વધુ બોલતાં‘ અને તેમનાં જાણીતાં નામોની એક ટુક ટીપ આપતાં

મનસુખને સદા ચાહતા રહેલા દોસ્તો

મધેથી જે બે દસ્તોનાં નામો માહરી એહસાનભરી યાદમા પેહેલ્લાં આવે છે તે શાપુરજી બેહેરામજી કાતરક અને રૂસતમજી પૂરામજી વાહડીઆનાં છે. પોતાની પ્રખ્યાત મીત્રાચારીનાં પંતીઆલાંમા જે માયા અને મીત્રભાવથી આ બે દસ્તોએ મનસુખને એક ત્રીજો હીસ્સો ભોગવતા કીધા, અને લગભગ ત્રણ દાએકાની લાંબી મુદત તલક એ પોતાના કાબેલ મીત્રની બાજુએ રહી તેને સઘલી રીતનુ ઉતેજન આપવાની સઘલી કોશેસો કરવાની તેઓએ જે વફાદારી દેખાડી, તે એટલી તો જાણીતી બીનાંઓ છે કે તેમની વધુ કાંઇ વીગતો આપવાની યા સીફારસ કરવાની જગાજ રહી નથી. એ તો સઘલું તેઓએ તેની હૈયાતીમા કીધું. તેનાં મરણ બાદ તેઓએ જે કરી દેખાડયું તેનો સઘલો એહવાલબી એટલો તો તાજો અને મશાહુર છે, કે, ખરી દોસ્તીનું ખરૂં રૂપક તે શું હોય તે આબહુબ દેખાડવાની નેકનામી આ બે મીત્રોએ મેલવી છે, એટલુંજ તે વીશે બોલવું હું પુરતું ધારૂંછું. અલબત, જેમ સઘલા ઘાડા સંબંધોમા અને સઘલી મજબુત મોહબતોમાંબી સદા ઉપજેછે તેમ, મતફેરી તો તેઓ વચે એકાદ વખત ઉપજી હતી, પણ તેતો આ લાંબા સંબંધના એખલાસ અને સ્નેહને વધુ સંગીન બનાવી જવામાજ અંતે કામે લાગી હતી.

મનસુખના બીજા ખાસ દોસ્તો અને ખેરખાહો તરીકે જેમનાં નામો મને યાદ આવી શકેછે તે,-દસતુરજી કેખોશરો જામાસ્પજી, ડા. ફરામજી શાપુરજી, ડા. કેખશરૂ વીકાજી, મનચેરજી જાગોસ, એ૦ પૂરામજી માદન, અરદેસર નારીએલવાલા, કલકતાવાલા ફરામજી મનચેરજી, ડા. સુખીઆ, અને માનકજી પટેલ. એટલું યાદ રાખવું કે એ નામો મેં ખાસ યાદ કીધાં તેનો સબબ એજ કે તેઓ મનસુખને લગતાં જુદાં જુદાં જાહેર કામો અને હીલચાલોમા ખાલેસ ખેરખાહી ભર્યો ભાગ લેવાને પ્રખ્યાત થયા છે; એમાંથીબી જો કોઈનુ નામ નોધાતું ભુલમા રહી ગયું હોય

તો તેની હું દરગુજર ચાહું છું. બીજા સઘલા અગણીત મીત્રો તરફ નગુણો બનવાનો તકસીરવાર મને સમજવો નહી. કેમકે તે સઘલા-ને સઘલાજ મનસુખનાં હીત અને ભલાઈ અર્થે પોતાથી બનતું કરવાને ચુકયા નથી; અને તેમનાં મરણનો વીલાપબી તે-ઓએ ઓછો હૈડે ધર્યો નથી. તેઓ સઘલાની એવી દીલસોજીના આભાર ટળે મનસુખનુ કુટુંબ સદાજ દબાયેલું રેહશે.

અને છેલ્લું, તોપણ ચઢતું, નામ જે યાદ કરવાનુ રહ્યું તે દીન શા મેરવાન ઇરાંનીનુ છે. આપ મેહેનતથી-આપ ઉદ્યોગથી આબાદ થયેલો તે સાલેસ ઇરાંની જવાન દ્રસ્ત એ છે, કે જેની અપાર ધર્મી ઉલટ અને દેશહીતકારીક લાગણીને-"બઝમે રૂઝે અહુર-મઝદ" નામની એક મશહુર મંડળીની સ્થાપના-આભારી બની છે. કેટલી વખત, પોતાની એ પ્રખ્યાત મંડળીની તરફથી ભાશાંણો અને શાહનામાનાં વાંચનો આપવાને હેટ અને હરખથી તે મનસુખને ખેંચી લાવ્યો હતો! કેવી જાનફેશાંનીથી તેણે તેવણને 'વખાણ્યા હતા! માયા અને ખેરખાહીની કેટલી ખાલેસ-કેટલી સંખ્યાબંધ ઇધાંનીઓનો નેસાર તે પોતાના બુજર્ગ મીત્ર ઉપર કરતો રહ્યો હતો! પણ તે સઘલું એટલું તો જાહેર છે, કે તેનુ બયાંન કરવા જેવું કાંઇ રહ્યું નથી.

ભાશાણ કર્તા તરીકેની પોતાની લાંબી કારકીર્દી દરમ્યાંન જે બેસુમાર ભાશાંણો જુદી જુદી જગાઓપર મનસુખે આપ્યાં, તે માહેલાં ખાસ ધ્યાંન ખેંચી રહેલાં ભાશાંણોની એક ટીપબી હ્યાં ટાંકી લેવાની હું જગા ફાજલ પાડી શકતો નથી, સબબ કે તે ટીપબી કાંઇ નાધલી બને તેવો સંભવતો નથીજ. એટલુંજ નહી, પણ વાંચવા લા'એક ભાગોના નાધલા ઉતારાબી બે ચારથી વધુ હું કરી શકતો નથી માટે દલગીર છું.

પારસીઓના દરેક રીતના સુધારા યા વધારાની તેવણ વીરૂધ હતા એવું અવીચારી બોલનારાઓ, "ખોદાતાલાની બંદગી કરવાની જરૂર"ને લગતી બાબદો ઉપર ભાશાણ આપતાં પારસી ક્રીકેટરો વીશે તેવણે જાહેર કીધેલા નીચલા વીચારો વાંચી, પોતાની ભુલ જોવા વીનાંતો રેહસેજ નહીઃ-

"સાહેબો, એ રીતે જ્યારે સઘલી રીતની જીહુત યા ફતેહનો આધાર ખોદાતાલાનીજ તરફની મદદ ઉપર હોયછે, એવું સાબેત થયું, ત્યારે હું પુછુંછું કે આપણા ક્રીકેટ રમનારા ભાઇઓ જ્યારે અતરેના તેમજ વેલા તવેરથી આવેલા ખરા બાહાદુર રમનારા ઉપર ફતેહ પાંમ્યા હતા ત્યારે તે ખોદાની કંઇબી બંદગી કીધી હતી, યા તેના ઉપકારમા કંઇબી સખુનો નમનતાઇથી અને પવીત્રાઇથી ભણ્યા હતા? નહી, એમ નહી કીધું. તેઓ પોતાનાંજ કઉવત અને હુનર ઉપર મુસતાક રહ્યા, અને તેથીજ પાછલથી એ ક્રીકેટની બે ત્રણ નજીવી લડાઇમાંબી તેઓ મોટી હીનપસ્તી ભરેલી હાર ખમીને રૂસવા થયા હતા. (તાલીઓ) હજીબી જો તેઓ એવીજ તુંદાઇ અને અભેમાની ચાલુ રાખશે તો એ આજના વખતની એક ખરેખરી બાહ-દુરી અને મરદાંનગી ભરેલી રમતમાંબી (પુશકલ તાલીઓના આવાજો) તેઓ સદંતર ભાગી પડશે. આ એજ ક્રીકેટની રમતે દેશ પરદેશમા તેઓને તારીફલાયક કીર્તી આપી છે, (તાલીઓ) અને એજ રમતે તેઓને દુની-યાંના ચોખંડ ભાગપર લગરીક જાણીતા અને માંનીતા રાખ્યા છે, તોબી જો તેઓ ખોદાતાલાનો ઉપકાર માનતા રેહેવાની, અને બંદગી કરવાની પોતાના અસલી નીઆગાંનોની નેક નીતી-રીતી તજતા રેહેશે તો, અનેક રીતેની હાર અને એજાલત ભોગવીને નનામી હાલતનાં ખુનાંમાં ગીરફતાર થઇ પડશે તે ખુબ યાદ રાખજો! (જોશભર તાલીઓ.)"

"પારસી કોમ અને સંસારની ખરાબી અને બદનામી"ને લગતાં ૧૯૦૦ ના સાલમાં કીધેલાં એક ભાશાણમા તેવણ બોલ્યા હતા કેઃ-

"મારાં નાનપણ વખતની મને યાદ છે કે, તે વખતે ચાલીસ યા પચાસ ગરીબ, પણ મજબુત બાંધા અને કદાવર તંનના અને દેશહીતકા-રીક લાગણીના પારસીઓ, આખી મુંબઇની લાખો માણસોની વસ્તીમા, પારસી કોમને નામનો ત્રાસ બેસાડી રહયા હતા. કેમકે તેવાજ કદરદાન ને કુમક આપનાર શેઠીયાઓ અને આગેવાનોની તેમને કુમક હતી. તે વખતે પરકોમવાલાઓની મકદુર શું હતી કે આપણી કે આપણી સ્ત્રીઓની મશકેરી તો શું કરે, પણ આપણી તરફ આંગળીબી દેખાડી શકે! હાલની નાસ્તીક કેળવણીનાં પરીણાંમે આપણી પાક બંદગીઓપર પાણી ફર્યું અને તેથી આએ અપકીર્તી ભરેલી પડતીમા આપણે આવી પડયા (તાલીઓ) એવી તાલીમો આપનારાઓને જ્યારે તમે ફરામજી કાવસજી હૉલમાથી

હાડમાર કરીને બાહેર કાઢયા (તાલીઓ) ત્યારે તેઓ ચાલ્યા-ચાલ્યા નવસારી દોડી ગયા છે! (હસાહસ) ત્યાં તેઓ હારમોનીઅમો, ઢોલ તાસાઓ ને સારંગીઓ (હસાહસ) વગેરે લેઇ જઇ પેલી ગોરી ગોરાંણીઓને (હસાહસ) અને ભોલા નોશાકરાઓને સમજાવા લાગ્યા છે કે,-'અવસ્તા સમજ્યા વગર શું ભણોછો, જરા ગાઇઆઇને ભણો'! હું "જામે જમશેદ" અને બીજાં પત્રોનો ઉપકાર માનુ છું કે પરદેશમાં થતાં એવાં ખેણકોતકની તેઓ આપણુને વાકેફગારી આપે છે."

ગયાં થોડાંક વરસોની વાત પર કેટલાક અપત પારસીઓને હુમદીન તેમજ જુદદીન મરદોની એક પંચભેલ મીજલસ સનસુખ, ગાયન-બજાયન કરતાં પારસી મરદો તેમજ ઓરતોના 'જલસા' જેવા એબીએલ દેખાવો વારંવાર કરવાની જે ઘેલછા લાગી હતી, તે માહરા વાંચનારાઓને જેટલી યાદ હોય, તેટલીજ યાદ, તે વેળા મનસુખે ચલાવેલી એક ફતેહમંદી ભરેલી જુમએશને લગતી સઘલી હકીકતોનીબી, તેઓને હોવી જોઇએ. તેઓને યાદતો હશેજ કે શરૂઆતનુ એક તેવણનું ચર્ચાપત્ર "જામે જમશેદ"મા છપાતાંવાર તેમને ટેકો આપનારા કેટલા સંખ્યાબંધ ચર્ચાપત્રીઓ એવા દેખાવો તરફ પોતાનો ધીઃકાર અને તીરસકાર દેખાડવાને બાહેર પડયા હતા;-કેવી તેની જબરી હોહા મચી રહી હતી;-વર્તમાનપત્રોનાં પોતાનાં લખાંણોબી કેવાં તેની વીરૂધ લખાયાં હતાં;-શેઠીયાઓ અને આગેવાનોની પોતે જાતે મુલાકાતો લઈને તેમજ તેઓપર મજબુત ચેતવણીનાં કાગલો લખીને તેવણે તેઓને તેવા મેલાવડાઓમા ભાગ લેવાથી કેવા અલગ રાખ્યા હતા;-કેવું એક પ્રખ્યાત ભાશાંણુ તે બાબેનું તેવણે ફરામજી કાવસજી 'હૉલ'માં આપ્યું હતું, કે જે વેળા તે બોહોળાં મકાંનનુ ખુણેખુણું અને દાદરેદાદર હજારો સાંભલનારાઓની એક, ગંજાવર ગીર્દીથી ખીચોખીચ ભરાઇ જવા ઉપરાંત ઓછાંમાં ઓછાં ત્રણસો આસાંમીઓને દરવાજા આગલથીજ પૂરજયાત પાછાં ફેરવાવાનો એક અસાધારણ બનાવ બન્યો હતો;-કેવા હરખ ભર્યા આવકારના ગગડાતથી તે માહભારત ઠઠે, પોતાની કોમના મલાહજા અને આબરૂના આ હીમતવાન હીમાયતીને, તેની ફતેહ માટે ગોયા મુબારકબાદી આપી

હતી;-અને કેવાં ક્યાંનથી તેઓએ તેને બયાંન કરતો સાંભળ્યો હતો પોતાની તે ખંતીલી કોશેસોનુ કે જેથી 'આ જલસાઇ દેખાવોને એક ખરેખરાં 'હંબગ' તરીકે સાબેત કરવામા, અને અંતે તેમને ફૂજેતી ભર્યાં રકાસોમા ફેરવી નાખવામા તે ફતેહ પામ્યો હતો!

"યાદ રાખજો!" તે ભાશાંણુમાં તેવણે બાપોકાર કહ્યું,-"કે પારસી જેવી અસલી કીર્તીવાન અને મોભાવાલી કોમની માંન મલાહજાવાલી સ્ત્રીઓને, નાચ-રંગ અને ગાયન તથા વજંતરોના જાહેર તમાશામા ઉતારવી, અને વળી તે ફજેતો પરકોમના તેમજ પોતાની કોમના મરદ મીજલસીઓની હજુરમા કરવો તેવો દેખાવ કોઇબી દીનદાર અને દેશહીતકારીક દીલના ખરા જરતોસ્તીઓનુ દીલ દુખવવા વગર રેહે નહી; બલકે તેથી એક જાતની જાહેર નામોસી અને હીનપસ્તીગી ખમવી પડે; અને પરકોમનાં લોકો હાલગજરજ પેલા ગુનાહકારી ભરેલા સુધારાવાલાઓની મોહકાંને, ઘણીએક રીતની તાંણાજની અને હસી મશકેરી પારસી કોમની કર્યાં જાએછે, તેમાં વલી એક નવી નામોસી અને બદગોફતારીનો વધારો થાએ. (તાલીઓ.) એકેક નવું નેકનામીનુ કામ તો નહી, પણ એકેક નવું બદનામીનુ કામ કરવાનુજ એઓને સુઝે છે, એજ એક મોટી બદબખ્તીની વાત છે. છેલ્લાં ૩૦ થી ૪૦ વરશોમાં ગાયનો અને જલસા પાછલ એઓએ જેટલી મેહેનત લીધી છે, તેટલીજ મેહેનત જો કોમ અને ધરમની પડતીના અટકાવ પાછલ લીધી હતે, પરવરદેગારની બંદગી શીખવવા—યેકીનદારી સાચવવા અને તાબેદારી જાલવવા માટે લીધી હતે, તો તેઓ આજે ફરેસ્તાને દરજજે પુગતે! (જોશભર તાલીઓ.)"

એવું બોલીને, અને ફતેહમંદી ભરી-સઘલી કોશેસો કરીને મનસુખે તો પોતાની ફરજ બજાવી. એવી હરદમ મલતી જીતહોથી તેવણે સાબેત કીધું કે નેક યેકીન અને નેક મનશાનીથી કામ કરતા માણસોને તે કીરતાર તરફથી છુપી કુમકો કેમ મલતી રેહે છે. એ પોતાની મજબુત લડતથી જલસાને નામે વારંવાર થતા તે 'ફાર્સો'ને તેવણે એવો તો સખ્ત અને સેવટનો ફટકો માર્યો કે પોતાની જીંદગીના છેડા સુધી તો ફરી પાછાં એવાં વેજાં મરાયલાં તેવણે જોયાં નહી.

હવે પછી ગમે તે થાઓ. તે સીંહના એક ત્રાસની ગેરહા-

જરીમાં ભલે તે આગલાંજ કબુધીયાં કોહલાંઓ-"નામોસી અને બદગોપૂતારીનો વધારો કરાવનારા એવા બૈરાં દેખાડુ મેલા-વડા"-કરવામા પાછું માન સમજો; એક નહી પણ ભલે અનેક એવા દેખાવો થાઓ કે જેમાં સંગીતમા જેમની કાંઈ ખુદરત નહી તેવા, કાગડા તથા કસારી જેવા આવાજનાં મરદો-ને ઓરતો 'હાર-મોનીઅમ'ના ઘોઘારી સાદના ઓઠામા પોતાના આવાજની ખામીઓ ઢાંકવાનાં ફાંફાં માંરતાં 'સ્ટેજ'પર રાગડા તાણી, વીનંતી કરી બોલાવેલા સાંભલનારાઓની નસો ધુજાવો; ભલે તેઓ એમ ખાત્રીથી માનો, કે પારસી સુધરેલા ને વધેલા સંસારની અચુક સાબેતીઓ સંપુર્ણ ત્યારેજ ગણાય કે જયારે તેમની અબળાઓ જુદી જુદી કોમોના એક ભેગા મેલાવડા સનમુખ ઉભી રહી ગાયન કળાની પોતાની ઉસ્તાદી દેખાડે; હુજત જો આગલ વધી તો ભલે તેઓ એથીબી વધુ કાંઇ પૂજેતીના દેખાવો કરો; થાઓ જે ગમે તે; જાંઓ તેમનાં મુરડાં ગમે જહાંનમ—ગમે જન્નત; હવે કોણને પડી છે! પોતાની જબાંનનાં અને કલંમનાં જોરે મનસુખે જે કરવું હતું તે કરી દેખાડયું. અને તે કેવી રીતે અને કેવી તદ-બીરે તે તો આપણે આગળ વાંચ્યું. એવીજ તે બાબદો અને એવાજ તે બનાવો છે કે જેમની યાદ, મનસુખનાં મરણની નોધ લેતાં એક ચંચલ લખનારે ટાંકેલી નીચલી સાદી પણ અસરકારક સતરો, તેવણના જાતભાઈઓને ફરી ફરીથી યાદ કરતા બનાવશેઃ-

"બાંહી પકડી સો પાર ઉતારા,
અયેસેઝી કરના આશનાઇ;
અગ,કહો કોઇ ના-કહો કોઇ લા,
ઉને તો અપની બનાઇ."

પણ "સત્ય મીત્ર" મધેનાં લખાંણોની વખતે જેમ બન્યું હતું તેમજ, મનસુખની ("જામે" ના બોલો વાપડું તો) "ઑરથોડોકસ બાજુના પલાતફૉર્મ ઉપરની આ ઓસ્તવાર બોલી-દરાઝી આ બાગેબુલંદ વાકયચાતુરી ઘણી ન્હેલા આસપાસ બોહોળો ક્રોધ અને કેહેર અને ચચરાત ઉતપંત કરવા વીનાં રહી નહી. તેવા ઘણાબી દાખલાઓ હું આપી શકું તેવું છે, પણ આ બાબદ, હમણાં થઇ

છે તે કરતાં વધુ લંબાણુ કરવાનુ માહારાથી બની શકતું નથી, માટે મરહુમ સર દીનશા પીટીટને લગતા એકજ બનાવને લગતું મનસુખે લખેલું એક વાંચવા લાએક કાગજ હ્યાં ઉતારી લેવાનુ હું પુરતું ધારૂંછું:-

"મુંબઇ, ભાએખલા, તા૦ ૧૮મી મારચ ૧૮૯૬.

નેકનામ શેઠજી સાહેબ,

નામદાર સર દીનસાહજી માં૦ પીટીટ બારોનેટ જોગ.

જત આએ પતર લખવાનો સબબ એ છે કે ગઇ કાલ દીને સાંજે આપણા માનવંત દસતુરજી સાહેબ જામાસપજી સાથે અચબુચી મોલાકાત થઇ હતી તે વખતે, તેવણ આગલ માહરાં જાહેર લખાંણો અને બાશાંણો મધે તમો સાહેબ અને તેમ બીજાઓને લગતાજ વપરાએલા સખુનો વીશે તમોએ મને ઠપકો આપવા જોગી વાત કીધી હતી, તે વાતથી દસતુરજીએ મને વાકેફ કીધો છે. એ ઠપકાની વાત ગઇ પરમ દીને અરદીબેહેશત રોજને દીને આરફનેજ સ્કુલમાં થએલા મેલાવડાની વખતે તમોએ કીધેલી મને જણાવે આમા આવીછે. અને તે સાંભલી મને બહુ મોટી અચરતી ઉપજીછે કે તમો જેવા સારી બાહોશી અને દાનેશમંદી ધરાવનારા બુજરગ શેઠીઆનાં મનમાં એવો ભુલ ભરેલો વીચાર કેમ ઉતરી શકેઓ હોએ. પણ કદાચ કોઇ કસરેવજો અને નીંદાખોર સખસોની બુરી સમજાવટથી તમો નામદારનાં મનમાં એવો ખતરો પેવસ થએઓ હોએ. વાસતે આ પતર વગર ઢીલ કરવે લખી તમો શેઠને જણાઉંછું કે તે સતવંતા ખોદાને હાજર નાજર જાણીનેજ તદનજ નીરમલ સચાઇ ભરેલા અને ખુદ તમારી અને તમારાં કુટુંબીઓની તેમજ જરતોસ્તી આલમની ખરી ખેરખાહ ભરેલાજ સખુનો હું જાહેર રીતે બોલી તથા લખી ચુકેલો છેઉં. અને તે બાએ ખલકની તેમજ આપણાં ગુજર પામેલાં નેઆગાનોની અને ખોદાતાલાની હજુરમા હું ખુદ પોતે પોતાને જવાબદાર સમજુંછું. નામદાર સર દીનસાજી તમો ખુબ યાદ રાખજો કે મેં જે લખીઉં છે, અને મેં જે મોહડે બોલીને જાહેર આલમને ખુદ તમો વીશે તેમજ પારસી આલમની હાલત વીશે સમજાવીઉં છે, તેમા તમો જેવા સખી તએના અને સારી સમજના એક જરતોસ્તી અકાબર સાહેબથી ખરી શાબાસી અને ખરી શોભા મેળવવા જોગું ઘણું છે, તે છતાં ઠપકા અને બદનામી

જોગા સખુનો સાંભળીને હું બહુ દલગીર થએઓ છેઉં. દીનદારીની રાહે તથા દાનાઇની રાહે, અને ફીલસુફી વીચારોની રાહે જે જે સહલા અને જે જે સમજ મેં તમો નેકનામ શેઠને, તેમજ પંચાતના બીજા મેમબરોને તથા આગેવાનોને આપી છે, અને હજી સુધી આપેઓ જાઉંછું, તેમાં ખોટું કે નુકસાનકારક અથવા ખુસામત ભરેલું તો કંઇજ નથી, પણ તે ખરી ખુબીવંતા તથા સવાબવંતા અને ખલક તેમજ ખોદાની પસંદગી તેજ મલતા સખુનો છે તે ચોકસ જાણવું. વાસતેજ કંઇબી રીતના ગેરસમજુતીથી, યા કોઇ બદ મનશનીના સખસોની ભુલથાપથી ઉપજેલા વીચારો તમો જેવા ભલાં દીલના અને પાકા અનુભવવાલા માનવંત અમારા સાહેબે દુર કરી, બીજા બીનઅનુભવના અને કમ અકલના સખસોને દડો સીખવવાની તજદી લેવાને આ લખેઆથી અરજ કરૂં છેઉં.

એજ અરજ. લા. દુવાગો સેવક

મનચેરજી કાવસજી મનસુખ"

"ગંજનામાં"ની ત્રીજી આવૃતી ઇ૦ સ૦ ૧૮૯૩ નાં વરશની શરૂઆતમા બાહેર પડી, ત્યાર પછી જે છેલ્લું એક પુસ્તક મનસુખે બાહેર પાડયું તે "**મનસુખી નીતી વચનનાં ગોહરો**" નામનુ હતું. ઘણી સુંદર છપાઇ અને બાંધણી સાથનુ બસોથી વધુ સફાનુ તે જેટલું એક રોનકદાર તેટલુંજ વાંચવાલાએક પુસ્તક હતું; કે જેમાં સાતસોથી વધુ પ્રકરાઓ, ઉતમ શીખામણો તથા નેકી અને દાનાઈ તથા નીતીને લગતાં કીમતી વાંચનના સમાવ્યામા આવ્યા હુતા.

એ રીતે મનસુખની કલમથી લખાઇ બાહેર પડેલાં પુસ્તકોની જે ટીપ બની તે નીચે મુજબ:-

ગંજનામું.-એહુવાલે જંદ અવસ્તા. જ્ઞાનગરબી.-પ્રીન્સ આલબર્ટ અને વીકટોરીઆનો હેવાલ.-જમશેદી નઓરોઝ.-શેર ને સટાબાજી.-ગુજરાતી શાહનામાં (નવ અંકો).-પારસી પાદશાહોની તવારીખ (ચાર અંકો).-મુનતખબે શાહનામે.-બૈત રીતી.-કાઉન્ટ ગોબીનોએ બનાવેલી ખીલારોકા હુરફો વાંચવાની રીતનો તરજુમો.-પારસીઓના ધારા વીશે તકરાર.-પારસી ધારા ઉપર કીધેલી નુકતેચીની.-નામ સેતાયેશને.-શાદીન નહાનાં ગીતો.-મનસુખી મનાજાત તથા અરજ ગુજારી (પાંચ અંકો.)-મનસુખી નીતી વચન.-નવી પારસી

પંચાત મંડળી ઉભી કરવા વીશેનાં ભાશાંણો.–આતશના કેબલાની ખુબી વીશે રેસાલો. પૂરૂગે આઇન.

એ ઉપરાંત વીસ વરસો સુધી "સત્ય મીત્ર" પત્રનાં લખાણો થયાં, અને જુદાં જુદાં ભાશાંણોનાં નાધલાં ચોપાંણીયાંઓ નીકલ્યાં તે તો જુદાં. પોતાનાં સઘલાં ઉપ્યોગી ભાશાંણો તેમજ બીજાં લખાંણોનો એક મોટાં પુસ્તકના આકારમા સામટો સંગ્રહ છપાવાનો મનસુખનો છેલ્લો ઉલટભર્યો મજબુત ઠેડાવ હતો, તેનું કામ શરૂબી થઇ ચુકયું હતું, પણ કેટલીક તરફની ધીઃકારવા જોગ તેમજ દગા ભરેલી ચાલના ભોગ થવાથી તેવણુને તે કામ સઘલું અધુરૂં નાખવું પડયું હતું.

પોતાની કીમતી જાહેર

જીંદગીનો એક છેલ્લો પણ ખરેખરો યાદગાર ભાગ

જે મનસુખે બજાવ્યો તે "જરતોસ્તી છોકરાંઓને ધર્મ કેળવણી આપવાની યોજના" બાબે વીચારો કરવાને મલેલી 'કમીટી'ની સભાઓમા હતો તે તો, તેને લગતી વલગતી સઘલી બારીક વીગતો સાથેબી વાંચનારને પક્કી રીતે યાદ હશે તે હું ખાત્રીથી માનું છું.

કમીટીની મલેલી સઘલી બેઠકોમા બનેલા જાણવા જોગ બનાવો મધેનો ખાસ ધ્યાન ખેંચવા જોગ અને યાદગાર બનાવ તો ત્યારે બન્યો હતો કે જ્યારે, પારસી કોમને નવા નવા રસ્તાઓ અને રીતીઓપર દોડાવી સુખી,–નીતીવાન અને નામવર કરી ચુકેલા કેટલાક દોઢચતુરોએ, "ગાયનની બંદગી"ને નામનુ પોતાનુ આગલું ને અસલી, સેહેંકડો વખત હારમાર થયેલું અને સેહેંકએ વખત હારેલું પીંજણ, સભા આગલ પાછું લાવવાની મુર્ખાઈ વાપડી !

ઘણાં ઘણાં વરશોની હીનપસ્તી ભરેલી ઢીલ પછી માહ્ મુશકેલીથી શરૂ કરવામા આવેલી એક ગુણગારી યોજનાની ઈમારતનો પાયોજ નબલો અને તુટેલો બનાવનારૂં આ નવું ધીંગાણું સભામાં દાખલ થયેલું જોઈ સઘલા સમજુ મીજલસીઓને જેટલી મોટી અજાયેબી–તેટલોજ મોટો ક્રોધબી ઉપજ્યો. આ તો એક નવી મુશકેલી,–મીનાકેસાનુ એક નવું મુળ,–અને ખુબીવંતું કામ ખડયાખરખર કરનારૂં એક નવું ધર્ટીગ તેમણે દીશયું.

તેઓએ વીચાર્યું કે આ સુધરેલી નવી બદીના ચેપ સાથે "બાળકોની ધર્મી કેલવણી"નુ કામ બરપા થાએ અને ચાલુ રહે તે કરતાં તો ભલું કે તે શરૂઆતમાજ એક શોભા ભરેલી નીસ્તીમા નાબુદ બને. તકરાર અને ટીકાના એક ન ધારેલા અરાબામા પોતાને ઘસડાએલા જોઇ તેઓ ખરેખર દીલથી દલગીર રહયા. પણ લડત તો કરવી, અને બનતી કોશેસે તે લડતમા ફાવવુંબી એવા ઠેડાવ ઉપર તેઓ આવ્યા. પણ તેમ કરવામા મુશકેલીઓ તો હતીજ, અને તે મુશકેલીઓમાથી તેમનુ તારણ કરનાર કોણ છે તે જોવા જતાં, જેવી તેમની નજર પોતાના આ જુનાં ને જાણીતા વકતા ઉપર પડી તેવોજ તેમને સંતોશ અને સધીઆરો ઉપજ્યો. તેમને ખાત્રીજ હતી કે હાલ તુરત તો થંડો અને નરમ બેસીને સઘલો રાહઘાટ જોતો આ બાહોશ હીમાયતી અંતે આ તકરારની 'બ્રીફ' પોતાની ખુશીથીજ ઉપાડીને તેમને માટે ફતેહમંદી ભર્યું પરીણામ નીપજાવાને ચુકશે નહી. અને થયુંબી તેમજ.

સામી તરફથી કાલાવાલા અને ફુસલવણીના લખાએલાં ખાંગી કાગલોની, તેમજ મોહડે મોહડાંની પટાવતની યુકતીઓ પુરેપુરી તદબીરથી રચાઇ, ગોલ-ગોલ ભાશાંણોબી ખુબ અપાયાં, મીઠા મીઠા વચનોની મોહની ફેંકાવાની કોશેસો થવામાં કમી બાકી રહી નહી, ઘણી ઘણી નરમ સમજાવતથી આ કડવી ને નુકસાનકારક ગોળી તેમનાં ગળામાં ઉતારવાને સઘલું બની શકતું કરવામાં આવ્યું. પણ એખલા એક મનસુખની જબાંદશીએ એ સઘલી છુપી યા જાહેર કોશેસો-એ સઘલી ખાંગી યા ખોલ્લી યુકતીઓને જમીનદોસ્ત બનાવી.

સનીવાર તા૦ ૨૪ મી આગસ્ત ૧૯૦૧ ને દીને જ્યારે એ તકરારી બાબદની જોશભરી બાઠ ચાલી, ત્યારે તો મનસુખનાં લાંબાં ભાશાંણ પછી થોડુંક વધુ બોલાઇ, વખત નહી રેહેવાથી સભા તે પછીના બુધવાર ઉપર મુલતવી રાખવામાં આવી. તે દીવસની સાંજ ઘરમાંનાં સઘલાંઓએ ઘણી ઇંતેજારી ભરેલી કાઢી. મનસુખની સઘલી હીલચાલમા અને સઘલા દેખાવમા, એ બાબદનુ પરીણાંમ કેવું આવશે તે વીશેની, અત્યંત આતુરતા એટલી તો પ્રગટ દીસી,

કે તેવણુને તેની એક રીતની બેચેનીજ લાગેલી કહું તો ચાલે. વધુ કાંઇ જુમએશનેબી પોંહચી વલાએ તેવી' સઘલી સંપુર્ણ સાંમગરીથી ભરપુર બનીને તેવણ તે દાહડાની 'મીટીંગ' મા સધાવ્યા, અને હુમો સઘલાં તેના સેવટના સમાચાર સાંભલવાને અધીરાં બન્યાં. મોડી સાંજે તેવણ પાછા પૂર્યા, તો ખુશાલીનું તેજ તેવણુના ચેહેરા ઉપર પૂરી વળેલું! "પેલાઓએ તો બધું પાછું ખેંચી લીધું!" તેવણે દુરથીજ બુમ પાડીને હુમોને ખબર આપી. "જોયું કે કદીબી પૂાવવાના તો નથીજ એટલે ભર્યા-ભારમા રસ્તોજ પકર્યો!" પોતાનો હેવાલ વધુ આગલ ચલાવતાં તેવણ બોલ્યા, "બધું પત ગયું તેથી એવું સખત ભારી પર્યું! બધે હુસાહુસ ચાલી રેહી." જે સાંભલી આ નવી પૂતેહના હુમે નવા શુકરાંના કીધા.

પણ એ સઘલી પૂતેહ આપનારૂં જે મોટું ને અસરકારક ભાશાંણુ તેવણે કીધું તેનો, જરૂરજોગી બીજી બાબદો સાથનો હેવાલ એટલો તો લાંબો છે કે તેનો ઉતારો હુમણું હયાંજ કરવો કઢંગો થઇ પડે; તેમજ તેને આએજ તવારીખ સાથે નહી જોડવાનું અને નહી સાચવી રાખવાનુ કામબી એક ગંભીર ગપૂલતી ભર્યું ગણાય. માટે તે સઘલો, એક રોજીંદા પત્ર મધે આવ્યા મુજબનો બોલેબોલ ઉતારી, આ તવારીખને છેડે એલાહેદો આપવાનુ મેં ઘટતું વીચાર્યુંછે.

એ પછે તો એજ વરશના અકટોબર તથા નવેમબર મહીનાઓમા બીજી બીજી બાબદોની નાધલી તકરારો અને હોજાતોજીઓ બે ત્રણ ઉપજી, અને તે ઉપર ચુંથણાંબી અનેક પડયાં; પણ તે સઘલાંનો કાંઇ સંપુર્ણ અને ચોકસ નીવેડો આવેલો, તેમજ પચાસ વરશોની ચાલુ લડતમા કેલવણીને લગતી પોતાની પૂરીયાદનો એક-જોરથી અને એક-તારથી ઉડતો અને સંભલાતો રાખેલો આવાજ અંતે પુરેપુરો ફતેહ પામેલો તેવણ જોવા પામે તે અગાઉ તો અજલનાં કુર તેડાંએ કીર્તીવંત કારકીર્દીના આ તખ્તા ઉપરથી તેવણુને તેડી લીધા!

એવી તકરારોના એ હીંગામમા જે કાગલો તથા ચર્ચાપત્રો તેવણે લખી મોકલ્યાં તેમા નીચે ટાંકેલા સખુનોની ઢપનાંજ લખાંણો કરવાને તેવણ ડર્યા નહીઃ—

"મુંબઈ સમાચારના અધીપતી જોગ,

સાહેબ;— * * * * *

* * * * એ બાબે ગઇ પરમદીને મળેલી કમીટીની વખતે જે તકરાર ડાકટર સુખીઆએ, મી૰ ચાંદાભાઇએ તથા મી૰ માનકજી પટેલે ઉઠાવી હતી તે ઘણીજ વાજબી હતી.' તે તકરાર વેળાએ સભામા જે ભાઇ પ્રમુખ થયા હતા, તેઓએ પ્રમુખ થવું જોઇતું નહી હતું. એવે સમયે કમીટીના જાહુકના સરનશીન નામદાર સર જમશેદજીએ દુર રેહવું જોઇતું નથી, અને પારસી કોમના વડા તથા ખરા ખેરખાહ અકાબર તરીકે તરતજ હરોલમા આવી પ્રમુખ તરીકેની લગામ, ખુદ પોતાના હાતમા લઇને, દીનદાર, તથા સારી સમજ અને સ્વતંત્રપણું ધરાવનારા જરતોસ્તીઓનો ખરો હક ઇલાકો સાચવવો જોઇતો હતો. વળી મને દલગીરી સાથે કેહેવું પડે છે કે કમીટીના સેક્રેટરી પણ પોતાનાં કામને લાયક નથી નીવડયા, અને તેઓએ સેક્રેટરીને બદલે કાંઇક જુદાજ પ્રકારે કામ ચલાવ્યું છે. ઇ૰ ઇ૰"

અને તેનુ પરીણામ એ આવ્યું છે કે મનસુખનાં ગુજરવા પછે મલલી એજ યોજનાને લગતી એક મોટી સભામા જ્યારે તેવણનાં મરણને માટે દલગીરી દેખાડવાને લગતી એક દરખાસ્ત મુકવામા આવી ત્યારે તે, ઉપર એશારો થએલા સરનશીનેજ એક ઘણું ઉતમ કારણ દેખાડીને સભા સામે તે મુકવાનીજ ના પાડી! એવું છે; અને તોપણ લોકો ઘસ્તપણાં અને અશરાફીના નમુના સોધવા બીજી કોમોમા જાએ છે! ત્યાંનો એવો મામલો જોઇ, સભામા બેઠેલા કેટલાએક બોલીદરાઝ બાહદુરોતો–'કહે રે મોહડાં તને શું ભાવેછે!'–તેવા ટીકા કરતા થયા. અને "પંચડાંડ" ના એક લખનારેબી નીચે મુજબના વીચારો જાહેર કરવાની હીમત દેખાડી:—

"* * * પણ આ ધરણુ માટે, કાન્ફરંસના માબાપોની કસુર નથી મરહુમ મનસુખ માટે તેઓને સુગ હતી, તેમ છતાં દીનદાર પક્ષે કાન્ફરંસમાં તે મરહુમનાં અશોઇરોહરની યાદ કરવા માંગી. કહો ત્યારે, એ જુલમ સુધારા પક્ષથી કેમ ખમાય? મનસુખ ગુજર પામ્યાથી તેમના જીવને શાંતી થયલી, તે શાંતી તો આથી નિકલી જાય. અને તે નિકળી ગઇ પણ ખરી. પ્રમુખ સાહેબે "આડર"નો ઉંદર વચ્ચે છોડી મેલ્યો, અને મરહુમ મનસુખની યાદ વાખાની રહી ગઇ. એમા પ્રમુખ પણ શું

કરે ? મરે કે માંદા પડે? જ્યાં આર્ડરજ આવી વચ્ચે પુરાયો ત્યાં લાચાર! જો કોઇ સુધારાવાલાનાં ફ્રેરોહરની યાદ હતે તો બંદો આર્ડર વચ્ચે પુરાતે નહી. જો મનસુખની યાદને બદલે તેમની કાંઈ નાલેસી હતે તો તે વેલા પણ આર્ડર ઉંધાઇ રહેતે. દીનદાર પક્ષને પણ શું અવર લાગી હશે કે, આ વાત કાઢી નાહક બીચારા મનસુખનાં હાડ ધ્રુજાવ્યાં ? શું કાનફરંસ તેમનાં મરણની દલગીરી નહી નોધતે તો તેમનું પવિત્ર ફ્રેરોહર અટકી રહેવાનું હતું ?"

પણ એ તો સઘલા નાદાનો હતા. સુધરેલી મંડળીઓના સાલેસ અને સદગુણી તરીકાનો એમને શું ખ્યાલ?

એવી–એવી જેહમતોજ તમામ જીંદગી સાથે, છેલ્લા છેડા સુધી, જોડાયેલી રહી. મેહેનતના મારાએ, અને અનેકવાર ખમેલી મુસીબતોએ, દાખલ થએલી જઇફીની નાતવાનીનો અચુક છાપ દેહપર પરેલો તો દેખાડયો. તોપણ અંત એટલો જલદી અને એવો અચબુચ આવશે એવો તો કોઇએબી ખ્યાલ રાખ્યો નહી. અને ખરેખર એવો અચબુચ તે આવ્યો કે તેની ખબરની સચાઇબી કોઇ સેહેલાઈથી માની શકયું નહી.

તા૦ ૧૯ મી જાન્યુઆરી ૧૯૦૨ ના રવીવારની મરણ પામવાની રાતે તો "આપાબાગ"ની વાડીમા અમરદાદ અમસાસ્પંદના જશનનું ખાણું જમી આવ્યા. ત્યાંબી પોતાની હમેશની દીલખુશ ગોપ્તગોથી પોતાના મીત્રોને તેવણે રીજવ્યા. અને કોઈનો ખાલેસ રમુજનો કાંઇ એશારો સાંભલતાં, તેનો જવાબ દેતાં બોલ્યા કે– "ભઈ, હમારાં મોહોત આવે તેબી આસાંન ને સુખી! મને સાંની બીહક હોએ? એમ ફ્રરેસ્તાઓ ઉતરી આવીને મને તો ઉઠાવી જશે!"

ઘરમાં આવીનેબી શાંતપણે સુતા. પણ પાછલી રાતને ત્રણેકને સુમારે ઘરનાં પોતાનાં વાહલાં ફ્રરજંદોને ઉઠાડી, પોતાનો દમ ભરાઇ આવવાની અને છાતીમા સેજ દુખાવો થવાની તેઓ આગલ ફ્રર્યાદ કરી. એવું બે ત્રણવાર આગલ બનેલું, અને કાંઈ ગંભીર ચીન્હોબી જણાયાં નહી, એટલે તેવણે પોતે તેમજ

બીજાં કોઇએબી કસી તબીબી મદદ બોલાવાની જરૂર જોઇ નહી. ઘરગતુ એલાજો સઘંલા કરવામા આવ્યા. ગરમ કૉફીનાં કપમા પોતાનુ ખાસ જુદું રાખેલું મધ પોતાને હાતે ભેલીને તેવણે પીધું, અને પછી, સેક કરવાને સેહેલું પડે તે માટે, જે 'ઇઝી-ચેર ઉપર તેવણે અત્યાર સુધી લેટેલા હતાં ત્યાંથી ઉઠી, કોઈના ટેકા વગરજ ચાલી, થોડેક દુર આવેલાં પોતાનાં બીછાણાંપર જઇને બરાબર ગોડવાઈને સુતા. અને, સુતા તે સુતાજ! કોઇએ જાણ્યું નહીં કે આ પ્યારો પ્રાણ કયારે ઉડયો,-આ ઝલકતી જીંદગી કયારે આખર બની!

ગરમ સેકથીબી કાંઇ અસર કે હીલચાલ થતી માલમ પડી નહી, એટલે સઘલાં ચોંકયાં. અને તોપણ દેખાવ સઘલો એક શાંત ઉંઘનો દીશયો! પણ તે શાંતી ઘણી શક ભરેલી જણાઇ. "બાવા!" અને "મોટા બાવા!" ની બુમો પડી, તો પેહેલ્લીજવાર તે મેહેરબાન મુરબ્બી તરફથી, ફરજંદોના આ દુઃખી દીલના' પોકારોનો હીમતભર્યો અને પનાહભર્યો જવાબ મલ્યો નહી.

ત્યારેજ, સદાની બાહોશ બુધ્ધીના પોતાના આ નામવર પાલણહારને, તેની આખી જીંદગીની પેહેલ્લીજવારની એક અચબુચ બેહોશીમા પડેલો તેઓએ જાણ્યો. કસીબી હીલચાલ, કસીબી તાણતોડ, કે કસીબી આવાજની એટલી તો સંપુર્ણ ગેરહાજરી હતી, કે આ એક ઉંઘ કે બેહોશી-કે મોહોત, શું હોય, તે સમજવાનેબી સઘલાંઓ કેટલો વારતો ગાફેલ બની રહ્યાં!

પણ, હે કીસમત! અંતે, તે બેહોશી નહી, પણ મોહોતની ખામોશીજ સાબેત થઇ. મીત્રમંડળ આગલ, પેહેલ્લી રાતે યાદ કીધેલા ફરેસ્તાઓ પાછલી રાતમા તો પોતાનુ કામ બજાવી ચુકયા!

ત્યારે તેઓએ જાણ્યું કે કજસભરેલી જંજાલોને હરદમ અર્પણ થઇ રહેલી આ નામવર જીંદગી અંતે હવે પોતાની ખરેખરી લાયેક બનેલી એવટની આસાયસ પામી ચુકી હતી. અને, નેક ને સાચી મનશાનીથી, દીન ને કોમનાં ભલાંને માટે, એખલા હાતની બાહદુરી ભરેલી અને કીર્તીવંત જંગ પચાસ વરસો સુધી ચાલુ રાખતાંબી ના હટેલો કે ના હારેલો તેમનો આ માનવંત મુરબ્બી

મોહોતના અજીત મારાથી લાએલાજ બની, અંતે, જીગરની ખરે-ખરી સફ્રાઇ સાથે—મનની ખરેખરી શાંતી સાથે, સદાની એવી એક સુખી ઉંઘમાં સુતો હતો કે જેની કાંઇ બીદારી નથી કયામત તલક ! સઘલી નેક ને પાક દરૂદ હોજો તેમનાં અશો રૂહ પર! નેક અમસાસપંદોની નેગેહબાંની હોજો તેમનાં પવીત્ર ફ્રરોહર પર!

"જોસે જગનાં લોકો કે આફ્રત હાં છે,
નેક નર જંહાં મરે તાંહાં રાહત કાંહાં છે?
સુખ જેહાંથી નાહાસે તાંહાં બાકી રેહે શું?
સુધ જેની દુર થાએ તે સીધું કેહે શું?
જુદાઇ જેનો સાથી તે રડે નહીં કાંએ?
ગંમજ જેનો ખોરાક તે મરે નહી કાંએ?
ઉમેદ જેની જાએ તેને ગમત તે શું?
પનાહ જેને નહી તેને હીમત તે શું?
ગંમે કોણને ઘર્યો કે રડયો નહી તે?
જીન્ગોચ કોણ એવો કે મર્યો નહી તે?
જીવવું તેમ મરવું તો સજાવાર છે,
મધુર ગુલની સાથે જેહેરી ખાર છે,
પણ એવા નરનુ મરણ ખરી ધાર છે,
એવા નર જંહાં મરે તાંહાં અંધકાર છે.
એવા નરનાં મોહોત ઉપર ધીઃકાર છે,
મોહોત તેનેજ ભલું જે બદકાર છે.
વરસ પોણોંસોની——જગની સફ્રર
માં સોસ્યાં અનેક રીતનાં રંજ ને રગર.
પોહતો સલામત ધારેલેજ મુકાંમ,
જીહતયો ખરી હીમતથી માંન અને નાંમ.
કીધી સઉને સેવટની છુપી સલામ,
ગીઓ જાદુક સ્વરગનાં સુખીઆરે ગામ.
સદા દીપતા ચાંદલાથી ચેહેરો રંગીઓ,
નેક કારતીનુ કુંકું કપાળે લઇ ગીઓ.
("ગંજનામું.")

જરતોસ્તી છોકરાંઓને ધર્મ-કેળવણી ફરજીઆત આપવાની યોજના વીશે વીચાર કરવાને મળેલી કમીટીની સભાનો અહેવાલ.

બાળકોને શીખવ્યામા આવનારી બંદગીઓ ગાયનમા જોડવાની હીમાયતમા મુકાએલી દરખાસ્તની સામે મનસુખે ઉઠાવેલો મજબુત વાંધો, અને તેની દલીલો તોડવાને તેવણે કીધેલું એક યાદગાર ભાશાંણ.

(સોમવાર તા૦ ૨૬ મી આગસ્ત ૧૯૦૧ નાં "જામે જમશેદ"મા આવેલા અહેવાલનો ઉતારો.

"બંદગી ગાયનમાં જોડવાની હીમાયત-મી૦ મનસુખનો વાંધો.

જરથોસતી છોકરાંઓને ધરમ કેળવણી આપવાના સવાલ વીશે વીચાર કરવાને નેમાયલી સબ કમીટીની ત્રીજી સભા, ગઇ પરમ દીને સાંજે ૫ા કલાકે સર જમશેદજી જીજીભાઈ બેનીવોલંટ ઇનસટીટયુશનના મકાનમાં મી૦ ખરશેદજી રૂસતમજી કામાના સરનશીનપણા હેઠળ મળી હતી. સભામાં આશરે ૫૦ ગ્રહસથો હાજર હતા, તેઓમાં મીસ શીરીન માણેકજી ખરશેદજી તથા મીસ હીરાંબાઇ બરજોરજી પારખ, બી. એ; પણ હતાં.

મી૦ મનસુખનું ભાશણ—તેવણે સભાજનોને આપેલો "ચારજ!"

મી૦ મનચેરજી કાવસજી મનસુખે જણાવ્યું કે, દરખાસતના સંબંધમાં બોલવાની મારી ફરજ તો હતીજ, પણ જયારે આ બાઇએ મારૂં નામ અને મારા કલામોની સાહદત ટાંકીને ગુજરાતી ગાયનોમાં અવસતા કલામો ઇસકોલના બાળકોને શીખવવાની અરજ કરી છે તથા તેને ટેકો આપવાને તમને જણાવયું છે, તયારે તેનો જવાબ આપવાને મારા ઉપર બેવડી ફરજ આવી પડેલી હું સમજું છું. આ દરખાસત પસાર કરવાને તમને ગીરાથી અતયાર આગમજથી અરજ થયલી છે. પણ એક

જાણીતા માણુસ તરીકે હું તમને અરજ કરૂં છું કે, જેમ નયાયની દરબારમાં બારીસટરો જુરીને કહે છે તેમ "તમે બહારથી આ બાબદને લગતી, જે વાતો સાંભળીને આવયા હોવો, તે તમારાં ભેજાંમાંથી સદંતર દુર કરજો, ફકત અહીં તમારી રૂબરૂમાં જે તકરાર થઈ હોય તેજ ધયાનમાં રાખીને, તેનું વજન તપાસીને તમારૂં જીગર જે કાંઈ ખરૂં ફરમાવે, તેવું મત આપજો" (તાલીઓ.) હું ઘણી નમનતાઇથી તમને અરજ કરૂં છું કે એવુંજ અત્રેથી "એબસંટ" રહેલાઓને પણ સમજાવજો. મારા જમણા હાથ ઉપર બેઠેલા સાહેબો (મી૦ ખરશેદજી કામા, એરવદ જીવનજી મોદી) એ કેવી જેહમતથી કોમની હુઇયાતી કાયમ રાખવાને લગતું આવું પુણયંતું કામ હાર પાડેલું છે (તાલીઓ). પણ હું બહુજ દલગીર છું કે જો આ રજુ કરવામા આવેલી દરખાસ્ત પસાર કરવાનું દબાણુ કરવામા આવશે તો તેમાં ખલલ પુગવાનો સંભવ રહે છે. માટે હું અરજ ગુજારૂં છું કે કોમનું ભલું થાય, તેને શોભા મળે, આખી પારસી કોમની પસંદગી ઉતરે. અહીંનાજ નહીં પણ દેશ પરદેશના જરથોસતીઓ એક મતે પસંદ કરે, અને તમારી એવી ભલાઇની ખુબી તમારી આલઓલાદ હવે પછી જાવેદાન સુધી યાદ કરતી રહે. એવી સવતંત્ર રીતે આ બાબદમાં તમે તમારૂં મત આપજો (તાલીઓ.) બંદગી ગાયનથી કરવી કે નહી કરવી, તે એકજ ચીજ ઉપર તમારે ધયાન રોકી રાખવું જોઇતું નથી. પણ તમે અહીં જે ઠરાવ પસાર કરો તે જ્યારે પારસી કોમની પારલામેંટ (અંજુમન) સનમુખ રજુ કરવામાં આવશે, ત્યારે તે વીશે સેંકડે ૯૦ ટકા પારસીઓનું "ફીલીંગ" કેવું રહેશે, તેઓ તે તરફ તીરસકાર બતાવશે કે પસંદગી દેખાડશે, તેની ઉપર ખુબ ધયાન પહોંચાડીને પુખત વીચાર કરીને તમે મત આપજો (તાલીઓ). તમે મારૂં સાંભળજો અને તમારાં ફરઝંદોની સલામતી માટે જે કાંઇ સલાહ ભરેલું અને ખુબી ભરેલુ હોય તે કરજો.

મી૦ મનસુખનો પહેલો વાંધો.

મી૦ મનસુખ—મારો પહેલો વાંધો એ છે કે જ્યાં ગાયન આવયું તયાં વાજીંત્ર પણ તેની પુઠે આવવાનું. ગાયન બાઇ છે અને તેની બેન વાજીંત્ર છે! રાગ રાગણીની સાથે "મયુઝીક" શરીક હોવો જોઇયે છે. તે વગર ગાયન નકામું થાય. તમે વીચાર કરો કે અંજુમન ગાયન રૂપી બંદગી કબુલ રાખશે કે? સાહેબો ૫૦ વરસ પછી પારસી કોમના નીભાવ માટે

અને જરથોસતી ધરમના બચાવ માટે આપણાં છોકરાંઓને ધરમ સંબંધી કેળવણી આપવાની શુભ યોજનાઓ ભલા ગ્રહસથોએ કાંઇક જેહેમતે તઇયાર કરી છે, તેમાં આવી દરખાસતથી નકાંમી ખલલ થશે. મારૂં માનો સાહેબો, મારૂં સમજો. પારસીઓનો ૫૦ ટકા ભાગ ગાયનરૂપી બંદગીની વીરૂધ છે. માટે એ દરખાસત પડતી મેલો,' ને કોમ અને ધરમની જાળવણીનું આ કામ (યોજના) પહેલાં આટોપો. મને દલગીરી સાથે જણાવવું પડે છે કે તે ઉપર જો ધયાન નહી આપવામાં આવશે, તો અંજુમનની સભામાં મને એ કરતાં દશ ગણી બલકે સોગણી વીરૂધતા ચલાવવી પડશે (તાલીઓ). હું પાક મનસનીથી, અને આ મકાનના મરહુમ સથાપક સાહેબનાં અશો રૂહને યાદ કરીને કહું છું કે, ગાયનરૂપી બંદગીની વાતને અંજુમન કદી પણ ટેકો નહી આપશે.

એક સવાલ.

મી૦ મનસુખ—અરે હું પુછું છું કે તમે આજે પચાસ પચાસ વરસો થયાં ગાયનોની કેળવણી આપીને શું કરયું? (હસાહસ). અરે ૪૦૦૦૦ પારસીઓમાંથી આજે ૪૦ પારસી સ્ત્રી મરદો એવી ભલી રૂડી ચાલના નહી નીકળશે, કે જેઓનો દાખલો લેવા માટે આપણે આપણા બચાંઓને સલાહ આપી શકયે. સાહેબો, એ તમારી કેલવણીથી ટોળાનો સંસાર પડી ભાગો, પરજ્ઞાતોમાં કોમની હસી મશકરી થઇ, અને કોમની ખાનાખરાબી થઇ રહી.

મી૦ કરકરયા—ઓરડર; મી૦ કાબરાજીવાળી દરખાસતને પારસી કોમની ખાનાખરાબી સાથે શું નીસબત છે? મી૦ મનસુખને એવી ભલતી બાબદ ઉપર બોલૂવાનો હક નથી (સભામાં ગડબડ).

મી૦ મનસુખ—તમે બેસી જાવો. મને બોલતાં અટકાવો ના.

મી૦ કરકરયા—તમે ઓરડરની બહાર છો. હું સરનશીનનું રૂલીંગ માંગું છું

મી૦ મનસુખ—"યુ સીટ ડાઉન."

સેક્રેટરી સમશુલ ઓલમાં એરવદ જીવનજી મોદીએ મી૦ મનસુખની નજદીક જઇને તેવણને સમજાવયા કે સરનશીનનો ચુકાદો સાંભળવો.

મી૦ ખરશેદજી કામા—મારે એવણનું ધયાન ખેંચવાનું છે કે બાબદને આગલી પાછલી વાતોથી આવી રીતે ચુંથવાથી મતફેર વધી પડશે. માટે

હું એવણુને ભલામણુ કરૂં છું કે બેત યા કવીતા દાખલ કરવી કે નહી તે વીશેજ બોલવું. તેમાં બીજી બાબદો દાખલ કરશો, તો આજે આપણુને કામ કરયા વગર ઉઠી જવું પડશે.

મી૦ મનસુખ–એવણે (મી૦ કાબરાજીએ) ઇસારા કરયા છે, કે ગાયનની બંદગી ખોદાને પસંદ છે, દેવળમાં ગવાતાં ગાયનોથી છોકરાઓ ઉપર વધારે અસર થાય છે, જરથોસતી કલામો ગાયનોમાં ગવાય છે. તેનો જવાબ આપવાનો મને હક છે.

મી૦ કરકરયા–તમે તો ભલતીજ બાબદ વીશે બોલો છો.

મી૦ મનસુખ–"યુ ડોંટ ડીસતરબ મી" મને મારૂં પુરૂં કરવા દેવો. એ ભાઇએ કહયું કે, ગાયનોથી ફરેસતાઓ લલચાય છે અને તે ખોદાને પસંદ છે. અરે સાહેબ, ખોદાને ગાયન પસંદ હતે અને તેને તેનો ટેકો હતે, તો પારસી ટોળો હાલની હાલત ઉપર આવતે નહી. બંદગીમાં ગાયન નહી હોય, તો સારૂં. માટે તમારે એ બાબદ હાથ નહી ધરવી. તમે આટલાં વરસ સુધી કેવી કેળવણી આપી? કેળવણી લેનારાંઓ નીતી યા ધરમીપણું સથાપી શકે એવાં થયાં છે? તમે અહીં ગાયન દાખલ કરશો, તો જવાંનો ને બુઢાં ગાયનજ લેશે, ને તેથી અવસ્તા બંદગીને નુકશાન પુગશે.

એક સુચના.

મી૦ મનસુખ.—કમીટીએ જે યોજના ધરેલી છે, તેજ પ્રમાણે કામ લેવો, તેનો અખતરો પાંચ વરસ સુધી અજમાવી જુઓ અને તયાર બાદ ગાયન લાવવાં સલાહકારક ધારવામાં આવે, તો તે લાવજો. પણુ હમણુાજ જો તમે ગાયન દાખલ કરવાની હઠ લેશો, તો તમારાં શુભ કામને નુકસાન થશે. એજ હેતુથી હું આ વાંધો લઉં છું. સર જમશેદજી, બનાજીવાળાઓ, જીજીભાઈ દાદાભાઇવાળાઓ, રેડીમનીઓ, અને સાહેબ ખુદ તમારા કામાઓ અવસતામાં ભણીગણીને પેસ પડી ગયા છે. અવસતા બંદગીથીજ તેઓ આબાદી વધારી ગયા તથા દુનીયાનાં સુખને માટે સેંકડો રૂપીઆ કહાડી ગયા હતા. તેજ બંદગી હાલ કાયમ રાખો. દસતુર જામાસપજી તો એને એનમતી મંત્રી કલામો કહેતા હતા.

બંદગીનાં ગાયન રચવાની શકતી છે?

મી૦ મનસુખ–અવસતાવાણીના ખરા અરથ કરવાની હજી તમારામાં શકતીનથી—તમે એક અશેમવહુના ૫૦ અરથ કરયા છે (હસાહસ). તયારે

અવસતાના અરથ તમે ગાયનમાં શું ઉતારી શકવાના હતા? ગાયનના મીઠાસથી લોકો લલચાશે, પણ તેથી નુકસાન એ થશે કે તેઓ અવસતા મુકી દઇને ગાયન ઉપરજ ધયાન આપશે. તમારાં તથા મારાં ફરઝંદોના ભલાં માટે હું અરજ ગુજારૂં છું કે હાલ તુરત એવું કાંઈ કરતા ના. ગાથા ખરેખર ગાયનરૂપી છે તમે તે રાગ કહાડીને ભણો. હું પોતે તેમ ભણું છું. મેં જે ચોપડી રચેલી છે, તે કાંઇ ગાયનની બંદગી નથી. એનું નામ મેં શું આપ્યું છે? "મનસુખી મોનાજાત અને અરજગુજારી." ફારસી મોનાજાત નહી સમજનારાઓને માટે મેં ૪૦ વર્ષ ઉપર તે રચી હતી. દોખમાને લગતી જે બેતો મેં આપેલી છે તે ડુંગરવાડી ઉપર જતાં મારાં મનમાં ઉતપન થયલા વીચારો છે. કઇ તવારીખમાં લખેલું છે કે દસતુરો ને અથોરનાનો ગાયનરૂપી બંદગી કરતા હતા? કેખુશરો પાદશાહ તુરકસતાનમાં અફ્રાશીયાબને જેર કરીને પાછો ફરયો તયારે તેણે ૭ દીવસ અને ૭ રાત સુધી અવસતા કલામો પઢયા હતા. કયાં આતશબેહેરામમાં ગાયનરૂપી બંદગી થઈ છે, તેનો એક દાખલો તો આપો. દસતુર પેશોતન સંજાનાની સાહાદત ટાંકી બતાવવામાં આવી છે. પણ મરનારે પોતે મને કહેલું કે "મારા બોલવાનું 'મીસરેપ્રીઝેનટેશન' કરીને ગાયનની બંદગીના હીમાયતી તરીકે મને ઓળખાવયો છે." "સરોદે અવસતા"ને માટે મેં કદી પણ ભલામણ કરી નથી. મેં મી૦ બાટલીવાળાને તેજ વખતે કહયું હતું કે એ ચોપડી ફેલાશે તો અવસતા કેતાબ ખુણામાં જઇ પડશે. પારસીઓમાં ગાયન રૂપી બંદગી સામે અભાવ છે. તેથી હું માંગી લઉ છું કે એ બાબદની નકામી તકરારથી આવાં પરમારથી કામને હરકત નહી કરવી. સેંકડે ૮૦ ટકા પારસીઓ તેને મદદ કરવાને ના પાડશે. ઘરમાં બેલાશક તમે ગાયનો ગવાડો. પણ નીશાળમાં તેની કેળવણી ના આપો હમણા તો તે મીઠું લાગશે, પણ આકેબત તે ઝેરના જેવું થઇ પડશે. સકુલમાં શીખવવાની મતલબથી મેં મારી કેતાબ રચીજ નથી.

ડા૦ સુખીઆએ જણાવયું કે, ગાયનની કેળવણીથી હું મારી નાદાન વયે પારસીઓમાં થતી ખુવારી જોતો આંવયો છું, તે દરખાસ્ત પસાર થવાથી વધારે જોઇશ. હાલની પારસી બાનુઓ પીયાનો કે હારમોનીયમ જાણવામાંજ પોતાની કેળવણી સંપુરણ થયલી માને છે. જરથોસતી ઘરમનાં શીક્ષણમાં કવીતા યા બેત હોવીજ નહી જોઇયે. અવસતા કેતાબને ભોગેજ ગાયનરૂપી બંદગી દાખલ કરી શકાશે.

એરવદ ખુરશેદજી મીનોચેહેરજી કટેલીએ બંદગી અને ગાયન બોલોના ધાતુ—અરથ કહી સંભળાવીને જણાવયું કે, બંનેના અરથ એક બીજાંથી જુદાજ છે. જેમ પાણી અને આતશ સાથે રહી નહી શકે, તેમ બંદગી અને ગાયન સાથે રહેવાંજ નહી જોઇએ. બંદગી એક ચીતે, બંદાએ પરવર દેગારની સામેજ નજર કરીને કરવી જોઇયે છે. તેમાં વચે ગાયન આવ્યું તો ચીત ઠેકાણે રહેજ નહી, અને ગાયનના ઓડાથી બંદાને પરવરદેગાર જણાયજ નહી (સાંભળોના અવાજ).

મી૦ વારડનની દરખાસત ઉપરથી વધુ તકરાર બુધવાર સુધી મુલતવી રાખવામાં આવી છે."

---

૬૦ સ૦ ૧૮૯૬-૯૭ માં મુંબઇ શેહેર તથા ઇલાકામા ચાલેલી મરકીના રોગની ખરાબીને લગતી મનસુખે 'હીલ્લીહ' માં લખેલી કવીતા.

(હીલ્લીહ, તા૦ ૧૧ મી ફેબ્રુઆરી ૧૮૯૭.)

(એ બેતો એક કેતાબના સફાપર પેહેલ્લીજવાર પ્રગટ થાએછે.)

(બેતો.)

૧

બોલ રે એ દાનાવ, તું નવું કંઇ બોલ,
સંભળાવ તીખી-મીઠી કંઇ અજમાસના કોલ.
ગરમ-નરમ જગમાં તેં જોયું છે બહુ,
છે પાકી ઊમરનો ને જાણકાર છે સઉ.
ખબર કોણુને હતી કે આ ડાકણી જગ,
કરશે ગુલજાર મુંબઇનો આ રીતનો ભખ.
ઉજડ ખીલતી મુંબઇ રે, મુંબઇ ઉજડ,
થયાચ ધનના મેહલો ખાલી ધુળના ઢગ.
ઉઠેચ રંગીન બાગોમાં માહતમની ફાગ,
સળગેચ મોહતની ગમીની ધુંઇ અને આગ.

ઘેર ઘેરં છે માહેતમ ને શેહેર શેહેર ધુમ,
આફતં દીસેચ હર જગ ને ખુશી કુલ ગુમ.
ઝલકાટ ભરી મુંબઇ બની ગઇચ તબાહ,
રોશન દહાડો બદલાઇ રાત—આવીછે શીહા.
શું કહું તુંને એ શીહા રાતરીનું બ્યાન,
કે ભુલેચ તેના ભયથી ખુદ રાહ ફરતો ચાન.
કાળી શાહીનીજ પંથરાઇચ આકાશપર ચાદર,
હવાજ બનીચ ગોયા કુલ રંગે ડામર.
થયાંચ ધુળ—ને ધુમસદાર વાદળ ને વીજ,
ઉપલો—નીચલો દેખાવ રંગે કાગનાં પીછ.
ગમનાજ કાટથી કદરૂપ થઇચ મુંબઇ તમામ,
રબી કેહરનીજ તલવારનું દીસેચ એ કામ.
ગોયા ગેબી બલાનુંજ ઉલટુંચ લશકર,
મેહેલ—મોહોલ્લા ને મેદાન થઇ પડયાંચ ઉજડ.
ડામર—ને તાર—ને દુરગંધીના વાસ,
થી ચોતરફ દેખાય છે મુંબઇનો નાશ.
સીપાહ પેરે દોડેચ કુલ ડાકટર ભોલા,
પડીકાંનો દારૂ—ને કુઇનીન ગોળા-
થી ચલાવેચ મોહોતના મુદઇપર મારો,
પણ રદ ગીઓચ કુલ વઇદી ઉપાય સારો.
એ ડાકટરી જંગના સપેહસાલાર ખુદ,
એ મરકીની જુમબેસમાં થાય છે નાબુદ.
આવી બનયોચ ગોયા મુંબઇ શેહેરનો અંત,
સનીશચર—ને મંગળ રૂઠાચ—અતીઅંત.
બુરો દહાડો તેનો જેના એ ગરેહ,
ઝેરી અસર તેની કોઇથી નહી ફરે.
પેગંબર—ને પીરો—ને પેહેલવાન તમામ,
સરદાર ને શાહનશાહનાં શેહેરો ને ગામ-
ફના થયાંચ પળમાં ને નહી બચયાં કોઇ,
રોમ, દીલ્લી ને સુરત તેથી રોતી રહી.
યુનાન ને ઇજીપ્ત ને કયાની ઇરાન,
એનાજ જોગથી થયાં પેદરપે વરાન.

દરેક ચીજને વાસ્તે છે દરેક સરજત,
કુદરતી સરજત પાસ છે રદ કુલ લડત.
બનાવે છે સઉ ચીજ તે પરવરદેગાર,
તેના ભેદનો નહી પામશે કોઇબી નર સાર.
એ ભેદનો દરવાજો છે બીલકુલ અણુદીઠ,
નથી કોઈ પાસ તેનાં તાળાંની કીલીદ.
છે સુખ અને આફતમાં ખુદ રબનોજ હાથ,
બીજું સમજી બબડે તેના પુર અભાગ.
ભરમ તેનો બુજવાસર નો ખાતો ગમ,
છે સબર ને સેપાસજ માણુસી કરમ.
રબેજ કરીચ ઉંચાઇ ને નીચાઇ પેદા,
શેરને માથે રાખેચ સવાશેર સદા.
હોય જેપર રામનીજ બક્ષેસ ને પનાહ,
નહી થાશે તે આગ કે પાતાળમાં ફનાહ.
રખે બાંધતો આ ફાની જગ સંગ જીગર,
કે જર માલ ને મહેલો થાયચ જીરો જબર.
આપેચ એકને અમરત ને બીજાને ઝેર,
સીંહને રહેસી કરેચ તે લોંકડીપર મેહેર.
મેહેર કરજો રામજી એ મુંબઇપર મેહેર,
ગુનાહ વીસરી કરજો ખુદ બક્ષેસની લેહેર.
છે લાખોના ઉદયોગનું એ ઉત્તમ ઘર,
છે કરોડોની રોજીનું ઓહોળું બંદર.
છે વેપાર ને રોજગારનો અથાગ ભંડાર,
પળેછે ત્યાં અગણીત નાચાર ને બેચાર.
બેચારીનો ચારો છે તુંજ એ ખોદા,
કોણ ટાળે તું બીન એ રીતની પીડા?
બુજે કોણ તું વગર "મનસુખી"–પોકાર,
પડયો છે જે 'અબુ'ને 'ઢીલ્લી' હદ બાહર.

૨

સખુન વધુ સાંભળ એ કદરદાન યાર,
ગમનો હીંગામ ખીલી ગયોચ ગમતનો બહાર.
એ ગમ તજવા જલદી લાવ કાંઇ નોશ દારૂ,
કે રૂજનો લેપ જખમી જીગરપર મારૂ.

સાંભળી ચુકોચ તું મારા કેટલાક સખુન,
નહી થશે વધુ કાંઇ બુજવાથી અવગુણ.
કે કારી દુઃખનો ઉપાય છે કીરતારનીજ યાદ,
એ યાદ આગળ રદ છે કુલ ડાકટરની વાત.
છે ગેબી દુઃખ ટાળવામાં ખુદે ગેબનુજ કામ,
ગેબને વીસરવામાંજ એબ છે તમામ.
અકરમી તે ડાકટર જે ગેબને ભુલે,
કુલ જીંદગીના રંજમાં એક પળ નહીં ફૂલે.
ગેબી બનાવ તેજ બનાવ જાણજે ખોદાઇ,
અપંગ રાખેચ સઉને કજાએ ઇલાહી.
છે મુંબઇની મોહકાન એજ કજાનું કામ,
લાચાર છે કજા પાસ તદબીર તમામ.
કજા અને કુદરતને એકજ તું ગણ,
તકરાર તેની કરવા તું ના રોકતો મન.
છે પંડીતી અક્કલ ત્યાં બીલકુલ હેરાન,
ફીલસુફોનાં મત રહેચ સદા પરેશાન.
ખરો આકેલ તેજ જે ખોદાને નમે,
ખરો સુખવાસ તેજ જે ખોદાને ગમે.
ખોદાઇજ ભરમ હોય જો આ શેહેરનો બનાવ,
તો બંદાને નહી કરવી ઘટે કાંઇ રાવ.
રાવ કરવાનુંજ નહી હોય નેક બંદાનું કામ,
આજેજી ને સેપાસજ જોઇએચ તમામ.
સેતાયશ કરૂંચ એ કેરદેગારે જેહાન,
છે ગુપત ને પ્રગટની તુંનેજ પીછાન.
આપ મને કઉવત તું એવું અકસીર,
કે ફેલાઉ મારા દેશીમાં સંતોશ ને ધીર.
ગણાયચ હાલનો બનાવ ભયભીતી ગજબ,
પણ હશે તુંજ સરજતનો તે નેક સબબ.
જાણ-અજાણથી બબડવુંજ છે નાલાયક,
છે કુદરતના બનાવમાં ભરમ અનેક.
જે હુલડાઇથી કરેચ કુદરત સંગ બબડાટ,
ફજેતી ને ફનાઇમાંજ થાયચ તે બરબાદ.

તે યઝદાંજ છે સઉનો પુરો કદરદાન,
જાણુ–અજાણુમાં બબડી ના થતો નાદાન.
અગર દોસત યા દુશમનથી થાય તું હેરાન,
પણ ભલું–બુરૂં સમજી સાવધ રાખજે ધ્યાન.
સાવધ ધ્યાનથીજ ઉઠાઉંચ આ સમે પોકાર,
કે જમાના ને જગનો તે પરવરદેગાર—
ઉભુંચ જેથી ઓહોળું આ ગગન અતરંગ,
ફરેચ જેના ફરમાનથી ગ્રેહો અદંગ.
કરેચ જેની સેવા—આ સુર્ય ને ચાન,
હીલતી જાગતી છે જેથી આ જીવતી જેહાન.
કરે તે આ મરતી મુંબઇપર કંઇ મેહેર,
કોતાહ કરે કોઇ પાપી કરમનો કેહેર.
કેહેર કરનાર–મેહેર કરનારો છે તે પોતેજ,
તે સીવા નહી મનાય કોઇ બીજો હરગેજ.
અગર જો નહી મળે તેથીજ ખરી દાદ,
તો હરગેજ નહી થાય પાછી મુંબઇ આબાદ.
દાદ લે એ દાદાર કે દાદખાહ છે તુંજ,
તારીજ દાદથી દુઃખ ટાળી પામશું રમુજ.
વીખરાઇ ગયલી વસ્તી એક થાશે ફરી,
ગમત આવી દુર થાશે ગમની ઘરી.
તારેજ હાથ છે એ કારી દુઃખની દવા,
મુબઇ શેહેરનો નાશ કરવો નહી હોય રવા.
સજા થઇ છે એ શેહેરને બહુ મહાભારત,
ધસડાઈ ગયાંચ અચબુચ મરદ ને ઓરત.
બુઢાં–ને બાળક–ને બાઇઓ–ને ભાઇ,
મોતની કરકતીએ ગયાંચ બંધાઇ.
મુવાંચ કોઇનાં બચ્ચાં પેત્રન દર પેવન,
કરેચ તેમનાં માતા ને–પીતા રૂદન.
જુદાં થયાંચ બેટા ને બાપો ને બેન,
ખોઇ બેઠાંચ કુલ ભવનાં સુખ અને ચેન.
ધાવતાં બાળક કરેચ મુઇ માતાને યાદ,
ફેલાવેચ હવા તેમનાં દુઃખની ફરીઆદ.

સળગીચ સઉના જીગરમાં ભયભરી આગ,
થઇચ તેથી ચોતરફ નાસ અને ભાગ.
ટોળે—ટોળાં નાસેચ પગથી ચોતરફ,
નથી જોતાં ઉજાસ, નહી તાપ નહી બરફ.
નથી જોતાં લોહડાઇ—કે દરીઆઇ મારગ,
ધન–માલને મેહેલો કુલ કીધાચ તરક.
તરક કીધાંચ વેહેવાર ને વેપારી કામ,
તરક કીધાંચ ખાનગી ને જાહેર મુકામ.
સેંકડો ને હજારની ટોળકી હરદમ,
આંખો વીચી નાસેચ કુલ પરદેશની ગમ.
નાસ ભાગમાંજ જેહેમત ખેંચે છે અથાગ,
નથી ખાતાં અન–પાન,—નથી ખાતાં થાક.
ગાડીઓ–ને ગાડાંની વંજાર અપાર,
થી કુચ કરેચ લોકો હજ્જર–દર હજાર.
ચાલી જાય છે સઉ કોઇ જ્યાં જવાય છે ત્યાં,
ઘેરી લીધાંચ ગુજરાત ને દખણી નાકાં.
વડોદરા–ને સુરત–ને નવસારી ગામ,
માં પડીચ નાસતી ખલકતો કુલ ઠામેઠામ.
પુના ને નીઝામ–ને પંજાબ–લાહોર,
માં ફેલાયોચ એ દરદી ટોળાંનો રોર.
કરાંચી–ને ભરૂચ–ને દમણ–ને મઉ,
એ મરકીદાર લોકથી ધ્રુજી રહયાંચ બહુ.
ઉદયમવંતું લંડન–ને રંગીન પારીસ,
ગલીચ કલકતા–ને રશીયની રીંછ.
ફુલવંત ઇટલી–ને તુરકી કમજોર,
બી રાખેચ 'કવારનટાઇનનો' મુંબઇપર દોર.
એવી હાડમારી ને અફસોસ અપાર,
માં થઇચ ગુલજાર મુંબઇ પુરી ગીરફતાર.
ગીરફતાર કુલ મનુશ,—ગીરફતાર ધન–માલ,
નહી મળે કોઇ ચાકર–નહી મળે હમાલ.
ન સીપાઇ–ન સાહુકાર–ન કોઇ કારીગર,
ન કોઇ મેહેતો–મુનશી, ન રહયો રાહબર.

મોત સમાન મુઇ પડીચ મુંબઇ તંમામ,
માહેતમ કરતીજ રડેચ કુલ વસ્તી ગુંલફામ
ઉડે છે આકાશપર ગમખારીનીજ ધુળ,
હવા બનીચ ગોયા ગળી રંગની ફુળ.
દોડ-ધામ કરેચ હરજગ હેરેમનની ફુક,
સુરજબી ગભરાટથી ભુલેચ રાહ-અચુક.
બાગનાં ઝાડો ઉભાંચ વીલાપ કરતાં પુર,
દરીયાઈ રંગ બદલાઇ થયોચ કાળી ધુર.
ફરતું-હીલતું ગગન હેબતી થયુંચ થંબ,
સેતારાની ગીરદેશમાં થઇ પડયોચ ભંગ.
ગમની ચાદર હેઠળ જમીન થઇચ ગુપત,
જ્યાં જાઓ ત્યાં સંભળાયચ વીલાપ ને વીપત.
ન પક્ષીના આવાજ-ન પશુઇ નીશાન,
જમાનોજ જબાન ખેંચી થયોચ સમશાન.
લાગોચ ગોયા ઉદયોગને બદ મોહતનો ખાબ,
વપરાયચ તેના એલાજમાં અનેક તેજાબ.
છે ગંધક ને ગંદકીનો વાસ શબો-રોજ,
છે 'મ્યુનીસીપલ' મંડળનેજ સર એનો બોજ.
અકારૂં-નકારૂંજ છે એ મંડળ કુલ,
બેહદ ખરચ છતાં કીધીચ પાપી ભુલ.
કીમતી જીવદા થયાચ એની ભુલના ભોગ,
મુરખાઇથી પેવસ કીધોચ મહા પલીદ રોગ.
સુધરાઇને બહાને કુલ કીધીચ કુધરાઇ,
નહી રાખી સમજ-નહી રાખી ચોકસાઇ.
જમાવ કીધું જમીનનાં પેટામાં ઝેર,
ફુટોચ તેથી અસપંદાદ યઝદનો કેહેર.
કરોડોનો ગંજ કીધોચ બીલકુલ જાયા,
મુરખાઇથી ખરચ કરી મરકીજ લાયા.
કાધી કીરતી-સંપતી મુંબઇની પાયમાલ,
લુટાવ્યો એ મંડળે પ્રજાઇ જર-માલ.
પરમેશ્વર ને પ્રજાની નજર હજુર,
તકસીરવાર છે એ મંડળ બહુ પુરણ પુર.

સજા તેમને કપાળે ચોંટીચ સજર,
નથી રહેવું જોઇતું એ બાબે નીદર.
સવારથ, ખુશામત ને બીન-માહીતી કુલ,
થી થવા દીધીચ બહુ રીતની મહા પાપી ભુલ.
રખે હોતા કેથે ગરજાઉ આગેવાન,
રખે હોતા કોઇનાબી રાહબર અજ્ઞાન.
રખે—હોતા કેથે બેદરકાર સરદાર,
રખે હોતા લાયક નરો તંગીદાર.
ભાગ્યશાળી તેજ ગામ જેના આગેવાન,
પ્રજાઈ સુખને કાજે પટકે તન ને જાન.
અક્કલમંદ હીમતવાન ને સવતંત્ર હોય,
જેમના સરમાં એલમ ને ખાસ હુનર હોય.
"એકને પાપે ગામ ડુબેચ": એ કેહવત ખાસ,
આવી ઉભીચ આ સમે મુંબઇની પાસ.
ટીકટીકયા—બહુ બોલ્યા-કારપોરેટર ભાઇ,
ની નાલાયક ચાલથી ડુબીચ આ મુંબાઈ.

૩.

ઉઠો રે એ ઇઅજદો એ ઇઅજદો ઉઠો
આઓ બુરો મરજ ટાલવા પર રૂઠો.
ઉઠો રે એ અમસાસપંદના રૂહો
જુવો રીબતી મુંબઇનાં હાલ પર જુવો.
પડો તેની કુમક સર તમો કુલ બહાર,
અશોઇ પનાહ આપવા પર કસો તલવાર.
કરો બુરા મુદઇને જડ મુલથીજ ઠાર,
કાપો મોહતનાં નસસો કુલ આરપાર.
એ નસસ ને કહેચ આજના દાનાવ 'જીવડા'
નીરંગ ભણી કરો એ જીવ નાપેદા.
છે માંથરવાની નીરંગજ • કારી હથીયાર,
મનુશખાઉ જોહાક જેવા થયાતા થાર.
ઉઠે જો કોઇ નવો "ફરેદુન" જવાન,
થાએ જેનો સરોશ ઇજદ નગહેબાન.
"કાવેહ" જેવા સરદાર સંગ પરે મેદાન,
તો કાહડે એ મનુશખાઉ જીવડાનાં ધાન.

બદકારીથીજ ઉભરેઆય એ નંસસો,
વીશરેઆય પારસી દીનનું ભણુતન અશો.*
પવીત્રાઇ ને શુધડાઇ કુલ તજી બેઠા,
ક્રીરીઆ કામ ને બંદગીની કીધી ઠઠા.
મુકી બેઠા નીઆગાનની કુલ ભલી ઇઆદ,
કીધી કુલે કેઆંની રાહ રસમ બરબાદ.
આજીઠવાર ને દુશતકાર સંગ બાંધી પરીત,
અખતીઆર કીધી પલીદ અહેરેમનની રીત.
અવસતાઇ નેક હોકમનો કીધો તુચ્છકાર,
દુરવંદી ને કુફ્રરાઇ પર રાખેઓ આધાર.
ન તનની કંઇ સફાઇ ન ખાધની શુધડાઇ,
જુદદીનનીજ રીતભાતને સમજ્યા શુધરાઇ.
કુલ વડવાની ચાલચલણ કીધી અકાર
વીસરી બેઠા ગુજરેલાં નેકના આભાર.
દુબરવાર કીધો પારસી સંસારને
જરતોશતી જલેહ સોંપી અંધકારને.
તજી બેઠા ખોદાઇ સેતાએશની રાહ
પારકો એલમ શીખીને બનેઆ ગુમરાહ.
ચાલુ રહી એ ગુમરાહી કંઇ મુદત તલક
થએઆ તેથી ગુનાહનાં ગારમાં ગરક.
નથી રહેઓ હવે કોઇ તેમનો રાહબર
કે ખેંચી કાહડે ગારમાંથી જમીન ઉપર.
મગર પોતે હોરમઝદ દયાનો ધણી
દયા કરે તેમ પર કંઇ થોડી ઘણી.
કરે તેમની ગફ્લત ને ગુનાહને માફ
રહેમના જલથી કરે રીમન હઇડાં સાફ.

* અકસર દાનાવોનું એવું મત છે કે પલીદી અને પાપી ચાલચલણુને લીધેજ એવી મરકીઓ ખોદાઇ કેહરને લીધે ફાટી નીકલી, ગલીચ અને પાપી શખસોના રહેઠાણોમાં મોટી ખરાબી કરે છે, અને તેથીજ આખાં મુંબઇ શેહેરમાં બીજી કોમના લોકો કરતાં પારસીઓની વસ્તી થોડી છે તે છતાં તેઓમાં દરદ અને મરણોની સંખેઆ વધુ જણુાઇ હતી. આજના પારસીઓ પોતાના ધરમનું એકીન તથા અસલી પવીતર રાહરસમો અને સફાઇ તથા સુધડાઇ તજી બેઠા છે અને દુરવંદી નજીસાત અને બીજા બદગુણો અખતીઆર કરી બેઠા છે તેથીજ ગોયા ખોદાઇ ખોફ તેઓ ઉપર વધુ ઉતરેલો ધારી શકાય છે. (મનસુખે પોતે કીધેલી નોટ.)

તોજ બચી શકે એ બગડેલ ટોલો
લાગોચ તેના એકીનને દરદી સડો.
એ સડાનો એલાજ છે સાહેબનીજ પાસ
કરીએ તેથી વીનતીદાર તેનીજ સેપાસ.
સેપાસ કરી સેવટ બોલીએ આપણુ આમ
એ દુખીઆંની દવા એ સુખવાશનાં થામ.
એ નાચારનાં ચારા એ નબળાની જીત
દુખનાં રદન ટાલી આપ સુખડાંનાં ગીત.
દુવાઇ તુને દેઉંચ ખુદ તારીજ દાદની
ખબર લે હવે તું આ ફરીઆદની.
છે દુવાઇ તુને આએ પરાઇ જમીનની†
દુવાઇ તુને છે "શાહ કુટબદીનની."
છે આ બુલંદ મીનારની તોંચની દુવાઇ
એ મીનાર આગલ રહીનેજ કરૂચ ઓજરખાઇ.
છે દુવાઇ તુને પડતલ દીલ્લી શેહેરની
દુવાઇ તુને દીલકશ "અબુઇ" લેહેરની.
છે દુવાઇ તુને અસલ ઇરાન ખાકની
દુવાઇ તુને કેઆંની શાહો પાકની.
દુવાઇ ઈંગ્લીશ રાણીનાં નેક બખતની
દુવાઇ છે શાહ અકબરના તાજ તખતની.
છે દુવાઇ તુને નીરમલ "જમના" જલની
છે દુવાઇ તુને ખુદ તારા આપ બળની.
કે ખેંચ પાછો તુ તારી સજાનો હાત
કે થઇચ મુંબઇ નગરી હવે પુરી માહાત.
વધુ સજા લાએક નથી તેમાં રામ
તેનાં ગંજની લુટથી વસાંચ પારકાં ગામ.
નીભેચ તેને આસરે બંદર ચોરેઆશી
નોં આપ તાંહાંનાં લોકને વધુ નીરાશી.
નો કર વધુ નારાજ આ લેખ કરનારને
ખુશ રાખ તું બુલબુલી રાગ બોલનારને.
કે દીલ્લીનાં મેદાન ને "અબુઇ બાગ સથાન"
મા 'મનસુખીઆ' વચનની ગાએ શ્લોક વખાણ.

† આ સઘળી કવીતા દીલ્લી, આગરા તથા "અબુ માઉનટ" તરફની સેહલ ગાહ વખતે મનસુખે લખેલી હોવાથી તે ઠેકાણાઓને લગતી ચીજો, વગેરેના એશારા કરયામાં આવેલા છે. (મનસુખે પોતે કીધેલી નોટ.)

[સમાપ્ત.]

મુંબઈનાં સઘલાં જાણીતાં ગુજરાતી રોજીંદાં તથા અઠ-વાડીક વર્તમાનપત્રોએ, તેમજ માસીક ચોપાંન્યાંઓએ, મરહુમ મી० મનસુખનાં મરણને લગતી જે દલ-ગીરી ભરેલી નોંધો લીધી હતી, અને તેમણે વીશે પોતાના જે વીચારો જાહેર કીધા હતા તેનો, તેમજ ત્યાર પછી બનેલા જુદાજુદા બનાવોને લગતા પ્રગટ થએલા હેવાલો, લખાંણો, ચર્ચાપત્રો, ઇ०નો એક વાંચવાલાએક અને જાલવી રાખવા લાએક સંગ્રહ.

"જામે જમશેદ."

મંગળવાર તા० ૨૧ મી જાનેવારી ૧૯૦૨.

પારસી સંસારનાં સેતરંજ ઉપરથી ઉંચકાઈ ગયલું અગત્યનું મોહોરૂં—મરનાર મી० "મનસુખ."

મરવું જીવવું તો આ દુન્યામાં સર્વેનેજ છે! સારૂં યુરોપ ધમધમાવી મેલનાર નેપોલીયન જ્યારે ખાકમાં મળી ધુળ થઇ ગયો છે—જ્યારે આખી દુન્યાને હબકાવનાર સીકંદર મોતના ઝટકાથી પટકાઇને મીટી સાથ મીટી થઇ ગયો છે—જ્યારે આખા ખંડોના શેહેનશાહતોથાબી તૃપ્ત ન થયલા મહાન પાદશાહોનેબી થોડાક ચોરસ ફુટ જમીનના ટુકડાની સેવટની તથા અમરગી તુલીકની માલેકીથી જાવેદાનીનો સંતોષ પકડવો પડયો છે, ત્યારે મરનાર મનચેરજી મનસુખ! 'આરથોડોક્ષ' બાજુના પ્લાટફોર્મ ઉપરની તારી ઓસ્તવાર બોલીદરાઝી, તારી સુધારા વીરૂધની બાગેબુલંદ વાકચાતુરી કુદરતના કહેણ સામે શું કારગત લાગનાર હતી! પારસી કોમના મોટા ભાગે આ જુના જમાનાના એક મુસ્તાક જંગીનું અચાનક મરણ બેશક કાંઇક દલગીરી તેમજ અંચરતી વચ્ચે જાણ્યું છે. ધસ્યા આવતા જમાનાના ધોધની વીરૂધ ટટણખાર ઉભો રહી સુધારાના વેહની સામે ધાક ધમકીનો અટકાવ મેલવાની એક બ્યર્થ કોશેશમાં વર્ષો સુધી પછડાઈ જઇ "મનસુખ" અંતે મનનાં હવે ખરેખરાં સુખમાં શાંત સુતો છે! ૧૯૦૨ ના સુધરેલા જમાનામાં

સુધારાના એક હરડતા મુદ્દઇ તરીકેની સ્થીતી એક મહાન અશકયતા હતી—અને મરનાર મી૦ "મનસુખ"ને પાછલા દીવસોમાં તેની અચુક ગવાહીઓ મળીબી ચુકી હતી. પીઠની પાછળ એક મસ મોટા ગાદરીયા ટોળાના ટેકાની મજબુતી હોવા છતાં જમાનાનો એ ઠરેલ ઠાવકો આસામી બરાબર મનમાં સમજી જઈ ચુકયો હતો કે 'જરથોસ્તી કોમનો કેળવાયલો, ખરાં ખોટાંનું તોલ કરી શકનારો, સમજુ અને દાનેશમંદ ભાગ તેની દરેક સુધારા વીરૂધની લગાર અનીયમત લડત ગમ નાપસંદગીથી જોતો હતો. કમનસીબે મી૦ "મનસુખ"ની કેટલીક ખુબીઓમાં "નાખતી કરવા"નો ગુણ—સંજોગને અનુસરીને કળવકળે કામ લેવાની કુનેહ—જમાનાના જોસનું તોલ કરીને પગલાં ભરવાની સીફત—ગેરહાજર હતી. જીંદગીના છેલ્લા છેલ્લા દીવસો ઉપર મરનાર મી૦ "મનસુખ"ને પોતાનું સમતોલપણું વધારે અને વધારે ચુકવા લાગેલો દાનાવ પારસીઓએ દીઠો હતો, અને મીત્ર મંડળ તથા મદદનીશોના અળગા થઇ જવાથી તે તદનજ અટુલો પડી જાય તે અગાઉ તો કુદરતે તેને તેડીબી લીધો છે.

તમે કદાપી એમ વીચારતા હશો કે મી૦ મનસુખના ગુજરવા સાથ પારસી સુધારાવાળાઓ હવે છુટકારાનો દમ લેશે. ના, સાચ્ચા સુધારાના પ્રમાણીક ખયરખ્વાહો ઉલટા હવે અંદેશાથી ડોકું ધુણાવી કહે છે કે પારસી ટોળાનાં સંસારી તેમજ ધાર્મીક સેતરંજના પાટીઆં ઉપરથી એક અગત્ય તેમજ અવસ્યનું મોહરૂં ઉચકાઇ ગયું છે—જરથોસ્તી કોમની બાજી લગાર ચુંથાઇ ગઇ છે. હા, ઢળાણ ઉપરથી ધસી આવતાં પારસી સુધારાનાં ગાડાં ઉપર અત્યાર તુલીક જે એક જબરદસ્ત મુસતકીમ "બ્રેક" હતી તે અચણુચ અરધે રસ્તે તુટી જવાથી હવે યાહોમ ગબડતું ગાડું કાબુમાંથી રખેને છટકી જાય તે દેહશતે ઘણાક દુરઅંદેશ પારસીઓને વીચારવંત બનાવી દીધા છે. એ આંકોશ વીનાનું સુધારાનું ગાડું હવે સીધું ને સીધું રસ્તે દોડતું રાખી, આડું અવળું ફાટી જતાં ચાલાકીથી અટકાવી, ભાગીને ભુકો થઇ જતાં બચાવી લેવાનું કામ તેના હાંકનારાઓનુંજ છે. ગમે તે હો, પણ અમે તો અંતઃકરણથી માન્યે છીયે કે નજદીકના ભવીષ્યમાં કોઇ કોઇવાર એવોબી પ્રસંગ આવશે કે જ્યારે આપણને "મનસુખ"નો ધાક ગમગીન જીવે યાદ કરવો પડશે. પણ હવે તો થઈ ચુકયું છે. પારસી કોમમા એક બીજો વધારે મધ્યમ, વધારે શાંત, જરાક વધારે સુધરેલા વીચારોનો

"મનસુખ"? જબાંનના ખાલી પટપટારાથી સમજુ, સાંભળનારાઓને મોહડે ફીક લાવનારા પાણીના પરપોટાઓ આપણુને જોઇતા નથી—આપણુને તો ટેક તથા દરજ્જા સાથ, ખરી લાગણી, દુરઅંદેશી અને બાહોશી સાથ હદ બાહિર સુધારાને આંકોશમાં રાખનાર એક ૨૦ મી સદીનો કેળવાયલો સમજુ "મનસુખ" જોઇયે છે.

"પંચડાંડ."

રવીવાર તા. ૨૬ મી જાનેવારી સને ૧૯૦૨

નામાંકીત "મનસુખ" નો સ્વર્ગવાશ.

આ જમાનાનો પારસી "ફીરદોસી," "મરતા ડુબતા પારસી ધર્મ" ને તેરવવાની જેહમત ખેંચનાર નાખોદા, 'દીન ડુબાઉ, દેશ ભુલાઉ, ખોદા વીસરાઉ' પારસી કેળવણીની ચાલુ ઝાટકણી કાઢનાર લડવૈયો, "રાહનુમાય" સભાવાળાઓ સાથ દેલેરીથી જંગ મચાવી તેમને શીકસ્ત આપનાર પારસી જેહાં પેહેલવાન, રંગીલી ફારસી જુબાનના બાગનું મધુર બુલબુલ, ફસાહત ભરેલો કલમબાજ, છટાદાર ભાષણ કર્તા, પારસી ઉધરતી ઓલાદનો સાબેત રાહબાર, "તબલા સારંગી" સાથની ગાન તાનવાળી બંદગીનો હરડતો શત્રુ, પારસી ધર્મ જ્ઞાન કમિટીના મસ્તાના હાથીનો કલાબાજ મહાવત, ધર્મ ચુસ્ત પારસીઓનો સાચો સીપેહસાલાર,, ઓર્થોડોક્ષ પારસીઓનો "ગ્રાંડ ઓલ્ડ મેન," પેલો નામીચો, માનીતો, જાણીતો "મનસુખ," અફસોસ છે કે, ગયા રવીવારે પાછલી રાતે, કશી પણ માંદગી કે વકકી વગર, માત્ર દીલનો ધબકારો બંધ પડી જવાનાં અચાનક કારણે, ૭૫ વરસની અધોડવયે, એકાએક અને અણચીતો આ ફાની દુન્યાને છેલ્લી સલામ કરી તે દાદગરની દરગાહમાં પોતાની નેકીનું ઇનામ મેળવવાને કુચ કરી ગયો છે, જેનાં અકાળ મરણની દુઃખદાયક નોંધ લેતાં, હમેશના રમુજી મી૦ પંચડાંડ પોતાની રમુજ લગભગ ભુલી ગયા છે. આ માઠા બનાવના ગમનો આંચકો આખી પારસી કોમને વિજલીક ઝટકા સમાન લાગ્યો છે, અને તેથી મુઠીભર સુધારાવાળા પારસીઓ સિવાય, બીજા તમામ પારસીઓ પોતાની કોમને તથા ધર્મને કદી નહી પુરાય એવી ખોટ ગયલી માને છે. મી૦ મનસુખ—શેઠ મનચેરજી કાવસજી શાપુરજી લંગડાના—જોકે લડાઇનાં મેદાનમાં નહી, તો પણ સાહિત્યનાં મેદાનમાં દલેર પેહલવાન હતા, અને ખરેખર એક પેહલ-

વાનનીજ પેઠે તેઓ ગોયા લડાઇનાં મેદાનમાંજ ગુજર પામ્યા છે; કાંકે પોતાના મરણના હિંગામમાં પોતાની હરીફ રાહનુમાય સભાની જુબીલી વિરૂધ્ધ બાથમબાથ લડત ચલાવતાજ તેઓ મરણ પામ્યા છે. તેમની આ ભાષણ માળા હજુતો ચાલુજ છે—તેનાં માત્ર ત્રણ ભાષણો આપી બાકીનાં આપવાનાં તો તેમનાં મનમાંજ રહી ગયાં છે;—અને તે સુભાખીત ભાષણના ભણભણ કરતા ભણકારા, તેમના રમુજી પણ દમામદાર પેહલવાની દેખાવ તથા ગર્જના સમાન પોકાર સાથે શ્રોતાજનોના કાન તથા આંખમાં હજુતો ધુમે છે. ફેર માત્ર એજ કે, લડવૈયાઓ ઘણું કરીને જ્યારે રણક્ષેત્રમાં શત્રુથી જખમી થઈ માર્યા જાય છે, ત્યારે આ પારસી લડવૈગો પોતાના શત્રુઓને જખમી કરી પોતે જાણે રાજીખુશીથી મોતને તેડી આપોઆપ તેને તાબે થયો છે! એ તે ખરૂં કીર્તિવાન મોત એવું મોત થોડાજ ભાગ્યશાળી વિર્લાની સરજતમાં હોય છે. એવું સુખવાસી મોત પામી મી૦ મનસુખ જો કે પોતે તો સુખી થઇ ગયા છે, તો પણ પોતાની જુદાઇથી તેઓ લગભગ આખા પારસી ટોળાને ગમ તથા માહેતમમાં ગીરફતાર કરી ગયા છે. "સુધારા-વાળા" પારસીઓ સામે અનેક પારસી ધર્મીઓ લડત ચલાવે છે, પણ મનસુખની લડત સાથ સરખાવતાં તેઓ સિંહ આગળ જાણે કોહલાં હોય તેવા લાગે છે. સુધારાવાળો પક્ષ આજે પારસીઓમાં સહુથી બલવાન, માત-બર, વગવાળો અને છાપાના હથ્યારવાળો છે. તેવા પક્ષ સામે લગભગ અર્ધી સદી સુધી, પોતાની રંક તથા એકલવાઇ સ્થીતિ છતાં ફકત "કામડીની તરવારે" લડવું તેમાં ટકી રહેવું, અને ફાવવું. એ એક મોજેજો છે, અને "આપણા મી૦ મનસુખ" ખરેખર એવો એક મોજેજો કરી ગયા છે. અમે ધારિયે છિયે કે, સુધારા પક્ષમાં આ મરણથી હવે "ઘીએ દીવા" પુરાશે, અને મુએલા વાઘપર હથ્યાર મારવાની તેમની રૂઢી પ્રમાણે તેમનાં વાજીંત્રોમાં, રણ-ક્ષેત્રમાં મુએલાં પડેલાં તેમના આ પરાક્રમી શત્રુ વિરૂદ્ધ કદાચ તરેહવાર બખાલા નિકલશે. પણ તેથી શું વળ્યું? એક નામાંકીત ખ્યાલી કવી કહી ગયો છે તેમ;=

બાહીં પકડી સો ભાઇ પાર ઉતારા' એસેકી કરના આશનાઇ, કોઈ કહે કુચ ઓર કોઇ કહે કુચ—પણ ઉને તો અપની બજાઇ!

(એક હીંદુ ધ્રસ્તની માલેકી હેઠલ ચાલતું આ પત્ર છે. મરહુમ મી૦ મન-સુખની સબીબી આ લખાણને મથાલે આપવામા આવી હતી.)

"જામે જેહાંનુમા."

સનીવાર તા૦ ૨૫ મી જાનેવારી ૧૯૦૨.

એક જનુંની સિંહ—મી૦ મનસુખનું મરણ.

આ જુઠી જહાનના ગુલશનનુ બોલકણું બુલબુલ મોતને શરણુ થયું છે; તે બુલબુલનો મીઠો દીલજીત આવાજ ગુમ થયો છે, જેના ગુમ થવા સાથે જુના વિચારનો સંગીન બાગ સદાનો વયરાન થઈ પડયો છે. કારણુ કે મનને સુખ આપનાર બાગનો ખડતલ માળી મોતની ફરતી ઘંટીના ચકરાવામાં મજબુર બની ચુર થઇ ગયો છે, ચાલતા માસની તા૦ ૧૯ મીની રાતે પારસી કોમનો ચુનંદો. કવિ, લેખક, ભાષણુ કરતા અને ફારસી જબાનનો ઉસ્તાદ ૭૫ વરસની ઉમરે એકદમ હરુદય કામ કરતું બંધ પડવાથી મીટીમાથી ઉગી નીકળી મીટીમાજ ગર્ક થયો છે. મલકુલ મોતે કોણુને તારાજ કીધાં નથી કે મનસુખને બાકાત રાખે! મનસુખના આ જહાન છોડી જવાથી મરનારની વિરૂધ્ધ પક્ષ પણુ ગમનું આસું ખેરવ્યા વિના રહેશે નહીં એમાં તો કશો શક નથી; કારણુ કે મરનારે પોતાની ખંત અને કાળજીના જોરે પારસી અકાબરોની બહુ અચ્છી સેવા બજાવી છે. મતફેર વગરની બાબદની હસ્તી તો હોયજ કયાંથી? જો કે મરનારના વિચારો બાહાર પાડવાની રૂઢીથી બીજા સમજુઓ અળગ હતા, તોપણુ મરનારના ખુદ વીચારોમાં કેટલી બધી દુરઅંદેશી અને દાનાઇ હતી તે તેઓથી પણુ છુપી હતી નહીં. મરનારે કદાચ હદમાંજ રહી પોતાના કીંમતી અને ઉપયોગી વિચારોને બાહાર આણ્યા હોત તો મરનાર મનસુખની કદર તેમની જીવતી જીંદગીમાંજ એકેએક પારસી બચ્ચાથી બુઝાવા વિના રહેતે નહીં. પણુ કમનસીબે મરનારે પોતાના સ્વતંત્ર વિચારોના બેલગામ ઘોડાને એવો તો છોડી મેલ્યો હતો કે લગામ વિનાનો આ ઘોડો કેટલીકવાર તેની નેમેલી હદ વટીક કુદાવી જતો હતો. ગમે તે કહો, પણુ મરનારની ખુટ પુરાવવી મુસ્કેલ છે. આવો મનસુખ પારસી કોમને ફરીથી મળે એ અમોને શક છે. ખરેખર સુધારાના અતેરાંને તેની ગળચીમાંથી પકડી ઉઘાડાં પાડી જમીનદોસ્ત કરવાને આપણી કોમમાં આવા અનેક મનસુખની મોટી જરૂર છે. મરનારની મનશની પ્રમાણે મરનારનું મોત પણુ ખુશાલ નિપજયું છે. ખચીત, ભલાં અને ઉપયોગી માણુસો વહેલાંજ મરે છે, એ મરનારના બાબમાં બનેલા વધુ દાખલાથી વધારે સિદ્ધ થયું છે. મરનારના કુટુંબ તરફ દીલસોજી પુરતી છે.

કવિત

ચેત ગ્નાની ચેતી લે કે વખત હયાં નહીં મળશેરે,
પળ બિછાને લેટી લે કે ઉઘમાંજ જમડો ટાંપશેરે.

"મુંબઇ સમાચાર."

મંગળવાર, તા૦ ૨૧ મી. જાનેવારી ૧૯૦૨.

મી૦ મનચેરજી કાવસજી મનસુખનું મરણ.

મી૦ મનચેરજી કાવસજી લંગડાના અથવા "મનસુખ" ભાયખલા ખાતેના પોતાના રહેવાના મકાનમાં ગઇ કાલે સહવારે છાતીના ધબકારા એકાએક બંધ પડી જવાથી હક થયા હતા. મી૦ મનસુખની વય પંચોતેર વરસની હતી અને પોતાની જીંદગીના છેલા દીવસ સુધી તેઓ તદન તનદરોસત હાલતમાં હતા. માત્ર ગયે અઠવાડયેજ તેઓએ રાહનોમાય સભાનાં કેટલાંક ભુલભરેલાં કામોને વખોડી કાહાડનારૂં એક વધુ ભાષણ આપયું હતું. ગયા શનીવારે તો એક પારસી કલબના ખાણાં ઉપર તેઓ બીરાજયા હતા, અને ત્યાં રાહનોમાય સભાની સામે આપવાને પોતે તઇયાર કરેલાં એક વધુ ભાષણની વીગત આપી હતી, અને તે સાંભળી તેમને માટે ખુશહાલીના પોકાર ઉઠાવવામાં આવયા હતા. ગઇ કાલે પાછલી રાત્રે ત્રણ વાગે તેઓ એકાએક માંદા પડી ગયા અને બે કલાકમાં તો પોતાનો પ્રાણ તે કીરતારને હવાલે તેઓએ કીધો હતો. મી૦ મનસુખ પોતાની નાની ઉમરે વેપારવણજમાં પડયા હતા. અને ચીનની મુસાફરી કરી આવયા હતા. ચીનમાં તેઓએ પોતાના બીજા કુટુંબીઓની સાથે મોટા પાયા ઉપર વેપાર ચલાવવા માંડયો હતો પણ કમનસીબે વેપારમાં તેમની પેહેડીને ભારે ખોટ જવાથી મી૦ મનસુખે વેપાર છોડી પોતાનું મન સાહીતયની બાબતો ઉપર દોડાવયું હતું અને પોતાની કવીતાઇ શકતી અને રચેલાં કાવયો માટે સારી નામના મેળવી હતી અને કેટલાકો તેમને મનસુખ શાએરને નામે, પણ ઓળખતા હતા. તેઓ ફારસી ભાષાનું બહુ ઉંચું ગ્નાન ધરાવતા હતા અને જાણીતા ઇરાની શાએર ફીરદોસીના શાહાનામા તથા બીજા ફારસી પુસતકોનો ગુજરાતી ભાષામાં તેઓએ બેતબાજીમાં તરજુમો છપાવયો હતો. તેઓ પોતાની પાછળ અસલી પારસી ઇતીહાસને લગતા સંખયાબંધ પુસ્તકો મેલી ગયા છે જેમાં પારસી કોમની ધરસંસારી અને ધારમીક બાબદો

ઉપરના કેટલાક નીબંધો અને નુકતેચીની કીધેલાં પુસ્તકો પણ છે. તેઓ પારસીઓમાં ચાલતા આવેલા અસલી વીચાર આચારના ચુસ્ત હેમાયતી હતા, અને તેઓ જોકે સુધારાની વીરૂધ નહી હતા, તોપણ સુધારાને નામે પારસી સંસાર માટે ચલાવવામાં આવતી લડત અને તે ચલાવનારાઓ તરફ તેમની પસંદગી ઉતરી નહી હતી. તેમની વીરૂધમાં વરતમાન પત્રો, ચોપાનયાં અને ભાષણોદવારા તેઓ ઘણી ગરમાગરમ અને જુસ્સાદાર તકરાર ચલાવતા હતા. તેઓએ પોતાના વીચારોથી પારસી આલમ ઉપર અસર કરવા માટે પ્રથમમાં "યજદાં પરસ્ત" પત્રમાં લખાણ કરવા માંડયાં હતાં, અને તે પછી "સત્ય મીત્ર" નામનું એક અઠવાડીક પત્ર છપાવવાનું શરૂ કીધું જેણે કેટલોક વખત સુધી પારસી આલમનું ઠીક ધયાન ખેંચયું હતું. પાછળથી કેટલાક નઠારા સંજોગોને લીધે એ પત્ર તેમને બંધ કરવું પડયું હતું. તે છતાં તેઓએ હારી ન ખાતાં ચોકસ કહેવાતા સુધારાઓ વીરૂધ જાહેરમાં ભાષણો આપવા માંડયા, જે તેઓએ લગભગ અંતની ઘડી સુધી ચાલુ રાખયાં હતાં. પારસી બાળકોને ધરમની કેળવણી આપવા સંબંધી ચરચા ઉભી કરવા અને તેનું કામ હાર પાડવામાં તેઓએ આગેવાન ભાગ લીધો હતો. બંદગી ગુજરાતીમાં અને ગુજરાતી ગાયનોમાં કરવાની અવીચારી હીલચાલના તેઓ મજબુત વીરોધી હતા, અને ધરમ કમીટીની યોજનામાંથી તેવી બંદગી કરવાની દરખાસ્ત કહાડી નખાવવામાં પણ તેમનોજ મુખય હાથ હતો. તેઓ એક જુના ફ્રીમેસન પણ હતા.

"નગર ચર્ચા."

સોમવાર, તા૦ ૨૦ મી જાનેવારી ૧૯૦૨.

મી૦ મનચેરજી કાવસજી મનસુખનું મરણ.

સુધારાની સામે થનાર ધરમ ચુસત કારકીરદીનું ખતમ થવું.

જાણીતા શાએર, લેખક અને વકતા મી૦ મનચેરજી કાવસજી લંગડાના, કે જેવણ સામાનય રીતે મી૦ મનસુખ તરીકે પારસી કોમમાં પ્રખયાત થયલા હતા તેવણનાં આજે પાછલી રાતના ચાર કલાકે એકાએક દીલના ધબકારા બંધ થવાથી નીપજેલાં મરણની નોંધ લેતાં દલગીરી ઉપજે છે. મરનાર ફારસીનાં ખાં હતા અને તેવણે જાણીતા ફારસી શાએર ફીરદોસી તુશીના પ્રખયાંત શાહનામાનો ગુજરાતી બેતોમાં તરજુમો કરયો હતો, જે

ઉપરથી તેમના કેટલાક મીત્રો તેમને ઘણીકવાર "આ જમાનાના ફીરદોશી" તરીકે પણ બોલાવતા હતા. મરનારની વય ૭૫ વરસની હતી અને સેવટ સુધી તેવણે પોતાના શરીર તેમજ મગજની ઓસ્તવારી જાળવી રાખી હતી, એટલી હદ સુધી કે માત્ર થોડા દીવસ ઉપર તેવણે દેશી નાટકશાળામાં રાહનુમાય સભાની સામે પારસીઓના એક મોટા મેળાવડા સનમુખ પોતાની સરેસટાની છટા સાથ ભાષણ વટીક કરયું હતું. મરનારના જેવું મજબુત શરીર ધરાવનાર એટલીજ ઉમરના પારસીઓ આજે જવલેજ મલી આવશે. મરનારનો જનમ નવસારી ખાતે થયો હતો અને ૭૦ વરસની વાત ઉપર તેવણ ૮ વરસના એક છોકરા તરીકે મુંબઇ આવી પોતાના ફુઇ ફુવાને આસરે રહયા હતા. તેવણ ખુંધા મેહતાજીને ત્યાં કેળવણી લઇ શા૦ નરસીદાસ નામના વાણીયાની પેહડી ઉપર રહયા હતા. પછી એલફીનસટન સકુલમાં કેળવણી લઇ "ધી મોનીટર" નામના પત્રનું અધીપતીપણું ચલાવીયું હતું. તેવણે તબીબી કેળવણી લેવાની તજવીજ પણ કરી હતી. બાદ ચીન ખાતે ગયા હતા ને પછી મુંબઇ આવી એક સુભાષીત વકતા તરીકે જાણીતા થયા હતા. મરનારની ખાસ વલાંણ પારસી ધરમ સંબંધી હતી અને તેથી ધરમ અને સંસાર સંબંધી સુધારાઓ કરવાને ઉભી થયલી રાહનુમાય સભાની સામે મરનારે સેવટ સુધી લડતો ચલાવી એ સભાથી થયલા સુધારાઓની ઝાટકણી કહાડી હતી. મરનારે ફીરદોશીનાં શાહનામાનાં જાહેર વાંચણો શરૂ કરયાં હતાં અને તેનો બેતબાજીમાં તરજુમો કરી પંકાયા હતા. મરનારે લાંબો વખત સુધી પોતાની માલેકી અને અધીપતીપણાં હેઠલ જાણીતું અઠવાડીક ગુજરાતી પત્ર "સતય મીત્ર" ચલાવયું હતું, જેમાનાં ધરમ તથા સંસારી સુધારા સામેનાં તીખાં તમતમતાં લખાંણો ભારે હોંશથી વંચાતા હતાં. શેર સટાની મોહકાણ, મરનાર નામદાર મહારાણીજી વીકટોરીયાનાં પતી પ્રીન્સ કોનસરટ વગેરે વગેરે બાબદો ઉપર બેતો જોડી હતી. તેવણે તવારીખ, નીતી, ફીલસુફીકાવય અને કથા કાહણીને લગતાં આસરે ત્રણ દજન પુસતકો લખયાં છે, જેમાનું "ગંજનામું" નામનું તેવણનું છેલ્લું મોટું પુસતક આજે બહુ વખણાય છે. પશ્ચીમ તરફનાં સાહીતયનાં પણ મરનાર એક અથંગ અભયાસી હતા અને કેટલાક જરમન કવીતાઓના તરજુમા કરયા હતા. મરનારની છેલ્લી જાણીતી કારકીરદી પારસી ધરમની કેળવણીનો ફેલાવો કરનારી કમીટીનાં સંબંધમાં તેવણે બજાવેલા ભાગને

લગતી હતી. કમીટીની દરેક સભામાં હાજરી આપી તેવણુ સદા આપઅ-ખતયાર તકરાર ચલાવતા હતા, જેમાં ખાસ કરી મરનારનીજ લડતને લીધે ગાયન રૂપી બંદગી કમીટીની યોજનામાં દાખલ થતી અટકી હતી. સામટી રીતે લેતાં મરનાર એક ધરમ ચુસત ઉપયોગી પારસી અને શેહરી હતા. પારસી મધયમ વરગમાં મરનાર બહુ માનીતા હતા અને તેમનાં ભાષણો સાંભળવાને તુટાતુટ પડતી હતી. મરનાર ગઇ કાલે સાંજનાં ઘરમાંથી બહાર ગયા હતા અને રાત્રે આપા બાગમાં ખાણું લઇ ૧૦॥ કલાકે ઘરે પાછા ફરી સુતા હતા. બાદ બે કલાકે ઉઠી તેવણે છાતીમાં દુખાવો થવાની ફરીયાદ કરી હતી અને તેના સંબંધમાં ઘરગટુ ઉપાયો લેવામાં આવતા હતા, પણુ તેટલાં માત્ર એજ કલાકમાં મરનારે પોતાનો પ્રાણુ કીરતારને હવાલે કરયો હતો. મરનાર ખુશ મીજાજી અને શોખીન હતા અને તેવણુ વગરના મેળાવડાઓ તેમના મીત્રોને સદા લુખા લાગતા હતા. મરનારનાં રવાનને આજે પાછલા પોહરે અવલમંજલ પોંહચાડવામાં આવશું હતું, તયારે તેમની પાયદસ્તે જાણીતા પારસી ગ્રહસ્થોની એક મોટી સંખયા હાજર થઇ હતી.

(આ પત્રમાં ઉપલાં લખાણુને મથાલે મરહુમનુ ચીત્રબીઆપવામાં આવ્યું હતું.)

"અખબારે સોદાગર."

મંગલવાર, તા૦ ૨૧ મી જાનેવારી ૧૯૦૨

મી૦ મનચેરજી કાવસજી મનસુખનું મરણુ.

જણુાવવાને દલગીરી ઉપજે છે કે મી૦ મનચેરજી કાવસજી શાપુરજી લંગડાના જેવણુ મી૦ મનસુખના નામથી પારસીઓમાં ઓળખાતા હતા, તેવણુ માત્ર બે કલાકની રહેજ માંદગી ભોગવી હરૂદય બંધ પડી જવાથી ગઇ પરમ દીને પાછલી રાતે ૪॥ કલાકે ભાયખલા ખાતેનાં પોતાનાં રહે-વાનાં મકાનમાં મરણુ પામયા છે.

મી૦ મનસુખ ગયા રવીવાર સુધી પુર તનદરોસતીમાં હતા. તેવણુ ગયા સનીવારે દરીયા કીનારે ફરવા ગયા હતા અને ચરચગેટનાં સટેશન નજદીક બાંક ઉપર પોતાના મીત્રો અને ગોઠયાઓને મળયા હતા. ગયા રવીવારે સાંજે તેવણુ સાંજના ચાર વાગે પોતાને ઘરથી બહાર નીકળયા હતા અને મી૦ રૂસતમજી ફ. વહાડયા તથા બીજા દોસત આસનાવોને

મળી રાતે સાત વાગે ચરનીરોડ ઉપર આવેલા આપાબાગમાં ખાણું લેવા ગયા હતા. તેવણુની તબીયતમાં તે વેળાએ સેહેજ બીગાડો થયલો હોવો જોઇયે કારણકે તેવણુ હમેશાં ખાણુંને જેવો ઇનસાફ આપતા હતા તેવો ઇનસાફ એ દીવસે આપી નહી શકયા હતા. ખાણાં ઉપરથી તેવણુ ઘરે સવાદશ વાગે પાછા ફરયા હતા અને તુરત બીછાણે ગયા હતા. રાતના આશરે બે વાગે તેવણે છાતી દુખવાની ફરીઆદ કીધી હતી. તુરતજ ઘરગતુ ઉપાયો લેવામાં આવયા હતા, પણ સાડાચારનો અમલ થતાં તેવણે પોતાનો પ્રાણુ છોડી દીધો હતો. એવું જણાવવામાં આવે છે કે હરૂદય બંધ થઇ જવાથી તેવણુનું મરણ નીપજ્યું હતું.

મી૦ મનસુખ ઘણા તનદરૂસત હતા અને તેવણુના જેવા કદાવર અને જોરાવર પારસીઓ ઉઘરતા જમાનામાંથી મળી આવવા મુશકેલ છે. આજકાલના નબળા પારસીઓને તેઓ વારંવાર શારીરીક કેળવણી લેવાને ભલામણ કરતા હતા અને ખસુસ કરીને અભયાસીઓને તેવણુ તાવદાનના નામથી ઓળખી જયારે પણ પ્રસંગ આવે તયારે તેઓનાં મન ઉપર તનદરોસ્તી જાળવવાના પાઠોની છાપ મારતા હતા.

મી૦ મનસુખની જીંદગીનું ટુંક વરૂતાંત.

મરહુમ મી૦ મનચેરજી કાવસજી શાપુરજી ઉરફે મનસુખના હાથે લખાયલાં ગંજનામાવાળાં પુસતકમાં મી૦ રૂસતમજી હોરમસજી ખુરશેદજીએ મી૦ મનસુખની જીંદગીનું વરૂતાંત લખયું છે, જે ઉપરથી નીચલો સાર અમો આપયે છીયે:—

મી૦ મનસુખે લખેલાં પુસ્તકો.

મી૦ મનસુખે પોતાની જીંદગી દરમયાન નીચલાં પુસતકો તઇયાર કરયાં હતાં:-મનસુખી ગંજનામું, ગુજરાતી શાહનામા, એહવાલે જંદ અવસતા, પ્રીનસ ઓલબરટ અને વીકટોરયાનો હેવાલ, જમશેદી નવરોજ, શેર ને સટાબાજી, પારસી પાદશાહોની તવારીખ, મુનતખબે શાહનામે, બેતરીતી, મનસુખી નીતીવચન, કાઉંટ ગોબીનોએ બનાવેલી ખીલારોકા હરકો વાંચવાની રીતનો તરજુમો, મનસુખી મનાજાત અને અરજ ગુજારી, પારસીઓના ધારા વીશે તકરાર, સર જમશેદજી બારોનેટ, પારસી ધારાની ખામી અને ગફલતી ઉપર કીધેલી નુકતેચીની, નામ સેતાએશને, શાહીન

નદીનાં ગીતો, ગ્નાન ગરબી, નવી પારસી પંચાયત ઉભી કરવા વીશેનાં ભાષણો, આતશના કેબલાની ખુબી વીશેનો રેસાલો, ફરૂગેઆઇન જરથોસતીઓએ બંદગી અવસતા ભાશામાંજ કરવી જોઇએ તેનો રીસાલો, વગેરે. મરહુમે "સતય મીતર" નામના એ પત્રનું અધીપતીપણું કેટલોક વખત ચલાવયું હતું અને તે તેમની માંલેકી હેઠળ રહેલું હતું.

મી૰ મનસુખનો જનમ.

મી૰ મનસુખનો જનમ નવસારી ખાતે આસરે ૭૬ વરસની વાત ઉપર લંગડાવાડ નામના મોહલામાં થયો હતો. એમના માબાપ ગરીબ અવસતામાં હતાં. તેમના બાપદાદાનો ધંધો વેહલવાણ એટલે ગાડી ભાડે આપવાનો, ખેડુતનો, વણકરનો અને એવી તરેહનો હતો. મી૰ મનસુખન એક વડવા એક પગે જખમી હોવાથી તેઓ પગે લંગડાતા હતા અને તે ઉપરથી તેમની અટક લંગડાના પડી હતી. માણેકજી નામના મોબેદને હાથે મી૰ મનસુખે પહેલી તાલીમ લીધી હતી.

મી૰ મનસુખે લીધેલું શીક્ષણ.

મુંબઇમાં તે પછી મી૰ મનસુખ આવયા અને તેઓએ "ખુંદા મેહેતાજી" નામે ઓળખાતા એક મહેતાજીની નીશાળે શીક્ષણ લીધું. તે પછી કાકા પારેખની પેહેદીએ તેઓ કામે વળગયા. તયાંથી તેમની બદલી શાહ નગીનદાસ નામના એક વાણ્યા વેપારીની પહેડી ઉપર અને તયાંથી વીકાજી મેહેરજીની પહેડી ઉપર થવા પામી. તેમના ફુવાનો તેમની ઉપર ઘણોજ તરાહસ અને જુલમ હતો, જેમાંથી વીકાજી ખાનદાનના રૂડીબાઇ નામના એક બાનુએ છોડવી મી૰ મનસુખને તેઓએ પોતાના ઘરમાં રાખયા. મી૰ મનસુખના માતા અને પીતા આ વેલા ગુજરી ગયલાં હતાં. બાઇ રૂડીબાઇની સમજાવતથી મી૰ મનસુખના ફુવાએ મી૰ મનસુખને ભણવા અરથે પાછા સરકારી નીશાળે બેસાડયા. મી૰ કાવશજી ગાંધીનો તેમને ટેકો હતો તેમજ શેઠ બાપુજી વીકાજી તરફથી તેમને ઉતેજણ મળતું હતું. આ વેળા મી૰ કાવસજી ચીન ગયલા હતા. થોડા વખતમાં મી૰ મનસુખ એલફીનસટન સકુલમાં દાખલ થયા જે વેળા તેમને ઘણી મુશકેલીઓ વેઠવી પડી કારણ કે મી૰ બાપુજી તે વેળા બાહેરગામ ગયલા હતા.

કાદરમીયાં.

મી૦ મનસુખના ફુઇ તેમની પાસે દરરોજ બજારમાંથી સાંમન મંગાવતા અને મી૦ મનસુખ બજારમાંથી કાદરમીયાં નામના ગોસવાળા પાસેથી ગોસત લેતા, જ્યાં કાદરમીયાં મી૦ મનસુખને એક દોઢયુ મીઠાઇ ખાવાને આપતો.

સ્કુલમાં ઈનામ.

મી૦ મનસુખને એલફીસટન સકુલમાં દાખલ થતાં દશ રૂપયાનું બીજું ઇનામ મળયું હતું, અને મી૦ મનસુખે તે રોકડ રકમ નહીં લેતાં તેમાંથી ચોપડીઓજ ખરીદીને આપવાને તેઓએ પોતાના શીક્ષક મી૦ બાલ ગંગાધર શાસ્ત્રીને જણાવયું. મી૦ કાવસજી આ વેળા મુંબઈ આવવા અને તેઓએ ચરચલેનમાં આવેલી મી૦ મેનવારીંગની સકુલમાં મી૦ મનસુખને બેસાડયા અને તેઓએ મી૦ મનસુખના ચાર વરસના પગારનો બંદોબસત કીધો અને તેઓ ચીન પાછા ફરયા.

વરતમાન પત્રો.

તે સકુલના અંગ્રેજ છોકરાંઓ તરફથી એક અઠવાડીક પત્ર કહાડવામાં આવતું હતું અને તેની સાથે મી૦ મનસુખે "મોનીટર" નામનું પત્ર કહાડવા માંડયું. તેજ સકુલમાં મી૦ મનસુખે ફારસી ભાષાનો પણ અભયાસ કરવા માંડયો. ૧૮૪૬ નાં વરસમાં સકુલની માલેકીમાં ફેરફાર થયો અને મી૦ જે નામનો યુરોપીયન તેનો માલેક થયો અને અને તેણે મી૦ મનસુખને સકુલના એક શીક્ષક તરીકે રાખયા. તે વેળા ગ્રાંડ મેડીકલ કોલેજ પહેલી સથાપવામાં આવી અને તેમાં અભયાસ કરવાને જેઓને નોતરવામાં આવયા હતા તેમાં મી૦ મનસુખ પણ તયાં બે દીવસ તેઓએ ભરયા પછી ફુઇ ફુવાના તરફથી દબાણ થવાને સબબે તેઓએ છોડી દીધું.

ચીન ખાતે રવાનગી.

૧૮૪૮ માં મી૦ કાવસજી તરફથી તેડું આવતાં તેઓ ચીન જવાને મુંબઇથી ઉપડી ગયા. રસતામાં મી૦ મનસુખ સેહેજ બીમાર થયા તેટલાં એક જબરૂં તોફાન ચહડી આવયું. આખરે તેઓ હાંગકાંગ પુગયા અને તયાંથી બીજી સટીમરમાં બેસીને તેઓ કનતાન ખાતે જઇ પુગયા અને તયાં મી૦ કાવસજીને તેઓ મળયા. તયાં તેઓએ આંઠ વરસ ગુજારયાં.

કનતાન ખાતેનું કેટલુંક વરણુન તેઓએ મી૦ સોરાબજી શાપુરજી બંગાલીને હસતક છપાતાં જગત પ્રેમી નામના ચોપાનયાંમાં છપાવયું હતું.

એક પાદરી સાથે ખટપટ.

રેવરંડ વીલીઅમસ નામના એક પાદરીએ દર વરસના રાબેતા મુજબ એક કેલેનડર છપાવયું જેમાં પારસીઓના શેહેનશાહી અને કદમી ટોળા વીશે વીવેચણુ હતું અને મી૦ મનસુખે તે વીવેચણુનો જવાબ હાંગકાંગ ખાતે પ્રગટ થતાં "ફ્રેડ ઓફ ચાયના" નામના પત્રમાં છુપે નામે આપયો. તે પાદરીને ખરા લખનારનું નામ જણાયું અને તેણે મી૦ કાવસજીને તે વીશે કહ્યું જે ઉપરથી આવાં લખાણુ કરી તોફાન મચાવવાનું જણાવી મી૦ કાવસજી મી૦ મનસુખ ઉપર ગુસે થયા. મી૦ કાવસજીનો વાંધો એ હતો કે વેપાર ધંધો ચલાવતી વખતે બીજી ખટપટમાં પડવું જોઇયે નહી. ૧૮૫૧ ના વરસમાં મી૦ કાવસજી પોતાની પહેડીનો સઘળો વહીવટ મી૦ મનસુખને સોંપીને મુંબઇ આવયા.

"મનસુખ" નામનો ખુલાસો.

મી૦ કાવસજી તરફના ધાકને સબબે મી૦ મનસુખ પોતાના લખાણોની નીચે મનસુખ નામ મુકતા હતા અને એક હીંદુનું નામ રાખવાની મતલબ એજ હતી કે મી૦ કાવસજી તેથી અંજાણુ રહે. ૧૮૫૭ ના વરસમાં મી૦ કાવસજી મરણુ પામયા.

એક કવીતાથી ઉઠેલું તોફાન.

"કનતાનનો બાગ" એવે નામની એક કવીતા મી૦ મનસુખે જગત પરેમી ચોપાનયામાં છપાવી અને તે કનતાન ખાતે વંચાતા તુયાં ગડબડ થવા પામી. યાહુદીઓ અને ખોજાઓના મનમાં તેથી બુરૂં આવયું અને મી૦ અબદુલ્લા સાસુને મી૦ મનસુખ સાથનો સંબંધ છોડી દીધો. તે પછી બખેડો જાગવાના ચીનહો જણાવા લાગયાથી તયાંના અંગ્રેજ સરકારના પ્રતીનીધી મી૦ એલમઝલીએ કનતાનની શામેની નદી ઉપર અંગ્રેજ મનવાર મંગાવી રાખી.

થયલી સમાધાની.

તે કવીતામાં ખોજા કોમના માણુસોને ખડતલ જણાવવામાં આવયા હતા પણુ બીજાઓએ તેનો ખોટો ઉપયોગ કરયો હતો. મી૦ હાજીભાઇ

નામના એક ખોજા ગ્રહસથે આ ભુલ ભાંજી અને પાછી સમાધાની થવા પામી. તે પછી પહેડીના ચોપડામાં કાંઇ ગોંટાલો જણાયો અને મહેતાની ભુલ ઠરાવી તે ચોપડા ઉપર મી૦ મનસુખે એક લાંબી મીનીટ કીધી. ૧૮૫૫ ના વરસમાં મી૦ મનસુખ મુંબઇ પાછા ફરયા અને ઉપલી ખટ-પટનો તે પછી નીવેડો આવયો. મી૦ મનસુખનો એક પુત્ર મહેરવાનજી સાત વરસની ઉમરે શીતળાના રોગથી ૧૮૫૨ નાં વરસમાં મરણ પામયો.

જાહેર મંડળી સાથના સંબંધો.

મી૦ મનસુખના જાહેર સંબંધો ૧૮૫૫ થી શરૂ થાય છે. એ વરસથી "જરથોસતી છોકરીઓની નીશાળ મંડળી" અસતકથી અપાતી કેળવણી માટે કરેલી કમીટીમાં એવણ ભાગ લેવા લાગયા હતા પણ પાછલથી મતફેર પડતાં તેવણે એ ખાતાં સાથનો સંબંધ હંમેશનો છોડયો હતો.

જમશેદી નવરોઝ.

જમશેદી નવરોઝનું પારસીઓનું જશન કરવાની એક મંડળી ૧૮૬૨ ના મારચ મહીનામાં ઉભી કરવામાં આવી હતી. એમાં કામા ખાનદાનનાં તથા બીજા ઘણાએક ગ્રહસથો સામેલ થયા હતા અને તેને લગતા ખરચ માટે એક ફંડ સથાપયું હતું. એ તેહવારના દીવસને નવા સાલનો દીવસ ગણવામાં સમજુતી થઇ હતી અને મી૦ મનસુખે એ હીંગામ ઉપર "જમશેદી નરોઝ"ના નામની ચોપડી બહાર પાડી હતી તેમાં ઇરાનના એ નામીચા પારસી તેહવારની તવારીખને લગતી શાહદતો લખી જાહેર કરવામાં આવી હતી.

જરથોસતી ધરમ અને કીયા ઉપર એતેકાદ વધરાવનારી મંડળી.

મી૦ મનસુખ તરફથી "જરથોસતી ધરમ અને કીરીયા ઉપર એતે-કાદ વધરાવનારી મંડળી" હસતીમાં આવી હતી. ખેતવાડી ખાતે વસનારા જરથોસતીઓની એક સભામાં ભાશણો કરતાં તથા તકરારો ચલાવતાં મરહુમ મી૦ દાદાભાઇ એજનજી કાતરક તરફથી આશરે ૭ હજાર રૂપયા મી૦ મનસુખની મારફતે અવલમાં મળયા હતા. એ નાણાંનો કેવો ઉપયોગ કરવો તે માટે એક કમીટી નેમાઇ હતી અને તેમાંથી ઉપલી મંડળી ઉભી થઇ હતી.

મુલ્લાં ફીરોજ મદરેસા.

મુલ્લાં ફીરોજ મદરેસાની સકુળની કમીટીના તેવણુ એક સભાસદ અને ઓનરરી સેકરેટરી હતા અને સકુળમાં અપાતી કેળવણી પાછળના સંબંધમાં કામ કરતા હતા. "મુનતખએ શાહનામે" તથા "ફરૂગે આઇન' નામની ફારસી ભાષાની કેતાબો મી૦ મનસુખે તઇયાર કરી છપાવી એ મદરેસામાં દાખલ કરી હતી.

જાહેર લખાણો.

જાહેર ભાશણો અને જાહેર લખાણો મી૦ મનસુખ કરતા હતા. તેમાં તેવણુના ટીકા ઘણીકવાર તેવણુના મીત્રો વટીકને પસંદ પડતા હતા નહી. વીસ વરસ સુધી તેવણે "સતય મીત્ર" પત્ર ચલાવયું હતું જેમાં તેવણે ધરમ સંબંધી લખાણો કરયાં હતાં. એ તકરારી લખાણોથી મી૦ મનસુખના પુશકળ મીત્રો વટીક દલગીર અને દુશમનો થયા હશે તેમાં શક નથી.

શાહનામુ.

ફીરદોશી તુશીના શાહનામાની તવારીખના ભાગોનો તરજુમો કેટલીએક સરતોને આધારે કરવાનું કામ મરહુમ મી૦ રૂસતમજી જમશેદજીની ફરમાસથી મી૦ મનસુખે માથે લીધું હતું પણ તેનો તેવણે સઘળો તરજુમો કરયો હતો નહીં. મી૦ મનસુખે કેટલોએક અગતનો ભાગ પ્રગટ કરયો છે અને તે પુસતકનું નામ "ગુજરાતી શાહનામુ" રાખેલું છે. કેટલીક મુદત સુધી એજ ફારસી શાહનામાના જાહેર વાંચણો અને ભાષણો મી૦ મનસુખે આપયાં હતાં.

મનસુખી ગંજ નામું.

મી૦ મનસુખે જુદી જુદી બાબતો ઉપર જે જે લખાણો કરયાં હતાં તેમાંની કેટલીક બાબતો ઘટતા ફેરફાર તથા ઘટતા સુધારા અને વધારા સાથે તેવણે "મનસુખી ગંજનામા"માં પ્રગટ કરયાં છે.

એક ઉમેદ.

ત્રીજી આવરૂતીના દીબાચામાં મી૦ મનસુખ લખે છે કે "હવે પછી બીજી ઉપયોગી અને મોટી યાદગારી ભરેલી બીજી બાબતોનું એક બીજુ મોટું પુસતક બાહેર પાડવાનો એરાદો રાખયે છઇયે તે એરાદો પાર ઉતારવાને તે પરવરદેગાર હમોને સામરથવાન અને સુખાકારી ભરેલા રાખે

એવુંજ મોટી નમ્રતાઇ સાથે ચ્હાઇએ છીએ." તેવણની આ ઉમેદ યમદેવે પાર પારવા દીધી નથી.

મી૦ મનસુખે પાછલી જીંદગી ભાષણો કરવામાં ઘણીખરી ગુજારી હતી. તેવણના છેલ્લાં ભાષણો રાહનુમાય સભાના સંબંધનાં હતાં.

મરનારની પાયદસત ગઇ કાલે સાંજે કહાડવામાં આવી હતી જ્યારે તેવણના ઘણા મીત્રો અને વખાણનારાઓ તેવણને સેવટનું માન આપવાને હાજર થયા હતા.

"જામે જમશેદ."

મંગલવાર તા૦ ૨૧ મી જાનેવારી ૧૯૦૨.

મી૦ મનચેરજી મનસુખનું અચણુચ મરણ.

મી૦ મનચેરજી કાવસજી મનસુખ, જેવણ પોતાના વીચારની વીરૂધવાળાઓની વીરૂધ ભાશણ કરવાને ગયાં અઠવાડયાંની અધવચ પછી પણ એક નાટકશાળાના તખતા ઉપર ઉભા રહી, એક કલાક સુધી ભાશણ કરી ઉતરયા હતા, જેવણ ગયા રવીવારે પણ પોતાના રાબેતા મુજબ કલબમાં રાતે ખાઇપી ઘર આવી સુઇ ગયા હતા, તેવણ મધરાત પછી બીછાના ઉપરથી ફરીઆદ કરવા લાગા કે તેવણની છાતી અતીશય દુખે છે. તબીબી મદદ તુરત બોલાવવામાં આવી, પણ તેવી કાંઈ મદદ આવી પુગે તે અગાઉ, હરદય કામ કરતું અટકી પડવાથી તેવણ મરણ પામ્યા છે. એવાં અચણુચ મરણે આસપાસનાઓને વધુ બોધ આપ્યો છે કે તમો મુદઇઓને માહત કરવાની ગમે એટલી લડતો ચલાવો, પણ મોત જો માથે લે તો એક ટુકારામાં તમને કચડી શકે છે, અને તેજ મુજબ મી૦ મનસુખ મુદઇઓને માહત કરવાની જબાંદરાજીના ગમે એવાં જોર છતાં, મોતની સામે સેહેજ પણ ટકી શકયા નહી.

તેવણનો જનમ નવસારી કસબાના તેવણના કુટુંબી નામવાળાં લંગડાવાડમાં થયો હતો. આઠ વરશની વયે ગરીબ માતપીતાને પેટે અવતરેલા એ છોકરાને કેવળણી લેવા મુંબઇ મોકલ્યો હતો, અને મેહેતાજી પ્રાણશંકર વગેરેની શાળામાં કેળવણી લઈ, તે વખતની મી૦ મેનોરીંગવાળી કોટનાં મોટાં દેવળ સામેની શાળામાં દાખલ કર્યો હતો, કે જે શાળામાં બીજા સર જમશેદજી, ૧ લા સર દીનશાહ પીટીટ, વગેરેને પણ શરૂઆતની ઇગ્રેજી કેળવણી મળેલી જણાયલી છે. મી૦ મેનોરીંગની શાળામાં

ઈંગ્રેજ છોકરાઓને ફારસી શીખવવા એક મુનશી જતો હતો, જેની મારફતે મરનારે ફારસી શીખી લીધું હતું. શાળામાંથી પરવાર્યા પછી મી૦ મનસુખને તેના વડા ભાઇ મી૦ કાવસજીએ પોતાના વેપારમાં નાખવા માટે ચીન ભણી બોલાવી લીધા, જ્યાં સને ૧૮૪૮ માં તેવણ સટીમર "પેકીન"માં મરહુમ મી૦ બેહેરામજી કુવરજી બાબા સાથે ગયા હતા. સટીમર હાંગકાંગ જઇ પુગી, તેની આગલી રાતના દરીયામાં સખત તોફાન થઇ આવ્યું અને મી૦ મનસુખ જણાવી ગયા છે કે, "બચવાની આશા અમોએ છોડી દીધી હતી. અને અમારી સાથનો પારસી ઉતારૂ જે ગનબાવાના કુવા આગળ ખુરદો વેચતો હતો તે રડવા કુટવા લાગો કે, "સુખચેનથી શરાફી ધંધો છોડી દઇ, મને નાહકનો ફસાવી દરીયામાં ડુબવા મોકલ્યો છે." પણ તોફાન પસાર થઇ ગયું અને સટીમર હાંગકાંગ જઇ પુગી, જ્યાંથી તેઓ કંટાન ગયા, જ્યાં મરનાર મી૦ મનસુખને રહેવાનું હતું. કંટાન શેહેરમાં મરનારે આઠ વર્ષ ગુજાર્યાં હતાં, જ્યાંની જીંદગી માટે મી૦ મનસુખે "જગત પ્રેમી" નામના મરહુમ શેઠ સોરાબજી બંગાલીના ચોપાનીઆમાં લખાણ કરયું હતું કે, "મારે મન તો એ આઠ વરસ એક જાતની દેશનીકાળની સખતાઇ જેવાં હતાં. હું મુરબ્બીના વેપારી કામકાજ ઉપર ધ્યાન આપવાને બદલે જાહેર લખાણો કરવામાંજ રોકાતો હોવાથી, મારા મુરબ્બીને મોટો ગુસો ઉપજતો." કંટાનના ઇંગ્રેજી કેલેંડરમા પારસી કોમ તથા ધર્મને લગતી કેટલીક બીના પ્રગટ થયલી વાંચી, મરનાર છેડાઇ પડયા, અને તુરતજ તેનો રદીઓ 'ફરેંડ ઓફ ચાયના' નામનાં હાંગકાંગના ઇંગ્રેજી છાપામાં પ્રગટ કરાવ્યો. એ લખાણ પ્રગટ થતાં કેલેંડર કહાડનાર પાદરીએ મરનારના ભાઇ મી૦ કાવસજી આગળ જઇને ફરીઆદ કરવાથી એ વડા ભાઈ ઘણુાજ ગુસે થઇ ગયા, પણ મરહુમ મી૦ નશરવાનજી બમનજી મોદી તથા મી૦ રતનજી ફરામજી વાછાએ મી૦ મનસુખની લડતને વાજબી જણાવવાથી, તેના વડા ભાઈ મી૦ કાવસજી ઠંડા પડયા હતા. મી૦ મનસુખ જણાવી ગયા છે કે, વડા ભાઇના ધાકને લીધે તેવણ ચીનથી જે લખાણો મુંબઈ ભણી કરી મોકલતા હતા, તેની નીચે "મનસુખ" તખલ્લુસ તેવણ વાપરતા હતા અને તેથી તેવણની અટક લંગડાનાને બદલે મનસુખ પડી ગઇ હતી, અને જો કે તેવણનું આખું નામ 'મનચેરજી શાપુરજી લંગડાના' કરી હતું, પણ વડા ભાઇ કાવસજીનાં

મરણ બાદ તેવણના પાળક તરીકે પોતાનું નામ ફેરવી, પોતાની અટક પણ ફેરવી નાખી, પોતાના તખલ્લુસ સાથ પોતાનું નામ "મનચેરજી કાવસજી મનસુખ" તરીકે રાખ્યું. ચીનની પેહેડીના મી૦ મનસુખ વડા થવા પછી થોડા વખતમાં પેહેડીએ મોટું દેવું કર્યું, મુકરદમો કોરટે જવા જેવી ચીંતામાં આવી પડયો, પણ મરહુમ શેઠ પેસ્તનજી હોરમસજી કામાની બવાદી ઉપર તે જવાથી, કોરટ દરબારમાં તે ન જતાં પેહેડીના વડા મી૦ કાવસજી લંગડાના ઉપર ૩૧૦૫૦૦૦નું હુકમનામું થયું. મી૦ મનસુખ ૧૮૫૫ માં મુંબઇ પાછા ફર્યા, જે પછી ૧૮૫૭ના ફેબરવારી માસમાં તેના વડા ભાઇ કાવસજી મુંબઇમાં હક થયા. મુંબઇ પાછા ફરવા પછી મી૦ મનસુખ જરથોસ્તી નીશાળ મંડળીની કારોબાર મંડળીમાં જોડાયા હતા, જે કન્યાશાળાની કેળવણીને પાછળથી તેવણ "દીનડુબાઉ, ખોદા ભુલાઉ, દેશ વીસરાઉ' વગેરે ઉપમા આપતા હતા. જમશેદી નોરોજનો ખરો દીવસ નકી કરવાની નેમથી એક મંડળી અત્રે સને ૧૮૬૨ નાં વરસમાં સ્થાપવામાં આવી હતી, જેમાં મરનાર મી૦ મનસુખ સામેલ હતા, પણ પાછળથી વાંધો પડવાથી છુટા પડયા હતા. મુલ્લાં ફીરોજ મદરેસાના સેક્રેટરી તરીકે સને ૧૮૫૮ માં તેવણ જોડાયા હતા, પણ પાછળથી મતફેર પડવાથી તેમાંથી પણ દુર થયા હતા. ઇરાન દેશના ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનારી અત્રેની મંડળીના આનરરી સેક્રેટરી તરીકે તેવણે વરસો સુધી કામ બજાવ્યું હતું, પણ તે ઓધો પાછળથી તેવણને છોડી દેવો પડયો હતો, જો કે મરણ સુધી તેના તેવણ એક કારોબારી રહ્યા હતા. રાહનુમાય માજદીયસની સભામાં પણ મરનાર મી૦ મનસુખ ગયા જમાનામાં સામેલ હતા, સભાની નેમ દર્શાવનારી એક કવીતા તેવણે છપાવી હતી, પણ પાછળથી મતફેર પડવાથી એ મંડળીમાથી પણ તેવણ છુટા થયા હતા. જરથોસ્તી ધરમ અને ક્રીયા ઉપર એતેકાદ વધરાવનારી મંડળીમાં વરસો સુધી તેવણની આગેવાની હતી, જે મંડળી મારફતે તેવણે સંખ્યાબંધ ભાશણો કરયાં હતાં, પણ તેનાં બાકીના એ સુકાનીઓ સાથ પણ તેવણને વાંધો પડવાથી છેલ્લાં થોડાંક વરસ થયાં તેવણ તે મંડળીથી પણ છુટા પડયા હતા, અને "મી૦ મનસુખના ભાશણોવાળી" મંડળી એવે નામની એક જુદી મંડળી ઉભી થઇ હતી, જે મંડળી પણ થોડા વખતમાં મોકુફ થવાથી મી૦ મનસુખે ગયાં અઠવાડયાંમાં કરેલું ભાશણ

પણ પોતાને નામેજ યાને પોતા તરફથી કરયું હતું. મરનારે "સતય મીત્ર" નામનું એક અઠવાડીક ગુજરાતી વરતમાન પત્ર કેટલાંક વરસ સુધી ચલાવયું હતું, જે પત્ર માટે પાછળથી એક જોઈંટ સટોક કંપની ઉભી થઇ હતી, પણ તે પત્ર અને તે કંપની બંને થોડા વખત ઉપર મોકુફ થઇ ગયાં. મરનારે કેટલાંક પુસતકો પોતાની જવાન વયે પ્રગટ કરાવયાં હતાં, જેમાં "ગંજનામુ" મુખય હતું, અને જેની બીજી આવરતી સને ૧૮૪૭ માં બાહેર પડી હતી. એ ઉપરાંત બીજાં પુસતકોમાં "હેવાલે ઝંદ અવસતા," "ફીરદુસીનું શાહનામુ" તથા પહેલા સર જમશેદજી જીજીભાઇ બારોનેટની જીંદગીના હેવાલનું પુસતક સારો ઉઠાવ કરનારાં થઇ પડયાં હતાં. મરનાર સારૂં કઉવત ધરાવતા હતા, અને અમોએ ઉપર જણાવયું છે તેમ બોલીદરાજ હોવાથી, પોતાના વીચારો તરફ સંખયા બંધ જવાન મગજોને ખેંચી શકતા હતા. તેવણ એક જુનાં મેસન બીરાદર હતા.

કારપોરેશનની સભામાં પારસી લાગણી.

મી૦ મનચેરજી મનસુખનાં મરણની ખબર ફેલાતાં પારસી સભાસદોમાં દલગીરી ફેલાઇ હતી અને તેવણ જેવા એક ઉપયોગી શેહેરીના વીદાય થવાથી જુના ચીવટ વીચારો ધરાવનારી ટોળીને બહુ મજબુત ફટકો લાગશે, એવા વીચાર સભાસદોએ અરસપરસ જાહેર કરયા હતા. કેટલાક આગેવાન સભાસદોએ નીચલા વાકયમાં તેવણની સતુતી કરી હતી:—

"He was a very useful man in his way."

"જામે જેહાંનુમા."

શનીવાર તા૦ ૨૫ મી જાનેવારી ૧૯૦૨

મરહુમ શાહેર મી૦ મંચેરજી મનશુખની જીંદગીનું ટુંક વૃતાંત.

બયેત.

"એક કલાક માટે શું કરવા આ સઘલો રંજ;
ઉનાળો છે જીંદગી, ઇન્સાન ફુલનો ગંજ."

ગાયકવાડ સરકારના તાબાનાં નવસારી કસબામાં લંગડાવાડને નામે ઓળખાતા મોહલ્લામાં મરહુમ મી૦ મનસુખનો જન્મ થયો હતો. મરનારના બાપ ગરીબ અવસ્થામાં હતા; તેમના બાપદાદાનો ધંધો, વહેલવાણ,

ખેડુત અને વણકરની કિસમનો હતો. વહેલવાણુનો અર્થ, ગાડી આપનારનો થાય છે. મરનારના પિતા 'સુઈ' ની અટકવાલા પારસી પડોશી સાથે શરૂઆતમાં ખેડુતનું કામ કરતા હતા. મરનારના બાવાનું નામ શાપુરજી નવરોજજી હતું, જ્યારે વડા ભાઈનું નામ કાવસજી હતું. મરનાર મી૦ મનસુખ પોતાના વડા ભાઈના પાળક બેટા થયલા હોવાથી મંચેરજી કાવસજી મનસુખને નામે ઓલખાતા હતા. મરહુમ શેઠો સોરાબજી બારભાયા અને બહેરાંમજી હીરાજી કોહલા નામના વેપારીઓની મદદથી મરનાર ચીન ખાતે ધંધાની ઝુસરીમાં જોડાયા હતા. નાની વયથીજ બાહોશ અને ભાગ્યશાળી હોવાથી મરનારે પોતાના ખાનદાનનો દહાડો ફેરવી નાંખ્યો હતો અને તેમનો ધંધો ખોજા, મેમન અને બીજા વેપારી વરગમાં મોટાં પ્રમાણમાં બહુજ જલદીથી તરી નિકલ્યો હતો. મરનારના પોતાના બોલમાં બોલ્યે તો તેમની બચગી ઘણીજ સખ્ત આપદા અને હાંડેશામાં ગુજરી હતી; તેમની જીંદગીનો ખિલતો ભાગ તરેહવાર જાતની હાડમારી, કંગાલ્યત અને વેદનામાં ગુજારવો પડયો હતો. મરનારે પોતાની શરૂઆતની કેળવણી ખુંધા મહેતાજીના નામથી જાણીતા થયલા પ્રાણશંકર મેહતાજીના હાથથી લીધી હતી. આ નિશાળ કોટમાં બથીયારવાડમાં મી૦ કીંગના ઘરની બરોબર સામે હતી.

એમની ભાષણ કરવાની શક્તિ વિષે મરનારના અંગરેજ ઉસ્તાદ મી૦ મેનવેરીંગે આગમચથીજ મત બાંધ્યું હતું અને તે ઉસ્તાદે તેજ વેળાએ જાહેર કરયું હતું કે "મી૦ મનસુખ આગળ ચાલતાં એક ફતેહમંદ છતાબાજ ભાષણ-કરતા નિવડશે." સ્કુલની જીંદગીથી મરનાર ફારેગ થયા નહિ એટલાંમાંજ તેમના મુરબ્બી અને વડા ભાઈ મી૦ કાવસજી તરફનું ચીનથી એક પત્ર આવ્યું જેમાં મી૦ મનસુખને એકદમ ચીન આવવાને લખ્યું હતું. આ હોકમને માન આપી ઇ૦ સ૦ ૧૮૪૮ના ફેબરવારીમાં મરનાર પી૦ એંડ ઓ. કુંપનીની આગબોટ 'પીકાન' મારફતે ચીન ખાતે ઉપડી ગયા હતા, જે સફર દરમ્યાન સેહજમાં દરીયાના તળીયે જતાં બચી ગયા હતા. કંતાન શેહેર મધે રહેતા રેવરન્ડ વિલ્યમસ નામના પાદરીએ પોતાના દરસાલના સરેસ્તા મુજબ અંગરેજી ભાષામાં એક કેલેંડર બહાર પાડયું હતું. જેમાં શેહનશાહી ટોળાના પારસીઓની લાગણી દુખાય એવી બાબદ પ્રગટ કરવામાં આવી હતી. આ કેલેંડર મરનારના વાંચવામા આવ્યાથી કહે છે કે મરનાર બહુજ છેડાઈ પડયા હતા અને તે લખાણનો રદપો ત્યાં પ્રગટ થતાં "ફ્રેન્ડ

ઓફ ચાઇના" નામના અંગરેજી પત્રમાં મરનારે છુપે નામે છપાવ્યો હતો. આ છુપાં લખાણથી તે વખતનાં જરથોસ્તીઓમાં મોટી ચુનેચરા જાગી ઉઠી હતી. પાદરી વીલ્યમસે ઘણીક તપાસ પછી તે છુપા લખનાર તરીકે મનસુખને પકડી કાહડયા હતા.

જોકે શરૂઆતમાં મરનારના ભાઇએ મરનારને આ લખાણ કરવા માટે બહુજ ઠપકો આપ્યો હતો. પણ પાછળથી તેવણે પોતાની ભુલ જોઇ હતી અને મરનારને શાબાસી આપી હતી.

ઇ૦ સ૦ ૧૮૫૫ થી મી૦ મનસુખ પહેલવહેલ્લા જાહેરમાં આવેલા લેખાય. એજ વરસથી જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળી હસ્તકથી અપાતી કેળવણીની કમીટીમાં મરનારે બહુજ ઉત્સાહથી પોતાની ફરજ બજાવી હતી. મરનાર પોતે બહુજ સવતંત્ર વિચારનાં હોવાથી કમીટીના મેમબરો સાથ વાંધો પડયો હતો, જેના પરિણામમાં મરનારને પોતાનો ઓધ્ધો છોડી દેવો પડયો હતો. છતાં આ કેળવણીને લગતી તકરાર પોતાના 'સત્ય મિત્ર' પત્રમાં લાંબા વખત સુધી ચાલુ રાખી હતી. મરનાર સુધરેલી કેળવણીને "દીનડુબાઉ," 'ખુદા ભુલાઉ' ને દેશવિશરાઉનો' એલકાબ આપતા હતા. જરથોસ્તી ધર્મ અને ક્રિયા ઉપર એતેકાદ વધારનારી મંડળી મનસુખનીજ કોશેશથી હસ્તીમાં આવી હતી, મરનારે મુલ્લા ફિરોઝ મદરેસા કમીટીના મેમબર અને ઓનરરી સેકરેટરી તરીકે ઘણાક વરસો સુધી ફતેહમંદીથી કામ બજાવ્યું હતું. ઇરાન દેશમાં રહેનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવા માટે સ્થાપવામાં આવેલી મંડળીનાં મરનાર એક ચુસ્ત મેમબર હતા અને એજ ખાતાંના ઓનરરી સેકરેટરી તરીકે પણ તેમની નેમણુંક થઇ હતી.

"મરતી રાહનુમાય" માઝદયસ્નની સભામાં મરનારે પોતાની સામેલગીરીનું માન શરૂઆતમાંજ આપ્યું હતું. પણ આ (મંડળીના આચાર વિચારથી વેગળા પડી, મરનારે આ) મંડળી સાથનો સંબંધ પોતાના મરણની છેલ્લી ઘડી સુધી તોડયો હતો.

જરથોસ્તી છોકરાઓને ધર્મની કેળવણી આપવા માટેની મંડળીમાં તેવણે કેટલી બધી ઝુંબેશ ચલાવી હતી તે તો અમારા વાંચનારાઓને સારી પેઠે રોશન છે. મરનારે ઘણીક ચોપડીઓ રચી હતી જેઓમાં 'ગંજનામુ' 'પ્રીન્સ આલબર્ટ' નો હેવાલ, 'પારસી ધારા તકરાર' વગેરે બીજાં પુસતકો

ઘણા વખણાતાં હતાં; ટુંકમાં, પારસી સુધારો ધર્મ, રાહરસમ અને પારસી વર્તણુંકની બાબદમાં પોતાથી વિરૂધ વિચાર રાખનારને 'પાણી કરતા પાટલા' કરી નાખવા માટે મરનાર મનસુખ મસહુર હતા.

(ઉપલાં લખાણને મથાલે મરનારની સબી આપવામા આવી હતી.)

"જામે જમશેદ."

શનીવાર તા૦ ૨૫ મી જાનેવારી ૧૯૦૨.

"કુડુમધુંમ!"

અઠવાડયાંમાં સર્વેથી જાણવાજોગ બનાવની નોધ લેતાં મારી અદના કલમ કાંપે છે. કાંપે છે એટલા માટે કે આ ગીરદેશી અફલાકના એક નહી ધારેલા ખેલની નજર નોધ તેને લેવી પડી છે. એક સુહ્વા લેખક, અને કરડા ભાશણકર્તાના કવખતના મોત માટે લીટીઓ ટપકાવતાં આ દીલડું ખરેખંર હાંફે છે. મતફેરી અને સખુન દરાજીનો હદ વીનાનો અંટસ ચલાવી આ ફાની દુન્યામાંથી "મનસુખ" પોતાનો વાસો ઉઠાવી ગયો છે. મરનારની હસતી સુધારાવાળાઓની મસતી ઉપર એક ધુજારા સમાન જબરદસ્તી ગણાતી હતી. માણુસ માત્ર ભુલને પાત્ર છે. મરનારના કેટલાક ફાંટાબાજ વીચારોને લીધે જોકે પોતાનાં વીરોધીઓને તે અળખામણો હતો, છતાં તેના મરણબાદ તેના ઘટીત વખાણ કરવામાં કયો દાનાવ પારસી આનાકાની કરશે? જો "મનસુખ" એક "આપદા" હતો—તો તે એક અવશ્યની "આપદા" હતી. પારસી સંસારી અને ધાર્મીક સુધારા વધારા વીરૂધની તેની ઝનુન અને ઝાંઝબરી લડત ઉપર મોહી પડી કેટલાકો મરનારના જેવા નીવડવાના ફોકટ ફાંફાંમાં આજકાલ પડયા હતા. તેઓની અરધી કમર મરહુમ મી૦ મનસુખનાં મરણથી ભાંગી ગઇ છે.

* * * * * *

ઓ મનસુખ! માનવી જાતનાં ભેજાંઓમાંથી ખીમો માન્યુફાકચર કરનારી મેસીયર્સ ટૈ ટૈ–ટુ ટુ એંડ કો૦ ની આશાઓની તારાં મરણથી ધુળધાની થઇ છે. અરે કેવું તેનું પ્રોસપેકટસ! શા માટે તેં તેને દીવાળું કહડાવ્યું? થોડા વખત ખાતર, ઓ સુધારાના શતરૂ! હું તો ધારતો હતો કે ખોદા તુંને બીજો એક દાયકો જયાદા જીવાડતે તો તેટલા વખતમાં આ કુંપની જાઈંટ સટાકમાં બદલાઇ જઇ ભાગીદારો મોહોકાણના માચડા ઉપર

વાક્ચાતુરીના ચાંચડાઓની વહેંચણી કરતે. એવું સમજીનેજ તેણે તારા વીચારો પ્રમાણે 'ટેં ટેં' અને 'હું હું' કરવા માંડયું! અરે એવું સમજીનેજ આ કુંપનીએ ધરી નહી ધરાવાનું ડોળ ઘાલ્યું! અને હવે તું અધરીયાત મુકી ગયો એટલે કુંપની તો લીકવીડેશનમાં ગઇ છે, તારા મુવાથી તેના ટાંકા ધીલા ધચ થઇ ગયા છે. અરે તારે લીધે તે કંપનીની હાલત ધોબીના પથર જેવી થઇ છે. 'નહી ઘરનો કે નહી ઘાટનો' તેવી વાત બની છે. હવે તો ઘણા કુરમુરાનાબી વખતે વાખા પડશે. હાયરે પીટયા!

લ૦ બેહુલી ભગત.

"ગુજરાતી"

રવીવાર તા૦ ૨૬ મી જાનેવારી ૧૯૦૨.

મી૦ મનસુખનું મરણ.

પારસી પ્રજામાં બહુ જાણીતો, અને પોતાના તિક્ષ્ણ વાક્બાણોથી પારસી સુધારકોને ધધડાવી નાંખનારો 'મનસુખ' ગયા રવીવારે હૃદય જન્ય દર્દથી મરણ પામ્યો છે; અને જો કે એના મરણથી, જેઓ વિરૂદ્ધ મરનારનો સખ્ત વાક્પ્રહાર હતો, તેઓ કદાચ એમ પણ સમજતા હશે કે મનસુખનું મરણ એ તાઢે પાણીએ ખસ ગઇ છે ને તેથી ખુશી પણ થશે, પરન્તુ વાસ્તવિક રીતે, પારસી સુધારાએ, પારસીઓની સંસારી, તેમજ વ્યવહારીક ને ધાર્મિક સ્થિતિમાં જે મોટો ફેરફાર—ઘણો નબળો ફેરફાર બનાવીને, વિચારશિળ ગૃહસ્થોને, પોતાની કોમને માટે ચિંતાગ્રસ્ત બનાવ્યા છે, તેવા સુધારાને ધમધમાટ કરતો અટકાવવામાં, ને પારસીઓને પોતાના ધર્મ સંબંધે જાગ્રત કરનારો, એકલો, પણ ઘણો મજબુત મનસુખ હતો, તેના મરણથી પારસીઓને જે ખોટ ગઇ છે તે જો બીજા તેવાજ કોઇ નવા તિક્ષ્ણ ટીકાકારને જન્મ આપશે નહીં તો, પારસી કોમને ભારી પડયા વગર રહેશે નહિ. શું હિંદુ કે શું પારસી, સૌની સ્થિતિ આજકાલ બદલાઇ ગઇ છે. સુધારો કરવો, આગળ વધવું, કંઇ નવું કરવું, નામ કહાડવું, નકલ કરવી, અંગ્રેજો જેવા બનવું, આવું ચેટક આજકાલ વધી પડયું છે; ભક્તિમાનપણું જતું રહ્યું છે, શ્રદ્ધા ઘટી ગઇ છે; બાપદાદાના ચાલતા આ વેલા વિચારો તરફ તિરસ્કાર થવા લાગ્યો છે, અને નીતિ ને ધર્મની બાબતમાં કેટલેક પ્રકારે મીંડુ વળતું જાય છે. આમાં પણ દરેક સુધારાની

નકલ કરવામાં પારસીઓની દોડ ઘણી ત્વરા વાલી છે. તેઓની દોડ એટલી બધી જોરમાં છે કે શેંકડો પારસીઓ આજે એવું કહેતા થયા છે કે આ મારો સંસાર બગડી ગયો છે. પારસી સુધારાએ, પારસી જનમંડળમાં ઉડાઉપણાંની જે ખરાબી દાખલ કીધી છે તેના પરિણામથી ધર્મની આસ્થા ઓછી થઇ છે, ને સંસારમાં સેંકડો કુંવારી કન્યા પરણ્યા વગરની પડી છે, પૈસા સાથજ પરણવાના વેજા લાગ્યાં છે, સ્ત્રીઓની પોકળ શીસીયારી, ને ખરચો વધી પડયા છે, ને અનેક વિચારવંત પારસી સ્ત્રી પુરૂષોએ સુધારાને નામે પોકળ શ્રાદ્ધ કરવા માંડયું છે. આવો પિશાચરૂપ વા, વેગથી વેહેતો અટકાવવામાં, જોશબંધ દોડતી ગાડીની સામા જબરી ટક્કર ઝીલવામાં, ધર્મની વગોવણી કરનારાઓની, ધર્મને ધુતારો કહેનારાઓ સામે, ફેશાનની શીસીયારીમાં લોટપોટ થનારા સામે, સ્ત્રીઓનો દરજ્જો નવા પણ ખોટા વિચારો દર્શાવીને ગુંચવણ ભરેલી હાલતમાં આણનારા વિચારો સામે, ફક્ત મમતમાંજ સુધારો સુધારો એવા હડખવાને વશ થનારાની સામા, મનસુખ એક ઘણો મજબુત પહાડ હતો. આ પહાડ આજે ગયો છે, તો પારસીઓએ તપાસવાનું છે કે આ સુધારાનો વા નબળામાં નબળી સ્થિતિની ખીણમાં તેમને ઉતારી દે નહીં. મનસુખ એક સારો વક્તા હતો, પોતાના સાંભળનારાઓને પોતાની તરફેણમાં ખેંચવાની શક્તિ ધરાવનારો હતો, સુધારાનો ઘણો મોટો શત્રુ હતો, જાણે સુધારાનું નામ સાંભળતાંજ હરકયુલીસ પેઠે ગદા લઈ તેના સામા દોડયો જનારો હતો, અને આજના સુધારાના વેજાના વળગાડવાવાળાને આગળ વધતા અટકાવનારો હતો. અમે મનસુખના સર્વે વિચારોને અનુમોદન દેનારા નથી, તેના કેટલાક કટાક્ષ વચનો નાપસંદ કરીએ છીએ, સત્ય શોધવાને બદલે, સુધારાને નામે જે આવ્યું તેને માર ઉંધુ ને કર સીધુ તેવી નીતિની તરફેણ કરીશું નહીં. પોતાના પ્રતિપક્ષીઓને ન ઘટે તેવા વેણોથી જે સાલ પામરી તેની તરફથી ઓઢાડવામાં આવતી તે તે રીતો શ્રોતાઓને રાજી કરવાની વાકચાતુરી ને મગજની નિર્બળતાજ ગણીશું; પરન્તુ પારસીઓમાં છેલ શેલાણી રીતીનો જે પ્રચાર, સુધારાને નામે થવા લાગ્યો છે તેનો અટકાવ કરવા માટે આવા એક માણસની જરૂર હતી ને તે જરૂર મનસુખે પુરી પાડી હતી. જો જરાક ગંભીરતાથી, જરાક વિવેકથી, જરાક અંકુશમાં રહીને મનસુખે સુધારા વિરૂદ્ધમાં નહીં, પરન્તુ સત્ય દર્શાવવામાં કમર કસી

હત તો તેથી કદાચ એના સાંભળનારા ઓછા થાત, એની વાહવાહ ન બોલાત, પરન્તુ એનું ધર્માભિમાન યોગ્ય માર્ગે, યોગ્ય કાર્ય કરી શકત, ને વધારે સારૂં ફળ નીપજાવત. પણ હવે મનસુખ નથી, તે ગયો છે, ને ત્યારે ઉછાંછળા સુધારાના વેજાંમાં સપડાયલાઓએ ઘણું સાવધ રહેવાનું છે કે તેઓ જે રસ્તે નાવ ચલાવે તે સુખરૂપ કીનારે પહોચે, પણ રસ્તામાંજ ભાંગી ભુકો થાય નહીં—તે તપાસવાનું છે. મનસુખના ભાષણોના સાંભળનારાઓની સંખ્યાથી પણ પારસી સુકાનીઓએ જાણવાનું છે કે તેઓ જે ઉતારૂઓને લઇ જાય છે તેઓને કીયું બંદર પસંદ છે; અને મનસુખનો જે સ્થિર સ્ટીરીયોટાઇપ મોટો છે કે, "દેશ ડુબાઉ, દીન વિસરાઉ, ને ખુદા ભુલાઉ" એવા પારસી સુધારકો છે તે અપજશીયા—કલંકરૂપ દોષમાંથી મુક્ત થવાની તો આ પારસી સુધારકોને પ્રથમ જરૂર છે, પારસીઓની ચઢતી કરવામાં મનસુખે બતાવેલો માગ નઠારો તો નથીજ; કદાચ દોષમુક્ત નહીં હશે. એના વિચાર સુધારવા જોગ હશે પણ તીરસ્કારવા જોગ તો નથીજ,

જામે જમશેદ.

બુધવાર તા૦ ૨૨ મી જાનેવારી ૧૯૦૨.

મરહુમ મી૦ મનસુખના ઉઠમણાની ગઈ કાલની કીયા—મરનારનું નામ નયાગાનોની ટીપમાં દાખલ કરયું.

મરહુમ મી૦ મનચેરજી કાવસજી મનસુખના પાછલા પોહોરના ઉઠમણાની કીયા ગઇ કાલે અંજુમનના આતશબેહેરામના દીવાનખાનામાં, દસતુર કેખશરૂ દસતુર જામાસપજી જામાસપઆસાનાની આગેવાની હેઠળ થઇ હતી, જ્યાં મરનારના ખેશીઓ તથા દોસત આસનાઓની એક સારી મીજલસ ભેગી મળી હતી. કીયા પુરી થતાં દાદર ખાતેની મી૦ નારેલવાળાની દરેહમેહેરના પંથકી એરવદ ફરામજી હોરમસજી માદને દરખાસ્ત રજુ કરી કે મરનાર મી૦ મનસુખે જરથોસતી ધરમના વધારાનાં કામોમાં સદા ઉલટમંદ હીસો આપેલો હોવાથી તેવણનું નામ જાહેર ભણતરોમાં લેવાતાં નયાગાનોની ટીપમાં ઉમેરવું.

મી૦ શાપુરજી બેહેરામજી કાતરકે એ દરખાસ્તને ટેકો આપતાં જણાવયું કે છેલ્લાં પચીસ વરસ થયાં મરનારના સમાગમમાં હું મારા મીત્ર મી૦ રૂસતમજી રૂ. વાડીઆ સાથ આવયો હતો, તે દરમયાન મરનારના

સેલા ગુણો અને અમીરી દીલનાં કામોથી મારી માફક બીજાઓનાં દીલ પણ તેવણે જીતી લીધેલાં મેં જોયાં હતાં. આ પવીત્ર મકાન (અંજુમનનું આતશબેહેરામ) ઉભું કરવામાં મી૦ મનસુખે જોકે જરની નહી, તોપણ બીજી ઘણી રીતની મદદ કીધી હતી. એવણનાં છેલ્લાં ભાશણ વખતે હું સસ્નશીન તરીકે બેઠો હતો, તે વખતે તે ખુરસી ઉપરથી મેં ઉમેદ ચાહી હતી કે, "મી૦ મનસુખ બીજાં સેંકડો ભાશણો આપવાને સામરથવાન થાય." પણ અફસોસ, કે મારી એ ઉમેદ બર આવી નથી. ભલાઓ પોતાની પાછળ ભલાઇનો પમરાટ મેલી જાય છે અને તેજ મુજબ મરહુમ મી૦ મનસુખ પણ પોતા પાછળ પમરાટ મેલી ગયા છે. દસતુરજી સાહેબ કેખશરૂને હું અરજ કરી આશા રાખું છું કે, તેવણ મરહુમ મી૦ મનસુખનું નામ જાહેર ભણતરોમાં દેવાને પોતાના અથોરનાન સાહેબોને એલતેમાસ કરી, પોતે પણ તેમ કરશે.

દસતુર કેખશરૂ દસતુર જામાસજીએ જાહેર કરયું કે હવે પછી જાહેર ભણતરોમાં દેવાતાં નામોની ટીપમાં મરહુમ મી૦ મનચેરજી૦ કાવસજીનું નામ ઉમેરવામાં આવશે.

ડાકટર નાદરશાહ હોરમસજી સુખીઆએ એ દરખાસતને વધુ ટેકો આપતાં જણાવયું કે, આજે હું અત્રે હાજર થયો છું, તે મરનાર તરફની મારી અદના ફરજ બજાવવા માટે હાજર થયો છું. જરથોસતી બાળકોને ધરમ કેળવણી આપવાના હાલના ચરવાતા સવાલની તકરાર દરમયાન મી૦ મનસુખનું મરણ કવખતનું લેખી શકાય. તેવણ જો બીજાં થોડાંક વરસ વધુ જીવયા હોત, તો જરથોસતી ધરમને લગતી બાબદોને સારો ટેકો મળયો હોત. શ્રીમંતો પોતાના જરના બળથી જરથોસતી ધરમ માટે જેટલું બજાવી શકયા હશે તેટલુંજ, કદાચ વધુ નહી, મી૦ મનસુખે બજાવયું હતું. આપણી ફરજ છે કે, મરનારનું નામ જાહેર ભણતરોમાં દાખલ કરી, તેવણે પોતાની જીંદગીમાં જરથોસતી ધરમ તરફની પોતાની લાગણી મુજબની ફરજો અદા કરી હતી, તેમ આપણે પણ તેવણ તરફની ફરજ અદા કરવી જોઇયે. વગેરે.

દરખાસતને વધુ ટેકો આપતાં મી૦ દીનશાહ મેરવાન ઇરાનીએ જણાવયું કે મરહુમ મી૦ મનસુખ સાથ જો કે થોડા વખત ઉપર મને ચોકસ મતભેદ પડયો હતો, પણ મરનારની જરથોસતી ધરમ તરફની

નેકનફાની માટે હું ખાતરીપુરવક હતો, જેથી આ તકે જાહેર કરવાની રજા લઉં છું કે મરનાર મી૦ મનસુખનું નામ જાહેર ભણતરોમાં દાખલ કરી યાદગાર રાખવા ઉપરાંત અમારી બઝમેજશને રૂઝે અહુરમઝદ મંડળી તરફથી જરથોસતી ધરમને લગતી ચોપડીઓના ૫૦૦ 'સેટ' દર રૂ૨)ની કીમતે વેચી રૂ ૧૦૦૦ ઉપજશે, તે મી૦ મનસુખના નામે જરથોસતી બાળકોને ધરમ કેળવણી આપવાના ખાતાંમાં અનામત રાખી તેનું વયાજ વાપરવા આપવાની ગોઠવણ કરાવીશ.

મી૦ શાપુરજી બેહેરામજી કાતરકે એ ઉપરથી જણાવયું કે, મી૦ દીનશાહ ઇરાનીની સુચના વીશે હાલ મારે એટલુંજ કહેવું જોઇયે કે, થોડા વખતમાં મી૦ મનસુખના દોસતો અને વખાણનારાઓની સભા બોલાવવામાં આવનાર છે, તે વખતે મરનારની યાદગારી કેવી રીતે રાખવી, તે નકી કરવામાં આવશે.

બાદ મીજલસ વીખરાઇ ગઇ હતી.

બઝમે જશને રૂઝે અહુરમઝદ મંડળીની ગઇ સાંજના બેઠક મળનાર હતી, પણ મરહુમ મી૦ મનસુખના માનમાં કાંઇ પણ કામકાજ બજાવવા વીના તે બેઠક મુલતવી રાખવામાં આવી હતી.

"જામે જેહાંનુમા."

સનીવાર તા૦ ૧ લી ફેબરવારી ૧૯૦૨.

ખરેખર, મી૦ મનસુખના મરણથી એક મજબુત મન ગુમ થયું છે અને કુધારાના સ્વરૂપના ખ્યાલી સુધારાની સામી પક્ષના મુખનો સેતૂરો ગાયબ

જોઇયે છે, બીજો મનસુખ!

થયો છે. કેટલાક મતલબીયાઓ આ માહાભારત મોતને સાધારણ બનાવ લેખે તો શું થયું? પણ સમજુ પારસી વર્ગ તો સારી પેઠે સમજે છે કે મી૦ મનસુખ જેવા ઝનુની સિંહના મરણથી કોહલાંઓ તેના સબ આગળ ભોંસવા લાગ્યાં છે! મરનારે પારસી કોમ માટે થોડું કરયું નથી, પારસી કોમના જહાજને અતેરાનાં ખરાબે અઠડતાં મરનારે બચાવી લીધું હતું; અને સુધા નાખોદાની તરેહ ડુબતી કીસ્તીને મરનારે તેરવી રાખી હતી. મરનારે એક બહાદુર લડવૈયાની તરેહ પારસી કોમના ચોકસ ભાગના લશકરની સરદારી એવી તો બાહોશીથી ચાલુ રાખી હતી કે દુશમનો પોતાના બામવગના બળ ઉપર મુસ્તાક થવા છતાં આ સરદાર ઉપર

આવવા પામ્યા હતા નહીં. અસલ પારસી કીરતીના કીલ્લાની પાસબાની મરનારે વફાદારીથી પોતાના અંતની ઘડી સુધી ચાલુ રાખી હતી. આ કીલ્લા ઉપર દુશ્મનોનો ધુબારો બહુજ જોરમંદ છતાં આ ચોકીબાને કીલ્લા ઉપરથી પોતાની જબાનના તોપના ગોળાઓનો મારો એટલો બધો તો ચાલુ રાખ્યો હતો કે દુશ્મનો લાચલાજ થઇ પડી ચુપકીદીની ટેકડીની કઠણોમાં છુપાઇ બેઠા હતા. એવું માનવામાં આવે છે કે આવા સરદારના મરણથી તેના દુશ્મનોને બેવડું જોર આવ્યું છે અને તેઓ પારસીઓની અસલ કીર્તીના જહાઝને ખયાલી સુધારાના હોરપીડોથી એબ્રરમીના દરિયાવમાં ડુબાડી દેવા બાહાર પડનાર છે! આવા બારીક સમયે પારસી કોમ માટે બીજા મનસુખની જરૂર છે, જેને શોધી કાહાડવાને પારસી કોમના ચોકસ વરગે બાહાર પડવું જોઇયે છે. ના, એટલુંજ નહીં પણ આ પારસી વરગ પોતાના મરનાર સરદાર અને નાખુદાની યાદગારી માટે શું શું પગલાં લે છે તે જોવાનું બાકી રહયું છે!

"પંચ ડાંડ"

રવીવાર તા૦ ૨ જી. ફેબરવારી ૧૯૦૨.

પારસી ધર્મ ક્રિયામાં નામો લેવાની ચર્ચા અને મરહુમ મી૦ મનસુખ-

નીચલું અગત્યનું વિવેચન "એક પારસી ધર્મ ગુરૂ" તરફથી મલ્યું છે, તે સડાવડું ઉતારી લઇયે છિયે:-

પારસીઓનાં આફ્રિંગાન, ધુપ, જશન વગેરે ક્રિયા બણતરોમાં તેમના મેયત મહાન ધર્મ ગુરૂઓ તથા બીજા "અશો" નરોનાં નામો લઇ તેમની યાદગારી, એહસાન તથા પુણ્ય ચાલુ રાખવાનો ઉતમ રેવાજ છે. એ મોટાં સંસ્કારિક નામો જોડે કેટલીક વેળા ઓછી યોગ્યતાવાળા પુરૂષોનાં નામો પણ ઘુસાડવામા આવે છે, એવી ફરયાદ, જે વારંવાર પારસી છાપામાં ઉભી થાય છે, તે આ વેળા મરહુમ મી૦ મનસુખનું નામ લેવાનો ઠરાવ અંજુમને કર્યાથી પાછી ચાલુ થઇ છે. અંજુમનનો એ ઠરાવ સર્વ પ્રકારે વાજબી છે મી૦ મનસુખ એ માનને સર્વ રીતે લાયક થઈ ગયા છે. પણ ચોકસ છાપા-વાળા, સીધી રીતે નહી પણ આડકતરી રીતે તે સામે અણગમો બતાવતા જણાય છે. હું કહું છું કે, ત્યારે તેઓ આ રેવાજની મુલ મતલબ સમજ-

તાજ નથી. તેઓ એવું સમજવાની ભુલ કરે છે કે, નામો દેવાનો એ રીવાજ માત્ર મોટાં કાર્યો કરનારાઓની યાદગારી જાળવવાનો છે. અર્થાત, તેઓ આ માનને દુન્યાઇ યાં સંસારી માન સાથ ભેલી, તેની મોટાઇને ઉતારી પાડે છે. ખરી રીતે જોતાં તો એ માન ધાર્મીક, ધર્મનાં ક્રિયા ભણતરો સાથ સંબંધ રાખનારૂં, અને તેટલા માટે ધર્મીઓ તથા ધર્મનાં ક્રિયા ભણતર કરનારા તથા તે ક્રિયા ભણતરો તરફ ભકતી ભાવ રાખનારાઓની માત્ર યાદગારી જાળવવાનુંજ નહી, પણ તેમનાં "અશો ફ્રેોહર" ને માટે પુણ્ય પહોંચાડનારૂં છે. એક જરથોસ્તી બીજી રીતે ગમે એવો ટોળાને કે દેશને ઉપયોગી થઇ પડયો હોય, પણ તે જો ધર્મ ચુસ્ત નહી હોય, ઉપલી જાતનાં ધાર્મીક ક્રિયા ભણતરો તરફ માન તથા ઇમાન રાખનારો નહી હોય, તો તેને એ માન કદી આપી શકાય નહી. તે તેને આપવું, એ તેને પોતાને તેમજ ધર્મને અપમાન કરનારૂં છે. મી૦ મનસુખ ખરેખરા ધર્મ ચુસ્ત હતા. તેઓ આફ્રીંગાન, ધુપ, જશન વગેરે પારસી ધર્મ ક્રિયાને માનનારા, બલકે તેમનું રક્ષણ કરનારા અને જેઓ સુધારાને નામે એ ક્રિયા ભણતરોનો પાયોજ ખોદી નાખે છે તેમની પીઠ ભાજનારા હતા. એટલે એ માન ઉપર તેમનો હક સર્વથી મોટો અને પહેલો હોવો જોઇયે. તે હક બહાલ રાખીને જરથોસ્તી અંજુમને મી૦ મનસુખ તરફ નીમકહલાલી દેખાડી છે એટલુંજ નહી. પણ આડકતરી રીતે પોતાનાં ધર્મનાં ક્રિયા ભણતરોનું રક્ષણ કરવાનો એક પાયો રચ્યો છે. સાચા એતેકાદના એકેએક જરથોસ્તીની ફરજ છે કે, મી૦ મનસુખનું નામ જાહેર ભણતરોમાં લેવાનો આ પુણ્યવંતો ઠરાવ ખરી વફાદારીથી પાલી, તે મરહુમ તરફ હંમેશ જાનફેશાની દેખાડતા રહેવું.

"જામે જમશેદ."

સોમવાર તા૦ ૩ જી ફેબરવારી ૧૯૦૨.

મરહુમ મી૦ મનચેરજી મનસુખની યાદગારી કાયમ રાખવા માટે મળેલી સભા.

મી૦ મનચેરજી કાવસજી મનસુખ ગયા માસમાં મરણ પામયા હતા, તે પછી તેવણના વખાણનારાઓ તરફથી ખાએસ બાહેર પડી હતી કે મરનારે જરથોસતી ધરમની સાચવણી માટે હીંમતવાન લડત ચલાવી હતી, જેથી તેવણની યાદગારી કાયમ રહે એવાં કાંઇ પગલાં ભરવાં જોઇયે.

આ ઉપરથી મેસરસ શાપુરજી બેહેરામજી કાતરક તથા રૂસતમજી ફરામજી વાડીઆએ બોલાવેલી મરહુમના મીત્રો તથા વખાણનારાઓની સભા ગયા સનીવારે સાંજે ધોબીતળાવ ખાતેના અંજુમનનાં આતશબેહેરામના મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી કંત્રાકટરવાળાં મોટાં દીવાનખાનામાં મળી હતી, જે વેળા વચલે વાંધેના તથા ગરીબ જરથોસતીઓની મોટી મીજલસ પોતાના એ મરહુમ મીત્રના માનમાં ભેગી મળી હતી. ભેગી મળેલી એ મોટી મીજલસમાં નીચલા ગ્રહસથો પણ નજરે પડતા હતાઃ—

દસતુર કેખશરૂ જામાસપજી જામાસપ આસાના, નાયબ દસતુર મીનોચેહેર જામાસપજી જામાસપઆસાના, દસતુર ખુરશેદજી પીરોજજી, સુરતવાળા દસતુર કાવસજી નશરવાનજી, એરવદો માણેકજી નશરવાનજી ધાલા, ફરામજી હોરમસજી માદન, ખાનબહાદુર બેહેરામજી દાદાભાઇ રેજીસ્ત્રાર, ડાકટર નાદરશાહ હોરમસજી સુખીઆ, મેસરસ શાપુરજી બેહેરામજી કાતરક, રૂસતમજી ફરામજી વાડીઆ, મનચેરજી હોશંગજી જાગોસ, માણેકજી કાવસજી પટેલ, જહાંગીર માણેકજી ખરશેદજી, દીનશાહ મેરવાન ઇરાની, ખાનસાહેબ પાલનજી પેસતનજી રાગીના, મેસરસ શેહેરીયાર અસપંદીયાર ઇરાની, પાલનજી નવરોજજી પાવરી, એરવદ ફરામજી ખરશેદજી પંથકી થાણાવાળા, ડાકટર કેખશરૂ રૂસતમજી વીકાજી, મેસરસ માણેકજી પેસતનજી હાંડીસન, બેહેરામજી ખરશેદજી દોરડી, મેરવાનજી હોરસમજી દુબાશ, અરદેશર ફરામજી દાવર, નશરવાનજી માણેકજી ગઝદર, બેજનજી ફરદુનજી દસતુર, અરદેશર જેસંગજી દસતુર, દાદાભાઇ બેહેરામજી શરાફ, ખુનદેશ ભરૂચા, કુવરજી દારાબજી પાલિંવાળા, ફરદુનજી અરદેશર ખરશેદજી પારખ, બમનજી જમશેદજી વહાડયા, ખરશેદજી જમશેદજી વહાડયા, બરજોરજી રૂસતમજી બાદશાહ, માણેકજી બહમનજી કાપડીઆ, પીરોજશાહ દાદાભાઇ ભેદવાર, પેસતનજી ફરામજી માસતર, મેરવાનજી મનચેરજી મોદી, પેસતનજી કુવરજી મોતીવાળા. વગેરે.

મી૦ શાપુરજી બેહેરામજી કાતરકની દરખાસ્ત અને મી૦ રૂસતમજી ફરામજી વાડીઆના ટેકાથી પ્રમુખપદ દસતુર કેખશરૂ જામાસપજી જામાસપ આસાનાને આપવામાં આવયું હતું.

દસતુર કેખશરૂ જામાસપજીએ શરૂઆતમાં ભાશણ કરતાં જણાવયું કે, મરહુમ મી૦ મનસુખની યાદગારી રાખવા સારૂ શું પગલાં ભરવાં તેનો

વીચાર કરવા આજે આપણે આ પવીત્ર મકાનમાં એકઠા મળયા છીએ. યાદગારીની હીલચાલને પસંદ કરી, તે તરફ દીલસોજી ધરાવી તમો સાહેબોએ અત્રે હાજરી આપી છે, અને અને એ તમારી પસંદગીનો છાપ મરહુમનાં કામકાજો વાજબી હતાં એવું પુરવાર કરી આપે છે. મતભેદ તો દરેક બાબદમાં હોય અને દરેક કુટુંબમાંબી હોય છે. બાપ દીકરા તેમજ ઉસતાદ ચેલા વચેનો મતભેદ કોણ નથી જાણતું? પણ મતભેદને લીધે માણુસની ખુબીને ભુલી જવી, એ ઇનશાનયતપણું નથી. મરણની થોડા મહીનાં અગમજ અમારી સાથે પણ મી૦ મનસુખને મતભેદ પડયો હતો, અને તે જાહેર ભાષણમાં મી૦ મનસુખે ખોલ્લો કરી અમારી ઉપર ટીકા કરયા હતા. પણ શું તેટલા માટે મી૦ મનસુખની ખુબીઓનો અમોએ અનાદર કરવો જોઇએ? મી૦ મનસુખને જે વાજબી નહી દીસયું તે અમને વાજબી દીસયું, અને તેથી મતફેર પડયો, એટલા માટે શું અમારે શતરૂવત પકડવી જોઇએ? ના, કદી નહી. લાયકને લાયક માન આપવાની આપણી ફરજ છે. મી૦ મનસુખે માઝદયસની દીનની તેમજ ટોળાની બજાવેલી સેવાને ભુલી જવી નહી જોઇયે. એવણ પોતે જાહેર લખનાર તેમજ ભાશણ કરતા હતા. ઇ૦ સ૦ ૧૮૮૦ માં ખેતવાડીના કેટલાએક દીનદાર જરથોસતીઓએ મંડળી ઉભી કરી હતી, કે જેની નેમ પારસી ટોળાનું ભલું થાય તથા તેઓમાં ધરમ સંબંધી સુધારો થાય, એવાં હરેક કામને ઉતેજન આપવાની, તેમજ પારસી ટોળાના સંસાર, કેળવણી અને ધરમ તથા તવારીખ સંબંધી બાબદો ઉપર ભાશણ કરનારાઓ તથા નીબંધો લખનારાઓને ઉતેજન આપવાની હતી. એ મંડળી તરફથી મી૦ મનસુખે જુદા જુદા લતાઓ ઉપર પારસી બાળકોની ધરમ સંબંધી કેળવણીની પહેલી અગત વીશે અસરકારક ભાશણો કરયાં હતાં અને તયાર બાદ મરણ સુધી ધરમ સંબંધી તેમજ સંસારી બાબદો ઉપર ભાશણો આપી લડત ચલાવી હતી. જો કે મી૦ મનસુખ ભાષણ તરીકે જે બાબદ હાથ ધરતા હતા, તેનેજ મજબુતીથી વળગી રહેંવાનો કાનુન ઘણી જગોપર તુટેલો માલમ પડયો હતો, તો પણ મીજલસીઓનાં મન હરણ કરીને તેમનાં દીલ પુર ઉશ્કેરણી ભરેલા થાય, એવી મતલબ વધારે દીઠામાં આવતી હતી, અને તેવણની બોલવાની છટા અથવા ફશાહત તારીફ લાયક હતી. મી૦ મનસુખે કોમની કેવી અને કેટલી સેવા બજાવી છે, તે વીશે બીજા સાહેબો

વીગતેથી બોલશે, એટલા માટે અમો ટુંકમાંજ તમો સાહેબોને ભલામણ કરયે છીયે કે મરહુમની યાદગારીના ફંડમાં અત્રે હાજર થયલા સાહેબોએ તેમજ ગેરહાજર રહેલા સાહેબોએ પોતે અને પોતાનો લાગ વાપરી બીજા પોતાના મીત્રો પાસે સારી જેવી નાણાંની રકમ ભરાવવી, કે જેથી તે આપણી કોમના અને ધરમના ફાયદા અરથેજ વપરાશે. એટલું કહી અમો પહેલી દરખાસત મેલવાને મી૦ શાપુરજી કાતરકને ફરમાસ કરયે છીયે, અને તે સાથે સભા તરફ દીલસોજી બતાવનારા આવેલા તારના સંદેશાઓ તથા પત્રો વાંચવાની તેવણને એલતેમાસ કરયે છીયે.

મી૦ શાપુરજી કાતરકે તારના સંદેશાઓ તથા પત્રો વાંચી સંભળાવયાં હતાં જેમાં ખામગામથી મી૦ અરદેશર પેસતનજી, બદનેરાની જરથોસતી અંજુમન, જેલમથી મી૦ હીરજીભાઈ નશરવાનજી બહમનજી, કલકતાથી મી૦ ફરામજી મનચેરજી મરચંટ, મુંબઇવાળા મેસરસ સોરાબજી જીવનજી મીસ્રી, નવરોજજી ડોસાભાઇ મીસ્રી, જીજીભાઇ જેહાંગીર મેહેતા અને દીનશાજી જાદાભાઇ ચીનાઇ તથા માસતર દેવલાલીથી મી૦ સો. ખ. ધોંડી, મુંબઇવાળા મી૦ સોરાબજી આર. બનશાહ, કોલાબેથી એરવદ બેહેરામજી ખરશેદજી દોરડી, દાદરની અગીઆરીમાંથી એરવદ ફરામજી હોરમસજી માદન, ગીલડર સ્રીટની માણેક બીલડીંગમાંથી મી૦ અરદેશર ન૦ બીલીમોરયા, મુંબઇવાળા મી૦ માણેકશાહ દીનશાહ મીસ્રી, સુરતથી મી૦ શા. પે. કુકા વગેરેના હતા, જેમાં સભાની નેમ તરફ દીલસોજી બતાવી ગેરહાજરી માટે દરગુજર ચાહી ઉભાં થનારાં ફંડમાં નાણાં ભરવાની કબુલાત અપાઇ હતી.

મી૦ શાપુરજી બેહેરામજી કાતરકે એ પછી દરખાસત કરી કે, "મરહુમ મી૦ મનચેરજી કાવસજી મનસુખ જેવા એક બાહોશ અને ધરમ ચુસત ગ્રહસથ, જેઓએ જરથોસતી ધરમની સાચવની માટે પોતાની જીંદગીના મોટા ભાગ સુધી લડત ચલાવી હતી, તેઓના કવખતનાં મરણથી આ સભા પોતાની ગમગીની જાહેર કરે છે, અને એવો વીચાર ધરાવે છે કે એ મરહુમ ગ્રહસથે પોતાની કારકીરદીમાં જરથોસતી ધરમ અને કોમની જે અમુલ્ય લાંબી સેવા બજાવી છે, તેથી એ મરહુમનો આપણાપર જે આભાર થયો છે તેની કાંઇક ઇંધાણી તરીકે એ મરહુમ ગ્રહસથની લાયક રીતની યાદગારી જાળવી રાખવા સારૂ મરહુમનાં દોસતો અને વખાણનારાઓમાં

ઉધરાણાની એક ટીપ ફરતી કરવી.” દરખાસતના ટેકામાં મી૦ શાપુરજી કાતરકે જણાવયું કે મરનારની યાદગારી કાયમ રાખવા માટે શું પગલાં ભરવાં તે બાએની આજની સભામાં રજુ કરવા માટે પહેલી દરખાસત મારા હાથમાં મુકવામાં આવી છે, અને તે અનેક કારણોને લીધે મેં ખુશીથી ઉપાડી લીધી છે. જો કોઇબી લાયક માણસની યાદગારી લાયક રીતે રાખવાનો નીયમ આપણે કબુલ રાખયે, તો મી૦ મનચેરજી કાવસજી મનસુખનું નામ જે આજે તમારી પસંદગી માટે હું રજુ કરૂં છું, તે વીશે બે મત રહેશે નહી. મરહુમ સાથ મને પચીસ વરસો સુધી અંગત મીત્રાઇનું માન હતું, તેઉપરથી હું કહેવાને સામરથવાન છું કે જરથોસતી ધરમ તરફની તેઓની અતીશય જાનફેશાની, તે પાક ધરમની ખીલવણી તથા સાચવની કરવા કારવવાની તેઓની ઉલટ તથા કાળજી, ધરમની આડે આવનારાઓ તથા ધરમ બાબત ઉલટું સુલટું સમજાવનારાઓ સાથે લડવાની મરનારની હીમત, જરથોસતી બાળકોને ધરમ કેળવણી આપવા અપાવાની કમીટીમાં લીધેલો હીંમતવાન ભાગ, એ સરવે તેઓને બેહદ માન ભરેલું હતું. મતફેર તો સરવે બાબદસર હોય છે. તેમ પચીસ વરસના અરસામાં મરહુમ સાથે અનેક બાબદો વીશે અમોને મતફેર પડયો હતો છતાં અમારી ખાનગી દોસતીમાં કોઇ વખતબી અમોએ ખલલ પડવા દીધી નથી. ધરમની સાચવનીની લડત માટે મરહુમે કાંઇ થોડું સોસયું નથી. અને હું જોઇને ખુશી છું કે મરહુમના મરણ બાદ પારસી કોમમાંથી એકજ અવાજ નીકળયો છે કે “ગરીબ બીચારા મનસુખ ભલા અને ભોળા હતા. એઓની જગા ખાલી છે.” ‘જામે જમશેદ’ જેવા બળવાન છાપાના શબદોમાં કહું તો સેતરંજની બાજીના પાટીઆં પરથી એક અગતનું મોહોરૂં સદાનું ગુમ થઇ ગયું છે એ મોટી અફસોસની વાત છે.

ડાકટર નાદરશાહ હોરમસજી સુખીઆ દરખાસતને ટેકો આપતાં બોલયા કે, મરનારે જરથોસતી ધરમની સેવા ઘણી સારી રીતે બજાવી છે. કેળવણી લીધેલા અહસથો હંમેશાં વીચારનું સમતોલપણું રાખી શકે છે, અને તેમાં કેળવાયલા જવાન અહસથોએ આજે અતરે આપેલી હાજરી ઉપરથી સાબેત થાય છે કે, મરહુમ મી૦ મનસુખની યાદગારી રાખવાની અગત હોવી જોઇયે. મરનાર એક બેહેદીન હોવા છતાં તેવણે અથોરનાન ટોળા માટે જે કીધું હતું તેનો થોડો પણ નતીજો

આજની સભામાં તેઓએ પુરતી હાજરી આપી મરનારને આપવો જોઇતો હતો. પણ રોકાણને લીધે અથોરનાનોએ જેવી જોઇએ તેવી મોટી સંખયામાં હાજરી આપી નથી, એ દલગીરીની વાત છે. પણ ઘણા અથો-રનાનો મરહુમ મી૦ મનસુખની હીલચાલો તરફ દીલસોજી ધરાવે છે. થોડાંક અઠવાડયાંપર આ પાક હોલ અને મકાન જેની હસતી મી૦ મનસુખને આભારી છે, તેનાં બારણાં ચોકસ કારણસર તેવણ સામે બંધ કરવામાં આવયાં હતાં, જે કામ મારે કહેવું જોઇયે કે ડહાપણ ભરેલું હતું નહી. મી૦ મનસુખ તે બાબદ ઉંચકી લેવા તતપર હતા. તેવણ બીજે દહાડે મારે તયાં આવયા તયારે મેં કહ્યું કે એ રૂપનું કારણ જો કાંઇ પછવાડેની ખેંચતાણનું હશે, તો તે બાહેર આવશે, પણ તમારે એ બાબદસર ચુપ બેસવું. તેવણ બોલયા કે હવે જે થયું તે તો થયું પણ ભવીશમાં આ મકાન ફરીથી આવી રીતે બંધ નહી થાય તેના હું ઉપાયો લઇશ. પોતાની એ મુરાદ અને ઉધરતા જવાનયાઓ તથા ભાશણકરતાઓ માટે પોતે રાખેલી ભલી નેમ બર લાવયા અગાઉ તેવણ ચાલી ગયા છે, અને તેથી તેવણનું મરણ આપણને વધારે કવખતનું થઇ પડે છે. મર-હુમ મી૦ મનસુખ બાહોશ હતા, તેમાં કાંઇ શક નથી. તેવણની બાહો-શીની ઇંધાણી તેવણના ગ્રંથો, અસંખય ભાશણો અને બીજાં કામો પુરાં પાડે છે. તેવણ ખરેખર ધરમચુસત હતા, તેમાં કાંઇ શક નથી. તેવણ ધરમને ખાતર તો પોતાના ખાનગી લાભો એક કોરે મુકી ગરીબાઇમાંજ મરણ પામયા છે. તેવણ એટલી તો ગરીબ હાલતમાં હતા કે કેટલીક વખત પોતાનાં ભાશણો કરવા માટે બાહેરની મદદ લેવા કેટલાક ગ્રહસથો આગળ ગયા હતા, કારણ કે ફરામજી કાવસજી હોલની મોટી ફી તેવણથી પોશી શકાતી હતી નહી. એ દેખાડે છે કે આ ગ્રહસથ ખરા ધરમચુસત હોવાને લીધે એક જાતની ભીખ (જો કે ખરેખર એ ભીખ કહેવાય નહી) માંગવાને પણ તઇયાર થયા હતા. એવી ભીખ માંગવી નામુનાસેબ નથી. ધરમને ખાતર લડત ચલાવવામાં તેવણે પોતાની જીંદગીનો મોટો ભાગ રોકયો હતો. ૫૦ વરસો સુધી તેવણે પોતાના પાક ધરમ અને તેની પવીત્ર ક્રીયાઓ માટે લડત ચલાવી હતી. ક્રીયા જે ધરમની જીવતી જાગતી ઇધાણી છે, તે સાબેત રાખવા માટે તેવણે પોતા ઉપર તાનાજાની તથા હુમલા ખેંચી લીધા હતા. એ સઘળું છતાં તે માટે ઉસતવારીથી લડત

ચલાવવામાં તેવણું ફતેહ પામયા હતા. ધરમ કેળવણી કેમ અને કેવી રીતે આપવી, તે સવાલનો હજી પુરતો ફેસલો થયો નથી, તેટલાં તેવણુ આ જેહાનમાંથી કુચ કરી ગયા છે, તેથી જરથોસતીઓ માટે મી૦ મનસુખનું મરણ કવખતનું ગણાવું જોઇયે. મરહુમ મી૦ મનસુખે પોતાના ધરમ ખાતર જાનફેશાની કરેલી હોવાથીજ તેવણુ સાથ મને આગળ પડેલા કેટલાક સખત મતફેર છતાં મેં આજે મારી હાજરી આપી છે. મી૦ મનસુખે ૩ અતી ઉતમ ભાશણો આપયાં હતાં. બંદગીની બાબદમાં મરહુમ દસતુર જામાસપજીએ કરેલી વાયજ ઉપર તેવણે આપેલા વીચારો ઘણા મજબુત અને ખરૂં ધરમચુસતપણું બતાવનારા હતા. બીજું અગતયનું ભાશણ તેવણે આપઘાતના ગુનાહના તીરસકારની બાબદપર આપયું હતું. મી૦ મનસુખે પોતાની ગરીબાઇ ભરેલી જીંદગીનો પોણો ભાગ ધરમને વળગી રહી, જરથોસતી કોમ અને ધરમનાં ભલાં માટે વાપરયો છે.

એરવદ ફરામજી હોરમસજી માદન દરખાસતને વધુ ટેકો આપતાં બોલયા કે; આ દરખાસ્ત પારસી કોમની લાગણીનું કુદરતી પરીણામ છે. 'જામે જમશેદ'નો એકેક બોલ એવો મુસતકીમ છે કે તે ઉપરથી તમો મરહુમ માટે ઉમદા વીચાર બાંધી શકો. તે કહે છે કે સંસારી અને ધરમ સંબંધી પારસી ધાક જતો રહયો છે, બાજી ખોરવાઇ ગઇ છે; અને એક અગતનું મોહોરૂં ઉંચકાઇ ગયું છે. પારસી લાગણી રજુ કરતું પારસીઓનું માનીતું 'જામે' જયારે આવા વીચારો રજુ કરે છે, તયારે મરહુમનાં મરણથી જરથોસતી ટોળાને કેટલી બધી ખોટ ગયલી કહેવાય? પારસી પત્રોજ નહી પણ હીંદુ પત્રકારો પણ મરહુમ મી૦ મનસુખનાં મરણ માટે એકે અવાજે વીલાપ કરે છે. મી૦ મનસુખની ખામીઓને કાંઇ એ લખનારાઓ વીસરયા નથી. પણ માણસ માત્ર ભુલને પાત્રજ છે. આપણે તો તેવણનાં કામોનો સામટો સરવાળો તપાસવો જોઇયે છે. તેવી રીતે તપાસ કરતાં જણાય છે કે પારસી ધરમ અને સંસારનો એક ખરો રક્ષક ઉઠી ગયો છે.

બાદ દરખાસત એકમતે પસાર થઇ હતી.

મી૦ માણેકજી કાવસજી પટેલે બીજી દરખાસ્ત કરી કે, "મરહુમ મી૦ મનચેરજી કાવસજી મનસુખની લાયક રીતે યાદગારી જાળવી રાખવાનાં કારણસર ઉઘરાણાની ટીપ ઉભી કરવા માટે, તથા તેને લગતી સરવે

ગોઠવણો કરવા સારૂ એક કમીટી ઠરાવવી અને તેની સંખયામાં જરૂર જણાતાં વધારો કરવાની તેઓને સતા આપવી." અત્રે કમીટીની લાંબી ટીપ રજુ કરવામાં આવી હતી. દરખાસતના ટેકામાં મી૦ માણેકજી પટેલ બોલયા કે મારી ખાત્રી છે. કે મરનારની યાદગારી જે રીતે જાળવવી જોઇએ. તે પ્રમાણે આ ફંડમાં મોટી નાદર રકમ ભરાશે. મરહુમ મી૦ મનસુખ ગરીબ હતા, પણ ગરીબો પણ નાદર સેવા બજાવી શકે છે, તે તેવણે બતાવી આપયું હતું. છતાં ફકત તવંગરોનીજ પીછાન કરવી, અને ગરીબોની ઘટતી પીછાન નહી કરવી એવું જો પારંસી શેઠયાઓ આ વખત કરી બતાવશે, તો તે નાદરૂસત થઇ પડશે. જેઓ મરનારના હરીફ ગણાતા હતા, તેઓ સાથે મરનારની પાયદસત ક્રીયા વેળા મને વાત થતાં તેઓ બોલયા હતા કે, પારસીઓને ખરેખર ફટકો લાગયો છે. મરનારે બજાવેલી સેવા ખરેખર અગતયની હતી. છેલ્લાં ૨૦૦ વરસ પારસીઓએ ઇંગ્રેજી રાજમાં ગુજારવાથી ૫૦ વરસોપર ઇગ્રેજી કેળવણી શરૂ થતાં ઇંગ્રેજી સાહીતય, વીદયા, કેલવણી રીવાજ અને ધરમ તરફ દેશીઓનું મન લાગયું. એ શોખને કેટલાકો હદ બાહેર લઇ ગયા. તેવા વખતમા એક મનસુખ નહી હતે, તો ખરાબી બેશક વધી પડતે. દરેક બાબદમાં ઇંગ્રેજોની નકલ એટલી હદ સુધી કરવાને તેઓ આતુર છે કે જો બની શકતું હોય તો ધરમ અને ક્રીયામાં પણ ઇંગ્રેજોની નકલ કરવાને તેઓ તતપર છે, તેવા સુધારાવાળાઓને પોતાના સુધારાનું ગાડું એકદમ ખીણમાં ગબડાવી દેતાં અટકાવવા માટે એક મનસુખની વગર શકે જરૂર હતી. એક મધયમ કેળવણીનો અને મધયમ શકતીનો માણુસ પઇસાવાળા અને માલેતુજાર માણસો સામે ૫૦ વરસો સુધી ફતેહમંદી સાથે મુજાહેમત કરે તે એક મોજેજો છે. જેમ એવણના વીરૂધીઓ એવણને વધારે દાબતા, તેમ એવણ વધારે ઉપર આવતા. મી૦ મનસુખ કાંઇ સુધારાની સાંમે નહી, પણ સુધારાને નામે ચાલતા કુધારા સામે થતા હતા, ધરમમાં સુધારાને બદલે ખરેખર તો પાછળ હઠવા જેવા અને તેને ચુંઠી નાખનારા કુધારા કરનારાઓ સામે તેવણ લડત ચલાવનારા હતા. તેવણે ઉઠાવેલું કામ અપજશવાળું હતું. જેઓએ ૫ થી ૧૦ વરસપર મરનારના શાહનામાનાં વાંચનો સાંભળયાં હશે, તેઓની ખાતરી થઇ હશે કે ઇરાનીઓનાં સાહીતય, ધરમ, ફીલસુફી અને રાહરસમોનું આજના કહેવાતા

અભયાસીઓને પણ શરમાવે, તેવું ઉંચું જ્ઞાન તેવણ ધરાવતા હતા. શાહનામાનો ગુજરાતી તરજુમો કરતાં એવણે જે કવીતાઇ શકતી બતાવી છે, તે શાએરીને છાજતી હતી. મરનાર મી૦ મનસુખને 'પારસી ફીરદોસી'નું નામ તદન દરોબસત હતું. તેવણ એક સુભાખીત ભાષણ કરતા અને અછા લેખક હતા. મી૦ મનસુખ જીંદગીના પાછલા ભાગમાં જઇફી તથા બીજા કારણોને લીધે, પોતાનાં ભાશણો દરમયાન જોઇએ તે કરતાં સખત ભાશા વાપરતા હતા, તેથી કેટલાક તેવણના વખાણનારાઓનાં દીલ પણ રંજીદા થતાં હતાં. પણ જે માણસો ૭૫ વરસની બુજોરગ વયે હીંદુસતાન જેવા આ ગરમ દેશમાં પોતાની મનની શકતી વાપરવાની હીમત કરે, તેઓ તેવે સમયે લગાર જો આડા નીકળી જાય, તો તે માટે દરગુજર કરવી જોઇએ. એક કવી, ફીલસુફ અને રોશન ચેહેરાનો ધરમચુસત મનસુખ આપણા વચેથી જતો રહયો છે, જેવા એક બીજા મનસુખની પારસી સંસારની ફીસતીની સલામતીને ખાતર બેશક હવે જરૂર છે.

ખાંનબહાદુર બેહેરામજી દાદાભાઇ રેજીસ્ત્રાર દરખાસતને ટેકો આપતાં બોલયા કે, મી૦ મનસુખના મરણ સમાચાર બાહેર આવયા તયારે ધરેધર દલગીરી ફેલાઇ હતી. મરનારની તારીફમાં એટલું બધું બોલાઇ ચુકું છે તે માટે હવે વધારે બોલવાની જરૂર નથી. તો પણ મારે આટલું તો કહેવું જોઇએ કે ૪૦ વરસો સુધી મરનાર સાથ મને દોસતીનો વેહેવાર હતો. તેવણનાં ભાશણો અને લખાણો હું ચીપી ચીપીને વાંચતો હતો, જે ઉપરથી હું કહું છું કે, મરનારનું બોલવું લખવું ખાલેસ દીલનું, પ્રમાણીક અને સવતંત્રતાથી ભરપુર હતું. મતભેદ તો જાહેર માણસો, નાના મોટા સરવે વચે હોય છે,પણ તેથી તેમજ તેવણે સખત ભાશા વાપરી હોય, તે સારૂ તેવણે ૪૦ વરસો સુધી બજાવેલી કીમતી સેવાઓની જો આપણે બુજ નહી જાણીયે તો આપણે નગુણા કહેવાઇએ.

બાદ દરખાસત પસાર કરવામાં આવી હતી. મી૦ જહાંગીર માણેકજી ખરશેદજીએ દરખાસત કરી કે " મરહુમ મી૦ મનચેરજી કાવસજી મનસુખની યાદગારી કેવી રીતે જાળવી રાખવી તે બાબેનો ઠરાવ ઉઘરાણાની ટીપમાં નાણું ભરાયા પછી કમીટીના સાહેબોએ નાણું ભરનાઓની સભા ભેગી કરી તેમાં વધુ મતે કરવો." મી૦ જહાંગીર બોલયા કે આવી મોટી મીજલસ ભેગી મળી છે તેજ મરનારનું ઉપયોગીપણું બતાવી આપે છે. મરનાર કોઇ

દહાડે માન માંગતા નહી હતા. જે ખરો હીમતવાન માણસ હોય તેજ ધરમને ખાતર પોતાનું તન, મન, ધન સરવ ખોઇ બેશે. ધરમને ખાતર તો મરનારે મીત્રાચારી અને પોતાની જવાનીની ઉમેદો તોડી નાખી હતી.

મી૦ રૂસતમજી ફરામજી વાડીઆએ દરખાસતને ટેકો આપવા બાદ તે પસાર થઇ હતી

એ પછી મી૦ મનચેરજી હોશંગજી જાગોસે દરખાસત કરી, જેને મી૦ નશરવાનજી માણેકજી ગઝદરે આપેલા ટેકાથી સભા ભરવા માટે મકાન વાપરવા આપવા સારૂં આતશ બેહેરામના અધીકારીઓનો ઉપકાર માનવામાં આવયો હતો.

સેવટે મી૦ શાપુરજી બેહેરામજી કાતરકે સરનશીન દસતુર કેખશરૂનો ઉપકાર માનવાની રજુ કરેલી દરખાસત સરવેએ તાલીઓના અવાજોથી ઉપાડી લીધા બાદ, દસતુર કેખશરૂએ સરવેનો વળતો ઉપકાર માની સભા બરખાસત કરી હતી.

"જામે જહાંનુમા."

શનીવાર તા૦ ૮મી ફેબરવારી સને ૧૯૦૨

કુંભકરણની ઉંઘમાથી જાગરૂત થયલા કેટલાક પારસીઓ !

મરનાર મી૦ મનસુખે પોતાની જીવતી જીંદગીમાં તો કેટલીક બાબદો માટે ચરચાને જનમ આપ્યો હતો, પણ મુવા બાદ પણ તે સુદ્ધા ગૃહસ્થે એક અગત્યના સવાલને હસ્તીમાં આણ્યો છે. આ સવાલ "ભણતરમાં નામો કોણના દેવાવાં જોઇયે, અને કોણના હુકમથી તે નામો સામેલ કરવાં જોઇયે?" આ સવાલ જો કે બેશક ઘણો અગત્યના છે અને તેનો નિર્ણય કરવો બેશક અવસ્યનો છે, પણ અમો પુછયે છીયે કે ચોકસ પારસી વરગ રહી રહીને કુંભકરણની ઉંઘમાંથી હમણા કેમ જાગરૂત થવા પામીયો છે? ભણતરમાં નામો તો અત્યાર આગમજના કેટલાં બધાં દેવાયાં છે! અને હવે પછી દેવાએ તો આ ચોકસ વરગે પોતાનો વાંધો એકાદ બીજા પ્રસંગ વેળા મુલતવી રાખ્યો હતે તો ઠીક થાત! આ ચોકસ વરગને મરનાર મી૦ મનસુખ માટે કેટલાં બધાં બળતરાં છે તે તો જાણીતી બીના છે, એટલે તે વરગનો ગમે તેવો સારી નિષ્ટાનો સવાલ વટીક આ વેળાએ કઢંગો થઇ પડે છે. મી૦ મનસુખે પોતાની

જીંદગી દરમ્યાન એટલું બધું તો બજાવ્યું છે કે જેવું શુભ કામ ભક્ત, દાતા કે શુરવીરોજ બજાવી શકે. ભણતરમાં મરનારનું નામ બેશક આમેજ થવું જોઇયે એમાં શું કાંઇ શક છે? પણ નામો કોણના હુકમથી દાખલ કરવાં જોઇયે એ સવાલનો નિવેડો લાવવો જોઇયે એ તો અમો પણ કબુલ શું. કેટલાંક પારસી પત્રોએ આ બાબતમાં જે કાંઇ દેખાવ રજુ કીધો છે તેને અમો મોહડું જોઇ ચાંદલો કરવા જેવું માનયે છીયે. નીચલી જાણીતી કવિતા અમારા સમજુ વાંચનારાઓને સમજાવવાની કશી જરૂર નથી.

> "જણુતી જણે તો ત્રણ જણુ, ભક્ત, દાતા કે શુર,
> નહી જણે તો રહે વાંજણી ના ગુમાવતી નુર."

"જામે જેહાંનુમા."

શનીવાર તા૦ ૮ મી ફેબરવારી સને ૧૯૦૨.

મી૦ મનસુખની યાદગારી રાખવાનું ફંડ.

જરથોસ્તી ધરમની ચરચામાં પોતાની જીંદગી અટવાવી નાંખનાર મરનાર મી૦ મનસુખ અતરેની જરથોસ્તી દીનપર એતેકાદ વધરાવનારી મંડલી તથા 'બઝમે રૂઝે અહોરમજદની સભા' ના સંબંધમાં જેટલા આવ્યા હતા તેટલા કોઇબી બીજી સભાની સેવા તેવણે બજાવેલી કહેવાઇ શકાશે નહીં. આથી કરીને તેવણના મરણની યાદગારી કાયમ રાખવા માટે ઉપલાં બંને મંડળોએ જે હિલચાલ કીધી છે તે સ્તુતિપાત્ર છે. બઝમના મંડળે ચોપડીઓ વેચીને રૂપિયા એ હજારની જે ઉપજ આવે તે મી૦ મનસુખના યાદગારી ફંડમાં આપવાની ઇચ્છા દેખાડી છે. દીનદાર જરથોસ્તીઓએ આથી બઝમની બહાર પાડેલી ચોપડીઓ ખરીદીને સવાબનો બમણો હીસ્સો હાંસલ કરવાની પવિત્ર ફરજ બજાવવી ઘટે છે. જરથોસ્તી દીનપર એતેકાદ વધરાવનારી મંડળીના આગેવાન સેકેરેટરી મી૦ શાપુરજી કાત્રકે ગયા સનીવારે જે સભા ભગરીઆઓના આતશ બેહેરામમાં બોલાવી હતી તે મેળાવડો પણ આ મંડળ તરફની વફાદારીનો ગોયા નમુનો હતો. દસ્તુર સાહેબ કેખુશરૂએ જે વાયજ કીધી હતી તે પ્રસંગને અનુસરતી હતી. સભામાં જે ઉત્સાહથી દીનદાર જરથોસ્તીઓએ ભાગ લીધો હતો તે જોતાં ત્યાંજ એક નાણાની મોટી રકમ ઉભી થઇ શકતે. ઉપલી

સભામાં નાણાની ટીપ બીલકુલ ફેરવવામાં ન આવેલી જોઇ અમો અચરત થયા છીએ. મી૦ મનસુખના ભાષણો સાંભળવાને જે ગરદી થતી હતી તે જોતાં અમો આશા રાખશું કે મી૦ મનસુખને ચાહનારા તથા વખાણનારાઓ તરફથી એક મ્હોટી રકમ થોડા દિવસમાં ભરાવવાને આ કામ માટે ગયા શનીવારે મુકરર થએલી કમીટી શકિતવાન થશે. ધરમપર જાનફેશાની કરનાર મી૦ મનસુખની યાદગારીની રકમ ધરમનાજ કામ માટે વપરાય એવો ખોલાસો બહાર પાડવાની એ કમીટીના ગૃહસ્થોની ફરજ છે. જરથોસ્તી બાળકોને ધરમ કેળવણી આપવાના ફંડમાં આ રકમ આપી દેવામાં આવશે એવો ખોલાસો અથવા ઠેડાવ અગાઉથી બહાર પડે તો એક મ્હોટી રકમ ભરાવાનો સંભવ રહેશે.

"કયસરે હીંદ."

રવીવાર તા૦ ૯ મી ફેબરવારી ૧૯૦૨

ચર્ચાપત્રો.

મરહુમ મી૦ મનસુખ બાબે નવસારીના તેમના મીત્રો અને ખેરખાહોને એક સુચના.

કયસરે હિન્દના અધિપતિ જોગ:—

સાહેબ—ગયેજ વરસે અત્રેનાં પત્રોમાં મરહુમ મી૦ મનચેરજી કાવસજી મનસુખને નવસારી નગરીના તેમના કેટલાક દોસ્ત આસનાવોએ એવી રીતની સુચના કીધી હતી કે તેમનાં બાપીકાં જનમ ઘરની પાડોસના એક અતી દીલપઝીર નદી કાંઠા ઉપર દીવસનો મોટો ભાગ નવસારીના દીનચુસ્ત દેસાઇ અને દાવર સાહેબો તેમજ કેટલાક દીનદાર જરથોસ્તી બેરાદરો આપણી કોમને વાસ્તે માન ઉતપન કરે એવી મોટી સંખયામાં બંદગી કરવા જાય છે, પણ ત્યાં માઠાં ભાગ્યે એકાંત લાયક જગયા ઉઠવા બેસવાની ન હોવાના સબબે તેઓને તાપ અને તડકામાં અતી ઘણી હેરાનગતી ભોગવવી પડે છે એટલુંજ નહી પણ અંતે લાચારીએ બીજો કોઇ ઉપાય ન હોવાના સબબથી છુટાં છવાયાં ઝાડોના છાયા હેઠળ એબાદત કરવાની ફરજ પડતી હતી, માટે જો એ મરહુમ ગ્રહસ્થ એ મજકુર ઘર કે જે

હાલ વખતના વહેવા સાથે બીસમાર હાલતમાં આવી પડયું છે તે જો તે ઓને એઓ વગર દામે આપી દે તો તે મકાન તેઓ પોતાના હસાબે જમીનદોસ્ત કરી એક સુંદર મકાન બંધાવી એમની અટક ઉપરથી "મનસુખી એબાદતગાહ" નું નામ્ આપી ત્યાંની કુલે જરથોસ્તી અનજુમનને એક બંદગી કરવાનાં મકાન તરીકે ભેટ આપે. તેજ વખતે મરનાર મી૦ મનસુખે પોતાના કદરદાન મીત્રોની એવી ઉદાર માંગણી માટે તેમનું ખરા જીગરથી હેસાન માનવા સાથ તેમની અરજ બાખુશી બહાલ રાખી જણાવ્યું હતું કે નવસારીના તેમના મિત્રોને મળી એ બાબેની ગોઠવણ કરવાની તેઓએ તકલીફ લેવી. હવે જયારે મી૦ મનસુખ આ એ ઘડીની ફાની દુન્યાને સદાની તરછોડી તે બારે હકતાલાની જનાબમાં સર ઝુકાવી હાજર થયા છે અને તે સાથે મરનારના એ સઘળા મીત્રો નવસારી કસબામાં "લક્ષમણ હૉલ" માં એક સભા બોલાવી એમનાં નીપજેલાં મરણ માટે પોતાનો ખેદ પ્રદરશીત કરી મરનારનાં કુટુંબીઓ ઉપર એક દીલસોજી પત્ર' મોકલવા સાથ તેમની યાદગીરી સંગીન આકારનાં જાળવી રાખવા માટે પુર ઉતસાહની ખંતે લાગયા છે ત્યારે હું તેમને એક સવેલાની સુચના કરૂં છું કે એ હવે પછી બોલાવવામાં આવનારી સભામાં એ બાબદ પહેલે હાથ ધરી હાર પાડવાની કોશેશ કરવી.

લા૦ સેવક, **માણેકશાહ દીનશાહ મીસ્ત્રી.**

"પંચડાંડ."

રવીવાર તા૦ ૧૬ મી ફેબરવારી ૧૯૦૨.

મરહુમ મનસુખ અને નવસારી—શ્રી નવસારીથી નીચલું લખાણ, પંચડાંડમાં પ્રગટ કરવા માટે અમોને મલ્યું છે:—

"આપનાં વેલા સરનાં લખાણો તથા ભલામણો અંતે સફલ થયાં છે. પોતાના ઝલકાટમંદ હમવતની મરહુમ મી૦ મનસુખને ન્યાય આપવાને અમારા નોસાકરા પારસીઓ, છેક મોડેથી પણ જાગૃત થયા છે. ગુરૂવાર તા૦ ૧૩ મી ફેબરવારીને દીને સાંજે અત્રેના લક્ષમણ હાલમાં પારસીઓની એક જાહેર સભા નાયબ દસ્તુરજી સાહેબ એદલજી નવરોજજીનાં સરનશીનપણાં હેઠલ ભરીને, તેઓએ મરહુમ મનસુખનાં મરણની દિલગીરીનાં, તેમનાં કુટુંબપર દિલસોજી પત્ર મોકલવાના તથા તેમની

યાદગારીનાં કામમાં હીસ્સો આપવાના ઠરાવો, મરહુમ તરફ જાન ફેશાની દેખાડનારા, ભાષણો તથા ઉભરાઓ સાથ કર્યા છે. આ સ્તુતિપાત્ર કામ આરંભી પાર પાડવાનું મુખ્ય માન અમારા ઉલટમંદ જવાન સ્વનગરી મી૦ સો. મ. દેશાઇને ઘટે છે, જેમની કારસાજીથી આ વેલા નવસારીના પારસીઓ મરહુમ મનસુખ તરફ નગુણા થવાના દોષથી બચ્યા છે. ખરેજ આ મરહુમ ગ્રહસ્થ આ, બલકે એ કરતાં વિશેશ, માનને લાયક થઇ ગયા છે. જે ગરૂરી અમારી "ધરમની ટેકડી" પહેલા સર જમશેદજી, મી૦ દાદાભાઇ નવરોજજી, દેશાઇ શ્રી ખુરશેદજી તેહમુલજી પહેલા દસ્તુર મેહરજી રાણા વગેરે જેવા મહાત્મા નરો પેદા કરવા માટે ધરાવે છે, તેવીજ ગરૂરી મહાત્મા મનસુખ જેવા મહા કવી તથા ધાર્મીક યુધ્ધાને જન્મ આપવા માટે પણ ધરાવે છે."

મરહુમ મી૦ મનચેરજી કાવશજી મનસુખની યાદગારી જાલવવા માટે જરથોસ્તી બાળકોને ધર્મ નીતીની કેળવણી આપવાની બઝમે જસને રૂજે અહુર-મજદની મંડલીની એક ઉપયોગી યોજના.

મરહુમ મી૦ મનસુખે પારસી કોમની બજાવેલી કીમતી સેવાથી કયો દીનદાર જરથોસ્તી અજાણયો હશે? છેલી અરધી સદીમાં સંસાર અને ધર્મના તખ્તા ઉપર સુધારા, વધારાને નામે યાહોમ આગલ વધનારાઓને કાંઇ યોગ્ય આંકોશની હદ ઓલંગી જતા અટકાવવા મરનારે બહુ હીંમત ભરી ખંતીલી લડત ચલાવી હતી. તેમ કરતાં મરનારે તન, મન અને ધનના ભોગ આપવામાં કાંઇ પણ કસર કરી નહી હતી. વીરૂધ પક્ષની ગમે તેવી સખત તાણા જાણી અને ટીકા સાંમે હારી ખાધા વીના ચીવટપણે ૫૦ વરસો સુધી અથંગ મહેનત કરનાર, અને તેમ કરતાં, કરતાંજ પોતાનો જીવ હકતાલાને સવાધીન કરનાર મરહુમ મી૦ મનસુખ તરફ કોમનો દીનદાર વર્ગ ઠંડાપણું નહી દેખાડશે એવી ઉમેદ છે. મરહુમની હઇયાતીમાં કાંઇક સેંકડો જરથોસ્તીઓ તેવણનાં કામોનાં અંગત વખાણનારા હતા, તેઓને ભલામણ થઇ શકે કે તેવી લાગણીથી હવે તેવણનાં મરણબાદ તેવણનું પનોતું નામ અમર કરવાને દરેક બનતી કોશેશથી સામેલ થવું કે જેથી મરનાર તરફ વલતી ફરજ અદા કીધેલી કહેવાય અને મરનારનું રૂહ તે જહાનમાં ખુસી થાય.

નીચે દરશાવેલી ટીપમાં આશરે ૧૨ નાની મોટી ચોપડી ચોપાનીઆનો સેટ બનાવી તેની કીમત ફકત રૂ. ૨) રાખી છે. એવી રીતે વેચાણની ઉપજના રૂપીઆ જરથોસ્તી બાળકોને ધર્મ કેલવણી આપવાના ફંડમાં મરહુમને નામે એક ખાસ ખાતું પાડી અનામત મેલવામાં આવશે. મરહુમના વખાણનારાઓને તેના એક યા વધુ સેટ ખરીદવાની ભલામણ કરતાં જણાવી શકાય કે તેથી એક કાંકરે બે પક્ષી મારવા જેવું થશે. એક તો જે નેક નરે કોમના ફાયદા માટે પોતાના મરણની છેલી ઘડી સુધી મહેનત અને જેહમત ઉથાવી તેવણુંની યાદગારી જલવાશે અને વલી તે ઉભી થનારી રકમ જે ઉપજશે તે બાળકોને ધર્મબોધ આપવામાં વપરાશે. આ સઘલાં ઉપરાંત રૂ. ૨) આપીને તેથી બમણી કીમતનાં પુસ્તકો મેલવવાનો અંગત લાભ તો વલી જુદો.

ચોપડીની ટીપ.

દીનકરદ, વોલમ આઠમું, કર્ત્તા સમસુલ ઓલમા દસ્તુર પેશુતનજી.
પેહલવી વંદીદાદનો ઇંગ્રેજી તરજુમો, ૨ ભાગ. કર્ત્તા ન. મા. કાંગા,. પાના ૧૯૦.
પૉરસીઓ અને હીંદુઓનું મુલ, કર્ત્તા એરવદ દાદાભાઇ ખરશેદજી દોરડી.
"અશો સ્પીતમાન જરથોસ્તે ધર્મ ફેલાવ્યા પછી બલખ શેહેરમાં આપેલાં ભાષણનો તરજુમો અને શરેહ" લખનાર ફ. શો. માસ્તર.
અનુભવીક વૈદક સંગ્રહ.
અવસ્તા બા માએની, ડૉ૦ બાતલીવાલાની.
ત્રીસે રોજની સેતાયશ, ફરવરદીન યશત, આવાયસ્ત અને ગાથાનાં પાચ હા.
ખુદાને મલવાના ત્રણ માર્ગો, અને બીજા ૩, ૪, વાએજના ચોપાનીઆં.

મલવાનું ઠેકાણું.

જાહાંગીર બેજનજી કરાણીના છોકરાઓ,

ગનબાવાના કુવા આગળ—કોટ, મુંબઇ.

"જામે જમશેદ."

સોમવાર તા૰ ૩ જી માર્ચ ૧૯૦૨.

સાતવાડીયાંનું સરવાયું.

મરનાર મી૦ મનસુખની જગ્યા પર કોણ આવ્યું છે.

મરનાર મી૦ મનસુખના જોડામાં ઉભા રહેવા માટે લાગતાવળગતાઓએ શું * * * * ઉપર પ્રશંસા ઉતારી છે? ગઇ કાલે એ જવાન બોલનારા અહસ્યે કરેલાં ભાષણ ઉપરથી દીસે છે તો એમજ.

હું ઇચ્છું છું કે મી૦ મનસુખને ઠેકાણે કોઇ બીજો ખરેખર લાયક માણસ જો મળ્યો નહીજ હોય તો જુના વીચારવાળી ટોળીના રાહબરની જગ્યા તુર્ત વેળા ખાલીજ રાખવામાં આવી હોત. એ ઠેકાણે જો * * * *ની ચુંટણી થઈ હોય તો તે માટે હું કોઇનેબી મુબારકબાદી આપવા ના પાડું છું. મારૂં આ હીમતી અને પ્રમાણીક મત છે–પછી કોઇને જો તે ન ભાવે તો હું દલગીર છું. મી૦ મનસુખ જેવું કદાવર અંગ, તેવણના જેવું ચીવટ-પણું, તેવણનો ઠહરાવનારો બુલંદ અવાજ, આગલા જમાનાનો ઉંડો અનુ-ભવ, અસલી પારસી જીંદગીની બારીક માહીતગારી, ખુશ ટાહુકારૂપા ભાષણ કરવાનો લાંબો માહવેરો, ફારસી ભાષાનું અચ્છું જ્ઞાન, દુન્યાની લીલી સુક્કી જોઇને ઉપજાવેલું પાહવરડાપણું, લાંબી લોકપ્રીયતાથી ગમે તેમ સામી પક્ષને ખોખરી કરવાનું મેળવેલું એક જાતનું 'લાઇસન્સ'—એ સઘળું જ્યારે વીચીત્ર સંજોગથી એક આદમીમાં એકત્ર થયું ત્યારેજ મી૦ મનસુખનો એક ટોળીના રાહબર તરીકેનો દોર ટકી શકયો. * * * * પારસી કોમના એક ભાગની ધાર્મીક લાગણીની રાહબરી કરવા માટે બીજો "મનસુખ" મળવો તો મુશકેલ છે—પણ * * * *ના કરતાં કોઇ વધારે ઉંડા ધર્મ સંબંધી ભંડોલવાળા, વધારે ઠરેલ, પાકટ અને પ્રજા વીશવાસવાળા, ઉમરે વધારે બુઝોર્ગ ગ્રહસ્થ બાહેર પડે એવું મારૂં અંતઃકરણનું ખાલેસ ઇચ્છવું છે. આજના સુધરેલા કેળવાયલા વર્ગની સામે ટટણખાર ઉભા રહેવા માટે * * * * જેવા ગ્રહસ્થનું કામ નથી.

લા૦ **બોહેલી ભગત.**

ચર્ચાપત્રો.

મરહુમ મી૦ મનસુખનું નામ જરથોશતીઓનાં ભણતરોમાં દાખલ કરવાના ઠરાવનું બતાવવામાં આવતું ઘટીતપણું.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,--આજકાલ આપણા જરથોસ્તીઓ મનની કેળવણી પામેલા છે, પણ તેઓમાં ખરાં ખોટાંને ઇનસાફ આપવાનું બુધીબળ નથી. તે જોઇને અફસોસ પેદા થાય છે. મરહુમ મનસુખ સાહેબનું મુબારક નામ ભણતરમાં

દાખલ કરવાને જે સાહેબોએ નીષકપટપણે ભલું વમાસીને ઠરાવ્યું છે તે સાહેબોની વીરૂધ ગેરઇનસાફથી ટીકાઓ થાય છે. એ કેવું ખેદ ઉપજાવનારૂ કાંમ છે. જે સાહેબો ટીકા કરે છે તેઓ પોતાની તરફથી તકલીદી દલીલ રજુ કરે છે, અને પાદશાહ પેહેલવાનો અને દોલતમંદોનાં નામો બતાવે છે, અને મરહુમ મનસુખ સાહેબનાં કામોને તો ઘાસના તનખાં બરાબરબી લેખતા નથી. પણ બરાબર વીચાર કરીને જોશે તો તેઓને માલમ પડશે કે પાદશાહો પોતાની હુકુમતનાં જોરે, પેહેલવાનો પોતાની બાજુનાં જોરે અને તવંગરો પોતાની દોલતનાં જોરે કરીને પોતાનું નામ કાયમ રાખી ગયા છે; પણ મરહુમ મનસુખ સાહેબ તો પોતાની ગરીબ અને તંગદસ્ત હાલતમાં પોતાની પાક દીનની અને દીનદારોની દીનને દુબતી અને દીનદારોપર આવતી ખરાબીઓને અટકાવાને પોતાથી બનતું કરી ગયા છે. જો પરવરદીગારે તેવણને દોલત અને હુકુમત બખશી હતે તો ખચીતજ તેવણ પોતાનાં દીલાવર જીગરથી આજ દીન સુધી કોઇએ નહી કીધું તેવું કામ કરી જતે એમાં કશો શક નથી. મનસુખ સાહેબનાં નેક કામોથી દેશ પરદેશનાં દીનચુસ્ત જરથોશતીઓ બરાબર વાકેફ છે. જો આપણે મરહુમ મનસુખ સાહેબને આ ગેતી જાહાંનનો જરથોસતીઓનો સરોષ અને બેહેરામ યઝદ ગણીએ તો તે વાજબી લેખાશે, કારણકે સરોષ યઝદની માફક તેઓએ પનાહ કીધી છે, અને દીન દુબાડવા ચાહાનારાઓને બેહેરામ યઝદની માફક પોતાની તેજી જબાનના ગુરજો મારીને નાચાર બનાવયા છે. આ મારી બાબદ સરાહગાત ભરી નથી, પણ જે કોઇ દીનચુસ્ત જરથોશતી પોતાનાં ખાલેસ દીલથી વીચાર કરશે તે મારીજ માફક મરહુમ મનસુખ સાહેબને વાજબી ઇનસાફ આપશે. અને આ નાપાયદાર દુનયામાં થોડા વખતને સારૂ બદનામી નહી ઉઠાવશે.

બીજું કેટલેક ઠેકાણેથી પારસી પંચાત પંચાત કરીને પોકારો ઉઠે છે, તેઓએ બતાવવું જોઇએ છે કે પંચાત એટલે શું, અને પંચાતનાં કામો કેવાં હોવાં જોઇએ? હાલમાં મારા જોવામાં પારસી પંચાત જેવું કશું પણ આવતું નથી. પણ હીસાબ રાખનારા ખજાનચી અને ચોકસ ઠરાવેલાં ધોરણે ખરચની બાહાલી આપનાર વહીવટદારો નજર આવે છે. પણ સંસાર સુધારો, કુધારાનો અટકાવ, કે શાહદી તલાકના મુકદમાઓ અથવા વારસા હીસ્સાના મુકદમાઓ કેઇ પારસી પંચાયતને હાથ છે, તે કોઇ

સુધો જરથોશતી બતાવી આપે તો હું મારી ભુલને સુધારૂં. પણ તેવું તો કશુંએ નજર નથી આવતું, ત્યારે ખોટી બુમો પાડવામાં શું લાભ છે? કંઇજ નથી. વાસ્તે ચુપ બેસવામાંજ શોભા છે.

લા૦ ખાકસાર ડીનશાહ ધનજીભાઇ કાબરા.

મરહુમ મી૦ મનસુખનું નામ જાહેર ભણતરોમાં લેવાની કરવામાં આવેલી ગોઠવણનું બતાવવામાં આવતું વાસ્તવીકપણું.

મુંબઈ સમાચારના અધીપતી જોગ.

સાહેબ—મરહુમ મી૦ મનસુખનું નામ જરથોસ્તી ભણતરોમાં લેવાની ગોઠવણ થવાથી, જરથોસ્તી ભણતરોમાં નવાં નામો દાખલ કરવાનો સવાલ એવાં મથાળાં હેઠળ ઘણી ચરચા અને લખાણો થવા લાગ્યાં છે. તે વાંચી દરેક જરથોસ્તીઓનાં મનમાં તરેહવાર આચાર વીચારો પેદા થયા છે. ગયાં બે ત્રણ વરસોમાં આપણાં જાણીતાં નર નારીઓમાં ત્રીજા સર જમશેદજી, નવરોજી વાડીયા, નશરવાનજી વાડીયા, દીનબાઇ પીટીટ, મોટલાંબાઇ વાડીયા, ડાકટર બહાદુરજી, દસ્તુર જામાસ્પજી, દસ્તુર પેશોતનજી, દસ્તુર કુકાદારૂ, સર દીનશાજી વીગેરેનાં જે નામો જાહેર ભણતરોમાં દાખલ કરવામાં આવ્યાં છે, તે માટે અનજુમનો ભરીને ક્યારે ઠરાવ કરવામાં આવ્યા હતા? એ સઘળાઓનાં નામો માટે પણ તે મરનારોનાં ઉઠમનાના દીવસેજ જાહેરમાં દસ્તુરોએ તેમજ બેહેદીન સાહેબોએ દરખાસ્તો કીધી હતી, અને તે દરખાસ્તો પસાર થવા પામી હતી. તેજ મુવાફેક મરહુમ મી૦ મનસુખનું નામ પણ ધરમ ક્રીયામાં લેવાની દરખાસ્ત વાજબીજ રીતે તેમનાં ઉઠમનાની ક્રીયામાં જાહેર રીતે તેમના વખાણનારાઓએ મેલી હતી, અને દસ્તુરજીએ તે દરખાસ્ત પસાર કીધી હતી.

મરહુમ મી૦ મનસુખે પોતાના પઇસાથી કે જાહેર સખાવતથીજ કાંઇ પોતાનું નામ જગઆસકારા કીધું નથી; પણ પોતાના અસલી ધરમપર રહેવાને દરેક જરથોસ્તીઓને સાચા અને સારા મારગપર ચલાવવા પોતાનાં ધન ઉપરાંત તન અને મનથી પણ આખી જીંદગી દરમીયાન સ્વતંત્ર રીતે બાગે બુલંદ જાહેરમાં અપક્ષપાત વીચાર દરશાવીને પોતાનું નામ તેઓએ અમર કરયું છે. પારસી ટોળાની તેવી રીતે સેવા કરનાર એક આશો નરની

યાદ હમેશાં જાહેર ભણતરોમાં દેવાડવાની દરેક જરથોસ્તીની ફરજ છે. આ તર્કે તેમની યાદગારીને માટે હું એક સુચના કરવા માગું છું, અને તે એ છે કે તેમના વખાણનારાઓએ તેમજ દરેક નાહનાં મોટાં જરથોસ્તીએ પોતાનો અદના હીસો આપી તેમની લાયક યાદ હમેશાં જલવાઇ રહે એવું કરી આપવું જોઇએ છે, કે જેથી ભવીશમાં બીજા મનસુખો થવા પામે.

લા૦ સેવક તમારો,

એરવદ શા૦ પે૦ કુકા

સુરત, તા૦ ૨૭ ફેબરૂઆરી ૧૯૦૨.

"પંચ ડાંડ"

રવીવાર તા૦ ૨૩ મી માર્ચ ૧૯૦૨.

પંચીક છુ મંતર.

પારસી ધર્મ જ્ઞાન કન્ફરંસ સ્વર્ગવાશ પામ્યું હતું તે પાછું સજીવન થયું છે. કમિટી મુઇ, ને કાન્ફરંસ જાગ્યું. દીકરી મુઇ, ને મા પાછી જન્મી પણ તેનો આ પુનર્જન્મ શુભ ચોઘડીયે થયલો જણાતો નથી. મંડાણમાંજ, બંને પક્ષો વચ્ચે જબરૂં ધરણ જાગ્યું હતું. પણ "દે દાન છુટે ગીરાન" ના પોકાર ચાલુ થયા. એર્વદ જીવનજીએ દાન દીધું, અને ધરણ છુટી ગયું. કાકા ભીમપલાસની દુવા છે કે, હવે ફરી ધરણ નહી લાગે. પણ આ ધરણ માટે, કાન્ફરંસના માબાપોની કસુર નથી. મરહુમ મનસુખ માટે તેઓને સુગ હતી, તેમ છતાં દીનદાર પક્ષે કાનફરંસમાં તે મરહુમનાં અશો ફરોહરની યાદ કરવા માંગી. કહો ત્યારે, એ જુલમ સુધારા પક્ષથી કેમ ખમાય? મનસુખ ગુજર પામ્યાથી તેમના જીવને શાંતી થયેલી, તે શાંતી તો આથી નિકલી જાય. અને તે નિકળી ગઇ પણ ખરી. પ્રમુખ સાહેબે "આર્ડર" નો ઉંદર વચ્ચે છોડી મેલ્યો, અને મરહુમ મનસુખની યાદ વા ખાતી રહી ગઇ. એમાં પ્રમુખ પણ શું કરે? મરે કે માંદા પડે? જ્યાં આર્ડરજ આવી વચ્ચે પુરાયો ત્યાં લાચાર! જો કોઇ સુધારાવાલાનાં ફરોહરની યાદ હતે તો બંદો આર્ડર વચ્ચે પુરાતે નહી. જો મનસુખની યાદને બદલે તેમની કાંઇ નાલેસી હતે તો તે વેલા પણ આર્ડર ઉંઘાઇ રહેતે. દીનદાર પક્ષને પણ શું અવર લાગી હશે કે, આ વાત કાઢી નાહક બીચારા મનસુખનાં હાડ ધ્રુજાવ્યા? શું કાન્ફરંસ તેમનાં મરણની દલગીરી નહી નોંધતે તો તેમનું પવિત્ર ફરોહર અટકી રહેવાનું હતું?

"જામે જહાંનુમાં."

શનીવાર, તા૦ ૨૯ મી માર્ચ સને ૧૯૦૨.

કાતર કે કરવત?

તમારૂં તો મારૂં ને અમારૂં તો હેં હેં!

કૌતુક! બાવા કૌતુક! આજ કાલનો જમાનોજ કૌતુકનો ભરેલો છે. પેલો બીચારો મનસુખ કુધારાના રૂપના સુધારા ઉપર વાજબી ચુંઠણાં પાડીને માર્ગે લાગ્યો અને જ્યારે તેમનું નામ ભણતરમાં દેવામાં આવ્યું ત્યારે ચોતરફથી હોહોકાર ઉઠી રહ્યો કે એ કંઇ બને? એ તે કંઇ દાલ-ભાતનો નવાલો છે કે જેને ગમે તેના ગળામાં યા હોમ ઉતારીજ દેવો! મયબી નવાબ ભરૂચકે તેમ મોટાં મોટાં સુપડાં જેવાં પત્રોની સુઝે કેટલાંક અઠવાડિક પત્રો અને માસિક ચોપાન્યાંઓએ પણ પોતાનું સુતેલું નામ જાગતું કરવા મનસુખનું નામ શા માટે ભણતરમાં લેવામાં આવે તે માટે પોતાની કલમ ચલાવી હતી! ખેર? સમજ્યા! જેવી અકલ તેવી વાત. પણ આપણા શેહેરી શેઠ ડોશાભાઈ કરાકાનું નામ ભણતરમાં દેવાયું ત્યારે હું પુછું છું કે સઘળાઓના મોહ ઉપર ચુપકીદીનું કેમ તાળું દેવાઇ ગયું? મરહુમ કરાકા અત્રે એકવાર માજીસ્ત્રેટ હતા તેથી શું તેઓ ડરી ગયા કે? કોણ જાણે બા, એમબી હોય! કદાચ સી. એસ. આઇ. ના ખેતાબના ચળકાટથી તેઓની અરધી અંજાઇ ગયલી આંખ પુરેપુરી અંજાઇ ગઇ હશે! ચામડાંની પુછડીવાલા હેવાનો પણ ચળકતાં પુછડાંને લીધે હવે ઇનશાનમાં ખપે ખરા!

લા૦ 'મુરવત.'

"જ્ઞાનવર્ધક"

ફેબ્રુઆરી ૧૯૦૨.

મરહુમ મી૦ મનસુખ.

તેમના મરણની યાદમાં 'મનસુખી' વિચારો.

[એ મરહુમનાં રચેલાં પોતાનાં 'ગંજનામા' ઉપરથી.]

ગઝલ.

ખરોજ 'મનસુખ' ગણેછ તેહેને, દાનાં દીલના નેક મરદ,
રરતી આંખ ને બોલતી જીભા, મેલી જાએ છે ગગન.

બેત.

ભલી-ભલાઇ સાથેજ તે નર હક થએઓ,
આ દુનીયાંની જેહેમતથી ફારેગ થએઓ.
ધન માલ ને જોબન કંઇ નહી આયું કામ,
રહીઉં માતર દુનીઆંમાં નેકીનુંજ નામ
નહીં રેહેસે તું બી હાં લામબી મુદત,
આવસે સેવટ તારો બી મોહતનોજ વખત.
દમામ ને દોલત ને કઉવત ને—તાજ,
પર લોભાઇને હરગીજ તું ના કરતો નાજ.
કે એ ચીજો નહી આવસે આખેરત કાર,
ભલા ભલા દુનીઆમાં થઇ ગીઆ છે ખાર.
એ દુનિઆંના ખેલો છે, જેમ ખોટા ખાબ,
ન રહી શકયો જમશેદ કે અફરાસીઆબ,
કાઉસ કે કોબાદ—કે લોહોરાસ્પ નહી,
કેખોશરોએ ખુશરો-કે ગોસ્તાસ્પ નહી,
તેમુરસ્પ કે એરચ કે દારાબ દલેર,
એજદેજરદ કે હોરમઝદ—કે શાપૂરે શેર,
સુરો નર શામ કે નોશીરવાને પાક,
કમઅકલ બમન કે જોહાક—નાપાક,
હીંદુના વીકરમ, ને વીશનું ને ભોજ,
મુસલમાની નાદર, કે અકબર ફીરોજ,
નો નથી ટકેઓ આ જુઠી જગમાં દમામ,
મોરા વહેલા મરીને, મુકી ગીઆછ—નામ.
ન રહ્યું—ન રહેશે—કંઇબી બરકરાર,
ભલી—બુરી-કરણીજ—રહેસે પાયદાર.

એટલુજ કહીને કરૂંછ આ લેખ હું તમામ,
નરમીથીજ કરેછ મનસુખ--છેલ્લી સલામ!

"ઐશાગ."

ફેબ્રુઆરી. ૧૯૦૨. (સભી સાથે..)

(એ લખાણનો શરૂઆતનો ભાગ મનસુખની જીંદગીના જાણીતા બનાવોને લગતોજ હોવાથી, તે છાપવાનુ ત્યાં જરૂરનુ સમજાયું નથી. એ લખનારના પોતાના વિચારોનો અગત્યનો ભાગ નીચે મુજબનો છે.)

* * * * *

જાહેર છાપા સાથ તેમનો સંબંધ.

જાહેર છાપામા તેઓએ **મૉનીટર** પછી લાંબે વખતે **યજદાંપરસ્ત**માં લખાણો કરવા માંડયાં હતાં; પણ તેમના વિચારો જાહેર કરવાની તેમની તરસ તેથી છીમાઇ ન હતી તેથી તેઓએ **સત્ય મિત્ર**ને જન્મ આપ્યો હતો. મરહુમ મનસુખે પોતાની હદ માત્ર શાહેરીમાંજ રોકી રાખી હોત તો પાછળથી તેઓએ હમનબર્દોનું જે બળ ઉભું કીધું હતું તે કદાચ ઉભું થવા પામત નહીં. પણ જાહેર છાપા સાથના જોડાણથી તેઓએ ચોકસ મંડળમાં ઘણો કડવાસ ઉત્પન્ન કીધો હતો. તે માટે તેમને કાંઇ થોડું ખમવું પડયું હતું નહીં.

તેમના સદ્દગુણો.

સામી બાજુથી તેમની સામે એટલી બધી તાસુબી ઉત્પન્ન કરવામાં આવી હતી કે, તેમનો એક સદ્દગુણ જે ધર્મ તરફની ભક્તી યા ભલી લાગણીનો હતો તેને તાસુબીથી **ઝનુન** સમજાવામાં આવતું હતું, કે જે હીંમત જરથોસ્તી ટોળામાં ધર્મ શીખનારાઓ સુધાં હજી મેળવી શકયા નથી, પણ એ ગુણને જો "ઝનુન" કેહવામાં આવતું હોય તો ખરેખરૂ ઝનુન આપણે તેમના હમનબર્દોના લખાણોમાં જોઇ શકશું કે જેમાં ગાળ-ગલોચની હદ છેક માછલીપીટ સુધી લઇ જવામાં આવી છે. તે જો કે એક યા બીજી તરફની તાસુબીથી આપણુ હાલની પ્રજા જોઇ શકીશું નહીં, પણ ભવિષ્યના કોઇ તવારીખનવેશને અપક્ષપાતપણે જોવાને બની આવશે. મરહુમ મનસુખની સામે થનારાઓ આપણને જ્યારે એમ શીખવે છે કે દરેક માણસના બુરાં કામો ભુલી જઇ તેનાં ભલાંજ કામોની યાદ કરવી જોઇએ, ત્યારે તે રીતે લેતાં આપણુ મરહુમ મનસુખને એક ધાર્મીક "પેત્રીયટ" લઇશું. જેમ દેશના ભલાં માટે જાન ફીદા કરનારને દેશહીતકારી કે "પેત્રીયટ" કેહવામાં આવે છે, તેમ મરહુમ મનસુખ એક ખરેખર ધર્મહીતકારી યા ધાર્મીક પેત્રીયટ હતા. તેમની જાનફેશાનીનો પેહેલો પાઠ હજી તો આપણને ગોખવાનોછે, અને તેની ઉપરથી ધડો લેવાનો છે.

મરહુમ મનસુખનો બીજો સદ્‌ગુણ પોતાને જે લાગે તે ખુલ્લાં દીલથી કોઇની પણ રાખરખાવત કે શરમ વગર બોલી દેવાનો હતો. આજ ગુણને લીધે તેઓ હાડમાર થયા હતા, પણ એજ ગુણને લીધે તેઓ પારસી અકાબરો ઉપર સુધાં કાબુ ધરાવતા હતા.

ઓરત જાતનું પેહેલું આભુશણ જે મહલાજો છે તે આજે પારસીઓમાંથી લગભગ ગુમ થયો છે, અને તેથી શું પરીણામ ઉપજશે તે સમજી લઇ, છકેલ છોકરીઓ સામે મરહુમ મનચેરજીએ સખત સખુન પરવરી ચલાવી હતી. તેમની મકસદનો સામી બાજુથી ઉલટો અર્થ સમજાવી તેમને જરથોસ્તી ટોળામાં તરેહવાર રૂપમાં ચીતારવામાં આવ્યા હતા; પણ તેના ખુલાસામાં તેઓ વારેવાર જણાવતા હતા કે તેઓ જરથોસ્તી ટોળાની પુત્રીઓને પોતાની દીકરી સમાન ગણી, પાડોશીના ઘરમાં લાગેલી આગને પોતાના ઘરમાં લાગેલી આગ સમાન ગણી, આ લડાઇ લડે છે.

પણ ટોળાની ઍબો, જે સાંકડા વિચારના માણસોને દેખાય નહીં, અને જે ઉંચી ટાંચપર બેઠેલો માણસ સ્પષ્ટ જોઇ શકે છે, તે મી૦ મનસુખ દુરંદેશીથી જોઇ શકતા હતા, આ કારણને લીધે તેઓ તેની સામે લડત લડતા હતા. દુરંદેશી સાથ તેમનો વિચાર એ હતો કે "જેવું દરદ તેવો ઉપાય" કરવો જોઇએ. પારસી ટોળામાં "ખોટા સુધારાનુ" દરદ મી૦ મનસુખને રગતપીત કરતા વધારે હેબતનાક લાગતુ હતું, અને તે માટે તેઓ હંમેશ સખત ઉપાયો લેવાને આગ્રહ કરતા હતા.

એ ધોરણે કામ લેવાને લીધે ઢોંગી સુધારામાં તેમને જે ઍબો દેખાતી હતી તે ખુલ્લે દીલે બાપોકાર જાહેર કરતાં કેટલીકવાર તેઓ મુશકેલીમાં આવી પડયા હતા. તેઓએ પોતાની આબરૂ અને સંસારી મોટાઇનો ભોગ આપ્યો હતો. સામાન્ય રીતે ગરીબાઈ દુઃખ ગણાય છે, પણ ખરા ધર્મીઓને ગરીબાઈ મીઠી લાગે છે. મી૦ મનસુખે ચાહ્યું હોત તો સંસારમાં તેઓ દીપી નીકળત; પણ સંસારી મોટાઇને ભોગે ગરીબ રહી ધર્મની સેવા બજાવવામાં તેઓ મોજ માનતા હતા. અને આ સઘળું તેઓએ જરથોસ્તી "અસલી વિચાર" જાલવી રાખવાને કીધું હતુ. મરહુમ મનસુખે "અસલી વિચાર" તરફ અને જરથોસ્તી ટોળા તરફ પોતાની ફરજ બજાવી છે, અને તેમ કરીને તેઓએ પોતાના ધર્મ તરફની ફરજ અદા કીધી છે.

*** ઉપલા હેવાલમાંનો કેટલોક ભાગ ગંજનામા ઉપરથી લીધો છે.

"કોહીનુર."

ફેબ્રુઆરી ૧૯૦૨. (સબી સાથે,)

મી૦ મનસુખની મુસીબતોનો રંગીન હેવાલ.

બરાબર પોની સદી યાને પંચોતેર વરસ પર પારસીઓના આ એક પુરા કુદરતી કવીનો જન્મ થયો હતો, અને એટલા વખતમાં તરેહવાર લીલી સુકી જોઇ ગયા માસ (જાનેવારી ૧૯૦૨)ની તારીખ ૧૯ મીએ લગભગ અચબુચ પોતાનો પ્યારો પ્રાણ તે બારે હકતાલાને ભાયખલાના "ઓલ્ડ મોહોર કેસલ" માં પાછો સ્વાધીન કીધો હતો. મેં મરહુમ મી૦ મનચેરજી કાવસજી લંગડાના યાને "મનશુખ"ને પારસીઓના એક્કા કુદરતી કવીનું વીશેષણ લગાડયું છે અને મારી ખાતરી છે કે કોઈ પણ ખાલેસ દીલનો સ્વતંત્ર શખ્સ મારાં આ મતને મળતો થયા વના રહેશે નહી. "મનસુખી ગંજનામુ" એ પારસીઓનું ગંજનામું છે. તેમાંની શીરીન ઝબાનનો રોહ વરસાદમાં વહેતી નદીના રોહ મીસાલ જણાય છે. જો કે એક બે ઠેકાણેના વાકયો વાંધા ભર્યા છે, છતાં હું હીમ્મતથી કહીશ કે બીજા કોઇ પણ પારસીની કલમથી લખાયલું આવું પુસ્તક હજી તુલીક બાહેર પડયું નથી.

મી૦ મનસુખ સાથે મને સેજસાજ પીછાન હતી અને તેમના કેટલાક વીચારો સાથે હું મુદલ મલતો થતો નહીં હતો, છતાં આટલું તો કેહેવું જોઇએ કે જો મરહુમે હીમ્મતથી બાહેર આવી રાહનુમાએ સભા અને તેના આચાર વીચારનાઓને તકરારોથી નચાવ્યા નહી હતે અને તેમની પર પોતાની જાહેર બલવારીથી આંકોશ નહી મેલ્યો હતે તો પૈસા અને લાગવગને જોરે એવાઓએ આજે પારસીઓને ધર્મની બાબદમા કોણ જાણે કયા ખડકપર ચઢાવી દીધા હતે. ખુદ લોકરક્ષી મી૦ દાદાભાઇ નવરોજજીએ ફકત બે માસ પર જુબીલી પ્રસંગે જે પત્ર લખેલો છપાયો છે તેમાં એક વાકયેએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યુ હતું. તેમાં એ હીમ્મતવાન હીન્દના દાદાએ બાગે બુલંદ કબુલ કીધેલું છપાયલું છે કે જ્યારે રાહનુમાએ સભા સ્થાપવામાં આવી અને ધર્મની સામે લડત ચલાવવા માડી, ત્યારે ખુદ તેઓમાંના કોઇએ પારસી ધમનો ખાસ અભ્યાસ કીધેલો નહી હતો. આ ખુલ્લાં દીલનો એકરાર છે, અને આ અજબ જેવું છે કે તે વેળાએ તેઓ મોટા અભ્યાસીઓ દાખલ દોલ ઘાલતા હતા

તેથી તે વખતે મરહુમ મનસુખ તથા તેની ટોલીવાળાઓ જો હતે નહી અને પોતાની ખરી ખોટી જીદ, યા ગમે તે કહો, નીતેમની સામે કમર નહી કસી હતે તો એ રાહનુમાવાલાઓ પારસીઓને ધર્મની બાબમાં કોણ જાણે કયાંના કયાં ધસડી ગયા હતે. એમ કહી હું રાહનુમાલાઓને કાંઇ ઉતારી પાડવા માગતો નથી; તેમના કેટલાંક કામોને વખાણું છું પણ તેઓ હદ બાહાર જઇ સઘળું માન પોતેજ પોતાને મહોંડે માગે છે તેમાં તેઓ મુદલ વાજબી નથી. જો પારસીઓનું તેઓ ખરેજ ભલું કરવા માગતા હોય તો તેમને માંટે બેહતર રસ્તો એ છે કે એ તથા જ્ઞાન પ્રસારક ફંડોના પૈસા બીચારાં **અર્ધ ભુખે મરતાં** પારસીઓમાં ખરચવા જેવું પુન્યનું કામ એકે ગણાશે નહી. બાકી આજના વખતમાં રીપોરટો છપાવી યા ભલતાંજ ભાષણો કરાવી તેમાં નાણા ગુમાવવા એ સકમાઇના પૈસાનો ગેરઉપયોગ કર્યા બરાબર છે. જરથોસ્તી બાળકોને ધર્મ કેળવણી આપનારી હવે ઘણી સ્કુલો છે, જેઓ એ સભાની કસી મદદ વગર ધર્મ ઉપદેશ આપી શકે તેમ છે, પણ હું ધારૂં છું કે મુળ બાબદથી વેગળો ગયો છું માટે એ બાબદ પડતી મેળી મરહુમ ગ્રહસ્થ વીશેજ બોલીશ અને તેવણની જીંદગીમાં બનેલા કેટલાક કરૂણારસીક બનાવો અહી મારા મીત્ર મી૦ રૂસ્તમજી હોરમસજી ખરસેદજીએ આઠેક વરસપર મનસુખની જીંદગીનું જે વૃતાત લખ્યું હતું તેમાથી તપકાવી લઇશ." ઇ૦ ઇ૦ ઇ૦

હાલની પારસી જાહેર જીંદગી.

લખનાર—અથોરનાન.

"જામે જમશેદ."

(બ્રેસપતવાર, તા૦ ૮ મી મે ૧૯૦૨.)

સંસાર સુધારાના યાહોમ ધસારા ઉપર એક અચ્છો આંકોશ–મી૦ મનસુખ.

અને એ નામ દેતાંજ મને પેલું બીજું નામ યાદ આવે છે કે જેનો ઘોંઘાટ હાલ થોડોજ વખત થયો આપણી કોમ વચ્ચે બંધ થયો છે. હું આપણા મરનાર મી૦ મનચેરજી કાવસજી મનસુખ વીશે બોલું છું. એ

મરનાર ગ્રહસ્થના વીચારો અને તે વીચારોથી પારસી કોમના ચોકસ ભાગ ઉપર થયલી અસર વીશે આપણામાં હું બહુ જોસદાર મતફેર જોવું છું, પણ તે સાથે હાલ મને કામ નથી. એ નરની જાહેર-હીમત અને ટોળા વીશેની લાગણી બેશક મોટી અને મોતેબર હતી, જો કે ઘણી વેળા એવણ હદ કુદાવી જતા હતા અને તકરારી બાબદો ઉપર ફાંટા મુજબ વીવેચન કરતા હતા. તોપણ એવણમાં કેટલાક એવા ગુણો હતા કે જેથી કોમના કેટલાક ભાગને પોતા તર્ફે ખેંચી રાખી શકતા હતા. એવા નરની પણ પારસી સંસારીક જાહેર જીંદગીમાં જગ્યા હતી અને કાંઈ નહીં તો સુધારાવાળાઓના વીચારો સામે ટક્કર લડી તેઓની હદ બાહેર ગતી કમી કરવાને તેવણ સારી રીતે કામે લાગ્યા હતા. આપણો હરીફ ઘણી વેળા આપણો મદદગાર થઇ પડે છે તેમ સુધારાવાળાઓને એક આવો હરીફ તેઓની બોરડુ બરાબર સંભાળવા ઘણી વખત આડકત્રી રીતે કામનો થઇ પડતો હતો. હું ધારૂં છું કે થોડા વખતમાં એવા એક હરીફની અગત્ય ખુદ સામી બોરડુવાળાઓ પણ તેની ગેરહાજરીથીજ પીછાની શકશે. મી૦ મનસુખની જગ્યા હાલ તો ખાલીજ છે; મને ભય છે કે તે તેમ લાંબો વખત સુધી રહેશે. જો કે કેટલાક મનસુખના ગુડણીયાઓ પણ નહી તેવાઓએ એ જંગી યોદ્ધાની જગ્યાએ ચઢવા માટે નીસરણીઓ મુકી દોડાદોડ કરી મેલેલી આપણે જોઈ છે. આ શું અફસોસકારક બીના વર્તમાન તેમજ ભવીષ્યકાળ માટે નથી કે પારસીઓમાં સંસારીક જાહેર-જીંદગી માટે આશા આપનારા બેઉ બોરડુએ પુરૂષો માલમ પડતા નથી? લાંબાં લાંબાં ભાશણ કરનારાઓ, વર્તમાનપત્રોમાં લાંબાં લાંબાં અને વગર અગત્યના ચરચાપત્રો લખનારાઓ, કોઈ પણ રીતે તાણીતોડીને પોતાને ટોળાંની જાણમાં લાવવાનો અભખરો ધરાવનારાઓનો આજે કાંઈ પણ ટોટો નથી; પણ ટોળાંની ખરી દાઝ હઇડે ધરાવનારા અને પોતાનાં સંગીન બુદ્ધીબળથી કોમને ખરો લાભ કરનારાઓ જાહેરમાં લગભગ નહી સરખા દીસે છે. અથવા જો એકાદ બે કોઇ માલમ પડે છે તો તેઓ કોમમાં ચાલતાં "હંબગ"થી ટુક વખતમાં કંટાળી નાસીપાસ થઇ પાછા હઠે છે.

"જામે જેહાંનુમા."

(સનીવાર, તા૦ ૧૦ મી મે ૧૯૦૨)

જામે જહાંનુમાના અધીપતી જોગ

શાહેબ—મેહેરબાની કરીને આટલાં મારા ચર્ચાપત્રને આપનાં નાંમાંકીત પત્રમાં જગયા આપી જરથોસ્તી પાકદીન અને દીનદારોનું પ્રસંગોપાત ભલું ચાહશો એવી આશા રાખું છું.

(મીઃ શાપુરજી કાતરક, મીઃ માણેકજી પટેલ, અને ડોકટર નાદીરશાહ સુખ્યા) મારા હમદીન બીરાદરે અઝીજો આપ શાહેઓ વીશે હુ ઘણોજ સારો વીચાર ધરાવું છું. અને તમારી દીનચુસ્તીપર મને પુરતો એતેબાર છે. તો પણ દલગીરી સાથે થોડા સખુનો કેહેવાની રજા લઉ છું. તા૦ ૨૮ મી એપ્રેલને દીને આપ શાહેઓ ભોળાં દીલથી થગાયા છો, * * * * * * બચ્ચાંઓને ખરી અને ફરજીયાત બંદગી કરવાને ઉતેજંન આપીને ઉસકેરવાં જોઇએ કે એવી નકાંમી બંદગીઓ જોડીને આપરી દીન દુબાડીને આપરાં વાહાલાં ફરજંદોને નાદારતીના પાયાપર લાવી મુકવાં જોઇએ? રાહાનુંમાવાલાઓએ એક ચોપડી, "જરથોસ્તી જવાહીર" નામની છપાવીને બાહર પાડી છે. તેમાં ૩૬૫ અને વધારાનો એક મલીને ૩૬૬ દાહાડાની બંદગીઓ લખી છે તેપર નજર પોહોચાડવાની આપ શાહેઓને ભલામણ કરૂ છું. આપરા માનવંત દીનચુસ્ત મરહુમ મી૦ મનસુખ શાહેએ, એ જોડી કાહાડેલી બંદગીઓ મોહોટી કમીટી આગલ રજુ કરવાની હુજત લીધી હતી, તયારે એ લોકોએ તેમ નહી કીધું હતું. કારણકે તે અનુંભવી પુરદીમાગ નર, એ લોકોનું પોકલ અને તકલીદીપણું પકડી આપે તો એ લોકોની નેમ ઉંધી વલે! ઉપર દરસાવેલી ચોપડીને મરહુમ બેહેસ્તનશીન થાયા બાદ બાહાર પાડી છે અને તેનો ફેલાવો કરવા ચાહે છે. ઘણીએક સ્કુલોમાં નાનાં બચ્ચાઓને ઇનામ તરીકે તે ચોપડીઓ આપીને ઘણાં એક જરથોસ્તીઓનાં ઘરમાં દીન ડુબાઉ સડો પેવસ કીધો છે પણ મારાથી બનતાં સુધી તે ચોપડી વીશે બચ્ચાઓનાં માબાપોનું ધ્યાન ખેચીને તેઓને સારી સમજ આપી છે. અને અરજ પણ કીધી છે કે તમે તમારી દીનને બચાવા ચાહાતા હોવો તો, બીજાંઓને પણ બરાબર સમજાવજો કે એ નકાંમી અને દીન ડુબાઉ ચોપડી છે. વાસ્તે આપરી ચાલુ બંદગી કરીને

ફાયદા મેલવવાની સમજ આપજો. * * * * આશા રાખું છુ કે આપ શાહેબો તેમ દરેક દીનચુસ્ત જરથોસ્તીઓ આએ બાબદપર બરાબર ધ્યાન પોહોચાડશે. અને દરેક ગુજરાતી વર્તમાનપત્રોનાઅધીપતી શાહેબોનેઅરજ ગુજારૂ છું કે તેઓ પણ પોતાનાથી બનતા, જરથોસ્તી દીન અને દીન-દારોની, પ્રસંગોપાત સેવા બજાવશે. હાલ એજ અરજ ખોદા હાફેજ.

લા૦ ખાખસાર

દીનશાહ ધંનજીભાઇ કાબરા

મુંબઇ તા૦ ૩૦-૪-૦૨

"પંચડાંડ."

(રવીવાર, તા૦ ૧૧ મી મે ૧૯૦૨.)

મરહુમ મનસુખ, દસ્તુર કેખસરૂ અને ધર્મના પાઠ એતબાજીમાં રચવાની ચર્ચા.

પંચડાંડના અધીપતી જોગઃ-

સાહેબ, જત નીચલુ ચર્ચાપત્ર મેં તમારા રોજીંદા ભાઇબંધો "જામે જમશેદ," "અખબારે સોદાગર" અને "મુંબઇ સમાચાર" ઉપર મોકલ્યું હતું, પણ તેઓએ લીધુ નથી. તેથી જો તમે લેશો તો મારીપર ઉપકાર થશે, તેમજ મરહુમ મી૦ મનસુખને પણ ઇનસાફ આપેલો કેહેવાશે. કારણકે ત્રણે રોજીંદા પત્રોમાં દસ્તુર કેખશરૂનો પત્ર છપાયો છે, તેથી મરહુમ મી૦ મનસુખને નાહક ગેરઇન્સાફ થાય છે.

લા૦ સેવક

મેરવાનજી મનચેરશા મેરવાનજી ઢોંડી.

(ત્રણે રોજીંદાંઓપર લખેલાં ચર્ચાપત્રની નકલ)

જત નીચલી બાબદ તમારા લોક ઉપ્યોગી પત્રમાં લેશો તો સેવક ઉપર ઉપકાર થશે. ગઇ કાનફરન્સની બેઠકમાં દસ્તુર કેખશરૂ જામા-સ્પજી જામાસ્પ આશાનાં તરફથી આવેલો પત્ર એરવદ મોદીએ વાચી સમજાવ્યો હતો, અને ગઈ કાલનાં તમારા પત્રમાં તે પ્રગટ થયો છે. તે વાશે સેવકને બે બોલ બોલવાની રજા આપશો. દસ્તુરજીએ પત્રમાં જણાવ્યું

છે કે, "મરહુમ મી૦ મનસુખે ગેતબાજીને માટે મારી સાથની વાતચીતમાં પોતાનો પુરતો સંતોષ જાહેર કરયો હતો."

મરહુમ મી૦ મનસુખ વરસોથી ગેતબાજી, ગાયણ કે કવિતામાં ધર્મ સંબંધી કાંઇ પણ રચાવવાને રાજી હતાજ નહીં. પણ તેની સખત વીરૂધ હતા. "રાહનુમાય" સભાએ થોડા વરસની વાત પર ગાયનમાં અથવા ગેતબાજીમાં બંદગી કરવી જોઇયે એવી રીતનો ફતવો ઉઠાવ્યો હતો. ત્યારે મરહુમ મી૦ મનસુખે તેની સાંમે હીંમતથી લડત ચલાવી હતી, તે વાત પારસી કોમને જાહેર છે. તે છતાં એવા ગ્રહસ્થને માટે એમ કહેવું કે, મારી આગલ ગેતબાજીને માટે પુરતો સંતોષ જાહેર કરયો હતો, અને તેબી વલી પુરતી સાહદત વગર ખાનગી વાતચીતમાં કોઇબી ગ્રહસ્થે કોઇને માટે કાંઇ કહયું હોય તે જાહેર મીટીંગમાં કોઇ દીવસેબી સાચું મનાય નહીં. ઉપલા સવાલ વીષે આગલી બેઠકમાં કેટલાક ગ્રહસ્થો, મરહુમ મી૦ મનસુખ સાથે પોતાને શું વાતચીત થઇ હતી તે વીશે ખોલાસો કરવા ઉઠયા હતા, તેમાં શેઠ શાપુરજી કાત્રકબી હતા. પણ સરનશીને શેઠ કામાજીએ "રૂલીંગ" કીધું કે, (મરહુમ) મી૦ "મનસુખ એમ બોલ્યા હતા અને તેમ બોલ્યા હતા તે સાથે આએ સભાને કાંઇ લાગતું વલગતું નથી. આએ તકરાર આગલ ચલાવવા હું ના કહું છું; કારણ કે તેવણનાં મરણ બાદ તે નકામું છે." ખરેખર સરનશીનનું "રૂલીંગ" વાજબી હતું, કારણ કે મી૦ મનસુખે કોઇને કાંઇ લખી આપ્યું નહીં હતું કે, તેવણ ગેતબાજીમાં ધર્મ સંબંધી પાઠો રચવામાં રાજી હતા. પણ માત્ર એમજ કેહેવામાં આવેછે કે મરહુમ મી૦ મનસુખે હમને એમ કહયું હતુ, તે કોઇ માને નહીં.

અધીપતી સાહેબ, મરહુમ મી૦ મનસુખે એ બાબદને માટે મારી આગલ જણાવ્યું હતુ કે "હું એમ સમજ્યો હતો કે, 'ઇતીહાસ'ની બાબદો ગેતબાજીમાં રચવાની દરખાસ્ત છે. પણ પછી મને ખબર પડી કે ધર્મ સંબંધી પાઠો છે. ત્યારે તો તેમાં બંદગીણી આવી જાય. તેથી ખરેખરજ મારી ભુલ થઇ હતી." ઉપલો ખોલાસો આએ વખતે નકામો છે. પણ તે બેહસ્ત નશીનને ઇન્સાફ આપવાની મતલબથી મને લખવાની ફરજ પડી છે.

લા૦ સેવક,

મેરવાનજી મનચેરશા મેરવાનજી ઢોંડી.

નાં૦ ૮૫, ચોરાબજાર તા૦ ૩૦–૪–૧૯૦૨.

"પંચડાંડ"

(રવીવાર, તા૦ ૨૫ મી મે ૧૯૦૨.)

મરહુમ મી૦ મનસુખને થતો એક ગેરઈનસાફ-જામે જમશેદના "અથોરનાને" જાહેર જીંદગીવાળા મરહુમ પારસીઓ વિષે જે લખાણ કરવા માંડયાં છે, તે તેવણે નહીજ હાથ ધર્યાં હોત તો સારૂં. એવા સ્કેચો લખવાનું કામ જાતેજ જોખમ ભરેલું, અપજશ ભરેલું, અને ઘણાંકોના દીલ દુખવનારૂં છે; તેમાં તરતનાજ ગુજર પામેલા જાહેર પુરૂષો, જેમના વારેસ વકિલો હૈયાત હોય, તેમના સંબંધમાં તો તે સ્વતંત્રપણે નહી બજાવી શકાય એવું છે. અથોરનાનનું પોતાનું લખાણ તેની સાબેતી પુરી પાડે છે કે જેમાં હૈયાત વારેસોની રૂખ રાખવા માટે મરહુમોની ખરી ખામીઓ હિમતથી નહી દેખાડતાં, તેને થીગડ થાગડ કરી પટાવતો આપણે જોઇયે છિયે. એટલું છતાં, મરહુમ મહાત્મા મનસુખના સંબંધમાં તેણે જુદીજ વલણ લીધેલી જોઇ, અમે ખેદ પામિયે છિયે. એ મરહુમને બેહસ્તી નવરોજી આજદાર હરકારૂની સાથ સરખાવી તે એવું દેખાડવા માગે છે કે, હરકારૂ જેમ દામાડોલ વલણ રાખતો, અને પૈસા સંબંધી તંગીને લીધે પોતાનો અસલ કાનુન છોડી દઇ મોટાઓમાં માથાં મારતો હતો, તેવીજ કાંઇ વલણ મનસુખમાં હતી; અને તેનો એક દાખલો એવો આપે છે કે, આ ગ્રહસ્થ પ્રથમ સુધારાવાળાની સંઘના હોવા છતાં પાછલથી તેની વિરૂદ્ધ થઇ બેઠા હતા. ખરી વાત; પણ શું તેઓ હરકારૂની પેઠે શેઠીયાઓની ઝોળીમાં પણ ભરાયા હતા? કદી નહી. બોર મરહુમ મન્સુખે, જેમ સુધારાવાળાઓનો દુમ્બાળો ઝાલી રાખ્યો હતો, તેમ શેઠયાઓ સામે બલકે પારસી પંચાયત સામે પણ, પોતાની લડત અંતની ઘડી સુધી ચાલુ રાખી હતી, અને જયારથી ચાલુ રાખી ત્યારથી તેમાં એક ડગલું પણ હટયા નહી હતા; બોર તેમાં આગળજ વધતા રહ્યા હતા. તેવણ પ્રથમ સુધારાવાળાઓના સાથી હતા, પણ તે કેમ અને કયારે? તે વેળા તેઓ કાચી વયના એક જુવાન્યા હતા, અને જુવાન્યાઓ જેમ સાધારણ રીતે પ્રથમ સુધારાનાં નામે અંજાઇ જઇ તે પક્ષ પકડે છે તેમ તેઓએ પણ કરયું હતું. પણ જયારે તેમણે અંગત અનુભવથી જોયું કે, જે કાનુનપર સુધારાવાળાઓ પારસી ટોળાની રાહનુમાઇ કરવા માગે છે તે તો સામો તેની ખાનાખરાબી

કરનારો છે, ત્યારે હિમત તથા સ્વતંત્રતાથી તેઓ તેનાથી છુટા પડયા એટલુંજ નહી, પણ પોતાના ટોળા તથા ધર્મના લાભ માટે તેની સામે "કુઝેડ" લઇ બેઠા, કે જે "કુઝેડ" તેમણે કશા પણ ખાંચા વગર એક સરખી રીતે, દ્રઢ નિશ્ચયથી અને વધતાં જતાં જોશથી અંતની ઘડી સુધી ચાલુ રાખી હતી, અને સામી બાજુના લાગવગ, પૈસા ટકા, હથ્યાર, ધાંધલ ધમકી ઇત્યાદિનાં તોફાન છતાં તે સામે એક જબરદસ્ત ખડકની પેઠે જેવાના તેવા ઉસ્તવાર ખડા રહ્યા હતા. એવા એક અર્વાચીન પારસી જેહાં પહેલથાનને, "પવનપર પીઠ ફેરવનાર" મરહુમ હરકારૂ સાથ સરખાવવા, એ જેમ તેવી સરખામણી કરનારની મુર્ખાઇ છે, તેમ જે ગ્રહસ્થની સરખામણી કરવામાં આવી તેના તરફ એક જાતનું ધાતકીપણું છે.

"ધી એમેચ્યુઅર ઝોરાસ્ટ્રીઅન કલબ" તરફથી તા૦ ૨૩ મી અકટોબર સને ૧૮૯૫ ને દીવશે થયેલા મેલાવડામાં સરનશીન શેઠ મનચેરજી કાવસજી મનસુખનાં માનમાં ખાસ જોડાયલું ગાયન.

અરે મન થા મધન જોઇ નયાયસન પર,
બેઠા "મનસુખ" મશહુર જે ઘર ઘર,
આપી માન આજ ગરીબ કલબ પર. અરે મન૦
અજબ સીધા સાચ એ નામવર,
ધરમ તરફથી લડે જોરાવર.
બુલંદ સુંની ભાષાણ તમારાં,
ફરી સુકાંણો ગયાં હમારાં. અરે મન૦
કંઇ કંઈ ધરમ કાજ ભાષાંણ કીધાં,
તેજ નરે ખુદ દરશન દીધાં.
સત્ય કાજ લડે બસ હોય રંક રાય ભલે,
મારી સદા મુખ બાંન સરાસર. અરે મન૦

ઇચ્છીએ હમો આ કલબ બીરાદર,
જીવો વધુ જરતોસ્તી તોલાપર.
શુભ ભાષાણો દઈ જરા-જર,
આપો બોધ પાક ધરમને ખાતર. અરે મન૦

(એ મેલાવડાને દીવશે ખાસ છપાએલાં એક શુંદર 'પ્રોગ્રામ'માથી ઉપલું લખાંણ તથા ગીત એમનુ એમ ઉતારી લેવામાં આવ્યું છે.)

સમાપ્ત.